
પ્રજ્ઞા

ગુજરાતી ધોરણ ૧ અને ૨



શિક્ષક આવૃત્તિ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

પ્રેરણા

પી. ભારતી (IAS)
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

શ્રી પ્રકાશભાઈ ત્રિવેદી
સચિવ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

શ્રીમતી જયશ્રી દેવાંગન (GAS)
એડી. સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

ડૉ. ટી. એસ. જોષી
નિયામક
જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર

માર્ગદર્શન

ડૉ. હરેશ ચૌધરી
અભ્યાસક્રમ કો-ઓર્ડિનેટર,
રીચ ટુ ટીચ
જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગર

ડૉ. મહેન્દ્ર ચોટલિયા
નિવૃત્ત અધ્યક્ષ
શિક્ષણ વિભાગ, એસ.પી. યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર

દિનેશકુમાર દેસાઈ
મદદનીશ શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ કોર્પોરેશન

લેખન-સંપાદન

પરેશભાઈ દલસાણિયા
પ્રકાશભાઈ ભટ્ટી
મહેન્દ્રભાઈ મકવાણા
નટવરસિંહ પરમાર
ડૉ. કેતનભાઈ વ્યાસ
મમતાબેન શર્મા
પલ્લવીબેન પટેલ
યાહ્યા સપાટવાલા
પીયૂષભાઈ સુથાર

ધર્મેશભાઈ રામાનુજ
રમેશભાઈ દેસાઈ
હરજીભાઈ પ્રજાપતિ
પરેશભાઈ ચૌહાણ
નીતાબેન ઉપાધ્યાય
હર્ષવી પટેલ
સુરિલભાઈ શાહ
ઉમાકાંત રાજ્યગુરૂ

રાકેશકુમાર પટેલ
કલ્પેશભાઈ પટેલ
જયેશભાઈ પટેલ
ડૉ. ભાવેશભાઈ પંડયા
ડૉ. ભીખુભાઈ વેગડા
ગૌરાંગભાઈ દવે
મધુસુદન ઠક્કર
સુચિતકુમાર પ્રજાપતિ
અનિલકુમાર ઉપાધ્યાય

: સહયોગ:

લેંગ્વેજ એન્ડ લર્નીંગ ફાઉન્ડેશન | અક્ષરા ફાઉન્ડેશન | રીચ ટુ ટીચ | સેન્ટ્રલ સ્કવેર ફાઉન્ડેશન

પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણ બાળકેન્દ્રી, પ્રવૃત્તિલક્ષી અને આનંદદાયી હોય એવો વર્ગ વ્યવહાર ચરિતાર્થ કરવા માટે રાજ્યમાં પ્રજ્ઞા અભિગમનો અમલ થયો છે. આપ જ્ઞાત છો એ મુજબ પ્રજ્ઞા અભિગમ આધારિત વર્ગખંડમાં શિક્ષણના નીચે આપેલા શાશ્વત સિદ્ધાંતો તાદેશ થાય છેઃ

- દરેક બાળક પોતાની ગતિ અને ક્ષમતા અનુસાર શીખે અને એ મુજબ અભ્યાસક્રમમાં આગળ વધે.
- દરેક બાળક પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કરે તે સુનિશ્ચિત થાય.
- દરેક બાળક કોઈ પણ સંકલ્પના શીખવા માટે જરૂરી એવા સંકલ્પના સ્પષ્ટીકરણ, મહાવરો અને મૂલ્યાંકનના ક્રમિક તબક્કા (અધ્યયન ચક્ર)ને અનુસરે.
- દરેક બાળક શિક્ષક પાસેથી શીખે, અન્ય બાળકોની મદદથી શીખે તેમજ સામગ્રીની મદદથી જાતે પણ શીખે.
- દરેક બાળકનું સતત મૂલ્યાંકન થાય અને બાળકની જરૂરિયાત મુજબ ત્વરિત ઉપચારાત્મક શિક્ષણ થાય.

છેલ્લાં બે વર્ષ દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં આપણે NCERT દ્વારા નિયત થયેલ નવી અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને પ્રજ્ઞાનું નવું સાહિત્ય તૈયાર કરીને અમલમાં મૂક્યું હતું. વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ દરમિયાન આપ સૌ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ સંપર્કમાં રહીને પ્રતિભાવો અને સૂચનો મેળવ્યાં છે. આ પ્રતિભાવો અને સૂચનોના આધારે શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે વધુ ફાયદાકારક શું હોય તે અંગે રાજ્યના તજજ્ઞોએ મંથન કર્યું છે. Foundational Literacy and Numeracy અને શિક્ષણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના કાર્યકરો સાથે પણ પરામર્શન કર્યું છે. જેને આધારે આ નવી શિક્ષક આવૃત્તિ તૈયાર કરી છે. વિદ્યાર્થીઓના વ્યક્તિગત શિક્ષણમાં બહુ ફેરફાર નથી કર્યા. પરંતુ, બંને વિષયનાં બંને સમૂહકાર્યમાં કેટલાક ફેરફારો કર્યા છે. આશા છે કે સમૂહકાર્યમાં કરેલા આ ફેરફાર આપ આત્મસાત કરશો અને એનો સારી રીતે અમલ કરશો.

આપ સુવિદિત છો કે ભાષા શિક્ષણમાં શ્રવણ અને કથનનું ખૂબ જ મહત્વ છે. શ્રવણ-કથન કૌશલ્યોમાં યોગ્ય કામ થયું હોય તો વિદ્યાર્થીઓ વાચન, લેખનમાં પણ સારું પરિણામ મેળવી શકે છે. ભાષાના સમૂહકાર્યમાં ચિત્ર કેલેન્ડર અને ચિત્ર વાર્તાઓ જેવી કેટલીક બાબતો ઉમેરી છે. સાથે સાથે સમૂહાકાર્યને આયોજનબદ્ધ માળખામાં આપવામાં આવ્યું છે. ગણિતમાં પણ ચિત્ર કેલેન્ડર ઉમેર્યાં છે. આ ચિત્ર કેલેન્ડરના યોગ્ય ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓ ગાણિતિક ચિંતન કરી શકશે. જેથી સંખ્યા જ્ઞાન અને ગાણિતિક ક્રિયાઓ વિદ્યાર્થીઓ ઝડપથી શીખી શકશે.

વિદ્યાર્થીઓની ગુજરાતીની સ્વઅધ્યયન પોથીમાં દરેક એકમમાં વાચન-લેખન સામગ્રી આપી છે. આ વાચન-લેખન સામગ્રીનો સમૂહકાર્ય દરમિયાન યોગ્ય રીતે ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરીએ.

જે શાળાઓમાં વર્ષ ૨૦૧૮-૧૯ પહેલાં પ્રજ્ઞા અભિગમનો અમલ થયો હતો તેમને ખ્યાલ છે જ કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં સપ્તરંગી પ્રવૃત્તિઓનો ખૂબ જ મોટો ફાળો છે. જો કે ગત બે વર્ષમાં જોવા મળ્યું કે

પ્રસ્તાવના

કેટલીક શાળાઓમાં આ પ્રવૃત્તિઓને યોગ્ય ન્યાય મળતો નહોતો. તેથી, આ શિક્ષક આવૃત્તિમાં શિક્ષકે કરવાની સપ્તરંગી પ્રવૃત્તિઓનું આયોજન પણ આપવામાં આવ્યું છે. આ જ રીતે 'રમે તેની રમત' પણ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય હોઈ, બંને વિષયના શિક્ષકોએ રમાડવાની રમતોની વિગતો પણ બંને શિક્ષક આવૃત્તિઓમાં આપવામાં આવી છે. આપણી પંચેન્દ્રિયો ખરેખર તો જ્ઞાનેન્દ્રિયો છે, જેના દ્વારા અધ્યેતા નવી નવી બાબતો શીખે છે. બધી જ જ્ઞાનેન્દ્રિયોનો ઉપયોગ થાય એવું સપ્તરંગી પ્રવૃત્તિઓ અને રમતોમાં જ શક્ય બનશે. તેથી ભાષા અને ગણિતની સંકલ્પનાત્મક બાબતોને જેટલું મહત્વ આપીએ એટલું જ મહત્વ સપ્તરંગી પ્રવૃત્તિઓ અને રમતોને પણ આપીએ. આનાથી વિદ્યાર્થીઓનો માનસિક વિકાસ થાય છે તે હમેશાં યાદ રાખીએ.

સમગ્ર વર્ષ દરમિયાન આપ સૌની સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક કરતાં રહીશું. આપનાં સૂચનો મેળવતા રહીશું. એની ચર્ચા-વિચારણા કરીશું અને જરૂર જણાયે હજુ પણ આ સામગ્રીમાં ફેરફાર કરીશું.

આપ સૌ આ શિક્ષક આવૃત્તિઓમાં આપ્યા મુજબ શિક્ષણકાર્ય કરાવશો તો બાળકો વધુ સારી રીતે શીખી શકશે એવી શ્રદ્ધા છે.

આવો, આપણે સૌ સાથે મળીને વિદ્યાર્થીઓના શિક્ષણજીવનનાં મહત્વનાં પહેલાં બે વર્ષનું યોગ્ય વળતર આપવા કટિબદ્ધ બનીએ.

ડૉ. ટી.એસ.જોષી
નિયામક
GCERT

પી. ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

અનુક્રમણિકા

૧)	શિક્ષક આવૃત્તિ વિશે	૧
૨)	ધોરણ ૧-૨ માં પ્રજ્ઞા અભિગમ	૨
૩)	અધ્યયન નિષ્પત્તિઓ	૪
૪)	સંકેત પરિચય	૭
૫)	અધ્યયન માટે અંદાજિત સમયગાળો	૮
૬)	વિષયવસ્તુના મુદ્દા	૯
૭)	પ્રારંભિક શિક્ષણ અને ભાષા સાક્ષરતા - કેટલાક મૂળભૂત સિદ્ધાંત	૧૦
૮)	બાળક કેવી રીતે શીખે છે ?	૧૪
૯)	ભાષા અને સાક્ષરતા વિકાસ	૧૬
૧૦)	વાંચીને સમજવું એટલે શું ?	૧૮
૧૧)	પ્રજ્ઞા અભિગમ અંતર્ગત સમૂહકાર્ય	૨૦
૧૨)	શાળા તત્પરતા	૩૩
૧૩)	સમૂહકાર્ય - ૧ ની સામગ્રી	૪૪
૧૪)	ગીતો	૧૩૦
૧૫)	એકમ પ્રમાણે કાર્ડની સમજૂતી	૧૩૩

એકમ - ૧	૧૩૩
એકમ - ૨	૧૩૭
એકમ - ૩	૧૪૧
એકમ - ૪	૧૪૪
એકમ - ૫	૧૪૭
એકમ - ૬	૧૫૧
એકમ - ૭	૧૫૪
એકમ - ૮	૧૫૭
એકમ - ૯	૧૬૦
એકમ - ૧૦	૧૬૨
એકમ - ૧૧	૧૬૫

અનુક્રમણિકા

એકમ - ૧૨	૧૬૮
એકમ - ૧૩	૧૭૧
એકમ - ૧૪	૧૭૩
એકમ - ૧૫	૧૭૫
એકમ - ૧૬	૧૭૭
એકમ - ૧૭	૧૭૯
એકમ - ૧૮	૧૮૨
એકમ - ૧૯	૧૮૪
૧૭) સપ્તરંગી	૧૮૭
૧૮) રમે તેની રમત	૧૯૪

શિક્ષક આવૃત્તિ વિશે...

'પ્રજ્ઞા' એટલે પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન. 'પ્રજ્ઞા' એક અભિગમ તરીકે આપણે સ્વીકાર્યો છે. આ એક વિદ્યાર્થી કેન્દ્રી - પ્રવૃત્તિલક્ષી અભિગમ છે. અહીં બાળકો વિવિધ તબક્કે વર્ગના ચાર જૂથમાં વિષયવસ્તુનો કોઈ ને કોઈ મુદ્દો શીખતાં હોય છે. સંકલ્પનાના કાર્ડથી આરંભાયેલ શિક્ષણ પ્રક્રિયાનું મૂલ્યાંકન કાર્ડથી એક અધ્યયન ચક્ર પૂર્ણ થાય છે. શિક્ષણનો આ એક નૂતન અભિગમ છે. આ અભિગમ અનુસાર શિક્ષણ પ્રક્રિયા ખરા અર્થમાં 'ભાર વિનાની' બને છે.

આ શિક્ષક માર્ગદર્શિકામાં....

- એકમ શીખવવા માટેનો એક ચોક્કસ ક્રમ છે.
- ધોરણ ૧-૨ના અભ્યાસક્રમને વિવિધ ચાર રંગના સંકેત કાર્ડમાં વિભાજિત કર્યો છે.
- જૂથને ગુલાબી, લીલો, કથ્થાઈ અને વાદળી રંગની ઓળખ આપી છે.
- એકમ અંતર્ગત દરેક કાર્ડમાં શું અને કેવી રીતે શીખવું-શીખવવું તેનું યોગ્ય માર્ગદર્શન છે.
- જરૂરી ટી.એલ.એમ.નો પણ નિર્દેશ છે.
- સમૂહકાર્યમાં કરવાની પ્રવૃત્તિઓની અલગથી નોંધ આપેલ છે.

આ ઉપરાંત,

આ શિક્ષક માર્ગદર્શિકામાં આવતી વિવિધ રમતો કેવી રીતે રમાડવી તે વિગતે વર્ણવ્યું છે. ભાષાના ચારેય પાયાના કૌશલ્યો શ્રવણ, કથન, વાચન અને લેખન ને સપ્રમાણ ભાર આપવામાં આવ્યો છે. શ્રવણ - કથન - વાચન - લેખન આ કૌશલ્યોના ક્રમમાં બાળકો શિખતા રહે એ ખાસ ધ્યાન રાખ્યું છે. બાળકોને શિક્ષકના માર્ગદર્શનમાં વાચનનો મહાવરો મળે એ હેતુથી **'અર્લીરીડર'** પણ આપી છે. જેનાથી બાળકોનું વાચન કૌશલ્ય કેળવાશે. બાળકના લેખન કૌશલ્ય અને સર્જનાત્મક શક્તિને વેગ મળે તે હેતુથી **'સ્વઅધ્યયનપોથી'** આપવામાં આવી છે. તેમાં વાચન માટેની સામગ્રી પણ છે. તેનો કેવી રીતે ઉપયોગ કરવો તેનું માર્ગદશર્ન સમૂહકાર્ય-૨ની સમજૂતીમાં આપેલ છે.

પ્રજ્ઞા અંતર્ગત સમૂહકાર્યમાં સમાવિષ્ટ વાર્તાઓ અને બાળગીતો વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પણ રજૂ કરે તે અપેક્ષિત છે.

સમગ્રપણે જોતાં, 'પ્રજ્ઞા'નું ભાષા-સાહિત્ય ધો-૧-૨નાં બાળકોમાં ભાષા કૌશલ્યોનો સુંદર વિકાસ કરશે. ઉપરોક્ત બધી જ બાબતો શિક્ષક આવૃત્તિમાં સમાવિષ્ટ થયેલ છે.

આશા છે કે, આ શિક્ષક માર્ગદર્શિકા આપ સૌને વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ઉપકારક નીવડે અને નજીકના સાથી-મિત્ર તરીકે સહાયક બને. પ્રજ્ઞા અભિગમને વધુ ગતિશીલ બનાવવામાં આ શિક્ષક માર્ગદર્શિકા વધુ મદદરૂપ પુરવાર થાય એવી શુભેચ્છા. આપનાં સૂચનો આવકાર્ય છે.

- લેખકો - સંપાદકો

ધોરણ-૧-૨માં પ્રજ્ઞા અભિગમ...

(૧) જૂથરચના

- **વર્ગખંડમાં કુલ ચાર જૂથ રચાશે.**

✧ પહેલું જૂથ શિક્ષક સમર્થિત છે, જેના માટે ગુલાબી રંગ નક્કી કરેલ છે.

✧ બીજા જૂથમાં, વિદ્યાર્થીએ શિક્ષક અથવા વિદ્યાર્થીની મદદથી કાર્ય કરવાનું છે, કાર્ડ ગોઠવવાં અથવા રંગકામ, સાથીની મદદવાળી રમતો, ચિત્રકામ વગેરે જેવી બાબતો અભ્યાસક્રમમાં સમાવવામાં આવેલ છે, જેને માટે લીલો રંગ નક્કી કરેલ છે.

✧ ત્રીજા જૂથમાં સ્વઅધ્યયનકાર્ય મૂકવામાં આવેલ છે, જેના માટે કથ્થાઈ રંગ નક્કી કરેલ છે.

✧ ચોથા જૂથમાં વિદ્યાર્થીએ શીખેલી બાબતોનું મૂલ્યાંકન થાય તેવી બાબતો મૂકવામાં આવેલ છે. તેને માટે આસમાની રંગ પસંદ કરેલ છે.


(૨) લેડર અને અભ્યાસકાર્ડ

✧ લેડરએ જે-તે ધોરણની અધ્યયન નિષ્પત્તિઓને આધારે રચાયેલા અભ્યાસકાર્ડની ક્રમિક શૃંખલા છે.

✧ ધોરણ ૧-૨ ગુજરાતીમાં વિદ્યાર્થીએ જૂથ એકથી ચારમાં લેડરના ક્રમ મુજબ આગળ વધવાનું છે. તે પૈકી જે અભ્યાસકાર્ડ સ્વઅધ્યયનપોથી માટેનાં છે, તે વિદ્યાર્થીની સ્વઅધ્યયનપોથીમાં મૂકવામાં આવેલાં છે. આવાં અભ્યાસકાર્ડ અભ્યાસકાર્ડના બંચમાં આપવામાં આવેલાં નથી. આવાં અભ્યાસકાર્ડ 'S' થી દર્શાવેલાં છે.

દા.ત. એકમ એકમાં ૧૫ અભ્યાસકાર્ડ લેડરમાં દેખાશે, છતાં અભ્યાસકાર્ડ ક્રમ ૪, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪ અને ૧૫ એ સ્વઅધ્યયનપોથીના કાર્ડ હોવાથી આ કાર્ડ, અભ્યાસકાર્ડના બંચમાં આપવામાં આવેલ નથી.

✧ પ્રત્યેક અભ્યાસકાર્ડની વિશિષ્ટ ઓળખ નીચે મુજબ છે.



✧ અભ્યાસકાર્ડના પાછળના ભાગે એકમનો ક્રમ આપવામાં આવેલ નથી. ત્યાં માત્ર અભ્યાસકાર્ડનો ક્રમ આપવામાં આવેલ છે.

✧ ધોરણ ૧-૨માં વિદ્યાર્થીની સ્વઅધ્યયનપોથી વર્ગમાં જ રાખવાની છે.

✧ દર શનિવાર-રવિવારે વિદ્યાર્થીને સ્વઅધ્યયનપોથી ઘરે લઈ જવા આપવી.

(૩) સમૂહકાર્ય

- બાળકોમાં મૌખિક ભાષાવિકાસ થાય તે ભાષાશિક્ષણ માટે પાયાની બાબત છે. મૌખિક ભાષાવિકાસ એ વાચન અને લેખનનો પાયો છે. તેથી સમૂહકાર્યમાં મૌખિક ભાષાવિકાસ અને લેખન સંબંધી પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જે-તે એકમના અંતે દિવસ પ્રમાણેનું ટાઈમ-ટેબલ બનાવેલ છે, જેને આધારે આપ સમૂહકાર્યમાં આવતી પ્રવૃત્તિઓનું આયોજન કરી શકો.
- સમૂહકાર્ય–૧માં જે-તે એકમમાં આવતી પ્રવૃત્તિઓ બંને ધોરણનાં બાળકો સાથે કરવાની છે, પરંતુ વાર્તા, ગીત અને ચિત્ર પર ચર્ચા માટે માહિતી આધારિત અને સમજ આધારિત એમ બે પ્રકારના પ્રશ્નો આપવામાં આવેલા છે જેથી એક જ વાર્તા કે ગીતમાં બંને ધોરણનાં અને સ્તરનાં બાળકો ભાગીદારી નોંધાવી શકે અને તેમને અભિવ્યક્ત કરવાની તક મળે.
- સમૂહકાર્ય–૨ નો મુખ્ય હેતુ બાળકોમાં વાચનકૌશલનો વિકાસ કરવાનો છે અને તે માટેની વાંચનસામગ્રી બિગબુક રૂપે અને બાળકોની સ્વાધ્યાયપોથીમાં દરેક એકમને અંતે બે પાનાંમાં આપી છે, તેનો ઉપયોગ કરવાનો રહેશે. એ સિવાય પણ જરૂર પ્રમાણે આપ અન્ય વાચન સાહિત્યનો ઉપયોગ કરી શકો છો, પણ તે બાળકોના સ્તરની હોય તે ખૂબ જરૂરી છે.
- સમૂહકાર્ય–૨ માં અઠવાડિયામાં એક ભાષાનો અને બીજો ગણિતનો એમ ૨ દિવસ માટે સમરંગી પ્રવૃત્તિઓ કરવાની રહેશે. પ્રવૃતિઓની યાદી શિક્ષકઆવૃત્તિમાં આપવામાં આવેલ છે.

(૪) વર્ગશિક્ષણની શરૂઆત

(૧) પ્રજ્ઞાવર્ગમાં વિષયશિક્ષણ રહેશે, જેમાં એક દિવસ ગુજરાતી તો બીજા દિવસે ગણિત શીખવવાનું રહેશે. આ ક્રમ આખું સપ્તાહ ચાલશે.

(૨) વર્ગમાં આપવામાં આવેલ પ્રજ્ઞા અભિગમનું સાહિત્ય ગોઠવવું. જેમ કે, ચાર જૂથ માટેના સંકેતો (રંગો) દીવાલ ઉપર ક્લૉક વાઈઝ / એન્ટિ ક્લૉક વાઈઝ વિદ્યાર્થી સરળતાથી જોઈ શકે તેટલી ઊંચાઈએ લગાડવા.

(૩) શરૂઆતના સમયમાં જરૂરી એકમનાં અભ્યાસકાર્ડ ખુલ્લાં મૂકવાં. વર્ગના તમામ વિદ્યાર્થીઓનો આખો એકમ પૂરો થાય પછી જે-તે એકમનાં અભ્યાસકાર્ડ ટ્રેમાંથી લેવાં.

(૪) પ્રજ્ઞા અભિગમમાં વ્યક્તિગત શિક્ષણને પ્રાધાન્ય હોવાથી વર્ગની શરૂઆતથી જ એક-એક વિદ્યાર્થી વ્યક્તિગત રીતે અભ્યાસકાર્ડ લઈ આગળ વધે તેમ પ્રારંભિક જૂથ વિભાજન કરવું.

(૫) વિદ્યાર્થીનું જે-તે અભ્યાસકાર્ડ પૂર્ણ થાય કે તુરંત પ્રગતિમાપન રજિસ્ટરમાં ટિક કરવું.

(૬) વિદ્યાર્થીનું સ્વઅધ્યયનપોથીનું કાર્ય જે-તે સમયે જ ચકાસાય તથા તેમાં જરૂરી અનુકાર્ય થાય તે અપેક્ષિત છે.

(૭) જે-જે અભ્યાસકાર્ડમાં TLM બોક્સ દોરેલ છે ત્યાં, કાર્ડને અનુરૂપ TLM (શીખવા-શીખવવાની સામગ્રી) ઉપલબ્ધ રાખવી. અભ્યાસકાર્ડમાં દર્શાવેલ હોય તેવું જ TLM હોય તે જરૂરી નથી. અધ્યયન નિષ્પત્તિના હેતુને સિદ્ધ કરતું TLM સ્થાનિક સંસાધનમાંથી પણ બનાવી કે મેળવી શકાય.

(૮) જે-જે અભ્યાસકાર્ડમાં એક વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીની મદદની જરૂર છે ત્યાં તે જ અભ્યાસકાર્ડમાં આગળ વધેલ વિદ્યાર્થીની મદદ લેવા જણાવવું.

(૯) પ્રત્યેક દિવસનું શિક્ષણકાર્ય કુલ ચાર ભાગમાં કરાવવું.

I) સમૂહકાર્ય-૧ (વર્ગકાર્યની શરૂઆતની ૪૫ મિનિટ)

ii) અભ્યાસકાર્ડ દ્વારા વ્યક્તિગત શિક્ષણકાર્ય (સમૂહકાર્ય - ૧ અને સમૂહકાર્ય - ૨ ની વચ્ચેનો સમય)

iii) સમૂહકાર્ય-૨(શાળાનો સમય પૂરો થવાના છેલ્લા એક કલાકમાંથી ૩૦ મિનિટ)

iv) રમે તેની રમત (શાળા સમયની છેલ્લી ૩૦ મિનિટ)

અધ્યયન નિષ્પત્તિઓ

ધોરણ: ૧

GJ.01	જોડકણાં અને ગીતો ગાય છે.
GJ.02	એકાગ્રતાપૂર્વક સાંભળીને સમજે છે.
GJ.03	ચિત્રનું વર્ણન કરે છે.
GJ.04	મુલાકાત લીધેલાં સ્થળો વિશે ચર્ચા કરે છે.
GJ.05	વાર્તાકથન કરે છે.
GJ.06	પશુ-પક્ષીઓ અને તેમના અવાજને ઓળખે છે.
GJ.07	સરળ મૌખિક અને લેખિત સૂચના સમજે છે.
GJ.08	વિગતને અનુરૂપ મૌખિક અને લેખિત જવાબ આપે છે.
GJ.09	મૂળાક્ષરો અને માત્રાઓ (સ્વર સંજ્ઞાઓ) વાંચે છે.
GJ.010	મૂળાક્ષરો અને માત્રાઓ (સ્વર સંજ્ઞાઓ) લખે છે.
GJ.011	શબ્દો અને વાક્યો લખે છે.
GJ.012	શબ્દો અને વાક્યો વાંચે છે.
GJ.013	શરીરના ભાગો અને તેના કાર્યો જાણે છે.
GJ.014	આસપાસના પર્યાવરણની માહિતી કહે છે.
GJ.015	કારીગર અને તેના વ્યવસાયોને ઓળખે છે.
GJ.016	વસ્તુઓના ગુણધર્મોને આધારે સરખામણી કરે છે.
GJ.017	શબ્દોને ચિત્રો સાથે જોડે છે.
GJ.018	પરિચિત વસ્તુઓને ચિત્રમાં ઓળખે છે.
GJ.019	સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.
GJ.020	વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.
GJ.021	વાર્તાઓ વિશે ભાવાત્મક પ્રતિભાવ આપે છે.
GJ.022	વાર્તા/પ્રસંગને અભિનય સાથે રજૂ કરે છે.

અધ્યયન નિષ્પત્તિઓ

ધોરણ: ૨

GJ.01	જોડકણાં અને ગીતો ગાય છે.
GJ.02	વાર્તાકથન કરે છે.
GJ.03	વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.
GJ.04	દિશાઓ ઓળખે છે.
GJ.05	સાંભળેલી અને વાંચેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે.
GJ.06	વિગતને અનુરૂપ પ્રશ્નોના મૌખિત અને લેખિત જવાબ આપે છે.
GJ.07	જોડાક્ષર સહિતના શબ્દો અને વાક્યો (અનુલેખન અને શ્રુતલેખન) લખે છે.
GJ.08	નવા શબ્દોના અર્થ જાણે છે.
GJ.09	પશુ-પક્ષીઓ અને જંતુઓના રહેઠાણો વિશે જણાવે છે.
GJ.010	પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.
GJ.011	સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.
GJ.012	રાષ્ટ્રગીત ગાય છે.
GJ.013	આહારના સંદર્ભમાં સારી-નરસી ટેવો વિશે સમજે છે.
GJ.014	વનસ્પતિના વિવિધ ભાગો અંગે જણાવે છે.
GJ.015	સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.
GJ.016	શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ / ટૂંકા વાક્યો લખે છે.
GJ.017	વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.
GJ.018	કાવ્યો/વાર્તાઓ અને તેના પાત્રો વિશે ભાવાત્મક પ્રતિભાવ આપે છે.
GJ.019	વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.
GJ.020	શિક્ષક વડે મોટેથી વંચાતી સામગ્રી ધ્યાનથી સાંભળીને સમજે છે.

દરેક એકમમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ...

ધોરણ: ૧

GJ.01 જોડકણાં અને ગીતો ગાય છે.

GJ.02 એકાગ્રતાપૂર્વક સાંભળીને સમજે છે.

GJ.03 ચિત્રનું વર્ણન કરે છે.

GJ.05 વાર્તાકથન કરે છે.

GJ.07 સરળ મૌખિક સૂચના સમજે છે.

GJ.08 વિગતને અનુરૂપ મૌખિક અને લેખિત જવાબ આપે છે.

GJ.17 શબ્દોને ચિત્રો સાથે જોડે છે.

GJ.18 પરિચિત વસ્તુઓને ચિત્રમાં ઓળખે છે.

GJ.21 વાર્તાઓ વિશે ભાવાત્મક પ્રતિભાવ આપે છે.

GJ.22 વાર્તા/પ્રસંગને અભિનય સાથે રજૂ કરે છે.

ધોરણ: ૨

GJ.01 જોડકણાં અને ગીતો ગાય છે.

GJ.02 વાર્તાકથન કરે છે.

GJ.03 સાંભળેલી અને વાંચેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે.

GJ.04 વિગતને અનુરૂપ પ્રશ્નોના મૌખિત અને લેખિત જવાબ આપે છે.

GJ.07 જોડાક્ષર સહિતના શબ્દો અને વાક્યો (અનુલેખન અને શ્રુતલેખન) લખે છે.

GJ.08 નવા શબ્દોના અર્થ જાણે છે.



GJ.16 શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ / ટૂંકાં વાક્યો લખે છે.

GJ.17 વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.

GJ.18 કાવ્યો/વાર્તાઓ અને તેના પાત્રો વિશે ભાવાત્મક પ્રતિભાવ આપે છે.

GJ.20 શિક્ષક વડે મોટેથી વંચાતી સામગ્રી ધ્યાનથી સાંભળીને સમજે છે.

સંકેત પરિચય

ક્રમ	જૂથ સંકેત	જૂથનું નામ	જૂથનો ક્રમ	સમાવિષ્ટ વિષયવસ્તુ	ચિહ્નોનો ઉપયોગ	
					ધોરણ-૧	ધોરણ-૨
૧		શિક્ષક સમર્થિત જૂથ	૧	સંકલ્પના સ્પષ્ટીકરણ	૨૯	૨૩
૨		સાથી સમર્થિત જૂથ	૨	સંકલ્પના આધારિત મહાવરો	૨૬	૨૯
૩		સ્વઅધ્યયન જૂથ	૩	શીખેલી બાબતનું સ્વઅધ્યયન કાર્ય	૩૨	૩૨
૪		મૂલ્યાંકન જૂથ	૪	શીખેલી બાબતનું મૂલ્યાંકન	૧૮	૨૮
૫		સ્વઅધ્યયનપોથી	–		૪૫	૫૮
૬		ટી.એલ.એમ.	–		૧૨	૦૨

- જૂથ-૧ અને જૂથ-૨માં શિક્ષક ઇચ્છે તો તેનાં પેટા જૂથ કરી શકે છે.

ગુજરાતી ધોરણ ૧/૨ સમૂહકાર્ય અને એકમ અધ્યયન આયોજન

અંદાજિત માસ	ધોરણ-૧	સંભવિત દિવસ
જૂન	શાળા તત્પરતા	૨૨
જુલાઈ	એકમ -૧	૧૩
ઑગસ્ટ	એકમ -૨	૧૦
સપ્ટેમ્બર	એકમ -૩	૧૩
ઑક્ટોબર	એકમ -૪	૧૦
ડિસેમ્બર	એકમ -૫	૧૦
જાન્યુઆરી	એકમ -૬	૧૦
ફેબ્રુઆરી	એકમ -૭	૧૦
માર્ચ	એકમ નંબર-૮	૧૦

અંદાજિત માસ	ધોરણ-૨	સંભવિત દિવસ
જૂન	શાળા તત્પરતા	૨૨
જુલાઈ	એકમ -૯	૦૫
જુલાઈ	એકમ -૧૦	૧૨
ઑગસ્ટ	એકમ -૧૧	૧૩
સપ્ટેમ્બર	એકમ -૧૨	૧૨
ઑક્ટોબર	એકમ -૧૩	૧૩
ડિસેમ્બર	એકમ -૧૪	૧૦
ડિસેમ્બર	એકમ -૧૫	૧૦
જાન્યુઆરી	એકમ -૧૬	૧૦
જાન્યુઆરી	એકમ -૧૭	૦૭
ફેબ્રુઆરી	એકમ -૧૮	૦૮
માર્ચ	એકમ -૧૯	૧૦

વિષયવસ્તુના મુદ્દા

ધોરણ-૧ના ગુજરાતીમાં 'એકમ' પ્રમાણે વિષયવસ્તુના મુદ્દા

એકમ	અભ્યાસક્રમના મુદ્દા
	શાળા તત્પરતા
૧	ગ, મ, ન, જ, ા (કાનો)
૨	વ, ર, સ, દ, ે (માત્રા)
૩	ક, બ, અ, છ, એ, આ
૪	પ, ડ, ત, ણ, ઈ, િ, ઈ, ી
૫	લ, ટ, ચ, ખ, ૈ (બે માત્રા)
૬	ઝ, હ, ઘ, ળ, ઉ, ુ , ઊ, ૂ
૭	ભ, ય, ધ, ફ, ો, ૌ
૮	ઢ, ઠ, શ, થ, ં

ધોરણ-૨ના ગુજરાતીમાં 'એકમ' પ્રમાણે વિષયવસ્તુના મુદ્દા

૯	ધોરણ-૧માં શીખેલા મૂળાક્ષરો તથા કૌશલ્યોનું પુનરાવર્તન
૧૦	ષ, ત્ર, જ્ઞ
૧૧	ક્ષ, શ્ર, ઋ, રૂ
૧૨	સદંડી મૂળાક્ષરોના જોડાક્ષરો
૧૩	દંડરહિત સમાન મૂળાક્ષરોના જોડાક્ષરો
૧૪	દંડરહિત અને સદંડી અસમાન મૂળાક્ષરોના જોડાક્ષર
૧૫	'ર' કાર (પૃ, પ્ર, ર્પ,)
૧૬	વ્યાવહારિક વ્યાકરણ (ઉપસર્ગ, પૂર્વગ)
૧૭	વ્યાવહારિક વ્યાકરણ (સંવાદો, પ્રશ્નો)
૧૮	વ્યાવહારિક વ્યાકરણ (સમાનાર્થી શબ્દો / વિરુદ્ધાર્થી શબ્દો / લિંગ પરિવર્તન)
૧૯	વ્યાવહારિક વ્યાકરણ (પ્રત્યય, દ્વિરુક્તિ)

પ્રારંભિક શિક્ષણ અને ભાષા સાક્ષરતા - કેટલાક મૂળભૂત સિદ્ધાંત

૧. બધાં બાળક શીખી શકે છે અને બધાં બાળકોમાં પાયાનાં ભાષાકીય કૌશલ વિકસવાં જોઈએ.

શિક્ષકને વિશ્વાસ હોય કે પ્રત્યેક બાળક શીખી શકે તો જ વર્ગનાં બધા જ બાળક શીખી શકે. વર્ગમાં શિક્ષણકાર્ય દરમ્યાન બધાં બાળકો શીખી રહ્યાં છે કે કેમ તે પ્રત્યે શિક્ષકનું ધ્યાન હોવું જરૂરી છે, ભાષાકીય કૌશલ તમામ પ્રકારનાં શિક્ષણનો આધાર છે. આથી બાળકોમાં તેનો વિકાસ થાય તે જરૂરી છે. બાળક શીખે તે માટે શીખવાનો સ્તર એકસરખો રાખવો જરૂરી છે. તે માટે પુનરાવર્તન અને મહાવરાની તકો મળવી જોઈએ તથા જરૂરિયાત મુજબ નિયમિત મદદ અને સમય પણ આપવો જોઈએ.

૨. આપમેળે શીખવાની પ્રક્રિયામાં ઢળતાં નાનાં બાળકોને વાર લાગે છે - શીખવું એક સામાજિક પ્રવૃત્તિ છે.


શીખવાની પ્રક્રિયામાં બીજા લોકોની ભૂમિકાનું મહત્ત્વ બતાવતાં રશિયન મનોવૈજ્ઞાનિક **વાઈગોત્સકી**એ કહ્યું છે કે, "બીજા સાથે કરેલી દલીલો અને ચર્ચા જ પાછળથી મનમાં થનારા ચિંતન, તર્ક-વિતર્કનો પાયો બને છે. જ્યાં સુધી વિદ્યાર્થીને બીજા સાથે ચર્ચા, તર્ક કરવાની તક મળતી નથી, ત્યાં સુધી તે પોતાના મનમાં તર્ક કરવાનું પણ શીખી શકતો નથી." શરૂઆતનાં ધોરણોમાં બાળકોને શિક્ષક પોતાના સિવાયના કોઈ જાણકાર)ની મદદ અને પ્રત્યક્ષ શિક્ષણની જરૂર રહે છે. શિક્ષકની મદદથી તે નવી સંકલ્પનાઓ અને કૌશલ શીખવાનું શરૂ કરે છે. નાનાં બાળકો માટે શીખવું એક સામાજિક (હળીમળીને કરવાની પ્રક્રિયા છે) જેમાં તેઓ કુટુંબ, શિક્ષક તથા અન્ય બાળકો સાથે મળીને શીખે છે.

૩. શરૂઆતનાં ધોરણોમાં પાયાનાં કૌશલોની સાથે સાથે ઉચ્ચ કક્ષાનો વિચાર કરવો, તર્ક કરવો, સર્જન કરવું અને કૌશલો પર પણ ભાર મૂક્વો જોઈએ.

બેન્જામિન બ્લૂમના કહેવા અનુસાર વિશ્લેષણ કરવું, તર્ક કરવો, મૂલ્યાંકન કરવું અને સર્જન કરવું જેવાં કૌશલો ઉચ્ચ કક્ષાનાં કૌશલ ગણાય. શબ્દ તથા માહિતી યાદ રાખવા જેવાં કૌશલ નીચલી કક્ષાનાં અથવા પાયાનાં કૌશલ ગણાય છે. શરૂઆતનાં ધોરણોમાં પાયાનાં કૌશલની સાથે સાથે ઉચ્ચ કક્ષાનાં કૌશલ પર પણ ભાર આપવો જોઈએ. તે માટે વર્ગમાં એવી પ્રવૃત્તિઓ થવી જોઈએ, જેમાં બાળકોને પોતાના અનુભવ પરથી વિચારવાની અને તર્ક કરવાની તક મળે. બાળકોમાં ઉચ્ચ સ્તરીય ક્ષમતાને પ્રોત્સાહન આપવામાં બાળકો તેમના સંદર્ભ અને તેમની સાથે શિક્ષક તથા વયસ્કની વાતચીત સંકળાયેલાં છે. (ટલર, ૨૦૦૧) વર્ગમાં ઉચ્ચ કક્ષાના કૌશલ વિકાસ માટે શિક્ષક અને બાળકો ઉચ્ચસ્તરની વાતચીત અને ચર્ચા કરે તે ખૂબ જરૂરી છે. આ બાબતે શિક્ષકની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે.

૪. શીખવાની જવાબદારી ધીમેધીમે બાળકોને સોંપવી. (Gradual Release of Responsibility)

શીખવાની જવાબદારી ધીમેધીમે બાળકોને સૌપવી એ પૂર્વધારણા પર કામ કરે છે કે આપમેળે શીખવાના સ્તરે પહોંચવા બાળકોને માર્ગદર્શનની જરૂર પડે છે અને તે માર્ગદર્શન શિક્ષક પુરું પાડે છે. ઝડપથી શીખતાં બાળકોને શિક્ષકે પડકારજનક કામ આપવું જોઈએ; જ્યારે ધીમી ગતિએ કે મુશ્કેલી સાથે શીખી રહેલાં બાળકોને તેઓની જરૂરિયાત પ્રમાણે વધારે મદદ આપવી જોઈએ.



(ફિશર અને ફ્રે, ૨૦૦૮)

૫. યોગ્ય સ્તરનું શીખવવું જ્યાં મોટા ભાગનાં બાળકો શીખી શકે. (Z.P.D. - Zone of Proximal Development)

મોટાભાગે બાળક પોતાની જાતે શું કરી શકે છે, તેના આધારે આપણે બાળકનો સ્તર નક્કી કરીએ છીએ. પરીક્ષામાં પણ આ જ રીત અપનાવાય છે. અસલમાં, બીજાની મદદથી બાળક ઘણું આગળ પહોંચવાની ક્ષમતા ધરાવે છે. આ બે ક્ષમતાઓ વચ્ચેના અંતરને જ શીખવાના સ્તરના નજીકનું ક્ષેત્ર અથવા ઝૉન ઑફ પ્રૉકિંસમલ ડેવલોપમેન્ટ (Zone of Proximal Development) કહે છે. Z.P.D. એટલે કે ઝૉન ઑફ પ્રૉકિંસમલ ડેવલોપમેન્ટની સંકલ્પના **લેવ વાઈગોસ્કી**એ ૧૯૩૦માં આપી હતી. તે સંકલ્પના આ બે વાત પર ભાર મૂકે છે : (૧) જ્યારે નવું જ્ઞાન આપણા વર્તમાન જ્ઞાન અને કૌશલની નજીકનું હોય ત્યારે જ આપણે તે શીખી શકીએ છીએ. (૨) આપણે તે આપણા કરતાં વધુ જાણકાર વ્યક્તિની મદદથી કરી શકીએ છીએ. તે જાણકાર આપણો સાથીદાર અથવા શિક્ષક હોઈ શકે. બાળકો શીખવાના જે સ્તર પર હોય તે સ્તરનું શીખવવું જરૂરી છે કે શિક્ષકને પ્રત્યેક બાળકનો શિક્ષણનો સ્તર ખબર હોય એટલે તે એવી પ્રવૃત્તિઓ કરાવે જે ન તો ખૂબ અઘરી હોય કે ના એકદમ સહેલી. (Guidelines fro Design and Implementation of ELP, 2019)

બાળક જે કાર્ય અત્યારે નથી કરી શકતું. → **નિરાશાનું ક્ષેત્ર: જે શિખવાડાઈ રહ્યું છે તે બાળકના હાલના સ્તર કરતાં ઘણા ઉપરના સ્તરનું છે.**

↑

Z.P.D. બાળક બીજાની મદદ મળતાં જે પ્રવૃત્તિ કરી શકે અથવા સમજી શકે તે શીખવવું → **શીખવાનું ક્ષેત્ર: હવે થોડી મદદ મળતાં બાળક પ્રવૃત્તિ કરે છે અથવા શીખે છે.**

↓

બાળક પોતાની જાતે કે સ્વતંત્ર રીતે જે પ્રવૃત્તિ કરી શકે કે સમજી શકે. → **આરામનું ક્ષેત્ર: અહીં બાળક કશું નવું નથી શીખી રહ્યું. અહીં તે પોતાને જે આવડે છે તેનો માત્ર મહાવરો કરે છે.**

૬. શીખવા માટે જરૂરી છે કે શીખવા-શીખવવાની પ્રક્રિયામાં બાળકો સક્રિય રીતે જોડાય. (Active Engagement)

કોઈપણ નવું જ્ઞાન શીખવા જરૂરી છે કે બાળક શીખવાની પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાય. સક્રિય ભાગીદારી એટલે કે એવું કામ જે કરતી વખતે બાળકો સંપૂર્ણપણે સક્રિય હોય. જેમ કે, બોલાઈ રહેલો પાઠ ધ્યાનથી સાંભળવો, સમજીને પ્રતિક્રિયા આપવી, જાતે વાંચવાનો તથા લખવાનો પ્રયત્ન કરવો. પ્રવૃત્તિ કરવાનો કુલ સમય (ટાઈમ ઑન ટાસ્ક) નો માત્ર કેટલોક જ ભાગ સક્રિય ભાગીદારીમાં ગણાય. વર્ગમાં જે પ્રવૃત્તિ કરાવાતી હોય તેમાં જો બાળકો જોડાયેલાં અથવા ગૂંથાયેલાં હોય (પછી તે સામૂહિક વાચન કે અનુલેખન કેમ ન હોય), તે પ્રવૃત્તિ કરવાનો કુલ સમય (ટાઈમ ઑન ટાસ્ક) કહેવાય. ટાઈમ ઑન ટાસ્ક બાળકોના અધ્યયન કરતાં અધ્યાપનની પદ્ધતિ અને પ્રક્રિયા પર વધારે આધાર રાખે છે.



મોટાભાગના વર્ગોમાં કેટલાંક બાળકો ચૂપચાપ અથવા નિષ્ક્રિય બેસી રહે છે. બાળકોને સક્રિયપણે જોડવા તેમની પરિસ્થિતિઓ અને મુશ્કેલીઓ સમજવામાં મદદ કરે તથા પ્રેરણા અને પ્રોત્સાહન આપતી હોય તેવી પ્રવૃત્તિઓ અપનાવી શકાય. ચર્ચા કરવી, પોતાનું મંતવ્ય આપવું, મગજ કસવું, મગજ અને હાથ સાંકળતું કોઈ કામ કરવું, નવું સર્જન કરવું વગેરે જેવાં કામોમાં બાળકો સક્રિયતાથી જોડાય છે.

૭. બાળકો માટે ખાસ કરીને નાનાં બાળકો માટે વાતચીત એ શીખવાનું સૌથી અસરકારક માધ્યમ છે.

આપણી શિક્ષણ વ્યવસ્થામાં એવી ધારણા છે કે બાળકોને બોલવા- સાંભળવાનું તો આવડે જ છે, એટલે શાળાના પહેલા દિવસથી જ બધું ધ્યાન વાચન અને લેખન પર આપવામાં આવે છે. શરૂઆતનાં ધોરણોમાં વાતચીત એ બાળકો માટે શીખવાનો પ્રાકૃતિક તથા જરૂરી ભાગ છે. વાતચીત એ વાચન-લેખનનો પાયો છે. (Stroch & Whitehurst, 2002) મૌખિક ભાષા એક કરતાં વધારે કૌશલ જેમ કે, શબ્દભંડોળ, સાંભળીને અર્થ ઘડવો અને કેટલાંક ઉચ્ચ સ્તરીય કૌશલ વિકસાવવામાં મદદ કરે છે. (Guidelines fro Design and Implementation, ELP, UNICEF and LLF) વાતચીત બાળકોને વિચારવા માટે પ્રોત્સાહન આપે છે અને બાળકો સક્રિયતાથી શીખે છે.

૮. બાળકોના ઘરની ભાષાને શિક્ષણમાં સ્થાન મળવું જોઈએ (સંદર્ભ અને અનુભવ પણ)

શાળાએ આવતું બાળક ભાષાપ્રયોગના આગવા તથા અંગત અનુભવ સાથે આવે છે. શાળાની શરૂઆતમાં બાળકોના ભાષાકીય અનુભવોમાં ખાસી વિવિધતા જોવા મળે છે. જે ભાષા બાળક સારી રીતે બોલી શકે છે તેને બાળકની પ્રથમ ભાષા કહેવાય. સામાન્ય રીતે, તે ભાષા બાળકને જન્મથી જ શીખવા મળે છે. તે બાળકના સામાજિક સમૂહની માતૃભાષા તરીકે પણ ઓળખાય છે. ઘણા સંશોધનના તારણરૂપે જાણવા મળ્યું છે કે, જે બાળકો પોતાની ભાષામાં વાંચતાં લખતાં શીખે છે. અભ્યાસના અન્ય વિષય પણ પોતાની ભાષામાં ભણે છે તેમનો બૌદ્ધિક વિકાસ સારો થાય છે. અપરિચિત ભાષા શીખતી વખતે વર્ગખંડમાં બાળકોની પ્રથમ ભાષાનો ઉપયોગ થાય તે જરૂરી છે. વિચારવું તથા તર્ક કરવો જેવાં ઉચ્ચ સ્તરીય કૌશલ વર્ગમાં વિકસે તે માટે બાળકોની પ્રથમ ભાષાનો ઉપયોગ ખૂબ જરૂરી છે. નવી ભાષા શીખવા માટે તે ભાષા સાંભળવાની અને તેમાં વાતચીત કરવાની ઘણી તક બાળકોને મળવી જોઈએ. બાળકોના ઘરની ભાષાનો ઉપયોગ શાળાની ભાષા કે માન્ય ભાષા શીખવાની પ્રક્રિયામાં બાળકોને સહાય કરવામાં અને વર્ગખંડમાં શીખવા માટેનું વાજબી વાતાવરણ બનાવવા મદદરૂપ બને છે.

ભાષાશિક્ષણ અંગેના સિદ્ધાંત

૯. મૌખિક ભાષા વિકાસ વાચન અને લેખન શિક્ષણનો પાયો છે.

વાચન અને લેખનકૌશલ અસલમાં બોલાયેલી ભાષાના પાયા પર જ કેળવાય છે. મૌખિક કાર્યને કારણે કેળવાયેલાં કૌશલ્યો તમામ પ્રકારની વાચન પ્રવૃત્તિઓમાં ઉપયોગી છે. બાળક વાંચતાવેંત સમજે તે માટે મૌખિક ભાષા ઉપયોગી છે.

મૌખિક ભાષામાં કુશળતા બાળકમાં સારી સમજ વિકસાવવાનો પાયો પણ બને છે. તેનાથી તેનું શબ્દભંડોળ અને સામાન્ય જ્ઞાન વધે છે. જે વાંચીને સમજવા માટે ખૂબ જરૂરી છે. જ્યાં સુધી બાળક આપમેળે વાચીને સમજી ન શકે ત્યાં સુધી શબ્દભંડોળ અને સામાન્ય જ્ઞાનનો વિકાસ વાતચીત મારફતે જ શક્ય બને છે. જો બાળકની મૌખિક ભાષાનો વિકાસ ન થયો હોય તો તે બાળકની સાંભળીને સમજવાની શક્તિ યોગ્ય રીતે વિકસે નહીં તેની સંભાવના વધી જાય છે. જો બાળકોમાં શરૂઆતથી જ બોલવાની તથા અભિવ્યક્તિની ક્ષમતા મજબૂત રીતે વિકસી ગઈ હોય તો તેના આધારે બોલવા તથા વાંચવા-લખવા વચ્ચે દ્વિમાર્ગી સંબંધ રચાય છે અને તે બધાં કૌશલ એકબીજાને સમૃદ્ધ કરે છે.

૧૦. ભાષાશિક્ષણમાં સંતુલિત પદ્ધતિ અપનાવવી જોઈએ.

વાંચીને સમજવા માટે ભાષાની સમજ તથા સંકેતોના શાબ્દીકરણ તરીકે સમજવું (ડીકોડિંગ) જરૂરી છે. શરૂઆતનાં ધોરણોમાં બાળકો જ્યારે વાંચવાનું શીખી રહ્યા હોય ત્યારે ભાષાની સમજ અને ડિકોડીગ એમ, બંને પ્રકારનાં કૌશલ્યો પર એકસાથે કામ થવું જોઈએ તેમજ બાળકોને તે બંને કૌશલ્યો વિકસિત કરવાની તક મળવી જોઈએ. આમ, બંને પ્રકારના કામમાં સંતુલન જાળવીને સાથેસાથે કામ કરવાની પદ્ધતિને સંતુલિત પદ્ધતિ કહે છે. આ પદ્ધતિમાં સમજણનો વિકાસ કરવા માટે સમગ્ર ભાષા આધારિત પ્રવૃત્તિઓ મારફતે અર્થસર્જનની કુશળતાઓને સુદૃઢ કરવામાં આવે છે. તો વળી, ડીકોડિંગ માટે અંશા આધારિત કામ (વર્ણ-માત્રાનું જ્ઞાન અને શબ્દ ઓળખ) કરાવવામાં આવે છે. સંતુલિત પદ્ધતિમાં મૌખિક ભાષા ક્ષમતા, વાચન તથા લેખન એમ બધાં કૌશલ્યોનો જરૂરિયાત પ્રમાણે સમાવેશ કરવો જોઈએ.

संतुलित पद्धति



૧૧. ડીકોડિંગ શીખવવા માટે વ્યવસ્થિત ક્રમ અને જુદી જુદી પ્રવૃત્તિઓ જરૂરી છે.

સારા વાચક બનવા માટે જલદીથી અને સારી રીતે ડીકોડિંગ શીખવું જરૂરી છે. લગભગ સ્વચાલિત તથા સાચી રીતે શબ્દો વાંચી શકવાથી વાચનની ઝડપ આવે છે અને ત્યારે વાચકની બધી શક્તિ પાઠને સમજવામાં લાગે છે. સંશોધનો મારફતે એવી ઘણી સાબિતીઓ મળી છે કે શરૂઆતનાં ધોરણોમાં ગતિશીલ ડીકોડિંગની સીધી અસર સમજણના સારા વિકાસ પર થાય છે. જે બાળકો પહેલાં-બીજા ધોરણમાં સારું ડિકોડીગ કરી શકતાં નથી તેઓ પછીનાં ધોરણોમાં પણ નબળાં વાચક બની રહે છે. એ વાતની પણ ઘણી સાબિતી છે. ડીકોડીગનાં સોપાનોઃ **૧.** કોઈ પરિચિત શબ્દના ધ્વનિ તોડી પહેલા ધ્વનિ પર બાળકોનું ધ્યાન દોરવું ન-ગ-રમાં "ન". **૨.** શબ્દ લખો. પહેલા ધ્વનિના ચિહ્ન પર ગોળ દોરો તે ધ્વનિથી શરૂ થતા બીજા મૌખિક શબ્દોમાં આવતા ધ્વનિ ઓળખવા કહો, **૩.** બાળકોને જુદી જુદી સામગ્રીમાંથી તે વર્ણ શોધવા કહો. **૪.** વર્ણ ઓળખવાની કોઈ એક પ્રવૃત્તિ કરાવો. **૫.** હવામાં લખવું, જેવી પ્રવૃત્તિઓ દ્વારા વર્ણ લખી ઓળખાવો. **૬.** પાઠ્યપુસ્તક અથવા સ્વાધ્યાયપોથીમાંથી લખવાનો મહાવરો કરાવો.

૧૨. વાચન કૌશલ વિકસિત કરવા બાળકોને વાચનનો ઘણો બધો મહાવરો જોઈએ.

શરૂઆતથી જ બાળકોને મૌખિક અભિવ્યક્તિ, વાચન અને લેખનના મહાવરાની તક મળવી જોઈએ. વાચન શીખવા માટે ફક્ત પાયાનાં કૌશલ કેળવવાની જ નહીં, પણ વાચનના ઘણા બધા મહાવરાની પણ જરૂર પડે છે જ્યારે બાળકો ઘણું વાંચે ત્યારે શબ્દ ઓળખની ચોકસાઈ, વાચન ઝડપ, શબ્દભંડોળ તથા સામાન્ય જ્ઞાન સુધરવા માંડે છે. તેને કારણે વાંચીને સમજવાની ક્ષમતામાં આપોઆપ સુધારો આવે છે. બાળકોને જાત-જાતનું વાચન કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ પહેલાં શિક્ષક વાંચી સંભળાવે પછી બાળક શિક્ષકના માર્ગદર્શન હેઠળ વાંચે અને પછી બાળક જાતે વાંચે તેવી તક તેને મળવી જોઈએ.

૧૩. પાયાના લેખન સાથે બાળકોને પોતાના શબ્દોમાં સર્જન કરવાની તક.

લેખન માટેનાં જરૂરી કૌશલ્યોને બે ભાગમાં વહેચી શકાય. પાયાનાં કૌશલ્યો જેવાં કે અક્ષરોને સારી રીતે લખવા, વર્ણ અને ધ્વનિનો સંબંધ ખબર હોય તથા વાક્યરચનાની સમજ હોય. ઉપરાંત વિષય અંગે વિચારવું, પાઠને શીર્ષક આપવું, ક્રમબદ્ધ રીતે વિચારવું જેવાં ઉચ્ચસ્તરીય કૌશલ્યો પણ સાથે-સાથે વિકસાવી શકાય છે. બાળકો ઉચ્ચસ્તરીય લેખન કરી શકે તે માટે બાળકોમાં બુનિયાદી કૌશલ્યોનો વિકાસ જરૂરી છે. ભાષાશિક્ષણની સંતુલિત પદ્ધતિમાં લેખનનાં બુનિયાદી કૌશલ્યની સાથેસાથે ઉચ્ચસ્તરીય કૌશલ્યનો પણ વિકાસ થાય તે માટે પાયાના લેખનની સાથેસાથે બાળકોને પોતાના શબ્દોમાં સર્જન કરવાની પણ તક મળતી રહેવી જોઈએ.

બાળક કઈ રીતે શીખે છે ?

બાળક કેટલીક ક્ષમતાઓ સાથે જ જન્મે છે. આ ક્ષમતાઓ શીખવા માટે એક જરૂરી શરત તરીકે કામ કરે છે, પણ આ ક્ષમતાઓના હોવા માત્રથી શીખવું શક્ય બનતું નથી. આ જન્મજાત ક્ષમતાઓની સાથે શીખવા માટે સામાજિક પરિવેશનું હોવું એક જરૂરી શરત છે. સામાજિક પરિવેશમાં આંતરક્રિયા કરવાથી જ બાળકનું શીખવું શક્ય બને છે. બાળકના શિક્ષણને સુખદ અને સહજ બનાવવા માટે જન્મજાત ક્ષમતાઓ અને સામાજિક પરિવેશની સાથેસાથે પરિસ્થિતિઓની ભૂમિકા પણ ખૂબ મહત્વની છે.

વાસ્તવિક રીતે શીખવું એક સતત પ્રક્રિયા છે, જેમાં આપણે નવું જ્ઞાન, વ્યવહાર અને કૌશલ્ય ગ્રહણ કરીએ છીએ તથા પહેલાંના જ્ઞાન, વ્યવહાર અને કૌશલ્યમાં આપણા અનુભવને આધારે સંશોધન કરીએ છીએ. એટલા માટે શીખવાની પ્રક્રિયામાં વ્યક્તિગત અનુભવ પાયા તરીકે કાર્ય કરે છે. તેના આધારે વર્ગખંડમાં શીખવાની થતી પ્રવૃત્તિઓમાં બાળકોની સક્રિય ભાગીદારી જરૂરી છે.

આપણને વર્ગખંડમાં એવી પ્રવૃત્તિઓ જોવા મળે છે, જેમાં બાળકો ભાગ તો લઈ રહ્યાં હોય છે, પણ તેઓ શીખતાં કંઈ નથી. જેમ કે, વગર વિચાર્યે શિક્ષકની પાછળ પાછળ ઉચ્ચારણ કરવું, પાઠને મોઢે કરવો, શિક્ષકની વાતોને ચૂપચાપ સાંભળવી, બોર્ડ પરથી નકલ ઉતારવી વગેરે જેવી પ્રવૃત્તિઓ શીખવા માટે સાર્થક નીવડતી નથી.

શીખવાની પ્રક્રિયા

"શીખવું એક એવી પ્રક્રિયા છે જેમાં આપણે નવો અનુભવ થતાં તેના વિશે મગજ વડે વિચાર કરીએ છીએ અને એ રીતે પોતાના માટે નવી સમજ બનાવીએ છીએ. આપણે પ્રતિક્ષણ કોઈને કોઈ અનુભવ કરતા જ હોઈએ છીએ, આપણે પ્રતિક્ષણ શીખી રહ્યા હોઈએ છીએ."

શીખવામાં હોશિયાર હોય તેવાં મોટાભાગનાં બાળકો એ રીતે નથી શીખતાં જે રીતે આપણે તેમને

અધ્યયન-અધ્યાપનના સામાન્ય સિદ્ધાંત જે બાળકો સાથે વર્ગમાં કામ કરતી વખતે શિક્ષકે અમલમાં મૂકવા જોઈએ.

- વર્ગને બાળકની દુનિયા સાથે જોડવો.
- બાળકના પૂર્વજ્ઞાન અને અનુભવનો ઉપયોગ કરવો.
- બાળકને બીજા બાળકની સાથે/મદદથી શીખવાની તક આપવી.
- બાળકને શીખવામાં ટેકો કરવો. (સ્કેફોલ્ડિંગ)
- વર્ગનું વાતાવરણ સૌહાર્દપૂર્ણ બનાવવું.
- શીખવાની પ્રક્રિયામાં બધાં બાળક જોડાય તે પાકું કરવું.
- વિચાર કરવાની પ્રક્રિયા માટે તક અને પ્રોત્સાહન આપવું.
- વાતચીત કરવાની ભરપૂર તક આપવી.
- સતત મૂલ્યાંકન દ્વારા અધ્યયન-અધ્યાપન સુદ્રઢ બનાવવું.

શીખવવા માંગીએ છીએ. શાળામાં દાખલ થયા પછી ઘણાં બાળકો ડર અને નિરુત્સાહ અનુભવે છે, જેમના પર આપણે નબળું એમ છાપ મારી દઈએ છીએ. આવું કેમ? ચાલો, સમજવા પ્રયત્ન કરીએ. આ માટે આપણે શિક્ષણના એ સામાન્ય સિદ્ધાંતો સમજવા રહ્યા જે સુદ્રઢ શૈક્ષણિક વાતાવરણ અને પ્રભાવશાળી શિક્ષણ માટે અગત્યની ભૂમિકા ભજવે છે. સાથેસાથે આપણે એ પણ સમજવું રહ્યું કે આ સિદ્ધાંતો આપણે વર્ગમાં કેવી રીતે અમલમાં મૂકીએ.

આ સિદ્ધાંતોને આધારે નીચે આપેલ મુખ્ય બાબતો પર શિક્ષકે ધ્યાન આપવાની જરૂર છે.

બાળકોના અનુભવ

- ભાષાના વર્ગમાં બાળકોને શીખવાના એવા ઘણા અનુભવ આપવા જોઈએ, જેમાં બાળકોને કંઈક કામ કરવાની, વિચારવાની, પોતાને અભિવ્યક્ત કરવાની, ચર્ચા કરવાની, વાચન-લેખન કરવાની તક મળે.
- બાળકો માટે શીખવાનું સૌથી શક્તિશાળી માધ્યમ મૂર્ત અથવા નક્કર વસ્તુઓ, ઘટનાઓ અને અનુભવો હોય છે. માત્ર શબ્દો વડે અમૂર્ત સંકલ્પનાઓ સમજવી બાળકો માટે ખૂબ અઘરું હોય છે.
- શીખવાની પ્રક્રિયામાં લાગણીની ભૂમિકા મોટી છે. ડર જેવી નકારાત્મક લાગણી બાળકોના મન પર સવાર થઈ જાય તો તેમની શીખવાની પ્રક્રિયા અટકી પડે છે.

વર્ગખંડમાં બાળકોની સક્રિય ભાગીદારી

- શીખવાની પ્રક્રિયામાં બાળકો સક્રિય હોવાં જોઈએ. આમ કરવું હોય તો વાત કે રજૂઆત એકતરફી ન હોવી જોઈએ. વર્ગની પ્રવૃત્તિઓમાં બાળકોની સક્રિય ભાગીદારી અને લાગણીથી જોડાણ હોવું જોઈએ.
- બાળક માટે શારીરિક, માનસિક અથવા ભાવનાત્મક રીતે જોડાયા કે સક્રિય થયા વગર શીખવું અસંભવ છે. તમામ બાળકોનું જોડાવું પાકું ત્યારે થાય જ્યારે પાછળ રહી જનારાં બાળકો પર વિશેષ ધ્યાન અપાય.
- લંબાણપૂર્વક વાતચીત એવી સફળ પ્રક્રિયા છે, જેનાથી સામૂહિક આંતરક્રિયા, શિક્ષક અને બાળકો વચ્ચે સંવાદ વધારવાની અને એને કારણે શીખવાની પ્રક્રિયા અસરકારક બનાવવાની તક મળે છે. પ્રશ્ન પૂછ્યા પછી શિક્ષક જો વિચાર કરવાનો વધુ સમય આપે તો બાળકોની ભાગીદારીની ગુણવત્તા અને પ્રમાણ ઊંચકાઈ જાય છે.

અર્થનિર્માણની પ્રવૃતિઓ

- શીખવાનું સૌથી અગત્યનું પાસું છે- પોતાના માટે અર્થ તારવવો, અર્થઘટન કરવું. બાળક જ્યારે શબ્દનો અર્થ સમજ્યો જ નથી ત્યારે, શબ્દોનો દરિયો આપવાનો કોઈ અર્થ નથી.
- ચર્ચા, વાતચીત, ઓપન એન્ડેડ (વિસ્તૃત) પ્રશ્ન જેવી પ્રવૃત્તિઓ બાળકોને ચિંતન માટે ઉશ્કેરવામાં ઘણી ઉપયોગી નીવડે છે.

સતત મૂલ્યાંકન અને સહયોગ

- સતત મૂલ્યાંકન એ શિક્ષણ સાથે ચાલતી તથા શિક્ષણની અસરનું આકલન કરતી પ્રક્રિયા છે. તેનાથી બાળકના શિક્ષણકાર્યમાં પડેલી ખોટનો શિક્ષકને ખ્યાલ આવે છે. આ પ્રક્રિયાનો ભરપૂર લાભ ત્યારે મળે જ્યારે બાળકોને તેમની નબળાઈ અંગે તરત જ સકારાત્મક ટિપ્પણી આપવામાં આવે; તથા જરૂરિયાત પ્રમાણે શિક્ષણપ્રક્રિયાને બદલવામાં આવે.
- બાળકોના શૈક્ષણિક વિકાસના સ્તર અલગ અલગ હોવાથી બાળક પોતાના હાલના સ્તરથી આગળ વધે તે જરૂરી છે. આ માટે, વર્ગના સામાન્ય સ્તર આધારિત હોવાને બદલે, પ્રતિભાવ (ફીડબૅક) દરેકને જરૂરિયાત પ્રમાણે મદદ મળે તેવા હોવા જોઈએ.

એકબીજા પાસેથી શીખવું

જ્યારે શિક્ષક અને બાળક પોતાના અનુભવ એકબીજા સાથે વહેંચે છે ત્યારે તેમાં પરીક્ષાનો ડર રહેતો નથી. શિક્ષણ અંગે પરંપરાગત ધારણા એમ છે કે શિક્ષણનો એક માત્ર સ્રોત શિક્ષક છે. અમારું માનવું છે કે માત્ર શિક્ષક મારફતે જ શીખવું અને શિક્ષકને જ એકમાત્ર સ્ત્રોત માનવો એ શૈક્ષણિક તથા વ્યવહારિક દ્રષ્ટિએ યોગ્ય નથી. આપણે શાળાઓમાં સહભાગિતા-પૂર્ણ શિક્ષણને પ્રોત્સાહન આપવું જોઈએ. એવી સહભાગિતા જેમાં શિક્ષક-બાળકો અને બાળકો-બાળકો શીખવાની પ્રક્રિયામાં સહભાગી હોય. બાળકો શિક્ષણ દરમ્યાન એકબીજા સાથે સહયોગ કરે તો તેમનામાં સહયોગની માનસિકતા વિકસે છે જે તેમને સારા નાગરિક બનવામાં ઉપયોગી થાય છે.આમ, સારા સમાજના નિર્માણનો આદર્શ સાકાર થાય છે, જે શિક્ષણના મુખ્ય ઉદ્દેશમાંનો એક છે. ઉપરાંત, બાળકો શીખવામાં એકબીજાને મદદ કરે તે મલ્ટિ ગ્રેડ વ્યવસ્થામાં એક હથિયારની જેમ કામ લાગે છે. આવા વર્ગમાં શિક્ષકને વધુ જરૂરિયાતવાળાં બાળકોને વધુ સમય આપવાની તક રહે છે. જે બાળકોને શીખવામાં વાર લાગી રહી છે તેમને મદદ કરવાનું કામ બીજાં બાળકોને પણ સોંપી શકાય. સરખા પરિવેશમાંથી આવતાં હોવાને કારણે બાળકો એકબીજા સાથે સહજતા અનુભવે છે. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા એવી હોવી જોઈએ કે બધાં બાળકો સાથે મળીને સરખા સ્તરે શીખે અને એકબીજાને મદદ કરે.

ભાષા અને સાક્ષરતા વિકાસ

ભાષા શીખવી એ બાળકો માટે સ્વાભાવિક પ્રક્રિયા છે, જેમાં તેમની આસપાસનું વાતાવરણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભાષાની સમજ અને ભાષાકીય અનુભવો સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ સાથે સંકળાયેલાં છે. ધ્યાનથી જોઈશું તો જણાશે કે બાળકો ભાષાના માધ્યમથી જ બધું શીખે છે. બાળકો વયસ્ક વ્યક્તિની જેમ ભાષાનો ઉપયોગ કરે છે તથા ભાષાના નિયમો પણ બરાબર જાણે છે. શાળાએ જતાં બાળકોમાં બોલવા- સાંભળવાની એવી આવડત કેળવાય છે જેને કારણે તેઓ કોઈ વિચાર પ્રમાણે પોતાની અભિવ્યક્તિ ગોઠવી શકે છે. આવી આવડત સાક્ષરતાના વિકાસમાં પાયાનું કામ કરે છે. સામાન્ય રીતે, સાક્ષર એટલે અક્ષર અથવા શબ્દ વાંચી-લખી શકે તે.

આ સાક્ષરતાની અધૂરી અથવા તો મર્યાદિત વ્યાખ્યા છે. અમારું માનવું છે કે, "જે વ્યક્તિ લેખિત સામગ્રીનો ઉપયોગ કરી સતત શીખતા રહેવાનો પોતાનો હેતુ પાર પાડે, પોતાના જ્ઞાન અને આવડત વધારતી રહે તથા વાચન-લેખનનો ઉપયોગ પોતાનાં સમૂહ તેમજ બહોળા સમાજમાં ભાગીદારી માટે કરે તે વ્યક્તિ ખરા અર્થમાં સાક્ષર છે."



સાક્ષરની આ વ્યાખ્યા સાક્ષરતાનું મહત્ત્વ સમજાવે છે. લેખિત સામગ્રીનો ઉપયોગ શીખવા માટે એ જ વ્યક્તિ કરી શકે જે વાચન -લેખન કરી શકતી હોય. શાળામાં ભણવા માટે પુસ્તક અનિવાર્ય છે. જે બાળકો વાંચીને સમજી શકે તે બાળકો જ શીખવા માટે તેનો ઉપયોગ કરી શકે. પરંપરાગત રીતે, બાળકો પરીક્ષામાં તેમને પુછાયેલા પ્રશ્નોના જવાબ લખે એ બાબત જ મહત્ત્વ ધરાવે છે.

શરૂઆતનાં ધોરણોમાં જે બાળકો સાક્ષર નથી થતાં તે બાળકોએ લાંબા સમય સુધી વાચન શીખવા મથવું પડે છે અને તેઓ અભ્યાસ માટે પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરી શકતા નથી. આપમેળે જ્ઞાન અને આવડત વધારવા માંગતી વ્યક્તિ પાસે વાચન, લેખન, વિચાર કરવો, તર્ક કરવો વગેરે કૌશલ્યો હોવાં ખૂબ જરૂરી છે. શીખવા, વિચાર કરવા, સશક્તીકરણ અને સમાજમાં ભાગીદારી કરવા માટે સાક્ષરતા એક મહત્ત્વનું સાધન છે. આમ, 'સાક્ષરતા'માં 'શબ્દ' વાચન અને 'સંસાર' વાચન એમ બંને સમાયેલાં છે. આ રીતે જોઈએ તો, સાક્ષરતા એટલી મહત્ત્વની ભૂમિકા ભજવે છે કે ''જીવનને રૂપાંતરિત કરી શકે છે.''

સાક્ષરતા કેળવવા માટે મૌખિક ભાષાની ભૂમિકા :

શાળાએ આવતાં બાળકો મૌખિક ભાષાનો ઉપયોગ વયસ્ક વ્યક્તિની જેમ જ કરતાં હોય છે. તેમનું જ્ઞાન અને સમજ મૌખિક હોય છે. તેઓ ભાષાની ગોઠવણ(વાક્યની રચના, કર્તા અને લિંગ પ્રમાણે ક્રિયાપદમાં થતો ફેરફાર)નો ઉપયોગ કરતાં હોય છે અને જાણતાં હોય છે કે કોઈ વાત કેવી રીતે મુકાય. વાતચીતની રીત અને તે માટેના શબ્દભંડોળથી તેઓ વાકેફ હોય છે. એક રીતે તો, વાચન-લેખન એ ભાષાના મૌખિક ભાગ, સાંભળીને સમજવું અને પોતાની વાત બોલીને કહેવી, તેનો જ વિસ્તાર છે. કોઈ લેખિત પાઠને સમજવા મૌખિક ભાષાનું જ્ઞાન પાયારૂપ છે. મૌખિક ભાષામાંથી મળેલું શબ્દભંડોળ અને દુનિયાની સમજ બાળકોને વાંચીને સમજવામાં સક્ષમ બનાવે છે.

મોટાભાગનાં બાળકોનાં ઘરની ભાષા શાળાની ભાષા કરતાં જુદી હોય છે. આ તબક્કે એક વાત ધ્યાનમાં રાખવી કે ઉપયોજન (સાંભળવું, બોલવું, સમજવું, વિચારવું) બાબતે ભાષાઓમાં ઝાઝો ફેર નથી. એક કરતાં વધારે ભાષાના સંપર્કમાં રહેનાર બાળકો બધી ભાષાઓ એક સાથે શીખે છે. એટલા માટે બાળકોને શાળામાં સ્થાનિક ભાષાનો ઉપયોગ કરવા અંગે ટોકવાં જોઈએ નહીં. ઉપરથી, બાળકો પોતાની સ્થાનિક ભાષામાં જે જાણે છે તેનો સાક્ષરતા કેળવણીમાં ઉપયોગ કરવો જોઈએ. મૌખિક ભાષાની સમજ સાક્ષરતાની કેળવણીમાં ટેકો બને છે. શરૂઆતમાં, બાળકોને વાંચી સંભળાવવું ખૂબ અગત્યનું છે, કેમકે તેના કારણે બાળકોને લેખિત ભાષાનું સ્વરૂપ જાણવાની અને તેને સમજવાની તક મળે છે. વધુ એક કાળજી એ રાખવાની કે લિપિ પરિચયનું શિક્ષણ બાળકોની મૌખિક ભાષાની સમજ સાથે સાંકળીને કરવામાં આવે. શરૂઆતનાં ધોરણોમાં વાચન -લેખન શીખવા માટે મૌખિક ભાષા સાથેનું જોડાણ અનિવાર્ય છે. પછીનાં ધોરણોમાં પણ વાચન-લેખન માટેની પ્રવૃત્તિઓની સાથેસાથે મૌખિક ભાષા પર કામ થાય તેવી પ્રવૃત્તિઓ કરતાં રહેવું જોઈએ, જેથી વિચાર કરવો, સમજવું, તર્ક કરવો, વિશ્લેષણ કરવું જેવાં કૌશલ્ય જીવનભર કસાતાં રહે. આ કૌશલ્ય મૌખિક ભાષાની પ્રવૃત્તિઓ મારફતે જ સારી રીતે વિકસી શકે છે. તેમજ, વાંચીને સમજવાની તથા લખીને પોતાની વાત કહેવાની આવડતનો પાયો મજબૂત કરે છે.

વાંચીને સમજવું એટલે શું?

વાંચવું એટલે લખાયેલ સામગ્રીમાંથી અર્થ તારવવાની પ્રક્રિયા. કોઈ લેખિત પાઠને સમજ્યા વગર બોલી કાઢવાને બહુ બહુ તો ડીકોડિંગ (લિપિ અને શબ્દ ઓળખ) કહી શકાય, વાચન નહીં.

વાચન એક કરતાં વધારે કૌશલ્યોનો સરવાળો છે. તે કોઈ એવી સંગીત મંડળી છે જેના સાજિંદાઓએ ચોક્કસ રીતે વગાડેલાં જુદાં જુદાં સાધનોના ધ્વનિ એકરૂપ થઈ આપણા કાનમાં સંગીત તરીકે પહોંચે છે. કોઈ ઑરકેસ્ટ્રાની જેમ જ વાચનમાં ઘણાં કૌશલ્યો સમાયેલાં છે. તેમાં વર્ણ અને ધ્વનિનો સહસંબંધ જાણવો, ઝડપથી અને સાચું ડીકોડિંગ (શબ્દ યોગ્ય રીતે ઓળખવો) કરવું, શબ્દોના અર્થ જાણવા, પોતાના પૂર્વ જ્ઞાનનો ઉપયોગ કરવો અથવા પાઠને પોતાના અનુભવ સાથે જોડવો, ધારણા કરવી, પાઠના જુદા જુદા ભાગોને અંદરોઅંદર જોડવા અને તારણ કાઢવાં જેવી બાબતો ગણાવી શકાય.

ઉપરની વાતને સાદા સમીકરણ (Simple View of Reading, Gough and Tanner, 1986) તરીકે આમ મૂકી શકાય:

શબ્દ ઓળખ x **ભાષાનાં વિવિધ પાસાંઓની સમજ** = **સમજણ સાથેનું વાચન**


જ્યારે પણ આપણે 'વાંચવું' એમ કહીએ છીએ ત્યારે આપણે 'સમજીને વાંચવું' એમ સૂચવીએ છીએ. આ પહેલાં 'વાચન'માં ગણાય તેવાં કૌશલ્યોની વાત આવી ગઈ (વર્ણ અને ધ્વનિનો સહસંબંધ જાણવો, ઝડપથી અને સાચું ડીકોડિંગ (શબ્દ યોગ્ય રીતે ઓળખવો) કરવું, શબ્દોના અર્થ જાણવા, પોતાના પૂર્વ જ્ઞાનનો ઉપયોગ કરવો અથવા પાઠને પોતાના અનુભવ સાથે જોડવો, ધારણા કરવી, પાઠના જુદા જુદા ભાગોને અંદરોઅંદર જોડવાં અને તારણ કાઢવાં જેવી બાબતો). વાંચતી વખતે એ બધાં કૌશલ્ય સક્રિય રહે છે અને એથી જ અર્થગ્રહણ શક્ય બને છે. સમજવાના મુખ્ય ત્રણ સ્તર છે:



સમજનાં સ્તર

તથ્ય આધારિત સમજ એક ઉપરછલ્લી સમજ છે, જેમાં પાઠની વિગતો માત્ર યાદ રાખવાની છે. સમજવા માટે પોતાના પૂર્વ જ્ઞાનનો ઉપયોગ કરવો, કોઈ બાબતે અનુમાન લગાવવું અને પાઠના આધારે કોઈ તારણ પર પહોંચવું એ અર્થનિર્માણ છે. પાઠની માહિતીનું વિશ્લેષણ કરીને તેમાંથી કશુંક નવું સર્જન કરવાની અને પોતાની સમજનો વ્યાપ વધારવાની પ્રક્રિયાને રચનાત્મક સમજ કહેવાય. બાળકોનાં અધ્યાપન દરમ્યાન આપણે પાકું કરવું જોઈએ કે તેઓ તથ્ય આધારિત સમજથી રચનાત્મક સમજ તરફ પ્રગતિ કરે. બાળકોમાં સાંભળીને સમજવાનું કૌશલ્ય કેળવાયું હોય તો તેઓ વાંચીને સમજવાનું શીખી શકે. વર્ગખંડના સમૃદ્ધ મૌખિક વાતાવરણ અને શિક્ષકે પ્રવૃત્તિઓ મારફત આપેલી તકને પરિણામે બાળકોમાં અર્થનિર્માણ અને રચનાત્મક સમજ વિકસે છે. બાળકો નવા શબ્દો શીખે છે. શબ્દો અને વાક્યોના અર્થ સમજે છે, સાંભળવામાં આવતી વાતોને પોતાના પૂર્વ અનુભવો સાથે જોડે છે તથા તેના જુદા જુદા ભાગોને સાંકળતાં શીખે છે. તર્ક-વિતર્ક અને વિશ્લેષણ કરતાં શીખે છે. સમજ કેળવવા આ બધાં પાસાં જરૂરી છે. હકીકતે, વાંચીને સમજવું

એ સાંભળીને સમજવા કરતાં ખાસ જુદું નથી. ફેર એટલો કે સાંભળવાને બદલે લેખિત વાક્યોને પ્રવાહી રીતે વાંચવાનાં થાય.



મગજ પાસે સાંભળીને સમજવા અને વાંચીને સમજવા માટેનું યંત્ર એક જ છે.

સાંભળવાનું અને બોલવાનું તો બાળકો પોતાના વાતાવરણમાંથી સ્વાભાવિક રીતે શીખી લે છે. વાચન-લેખન શીખવું એટલું સહજ નથી. એટલા માટે તે યોગ્ય રીતે થવું જોઈએ. વાચનની સાથે સાથે શબ્દભંડોળ, વાક્યરચના, સાંસારિક જ્ઞાન અને અર્થનિર્માણ માટેનાં અન્ય કૌશલ્ય 'વાંચીને સમજવા' માટે જરૂરી છે.

પ્રજ્ઞા અભિગમ અંતર્ગત સમૂહકાર્ય

પ્રજ્ઞા અભિગમના પાયારૂપ સિદ્ધાંતો નીચે મુજબ છે :

- દરેક બાળકની શીખવાની ગતિ અલગ અલગ હોય છે.
- દરેક બાળકનું સ્તર પણ અલગ અલગ હોય છે.
- બાળક શિક્ષક પાસેથી શીખે છે એ જ રીતે બીજાં બાળકોની મદદથી અને સામગ્રીની મદદથી પણ શીખે છે.
- દરેક બાળક નવી બાબત શીખે એટલે તરત જ એ બાબતનો પૂરતો મહાવરો આપવો જોઈએ અને ત્યારબાદ બાળક જે તે બાબત બરાબર શીખી ગયું કે છે કે નહીં તે ચકાસવા મૂલ્યાંકન પણ થવું જોઈએ.

આપણે જાણીએ છીએ કે પ્રજ્ઞા અભિગમ બાળકોને વ્યક્તિગત શિક્ષણ આપવા પર મહત્તમ ભાર મૂકે છે. તેમ છતાં અગાઉના આપણા સહિયારા અનુભવે જણાયું છે કે શિક્ષકે કેટલીક પ્રવૃત્તિઓ સમૂહમાં કરાવવી પડે છે. અમુક પ્રવૃત્તિઓ એકલદોકલ બાળક માટે કરવાનું શિક્ષક માટે મુશ્કેલ બને છે. દા.ત. અભિનય ગીત, વાર્તાકથન, વાર્તા કે ઘટના આધારિત પ્રશ્નોત્તરી વગેરે. અગાઉના પ્રજ્ઞા સાહિત્યમાં આ બધી પ્રવૃત્તિઓ માટેનાં અલગ કાર્ડ હતાં. જેથી બાળક પોતાના શીખવાના ક્રમ મુજબ જે તે કાર્ડ લઈને આવે ત્યારે એ પ્રવૃત્તિ કરાવવી પડતી. જે શિક્ષકો માટે થોડુંક મુશ્કેલ બનતું. અલબત્ત, આ અગાઉનાં વર્ષોમાં યોજાયેલ શિક્ષક તાલીમ દરમિયાન એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ગીત, વાર્તા, નાટક, અભિનયગીત વગેરે જેવી પ્રવૃત્તિઓ આખા વર્ગનાં તમામ બાળકોને એક સાથે કરાવવી.

અભિનય ગીત અને વાર્તાકથન જેવી પ્રવૃત્તિઓ નવા પ્રજ્ઞા સાહિત્યમાં શિક્ષક આવૃત્તિમાં જ આપવામાં આવી છે, એનાં અલગ અભ્યાસકાર્ડ નથી. શિક્ષકઆવૃત્તિમાં સમાવિષ્ટ આ પ્રવૃત્તિઓ બાળકોને સમૂહમાં કરાવવાની છે. નવા પ્રજ્ઞા સાહિત્યમાં સમૂહમાં કરાવવાની પ્રવૃત્તિઓને મુખ્યત્વે બે ભાગમાં આપી છેઃ સમૂહકાર્ય-૧ અને સમૂહકાર્ય-૨.

- સમૂહકાર્ય-૧ ની પ્રવૃત્તિઓ દરરોજ દિવસની શરૂઆતમાં કરાવવાની છે.
- સમૂહકાર્ય-૨ ની પ્રવૃત્તિઓ બપોર પછીના ભાગમાં કરાવવાની છે.

ધોરણ – ૧ સમૂહકાર્ય-૧ની વ્યૂહરચના

સમૂહકાર્ય–૧	ફાયદા	પ્રવૃત્તિઓ
મૌખિક ભાષા વિકાસ	• નાની કવિતાઓને લય સાથે ગાઈ શકશે. • એકબીજાની વાત સાંભળે છે અને વાતચીતમાં સક્રિય રીતે ભાગ લેશે. • એકલ ચિત્રને જોઈને તેના વિશે બતાવી શકશે. • સક્રિય રીતે કોઈ વાર્તા, પાઠ ને સાંભળીને સમજી શકે છે અને તેના વિષે વાત કરી શકશે. • કોઈ પાઠની ઘટનાઓ, પાત્રો વિષે અનુમાન લગાવી શકે, તુલના કરી શકે, કલ્પના કરી શકશે. • નવા શબ્દોને ઓળખીને, અર્થ સમજીને તેને સંદર્ભ પ્રમાણે ઉપયોગ કરી શકશે. • લેખિત ભાષાના નાના - નાના પાઠને સાંભળીને સમજી શકે છે અને તેના પર પ્રતિક્રિયા આપે, ચર્ચા કરી શકે અને પોતાનો અભિપ્રાય બનાવી શકશે.	૧. બાળગીત અને ચર્ચા ૨. વાર્તા કથન અને ચર્ચા ૩. ચિત્ર પર ચર્ચા ૪. ભાષા સંબંધિત રમત

સમૂહકાર્ય–૧	ફાયદા	પ્રવૃત્તિઓ
	• વાતચીતમાં પોતાના વિચારો વ્યક્ત કરે છે અને પોતાનો અનુભવ સંભળાવી શકશે. • કથાત્મક ચિત્રોને જોઈને વાર્તા બનાવી શકશે. • સાંભળેલી વાર્તાને પોતાના શબ્દોમાં કહી શકશે.	૧. બાળગીત અને ચર્ચા ૨. વાર્તા કથન અને ચર્ચા ૩. ચિત્ર પર ચર્ચા ૪. ભાષા સંબંધિત રમત
લેખન કૌશલ્ય વિકાસ	• ચિત્ર દોરી શકે અને અણઘડ લેખન કરી શકશે. • અલગ અલગ સામાન્ય આકૃતિ બનાવી શકશે. • ઓળખીતા અક્ષરો અને શબ્દો લખી શકશે. • આપવામાં આવેલ સંદર્ભ પર ચિત્ર બનાવી શકશે. • સાંભળીને વર્ણ અને શબ્દ લખી શકશે. • કોઈ ચિત્ર, વાર્તા કે ઘટના વિશે શબ્દો લખી શકશે.	૧. વાર્તા/ગીત કે ચર્ચા સંબંધિત ચિત્ર દોરવાં ૨. વાર્તા/ગીત કે ચર્ચા આધારિત શબ્દોનું લેખન

ધોરણ – ૨ સમૂહકાર્ય-૧ ની વ્યૂહરચના

સમૂહકાર્ય–૧	ફાયદા	પ્રવૃત્તિઓ
મૌખિક ભાષાવિકાસ	• કવિતાઓને લય સાથે ગાઈ શકે અને મુખ્ય ભાવને સમજી શકશે. • વાતચીતમાં પોતાના વિચારો વ્યક્ત કરી શકે, અનુભવ સંભળાવી શકશે અને તર્ક રજૂ કરી શકશે. • કોઈ પાઠની ઘટનાઓ, પાત્રો વિશે અનુમાન લગાવી શકે, પ્રશ્ન કરી શકશે, વિશ્લેષણ કરી પોતાનો અભિપ્રાય આપી શકશે. • ચિત્રવાર્તાનાં ચિત્રોમાં બની રહેલ ક્રમબદ્ધ ઘટનાઓને સમજીને વાર્તા બનાવી શકશે. • કોઈ વાર્તા કે પાત્રોની વિશેષતા પર અભિનય કરી શકશે. • કોઈ વાર્તાના નાનકડા ભાગ પર અભિનય કરી શકશે. • આપેલ સૂચનાના આધારે અધૂરી વાર્તાને આગળ વધારી શકશે. • કોઈ વાતને ટૂંકમાં રજૂ કરી શકશે. • વાતચીતમાં તર્ક અને સ્પષ્ટતા સાથે પોતાની વાત કરી શકશે. • અર્થની શોધમાં નવા શબ્દોને ઓળખે, પૂર્વ અનુભવ અને અનુમાન અને ચિત્રના આધારે અર્થ સમજી પોતાના સંદર્ભમાં ઉપયોગ કરી શકશે.	૧. બાળગીત અને ચર્ચા ૨. વાર્તા કથન અને ચર્ચા ૩. ચિત્ર પર ચર્ચા ૪. ભાષા સંબંધિત રમત
લેખન કૌશલ્ય વિકાસ	• કોઈ ચિત્ર, વાર્તા, ઘટના, ગીત વગેરે વિશે ૨–૩ વાક્યોમાં લખી શકશે. • સાંભળીને શબ્દ લખી શકશે. • શબ્દ લખી વાક્ય પૂરું કરી શકશે. • પ્રશ્નના જવાબ શબ્દમાં લખી શકશે. • ચિત્ર, વાર્તા કે સંદર્ભથી જોડાયેલ વાક્ય લખી શકશે. • પ્રશ્નના જવાબ શબ્દમાં લખી શકશે. • સાંભળીને વાક્ય લખી શકશે. • પોતાની વાતને ૩ – ૪ સરળ વાક્યોમાં લખી શકશે. • શબ્દ પરથી વાક્ય બનાવી લખી શકશે.	૧. વાર્તા/ગીત કે ચર્ચા આધારિત ચિત્ર દોરવાં ૨. વાર્તા/ગીત કે ચર્ચા કે ચિત્ર આધારિત શબ્દો અને વાક્યોનું લેખન

સમૂહકાર્ય–૧ માં મૌખિક ભાષાવિકાસની પ્રવૃત્તિઓ

● **અભિનય સાથે ગીત/કવિતા અને ચર્ચા :**

આ પ્રવૃત્તિ માટે શિક્ષક આવૃત્તિમાં જે તે એકમમાં આપવામાં આવેલ ગીત/કવિતાનું અભિનય સાથે ગાન કરવું અને ત્યારબાદ પ્રશ્નો અને ચર્ચાના મુદ્દા દ્વારા મૌખિક વાતચીત/ચર્ચા કરવાની રહેશે. ગીત /કવિતા ગાનથી બાળકો માત્ર શબ્દોની લયબદ્ધતા અને તેનો ઉપયોગ નહીં પણ વાક્યોની સંરચનાત્મક વિવિધતાથી પણ વાકેફ થાય છે. કવિતાથી બાળકોનો સામાજિક અને ભાવનાત્મક વિકાસ પણ થાય છે અને બાળકોને વર્ગમાં સહજ બનવામાં મદદરૂપ થાય છે. આપ કોઈ સ્થાનિક ગીત પણ લઈ શકો છો.

શિક્ષક પહેલાં બાળકોને ગીત/કવિતા લય સાથે ગાઈને સંભળાવે.	પછી શિક્ષક ગીત/કવિતા ગાય અને બાળકો તેને અનુસરે અને તેની સાથે પણ ગાય.	કવિતાની નીચે આપેલા ચર્ચાના મુદ્દા અને પ્રશ્નો આધારિત ચર્ચા બાળકો સાથે કરો.

● **વાર્તાકથન અને ચર્ચા :**

– વાર્તા સંભળાવતાં પહેલાં શિક્ષક તૈયારીના ભાગ રૂપે વાર્તાને સમજી લે. જો કોઈ મુશ્કેલ શબ્દ કે અવધારણા વાર્તા સાથે જોડાયેલ હોય તો નોંધ રાખવી જેથી સંભળાવતી વખતે આપ બાળકોને સમજાવી શકો. વાર્તાશ્રવણ બાળકોને સારા શ્રોતા બનવામાં મદદરૂપ થાય છે. વાર્તા બાળકો માટે દુનિયા સમજવાનું એક માધ્યમ બની જાય છે. વાર્તા બાળકોને વાર્તાના ઢાંચાથી પણ પરિચિત કરાવે છે, જેમ કે, ઘટના ક્રમ, વિષય, મુખ્ય પાત્ર, વાર્તામાં સમસ્યા વગેરે.

– વાર્તા સંભળાવતી વખતે વચ્ચે વચ્ચે બાળકોને વધારે સવાલ ન કરવા જોઈએ તેમ કરવાથી બાળકો માટે વાર્તાની મજા બગડી થઈ જાય છે. પ્રશ્ન પૂછ્યા પછી બાળકોને વિચારવા માટેનો સમય આપો અને એક કરતાં વધારે બાળકોને ઉત્તર આપવા માટે પ્રોત્સાહિત કરો. શિક્ષક વાર્તાને વાંચીને સંભળાવવાની પ્રવૃત્તિને ત્રણ ભાગમાં વહેચી શકાય **૧.** વાર્તા સંભળાવતાં પહેલાં **૨.** સંભળાવતી વખતે **૩.** સંભળાવ્યા બાદ

વાર્તા સંભળાવતાં પહેલાં	**વાર્તા સંભળાવતી વખતે**	**વાર્તા સંભળાવ્યા બાદ**
- વાર્તાનો પરિચય આપવો - પૂર્વજ્ઞાન સાથે જોડવું - નવા/અઘરા શબ્દો વિશે ચર્ચા	- પ્રશ્ન પૂછવા - થનારી ઘટનાઓ વિશે અનુમાન લગાવવું	- વાર્તાની ટૂંકમાં સમીક્ષા - સમજને વિસ્તારવી

વાર્તાકથન અને ચર્ચાનાં પગલાં

- વાચન કરતાં પહેલાં શીર્ષક કે વાર્તાના નામ પર વાતચીત કરો જેથી બાળકોને વાર્તા વિશે અનુમાન કરવાની તક મળે.
- વાર્તા સંભળાવતી વખતે અવાજમાં ઉતાર ચઢાવ અને હાવ-ભાવનો ઉપયોગ કરો. એમ કરવાથી બાળકોને મજા આવે છે અને વાર્તા જીવંત થઈ જાય છે.
- જો કોઈ અધરો કે નવો શબ્દ આવે તો સ્થાનિક ભાષામાં અને સંદર્ભમાં તેનો અર્થ સમજાવો

- વાર્તા સંભળાવ્યા બાદ આપવમાં આવેલ પ્રશ્નો દ્વારા બાળકોની સાથે વાતચીત અને ચર્ચા કરો. જે બાળકોને અર્થ નિર્માણમાં મદદ કરે છે.
- વાર્તાને સંબંધિત પ્રવૃત્તિ(જો ટાઈમ ટેબલમાં હોય) કે જરૂરિયાતને ધ્યાનમાં રાખી પ્રવૃત્તિ કરાવો.

ચિત્ર પર ચર્ચા :

ચિત્ર પર વાતચીત કરવાના વિવિધ સ્તર હોય છે જેમ કે, સરળ એટલે કે ચિત્રમાં જે દેખાય છે તેનું નામ જણાવવાથી લઈ — કાર્ય-કારણનો સબંધ જણાવવાથી લઈ, આરોપણ કરવાવાળા અને પોતાના અનુભવોથી જોડવા સુધીના હોઈ શકે. ચિત્ર પર વાતચીત કરવા માટે બાળકોને પોતાની ભાષા અને સંદર્ભનો ઉપયોગ કરવાની તક મળવી જોઈએ. શિક્ષક તરફથી એવા પ્રશ્નો પૂછવામાં આવે જેમાં બાળકોને ચિત્રો શોધવાં, તેના પર પોતાનો અનુભવ કહી શકે, ઘટનાઓ પર અનુમાન લગાવી શકે, એક ઘટનાથી બીજી ઘટના વચ્ચે સંબંધ જોડી શકે વગેરે તકો મળવી જોઈએ. વાતચીતની શરૂઆત એવા કેટલાક સરળ પ્રશ્નોથી કરવી જેથી બધાં બાળકો આ પ્રક્રિયામાં જોડાય અને વાતચીત શરૂ થઈ જાય.એના પછી એવા પ્રશ્નો જેને બાળક પોતાના પરિવારમાં અને આસપાસ થયેલ ઘટનાઓ સાથે જોડી શકે જેમ કે, આને તમે ક્યારે જોયું?, તમારા ઘરમાં આ કામ કોણ કરે છે? ત્યારબાદ એવા પ્રશ્નો પૂછી શકાય જેમાં બાળકોને તર્ક કરવાની, કલ્પના કરવાની, અનુમાન કરવાની તકો મળે. જેમ કે, બિલાડી ઝાડની પાછળ કેમ સંતાઈ ગઈ છે?



• **ચિત્રમાં દેખાતી વસ્તુઓ શોધવી.**	જેમ કે, ચિત્રમાં શું દેખાય છે ? કેટલાં છોકરા-છોકરીઓ છે?
• **પોતાના અનુભવ સાથે જોડી શકે તેવા પ્રશ્નો**	જેમ કે, તમે ક્યારેય ક્રિકેટ રમો છો?
• **અનુમાન કરવા માટે પ્રેરિત કરે તેવા પ્રશ્નો**	જેમ કે, ઝાડ શેનું હશે ? છોકરો ક્યાં જતો હશે ?
• **તર્ક કરી શકે તેવા પ્રશ્નો**	ખેતરમાં કયો પાક હશે અને કેમ ?
• **કલ્પના કરી શકે તેવા પ્રશ્નો**	જેમ કે, જો વરસાદ પડે તો શું થાય ?
• **પાત્રોની મનઃસ્થિતિનો અંદાજ લગાવી શકે તેવા પ્રશ્નો**	જેમ કે, લખોટી રમતાં બાળકો શું વિચારતાં હશે ?
• **ચિત્ર પરથી વાર્તા બનાવી શકે તેવા પ્રશ્નો**	જેમ કે, બાળકો રમત રમ્યાં પછી શું કરતાં હશે ?

અનુભવ પર ચર્ચા:

બાળકો પાસે પોતાનો અનુભવ સંભળાવતાં પહેલાં શિક્ષકે પોતાનો અનુભવ સંભળાવવો જોઈએ. ઉદા. જો બાળકો તેમની દિનચર્યા પર વાતચીત કરતાં હોય તો શિક્ષકે પણ પોતાની દિનચર્યા બતાવી શકે. આમ કરવાથી બાળકનો સંકોચ દૂર થાય છે અને શિક્ષક પણ પોતાના જેવા જ લાગે છે. શિક્ષક બાળકોના અનુભવોમાં આવેલ મુખ્ય શબ્દોને બોર્ડ પર લખી તેને વાંચીને સંભળાવી શકે જેથી શબ્દભંડોળનો વિકાસ થઈ શકે. ઉદા. બાળકોની દિનચર્યા, બાળકોની રમતો, ગામની કોઈ ઘટના, તહેવારની ઉજવણી.

મૌખિક ભાષા સબંધિત રમત :

બાળકોમાં મૌખિક ભાષાવિકાસ માટે ઘણી રમત અને પ્રવૃત્તિઓ કરી શકાય. જેમ કે, આસપાસ ઉપલબ્ધ વસ્તુઓ વિશે વાતચીત કરવી, અલગ અલગ વસ્તુઓની તુલના કરવી વગેરે. શિક્ષક આવૃત્તિમાં જે તે એકમમાં આપવા આવેલ વાર્તા અને ગીત/કવિતાના અંતે આપવમાં આવેલ પ્રવૃત્તિ કે રમતને બાળકો સાથે સૂચના અનુસાર કરવી.

● **ચિત્રવાર્તા પર ચર્ચા અને કાર્ય:**

સમૂહ કાર્ય – ૧ માં ચિત્ર પર ચર્ચા માટેનાં જે કેલેન્ડર ચાર્ટ આપેલાં છે તેમાં છેલ્લા બે ચાર્ટમાં ચિત્રવાર્તા આપવામાં આવેલ છે. ચિત્રવાર્તાથી બાળકો વાર્તાનો ઘટનાક્રમ, તાર્કિકતા સમજવામાં મદદ કરે છે. ચિત્રવાર્તામાં ઘટનાઓને ચિત્રના માધ્યમથી બતાવવામાં આવે છે અને બાળકો ચિત્રના આધારે અનુમાન લગાવી વાર્તા બનાવે છે.

● **ચિત્રવાર્તા પર કાર્ય કરવાનાં પગલાં**

૧. બાળકોને ત્રણ - ચારના જૂથમાં વહેચો.

૨. પ્રત્યેક સમૂહ ચિત્રવાર્તા જોઈ શકે તેવી રીતે બેસાડો.

૩. દરેક જૂથને આને જોવા અને સમજવા કહો. બાળકો પરસ્પર વાતચીત કરશે એટલે ધ્યાન આપો અને શિક્ષક સમૂહમાં જઈને થોડી વાતચીત કરે.

૪. પછી એક - એક જૂથમાં જઈ વાર્તા વિશે પૂછો. સાચા ખોટાના નિષ્કર્ષ પર ન જતાં તેમના વર્ણન અને ઘટનાક્રમ પર ચર્ચા કરો.

બધા સમૂહ સાથેની ચર્ચા બાદ વાર્તાથી જોડાયેલ લેખનકાર્ય કરાવો.

● **સમૂહકાર્ય–૧ માં લેખન પ્રવૃત્તિઓ :**

લેખન એટલે માત્ર ચિહ્નોને લખવાં માત્ર નહિ, પણ એનાથી કંઈક વિશેષ છે. લેખન આપણા દૈનિક જીવનથી સંબંધિત છે તેનાથી આપણે પોતાના વિચાર, પોતાના મત કે વિષય આધારિત જાણકારીને બીજાની સમક્ષ રજૂ કરીએ છે. લેખન દ્વારા આપણને વિચારવામાં મદદ મળે છે. લખતાં વખતે આપણે આપણા વિચારોને સમજી શકીએ છીએ અને વિચારોને વ્યવસ્થિત કરીએ છીએ. લેખન પહેલાંના શિક્ષણકાર્યનો ઉદ્દેશ બાળકોમાં લેખન પ્રત્યે રૂચિ પેદા કરવાનો અને તેમને અહેસાસ કરાવવાનો છે કે લેખન પોતાની વાત કહેવાનું માધ્યમ છે. અગાઉ પ્રારંભિક શિક્ષણ અને ભાષા સાક્ષરતાના સિદ્ધાંતોમાં પણ જોઈ ગયા કે મૌખિકભાષા વાચન-લેખન કૌશલ્યનો પાયો છે ત્યારે મૌખિક ભાષાવિકાસ કે વાચન પ્રવૃત્તિથી જોડાયેલ કોઈપણ ઘટના, વિચાર વગેરે પર ચિત્ર બનાવાની સાથેસાથે શબ્દ કે વાક્ય લખવાની પ્રવૃત્તિ કરાવવી જોઈએ, જેથી બાળકોએ જે કઈ વાર્તા સાંભળી છે કે અભિનય સાથે ગીત કર્યું તેના વિશે પોતાની ભાષામાં વ્યક્ત કરી શકે. બાળકે અભિવ્યક્તિ તરીકે જે કોઈ ચિત્ર દોર્યું છે કે શબ્દો લખ્યાં છે તેના વિશે તેને વાતચીત કરવાની તક આપવી ખૂબ જરૂરી છે. તેવું કરવાથી લેખન એક અર્થપૂર્ણ પ્રવૃત્તિ બને છે. શિક્ષકે પણ કોઈ ચિત્ર બનાવીને કે વાક્ય કે શબ્દ લખીને બતાવવો. બાળકો પોતાના સ્તર અનુસાર અલગ અલગ વસ્તુઓ લખી શકે છે જેમાં, કોઈ ચોકસાઈ કે સ્પષ્ટતાની જરૂર નથી.

ધોરણ ૧ અને ૨ નાં બાળકોનાં લેખન કૌશલ્યના સ્તરમાં ઘણું અંતર હોય છે. ધોરણ ૧ નાં બાળકો હજી શાળામાં દાખલ જ થયાં છે જયારે બીજા ધોરણનાં બાળકોને શાળામાં પ્રવેશ લીધાં ને એક વર્ષ થઈ ગયું છે. માટે બન્ને ધોરણનાં બાળકો માટે અલગ અલગ સ્તરની લેખન પ્રવૃત્તિ આપવામાં આવેલી છે. જે અંગે આપ ખાસ ધ્યાન આપશો. જો કોઈ ધોરણ-૨નો બાળક તેના એટલે કે ધોરણ-૨નાં સ્તરની લેખન પ્રવૃત્તિ ન કરી શકે તો તેને ધોરણ-૧ ના સ્તરની પણ લેખન પ્રવૃત્તિ કરાવી શકાય. જે બાળકો શબ્દ લખવા ઈચ્છે તે શબ્દો લખે, જે મૂળાક્ષર કે વર્ણ લખવાના સ્તરે હોય તે બાળકો વર્ણમાં લખે. વર્ગમાં આપ પણ બેસીને લખો અને પોતાની વાત બાળકોને લખવા માટે કેટલોક સમય આપો. તમે કેટલાંક બાળકો પાસે બેસીને પ્રોત્સાહિત કરતા રહો. લેખન બાદ તેમને પોતાનું લખાણ બતાવવા કહો.

શિક્ષક આવૃત્તિમાં દરેક એકમમાં આપવામાં આવેલ વાર્તા, ગીત કે કવિતાને સંબંધિત લેખન પ્રવૃત્તિઓ આપવામાં આવેલ છે. શિક્ષકે બાળકો સાથે ટાઈમટેબલ અનુસાર લેખન પ્રવૃત્તિ કરવાની રહેશે.

ધોરણ – ૧ મૌખિક ભાષાવિકાસની પ્રવૃત્તિઓમાં ક્રમ અને વિસ્તાર

	જુલાઈ-ઑગસ્ટ	સપ્ટેમ્બર-ડિસેમ્બર	જાન્યુઆરી-માર્ચ
બાળગીત પર કાર્ય	• નાની નાની કવિતાઓ બાળકોને સાથે રાખી સંભળાવવી. • બાળકોને ગીત સંભળાવવા પ્રોત્સાહિત કરવાં સ્થાનિક ગીતોને પ્રોત્સાહિત કરવાં.	• નવાં ગીતો હાવભાવ સાથે બાળકોને સાથે રાખી સંભળાવવા. • બાળકો કેટલાંક ગીતો ગાઈને સંભળાવે.	• નવાં ગીતો હાવભાવ સાથે બાળકોને સાથે રાખી સંભળાવવાં. • બાળકો કેટલાંક ગીતો ગાઈને સંભળાવે.
વાર્તા વાંચીને સંભળાવવી અને ચર્ચા	પ્રશ્ન અને ચર્ચા માહિતી આધારિત (૩૦ -૫૦ ટકા) અનુભવ અને સમજ આધારિત પ્રશ્નો (૫૦ થી ૬૦ ટકા)	પ્રશ્ન અને ચર્ચા માહિતી આધારિત (૩૦ - ૪૦ ટકા) અનુભવ અને સમજ આધારિત પ્રશ્નો (૬૦ થી૭૦ ટકા)	પ્રશ્ન અને ચર્ચા માહિતી આધારિત (૨૦-૩૦ ટકા) અનુભવ અને સમજ આધારિત પ્રશ્નો (૭૦ થી ૮૦ ટકા)
ચિત્ર પર ચર્ચા	• સમૂહમાં ચર્ચા કરાવવી • ચર્ચામાં અલગ અલગ ચિત્રો ઓળખી શકે અને તેના વિશે બતાવી શકે. • ચિત્રથી જોડાયેલ બાળકોના અનુભવોને પ્રશ્ન સાથે જોડી ચર્ચા કરવી. બાળકો સ્થાનિક કે ગુજરાતી કોઈ પણ ભાષામાં જવાબ આપી શકે.	• પૂરા ચિત્રને સમગ્રતામાં સમજવા પર જોર આપવું અને બાળકો ૨ થી ૩ વાક્યો ચિત્ર વિશે કહી શકે. • ચિત્ર પર પહેલાં અને પછીથી થયેલ વાતોના ક્રમમાં (અનુમાનના આધારે) પર ચર્ચા કરી શકે. • ચિત્રમાં અલગ અલગ વસ્તુઓમાં સંબંધ બનાવવાની સમજ પર ચર્ચા કરી શકે.	• ચિત્રમાં અલગ અલગ વસ્તુઓમાં સંબંધ બનાવવાની સમજ પર ચર્ચા કરી શકે • ચિત્રવાર્તા પરથી વાર્તા બનાવવા સમૂહમાં ચર્ચા કરી શકે. • ચિત્રવાર્તાના સમૂહમાં ક્રમનાં આધારે બાળકો સમૂહમાં વાર્તા બનાવી શકે.
સામાન્ય વાતચીત ચર્ચા/સમૂહ કાર્ય (સમજનું સ્તર ચિત્ર પર ચર્ચા જેવું હોય)	વાતચીતના સ્તર બાળકોમાં જાણવા અને સમજવાની જિજ્ઞાસા વધે અને નવા અનુભવો વિશે ચર્ચા કરી શકે.	વાતચીતનો સ્તરઃ બાળકો પોતાના અનુભવને જોડીને કંઈક નવી રચના કરી શકે	વાતચીતનો સ્તરઃ બાળકો પોતાના. અનુભવ સંબંધિત વિષય પર ચર્ચા કરી શકે.
બાળકો દ્વારા	• આડી ત્રાંસી રેખાઓ કરવી • ચિત્ર દોરવું અને તેમાં રંગ પૂરવા • સ્વતંત્રલેખન – પોતાના સ્તરથી કંઈક લખવું	• ચિત્ર દોરવું, રંગ પૂરવા અને તેના વિશે શબ્દોમાં લખવું. • સ્વતંત્રલેખન – સ્તર અનુસાર પોતાની વાત લખવી • શીખી રહેલા ૨ વર્ણ/અક્ષરવાળા શબ્દોનું શ્રુતલેખન	• ચિત્ર દોરવું, રંગ પૂરવા અને તેના વિશે શબ્દોમાં લખવું. • સ્વતંત્રલેખન – પોતાના સ્તર અનુસાર પોતાની વાત લખવી. • શીખી રહેલા વર્ણ / અક્ષરવાળા શબ્દોનું શ્રુતલેખન

ધોરણ – ૨ મૌખિક ભાષાવિકાસની પ્રવૃત્તિઓમાં ક્રમ અને વિસ્તાર

	જુલાઈ - ઑગસ્ટ	સપ્ટેમ્બર–ડિસેમ્બર	જાન્યુઆરી - માર્ચ
ગીત પર કાર્ય	• બાળકોની સાથે ગીત ગાવાં • બાળકોની સાથે ગીતના મુખ્ય ભાવ પર વાતચીત અને મૌખિક પ્રવૃત્તિ	• બાળકોની સાથે ગીત ગાવાં • ગીતથી સંબંધિત પ્રવૃત્તિઓ લેખિત રૂપે કરવી.	• ગીતથી સંબંધિત પ્રવૃત્તિઓ લેખિત રૂપે કરવી.
વાર્તાકથન અને ચર્ચા	**પ્રશ્નોત્તરી અને ચર્ચા:** • સામાન્ય પ્રશ્નો જે પાઠની સમજ દર્શાવે. • અનુમાન લગાવી શકે અને અનુભવ સાથે જોડી શકે. • પાત્રો વિશે વિચારી શકે અને વિશ્લેષણ કરી શકે.	**પ્રશ્નોત્તરી અને ચર્ચા:** • સામાન્ય પ્રશ્નો જે પાઠની સમજ દર્શાવે. • કોઈપણ પાત્ર કે ઘટના વિશે વિચારી શકે અને વિશ્લેષણ કરી શકે. • બે પરિસ્થિતિઓની તુલના કરી શકે. • વાર્તાની ઘટનાને ક્રમબદ્ધ રીતે રજૂ કરી શકે. • વાર્તાને પોતાના શબ્દોમાં કહી સંભળાવી શકે. • પાઠના આધારે લેખનકાર્ય કરી શકે.	**પ્રશ્નોત્તરી અને ચર્ચા:** • સામાન્ય પ્રશ્નો જે પાઠની સમજ દર્શાવે. • વિશ્લેષણ અને તર્કવાળા પ્રશ્નો • વાર્તાને નવા સ્વરૂપે બનાવી શકે અને અંત કરી શકે. • વાર્તા કે એના કોઈભાગને અભિનય દ્વારા પ્રસ્તુત કરી શકે.
ચિત્ર અને ચિત્રવાર્તા પર ચર્ચા	ચિત્ર પર બાળકો સાથે ચર્ચા જેમાં બાળકો પોતાની વાત વિસ્તારથી રજૂ કરી શકે.	• ચિત્ર જોઈ વાર્તા બનાવી શકે. (ચિત્ર વાર્તા) • વાર્તા પર ચર્ચા કરી શકે. • વાર્તાના અંત કે મધ્યમાં બદલાવ કરી નવી વાર્તા કે ઘટના બનાવી શકે.	• ચિત્ર કે વાક્ય સાથે જોડી શકે અને ચિત્રવાર્તાને વાંચી શકે. • ચિત્રવાર્તાને આધારે વાર્તા લખી શકે. • નવાં ચિત્ર બનાવી વાર્તાને આગળ વધારી શકે.
લેખન	• ચિત્ર વિશે શબ્દ કે વાક્યમાં લખી શકે. • આપેલા સંદર્ભ પર પોતાની વાત શબ્દોમાં લખી શકે.	• ચિત્ર વિશે શબ્દ કે વાક્યમાં લખી શકે. • પોતાની વાત વાક્યમાં લખી શકે.	• કોઈ વિષય પર બે-ત્રણ વાક્યમાં લખી શકે. • પોતાની વાત બે-ત્રણ વાક્યમાં લખી શકે.

સમૂહકાર્ય-૨

સમૂહકાર્ય – ૨ નો મુખ્ય હેતુ બાળકોમાં વાચનકૌશલ્યનો વિકાસ કરવાનો છે અને તે માટેની વાચનસામગ્રી ચિત્રવાર્તા રૂપે અને બાળકોની સ્વધ્યાયપોથીમાં દરેક એકમને અંતે બે પાનાંમાં વાચનસામગ્રી આપી છે તેનો ઉપયોગ કરવાનો રહેશે. તેને સિવાય પણ જરૂર પ્રમાણે આપ અન્ય વાચન સાહિત્યનો ઉપયોગ કરી શકો પણ તે બાળકોના સ્તરની હોય તે ખૂબ જરૂરી છે.

સમૂહકાર્ય – ૨માં ધોરણ ૧ અને ધોરણ-૨ બાળકોને અલગ બેસાડવા અને બંનેના વાચનના સ્તર અનુસાર કાર્ય કરવાનું રહેશે. કેમકે, બંને ધોરણનાં બાળકોનું સ્તર અલગ છે જેમ કે, ધોરણ-૨નાં બાળકો બધા મૂળાક્ષર ધોરણ-૧માં શીખી ગયાં છે અને તેનાં શબ્દ અને વાક્યો વાંચી શકે છે, જયારે ધોરણ-૧ નાં બાળકો હજી શાળામાં દાખલ થયે થોડોક જ સમય થયો છે. તેઓ જેમ જેમ મૂળાક્ષર શીખશે એમ મૂળાક્ષર પછી શબ્દ અને ધોરણ-૧ ના અંતમાં સરળ વાક્ય સ્તર પર આવશે. જો ધોરણ-૨નાં બાળકો ધોરણ-૧ના વાચન સ્તર પર હોય તો તેમને ધોરણ-૧ની વાચન સામગ્રીનો ઉપયોગ કરીને વાચન પ્રવૃત્તિ કરાવવી.

પ્રત્યેક અઠવાડિયામાં ૨ દિવસ (સોમવાર અને મંગળવાર) સમૂહકાર્ય - ૨ અંતર્ગત સમરંગી પ્રવૃત્તિઓ અને બાકીના દિવસોમાં વાચન મહાવરો કરાવવો.

આ દિવસોમાં ચિત્રવાર્તાનો ઉપયોગ આપ બંને ધોરણનાં બાળકો સાથે કરી શકો; પણ ચિત્રવાર્તા દ્વારા વાચન કરાવતી વખતે ધોરણ-૧નાં બાળકોને બોલવાની અને વાચન કરવાની પૂરતી તક આપવી. તેવું બની શકે કે ધોરણ-૨નાં બાળકો ઝડપથી વાંચે અને ધોરણ-૧નાં બાળકોને વાચનની પૂરતી તક ન મળે, તો આ બાબતને ધ્યાનમાં રાખવી ખૂબ જરૂરી છે કે ધોરણ-૧નાં બાળકોને વાચનની પૂરતી તક મળે.

સ્વાધ્યાયપોથીમાં જે વાચનસામગ્રી આપી છે તે બાળકોના જે તે એકમના સ્તરને ધ્યાનમાં રાખીને આપવામાં આવી છે. તે માટેની પ્રવૃત્તિ આપે ધોરણ-૧ અને ૨ નાં બાળકો સાથે અલગ અલગ બેસાડીને કરવાની રહેશે.

સ્વાધ્યાયપોથીમાં આપવામાં આવેલ સામગ્રી સિવાય પણ આપ શાળા પુસ્તકાલયમાં ઉપલબ્ધ પુસ્તકો બાળકોને વાચન કરવા આપી શકો છે.

રણનીતિ : સમૂહકાર્ય-૨ ધોરણ-૧

સમૂહકાર્ય– ૨	ફાયદાઓ	પ્રવૃત્તિઓ
વાચન કૌશલ્ય	૧. પ્રિન્ટ સંબંધી અવધારણા સમજે. ૨. પુસ્તકો સાથે વાચનનો અભિનય કરે. ૩. વારંવાર આવતા શબ્દોનું વાચન કરે ૪. પુસ્તકોમાંથી કેટલાક શબ્દોને ઓળખે ૫. સરળ વાક્યો વાંચે ૬. નાના સરળ પાઠને પ્રવાહ સાથે વાંચે ૭. સ્વતંત્ર રીતે પાઠને વાંચે	૧. શિક્ષક દ્વારા આદર્શ વાચન ૨. જૂથવાચન (શિક્ષક અને બાળકો સાથે સાથે વાંચે) ૩. માર્ગદર્શિત વાચન (બાળકો શિક્ષકના માર્ગદર્શનમાં વાંચે) ૪. સ્વતંત્ર વાચન

રણનીતિ : સમૂહકાર્ય-૨ ધોરણ-૧

સમૂહકાર્ય– ૨	ફાયદાઓ	પ્રવૃત્તિઓ
વાચન કૌશલ્ય	૧. શિક્ષકની મદદથી અર્લિરીડર અને સ્વધ્યાયપોથીના સરળ પાઠને વાંચી શકે છે. ૨. સ્વતંત્રરૂપે સ્વાધ્યાયપોથીના સરળ પાઠ અને ડીકોડેબલ પાઠને વાંચી શકે છે. ૩. સ્વાધ્યાયપોથીના સરળ પાઠને પ્રવાહપૂર્ણ રીતે વાંચીને સમજી શકે છે. ૪. પ્રવાહપૂર્ણ વાચન કરી શકે ૫. સ્વતંત્રરૂપે વાચન કાર્ડ કે વાચન સામગ્રી/ વાર્તાનું પુસ્તકને વાંચીને સમજી શકે.	૧. શિક્ષક દ્વારા આદર્શ વાચન ૨. જૂથ વાચન (શિક્ષક અને બાળકો સાથે સાથે વાંચે) ૩. માર્ગદર્શિત વાચન (બાળકો શિક્ષકના માર્ગદર્શનમાં વાંચે) ૪. સ્વતંત્ર વાચન

વાચન કૌશલ્ય માટેની પ્રવૃત્તિઓ

અગાઉ પ્રારંભિક શિક્ષણ અને ભાષા સાક્ષરતાના સિદ્ધાંતોમાં આપણે જાણ્યું કે બાળકોને શીખવાની જવાબદારી ધીમેધીમે સોંપવી જોઈએ. તે બાબતને ધ્યાનમાં રાખીને સમૂહકાર્ય-૨માં બાળકો સાથે વાચન પ્રવૃત્તિ કરવાના તબક્કાઓ નીચે પ્રમાણે છે. સ્વાધ્યાયપોથીમાં આપવામાં આવેલ વાચનસામગ્રીને શિક્ષકે ત્રણ તબક્કાથી બાળકોને વાચન પ્રવૃત્તિ કરાવવાની રહેશે.

આદર્શ વાચન: આદર્શ વાચન કરતાં પહેલાં શિક્ષક બાળકો સાથે શીર્ષક અને વાર્તા સંબંધિત ચિત્ર પર ચર્ચા કરે છે જેથી બાળકો વાર્તા અંગે અનુમાન લગાવી શકે કે વાર્તા કોના વિશે છે?, વાર્તામાં શું બન્યું હશે? ત્યારબાદ શિક્ષક વાર્તાને પૂરા હાવભાવ સાથે વાંચીને સંભળાવે છે. શિક્ષક જયારે વાર્તા વાંચે છે ત્યારે બાળકો પણ પોતાની સ્વાધ્યાયપોથીમાં ધ્યાન આપી રહ્યાં હોય છે.

માર્ગદર્શિત વાચન: માર્ગદર્શિત વાચનમાં બાળકો જોડીઓમાં કે ત્રણ કે ચારના જૂથમાં પોતાની સ્વાધ્યાયપોથીમાં એક વાર્તા કે સામગ્રી વાંચે છે. બાળકો જયારે વાચન કરતાં હોય ત્યારે શિક્ષક બાળકો યોગ્ય વાચન કરે છે કે કેમ તેનું ધ્યાન રાખે છે અને તેમને જરૂર પ્રમાણે માર્ગદર્શન આપે છે.

સ્વતંત્ર વાચન: આદર્શ વાચન અને માર્ગદર્શિત વાચન પછી બાળકો સ્વતંત્ર વાચન તરફ આગળ વધે છે. સ્વતંત્ર વાચનમાં બાળકો પોતાની જાતે સ્વતંત્ર સ્વરૂપે વાંચે છે. સ્વતંત્ર વાચન માટે વર્ગમાં બે થી ત્રણ બાળકોને સ્વાધ્યાયપોથીમાંથી કોઈ વાર્તા કે વાચન સામગ્રી વાંચીને અન્ય બાળકોને સંભળાવે છે અને બાકીનાં બાળકો સ્વાધ્યાયપોથીમાં ધ્યાન આપે છે.

આપ જોઈ શકશો કે વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની સ્વઅધ્યયન પોથીમાં દરેક એકમને અંતે વાચન સામગ્રી આપવામાં આવી છે. આ વાચન સામગ્રીમાં આનુસાંગિક વાંચન (incidental reading) માટે કેટલાક મૂળાક્ષરો અને માત્રાઓ એવાં હશે કે જે વિદ્યાર્થીઓ ઔપચારિક રીતે હજુ શીખ્યા નથી, હવે પછી વ્યક્તિગત કાર્ડમાં શીખવાના છે. વાચન શિક્ષણ અંતર્ગત આવું incidental reading ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. ઔપચારિક રીતે ન શીખેલા શબ્દો પણ વિદ્યાર્થી ઓળખી શકે છે. આવા અક્ષરો/માત્રાઓને ગુલાબી રંગમાં છાપ્યા છે, જેથી વિદ્યાર્થીઓ વાંચે ત્યારે શિક્ષક જે તે શબ્દ અંગે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરે.

વાચન માટે ચિત્રવાર્તાનો ઉપયોગ

વાચતાં પહેલાં શીર્ષક અને ચિત્ર પર ચર્ચા કરો. આનાથી બાળકોને અનુમાન લગાવવાની તક મળશે. (માત્ર પહેલી વખત)

પહેલાં શિક્ષક આખો પાઠ/વાર્તા વાંચીને સંભળાવે.

હવે મૌખિક વાર્તાની જેમ તેના પર ચર્ચા કરો. પહેલાં તેમના અનુમાન ઉપર ચર્ચા કરો. જો કોઈ અધરો કે નવો શબ્દ વાર્તા દરમ્યાન મળે તો બાળકોને તેનો અર્થ સ્થાનિક ભાષાની મદદથી સમજાવો. પછી ઘટના, પાત્રો, પર વાત કરો.

(ચિત્રવાર્તા વાંચીને સંભળાવવી)

હવે બાળકોની સાથે વાંચો. તેના માટે શિક્ષકે પોતાની વાચનની ઝડપ ધીમી રાખવી પડશે, જેથી બાળકો તેની સાથે સાથે વાંચી શકે.

આ પ્રક્રિયાને ફરીથી કરો અને આ વખતે બાળકોને અનુમાનથી વાંચવાની વધારે તકો આપો.

(ચિત્રવાર્તા બાળકોની સાથે સાથે વાંચવી)

નોંધ: શિક્ષકે શબ્દ દર શબ્દ નહિ, પણ આખું વાક્ય એક સાથે વાંચવાનું છે.

● **વાચનની પ્રવૃત્તિ**

વાચન કૌશલ્ય માટે સ્વાધ્યાયપોથીમાં દરેક એકમના અંતે આપવામાં આવેલ વાચનસામગ્રીને શિક્ષકે આપેલા પગલા અનુસાર કરવાની રહેશે. ધોરણ-૧માં શરૂઆતના ચાર એકમમાં બાળકોને વાચન માટે શબ્દો પણ આપવામાં આવેલા છે. તો શબ્દવાચનની પ્રવૃત્તિ માટે નીચે પ્રમાણે પગલાં આપેલાં છે.

ધોરણ – ૧ (એકમ ૧ થી ૪)

શબ્દો બોર્ડ પર લખી મોટેથી આદર્શ વાચન કરવું.

↓

શિક્ષક અને બાળક સાથે શબ્દોનું વાચન કરે

↓

બાળકો સ્વાધ્યાયપોથીમાંથી જોડીમાં વાચન કરે.

↓

બાળકો સ્વતંત્રવાચન કરે.

ધોરણ -૧ (એકમ ૫ થી ૮) અને ધોરણ–૨

શિક્ષક પાઠના શીર્ષક અને ચિત્ર પર ચર્ચા કરે.

↓

પાઠને ગતિ અને હાવભાવ સાથે વાંચો. બાળકો પોતપોતાની સ્વાધ્યાયપોથીમાં ધ્યાન આપે.

↓

એવા શબ્દોને બોર્ડ પર લખો જે શબ્દ પાઠમાં જે વારંવાર આવે છે.
હવે બાળકો જોડીઓમાં આ પાઠ વાંચે.

↓

આપ બાળકોની વચ્ચે જઈને જુઓ કે તેઓ સાચી રીતે વાંચી શકે છે કે નહિ.
જરૂર પ્રમાણે તેમને વાચનમાં મદદ કરો.

↓

હવે બાળકોને સ્વતંત્ર રીતે પાઠ વાંચવા કહો. કોઈ બે કે ત્રણ બાળકોને વર્ગની સામે વાંચીને સંભળાવવા કહો. બાકીનાં બાળકો પોતપોતાની સ્વાધ્યાયપોથીમાં ધ્યાન આપશે.

↓

અંતમાં પાઠ પર ટૂંકમાં ચર્ચા કરી લો

નોંધ: શિક્ષકે શબ્દ દર શબ્દ નહિ પણ આખું વાક્ય એક સાથે વાંચવાનું છે.

ધોરણ – ૧ વાચનની પ્રવૃત્તિઓમાં ક્રમ અને વિસ્તાર

	જુલાઈ - ઑગસ્ટ	સપ્ટેમ્બર–ડિસેમ્બર	જાન્યુઆરી - માર્ચ
શિક્ષક કેન્દ્રિત	• બાળકોની સાથે વાંચવું (ચિત્ર વાર્તા અને સ્વાધ્યાયપોથી દ્વારા) • વાંચીને સંભળાવવું અને ચર્ચા (બિગ બુક સ્વાધ્યાયપોથી દ્વારા) • વારંવાર આવતા શબ્દોનું વાચન	• બાળકોની સાથે વાંચવું અને ચર્ચા બાળકો દ્વારા શબ્દની ઓળખ પર ધ્યાન (ચિત્રવાર્તા અને સ્વાધ્યાયપોથી દ્વારા) • વાંચીને સંભળાવવું અને ચર્ચા (ચિત્રવાર્તા અને સ્વાધ્યાયપોથી દ્વારા)	• વાંચીને સંભળાવવું અને ચર્ચા (ચિત્રવાર્તા અને સ્વાધ્યાયપોથી દ્વારા) • શિક્ષકના માર્ગદર્શનમાં વાચન (ચિત્રવાર્તા અને સ્વાધ્યાયપોથી દ્વારા)
બાળક કેન્દ્રિત	• બાળકો દ્વારા પુસ્તકો ઉલટવાં અને પલટવાં	• સ્વતંત્રવાચન (સ્વાધ્યાયપોથી માંથી કે અર્લિરીડરની મદદથી શબ્દની ઓળખ દ્વારા)	• સ્વતંત્રવાચન (સ્વાધ્યાયપોથીમાંથી)

ધોરણ – ૨ વાચનની પ્રવૃત્તિઓમાં ક્રમ અને વિસ્તાર

	જુલાઈ - ઑગસ્ટ	સપ્ટેમ્બર–ડિસેમ્બર	જાન્યુઆરી - માર્ચ
વાચન	● શિક્ષકના માર્ગદર્શનમાં વાચન	● શિક્ષકના માર્ગદર્શનમાં વાચન ● સ્વતંત્ર વાચન	● સ્વતંત્ર વાચન

સમૂહકાર્ય-૨ માટેનું એકમ અનુસાર સમયપત્રક (યુનિટ ૧ થી ૪)

દરેક વિદ્યાર્થી નીચે દર્શાવેલ ક્રમમાં સમૂહકાર્ય-૨ માં ભાગ લેશે.

અઠવાડિયું	દિવસ	ધોરણ-૧	ધોરણ-૨
પહેલું અઠવાડિયું	૧લો - દિવસ	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન
	૨જો - દિવસ	વાચનપ્રવૃત્તિ - સ્વાધ્યાયપોથી - આદર્શ વાચન	વાચન પ્રવૃત્તિ - સ્વાધ્યાયપોથી
	૩જો - દિવસ	સપ્તરંગી	સપ્તરંગી
બીજું અઠવાડિયું	૧લો - દિવસ	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન
	૨જો - દિવસ	વાચનપ્રવૃત્તિ - સ્વાધ્યાયપોથી - આદર્શ વાચન	વાચન પ્રવૃત્તિ - સ્વાધ્યાયપોથી
	૩જો - દિવસ	સપ્તરંગી	સપ્તરંગી
ત્રીજું અઠવાડિયું	૧લો - દિવસ	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન
	૨જો - દિવસ	વાચનપ્રવૃત્તિ - સ્વાધ્યાયપોથી - આદર્શ વાચન	વાચન પ્રવૃત્તિ - સ્વાધ્યાયપોથી
	૩જો - દિવસ	સપ્તરંગી	સપ્તરંગી
	૧લો - દિવસ	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન

સમૂહકાર્ય-૨ માટેનું એકમ અનુસાર સમયપત્રક (યુનિટ ૫ થી ૮)

દરેક વિદ્યાર્થી નીચે દર્શાવેલ ક્રમમાં સમૂહકાર્ય-૨ માં ભાગ લેશે.

અઠવાડિયું	દિવસ	ધોરણ-૧	ધોરણ-૨
પહેલું અઠવાડિયું	૧લો - દિવસ	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન અને સમૂહ વાંચન	ચિત્રવાર્તા દ્વારા મુખર વાચન અને સમૂહ વાંચન
	૨જો - દિવસ	વાચનપ્રવૃત્તિ - સ્વાધ્યાયપોથીમાંથી મુખર વાચન	વાચનપ્રવૃત્તિ - સ્વાધ્યાયપોથીમાંથી મુખર વાચન
	૩જો - દિવસ	સપ્તરંગી	સપ્તરંગી
બીજું અઠવાડિયું	૧લો - દિવસ	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી માર્ગદિશત વાચન	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી માર્ગદિશત વાચન
	૨જો - દિવસ	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી સ્વતંત્રવાચન	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી સ્વતંત્રવાચન
	૩જો - દિવસ	સપ્તરંગી	સપ્તરંગી
ત્રીજું અઠવાડિયું	૧લો - દિવસ	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી સ્વતંત્રવાચન	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી સ્વતંત્રવાચન
	૨જો - દિવસ	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી સ્વતંત્રવાચન	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી સ્વતંત્રવાચન
	૩જો - દિવસ	સપ્તરંગી	સપ્તરંગી
	૧લો - દિવસ	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી સ્વતંત્રવાચન	વાચનપ્રવૃત્તિ-સ્વાધ્યાયપોથીમાંથી સ્વતંત્રવાચન

નોંધ: શિક્ષકે શબ્દ દર શબ્દ નહિ, પણ આખું વાક્ય એક સાથે વાંચવાનું છે.

ચિત્રવાર્તા માટેનું એકમ અનુસાર સમયપત્રક

એકમ	ચિત્રવાર્તાનું નામ
૧	વાંદરાની પૂંછડી
૨	હાથી અને બકરી
૩	મરઘી અને મગર
૪	મા અને બચ્ચાં
૫	ચકલી
૬	સોનુના લાડવા
૭	ગીતા જાનમાં ગઈ
૮	ચકલીનું મોતી

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

વાર્તાઓ :

૧. 'ચાંદો પકડ્યો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

ચાંદો પકડ્યો

એક જંગલ હતું. જંગલમાં વાંદરાઓનું એક ટોળું રહે. વાંદરાઓ આખો દિવસ એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદાકૂદ કરે. જંગલમાં આમતેમ ફરતા રહે. ફળો ખાઈ પેટ ભરે.

ટોળામાં થોડાં બચ્ચાં હતાં. બચ્ચાં તો બસ તોફાન જ કરે. ડાળી પર ઊંધાં લટકે. એકબીજાની પૂંછડી ખેંચે. એકબીજાને ટપલી મારે. હૂપાહૂપ કરી મુકે. અંધારું થાય તો પણ જંપે નહીં.

એક દિવસની વાત છે. ચાંદની રાત હતી. તળાવને કાંઠે એક ઝાડ હતું. ઝાડ પર બધા વાંદરા ઊંઘતા હતા. એક તોફાની બચ્ચું જાગતું હતું. એણે તળાવમાં ગોળ મોટો ચાંદો જોયો. એણે બીજાં બચ્ચાંને ધીમેથી જગાડ્યાં. બધાંને થયું કે આ તો મોટું ફળ ! પણ એને બહાર કાઢવું કઈ રીતે ?

એક બચ્ચાને યુક્તિ સૂઝી. તે ઝાડની ડાળી પકડીને લટક્યું. તેની પૂંછડી પકડી બીજું બચ્ચું લટક્યું. આમ, એક પછી એક પૂંછડી પકડીને લટકવા લાગ્યાં. છેલ્લું બચ્ચું પાણી સુધી પહોંચ્યું. તે ચાંદાને પકડે તે પહેલાં ઉપરના બચ્ચાની હાથની પકડ છૂટી ગઈ. બધાં જ ધબાક કરતાં પાણીમાં પડ્યાં.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે વાંદરો જોયો છે ? ક્યાં જોયો હતો ? એ શું કરતો હતો ?

૨. બચ્ચાં કેવાં કેવાં તોફાન કરતાં હતાં ?

૩. તમે કેવાં કેવાં તોફાન કરો છો ?

૪. પાણીમાં ચાંદો કોણે નાખ્યો હતો ?

૫. તમે નહાતી વખતે પાણીમાં જુઓ તો તમને શું દેખાય છે ?

- 'વાંદરાની પૂંછડી' વાળી રમત રમાડવી.

૨. 'લપલપિયો કાચબો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

લપલપિયો કાચબો

એક તળાવ હતું. તળાવમાં એક કાચબો રહે. તેને બોલ-બોલ કરવાની ટેવ. કોઈ ન મળે તો એકલો-એકલો પણ બોલ્યા કરે. એકવાર માનસરોવરના બે હંસો તળાવ પાસે આવ્યા. એમને તો તળાવ ગમી ગયું. એ તો તળાવકાંઠે જ રહી ગયા. પેલા ભડભડિયા કાચબાને તો હંસો સાથે ભાઈબંધી થઈ ગઈ. કાચબો હંસો સાથે ફરવા જાય, તરવા જાય. કાચબો વાતો કહ્યા કરે, હંસો વાતો સાંભળ્યા કરે.

ઉનાળો આવ્યો એટલે હંસો માનસરોવર જવા તૈયાર થયા. કાચબાને માનસરોવર જોવાનું મન થઈ ગયું. એણે તો ભાઈ હંસોને કહ્યું "મારે આવવું છે, મારે માનસરોવર જોવું છે !" હંસો કહે : "પણ, અમે તને

કેમ કરીને લઈ જઈએ ? તને ઊડતાં તો આવડતું નથી !''

કાચબો કહે : ''કોઈ ઉપાય કરીને પણ મને લઈ જાઓ ! હવે તો આપણે ભાઈબંધો કહેવાઈએ !''

હંસોએ એક ઉપાય કર્યો. એ તો એક લાકડી લઈ આવ્યા. લાકડીને બે છેડેથી ચાંચ વડે પકડી. કાચબાને મોઢા વડે વચ્ચેથી લાકડી પકડાવી. સાથે-સાથે એમણે શરત કરી. કાચબાને કહ્યું કે, ''તારે બોલ બોલ કરવાની ટેવને ભૂલવી પડશે. ખબરદાર જો મોઢું ખોલ્યું છે તો !''

માનસરોવર જોવાની લાલચને લીધે કાચબાએ શરતને કબૂલ રાખી.

હંસો તો ભાઈ ચાંચોમાં લાકડી પકડીને ઊડયા. સાથે કાચબાભાઈ પણ ! રસ્તામાં મોટાં-મોટાં જંગલો, મોટાં-મોટાં સરોવરો ને મોટા-મોટા પહાડો આવ્યા. મોટી-મોટી નદીઓ પણ આવી. રસ્તામાં એક ગામ પણ આવ્યું. ગામ લોકોએ ઊંચે નજર કરી. કાચબાભાઈને ઊડતા જોઈ સહુ હસવા લાગ્યા. કાચબાભાઈની નજર પડી. એમને થયું, ગામલોકોને કંઈક સંભળાવું ! પણ, જેવા કંઈક બોલવા ગયા એવી જ લાકડી છૂટી ગઈ અને જમીન પર પડયા.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમને ઊડતાં આવડે છે ?

૨. તમારી પાંખો ક્યાં ગઈ ?

૩. હંસોએ કાચબાને કેવી રીતે આકાશમાં ઉડાડ્યો ?

૪. કાચબો હંસો સાથે શી વાતો કરતો હશે ?

૫. તમે કોની સાથે વધારે વાતો કરો છો ?

૬. કાચબાભાઈ પડ્યા ત્યારે કેવો અવાજ આવ્યો હશે ?

૩. 'ઉંદર સાત પૂંછડિયો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

ઉંદર સાત પૂંછડિયો

એક ઉંદરડીના નાના બચ્ચાને સાત પૂંછડી હતી. ઉંદરડી તેનું બહુ જતન કરતી હતી. એ સાત પૂંછડિયો ઉંદર થોડો મોટો થયો એટલે તેની માએ એને નિશાળે ભણવા મોકલ્યો. નિશાળમાં છોકરાઓને ઉંદરની સાત પૂંછડીઓ જોઈને રમૂજ થઈ. છોકરાઓ ઉંદરને ખીજવવા લાગ્યા. 'ઉંદર સાત પૂંછડિયો ! ઉંદર સાત પૂંછડિયો !' છોકરાઓના મોંઢે આવું સાંભળી ઉંદર રડતો રડતો ઘેર આવ્યો.

ઉંદરડીમા એ પૂછયું - બેટા રડે છે કેમ ? ઉંદર કહે - મા નિશાળમાં મને છોકરાઓ 'સાત પૂંછડિયો' કહીને ખીજવે છે. ઉંદરડીમા કહે - બેટા, એમાં રડવાનું ન હોય. જા વાળંદ પાસે જા. એક પૂંછડી કપાવી

આવ. માની વાત સાંભળીને ઉંદર વાળંદ પાસે એક પૂંછડી કપાવી આવ્યો.

ઉંદર બીજે દિવસે નિશાળે ગયો. છોકરાઓ બરાબર પૂંછડીઓ ગણી પાછા ખીજવવા લાગ્યા. 'ઉંદર છ પૂંછડિયો ! ઉંદર છ પૂંછડિયો !' ઉંદર નિશાળમાંથી ભાગ્યો અને ઘેર આવી માને કહે - મા મને તો હજુ છોકરાઓ 'ઉંદર છ પૂંછડિયો' કહીને ખીજવે છે. મા કહે - કાંઈ વાંધો નહિ. જા એક પૂંછડી કપાવી આવ.

ઉંદર વળી પાછો એક પૂંછડી કપાવી આવ્યો. આમ; ઉંદર દરરોજ એક પૂંછડી કપાવે. એમ કરતાં કરતાં ઉંદરને એક જ પૂંછડી રહી. તો પણ નિશાળમાં બધાં છોકરાઓએ ઉંદરને ખીજવ્યો. 'ઉંદર એક પૂંછડિયો ! ઉંદર એક પૂંછડિયો !' છોકરાઓથી કંટાળીને ઉંદરે ઘેર આવી માને પૂછ્યા વિના બાકીની છેલ્લી પૂંછડી પણ જાતે કાપી નાખી. પછી અરીસામાં જોયું ને બોલ્યો - હવે મારે પૂંછડી જ નથી. એટલે છોકરાઓ મને ખીજવી નહિ શકે. બીજે દિવસે ઉંદર નિશાળે ગયો તો છોકરાઓને વધારે ગમ્મત પડી. એ તો ઉંદરને ઘેરી વળીને ખીજવવા લાગ્યા. 'ઉંદર બાંડો ! ઉંદર બાંડો !'

ઉંદરે ઘેર આવી માને ફરિયાદ કરી. ઉંદરડીમા કહે - બેટા, તારે તારી બધી પૂછડીઓ કપાવી નાખવાની જરૂર ન હતી. બધા ઉંદરને એક પૂંછડી તો હોય જ. ઉંદર રડતાં રડતાં બોલ્યો - 'મા, ગમે તેમ કર, પણ મને મારી પૂંછડી પાછી કરી આપ.' મા એ દોડતાં જઈને ઓરડામાંથી પૂંછડી લઈને ઉંદરને ફરી સરસ રીતે લગાવી આપી અને કહ્યું કે, 'હવે પછી છોકરાંઓને જે બોલવું હોય તે ભલે બોલે, પણ તું તેના તરફ બિલકુલ ધ્યાન આપીશ નહિ.'

ઉંદરભાઈ તો પછી રોજ નિશાળે જવા લાગ્યા અને માત્ર ભણવામાં ધ્યાન આપવા લાગ્યા. છોકરાઓએ થોડા દિવસ સુધી ઉંદરને ખીજવવાની કોશિશ કરી જોઈ પણ ઉંદરે તો તેમના તરફ કોઈ ધ્યાન આપ્યું નહિ એટલે એમણે પણ ઉંદરને હેરાન કરવાનું છોડી દીધું. પછી ઉંદરભાઈ તો ખૂબ ભણી-ગણીને પહેલા નંબરે પાસ થઈ ગયા અને બધા છોકરાઓ કરતાં આગળ નીકળી ગયા !

● **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. ઉંદર સાત પૂંછડીથી શું શું કરતો હશે ?

૨. એવો ઉંદર આપણા ઘરમાં આવી જાય તો તમે શું કરો ?

૩. તમને કોણ કોણ ખીજવે છે ?

૪. તમે કોને ખીજવો છો ?

૫. સૌથી લાંબી પૂંછડી કોની હશે ?

૬. પૂંછડી કોને કોને હોય છે ?

૪. 'લાલચુ કૂતરો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

લાલચુ કૂતરો

એક કૂતરો હતો. તે ભારે લાલચુ અને ઝઘડાખોર હતો. તે ઘણી વખત પોતાનાથી નબળાં કૂતરાં પાસેથી ખાવાનું પડાવી લેતો હતો. એક દિવસ તેને એક રોટલો મળ્યો ને તે રાજી રાજી થઈ ગયો. તેણે રોટલો મોંમાં લીધો. તેને થયું, થોડે દૂર જઈને નિરાંતે રોટલો ખાઈશ. તે ભાગ્યો અને દોડતો દોડતો ગામના છેવાડે પહોંચી ગયો. ત્યાં નદી વહેતી હતી.

વધુ સલામત જગાએ પહોંચવા તે નદી ઓળંગીને સામેના કિનારે જવા તૈયાર થયો. કૂતરાની નજર નદીના પાણીમાં ગઈ. તેણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું. પ્રતિબિંબ જોઈને તેને લાગ્યું કે નીચે બીજો કૂતરો ઊભો છે અને તેના મોંમાં પણ રોટલો છે.

બીજા કૂતરાના મોમાં રોટલાને જોઈને તેને લાલચ થઈ આવી કે લાવ આ કૂતરાનો રોટલો પણ પડાવી લઉં તો મને બે રોટલા ખાવા મળે. એવું વિચારી બીજા કૂતરાને બિવડાવવા માટે ભસવા તેનું મોં ખોલ્યું, પણ જેવું તેણે મોં ખોલ્યું કે તરત તેના મોંમાં જે રોટલો હતો તે નદીના ઊંડા પાણીમાં પડી ગયો.

કૂતરાને ભાન થયું. આ તો મેં ખોટું કર્યું. બીજાનો રોટલો ઝૂંટવવા જતાં મેં મારો રોટલો પણ ગુમાવ્યો.

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમને શું ખાવાનું ગમે ?

૨. કૂતરાને પાણીમાં બીજો કૂતરો કેમ દેખાયો ?

૩. પાણીમાં પડેલો એ રોટલો કોણ ખાઈ ગયું હશે ?

૪. પાણીમાં પડી ગયેલો રોટલો કૂતરો ખાઈ શકે ? ખાવા જાય તો શું થાય ?

૫. કૂતરાઓ લડાઈ શું કામ કરતા હશે ?

૫. 'આનંદી કાગડો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :

આનંદી કાગડો

એક હતો કાગડો.

કાગડો સ્વભાવે મોજીલો અને આનંદી. એને તો દરેક વાતમાં મજા આવે.

એક વાર કોઈ કારણસર રાજા કાગડા પર ગુસ્સે થઈ ગયા. રાજાએ તો પોતાના માણસોને બોલાવી કહ્યું : 'જાઓ, આ કાગડાને ગામના કૂવાને કાંઠે ગારો છે તેમાં ફેંકી આવો.' કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે ગારામાં ફેંકી દેવામાં આવ્યો. કાગડાભાઈ તો ગારામાં પડ્યા પડ્યા આનંદથી ગાવા લાગ્યા :

લપસણું કરતાં શીખીએ છીએ ભાઈ,
લપસણું કરતાં શીખીએ છીએ.

રાજા અને તેના માણસો નવાઈ પામ્યા કે લે, આ કાગડો તો કેવો છે ? ગારામાં આખા શરીરે કાદવ-કીચડ ચોંટી જવા છતાં દુઃખી થવાને બદલે ખુશ કેમ થાય છે ?

રાજાને તો ક્રોધ ચડ્યો અને બીજો હુકમ કર્યો : 'જાઓ, નાખો આ કાગડાને કૂવામાં. ભલે એ પાણીમાં ડૂબીને મરી જાય.'

માણસોએ કાગડાને ઊંચકીને કૂવામાં ફેંકી દીધો, પણ કાગડાભાઈ તો કૂવામાં પડ્યા પડ્યા ગાવા લાગ્યા :

કૂવામાં તરતાં શીખીએ છીએ ભાઈ,
કૂવામાં તરતાં શીખીએ છીએ.

રાજા કહે : હવે તો કાગડાને આથી વધારે શિક્ષા કરવી જોઈએ.

પછી તેણે તો કાગડાને કાંટાથી ભરેલાં એક પીંજરામાં નખાવી દીધો. પણ કાગડાભાઈ તો એ ના એ જ રહ્યા. વળી આનંદી સૂરમાં ગાવાનું શરૂ કર્યું :

કૂણા કાન વીંધાવીએ છીએ ભાઈ,
કૂણા કાન વીંધાવીએ છીએ.

રાજા કહે : આ કાગડો તો ભાઈ ભારે જબરો છે ! ગમે તે દુઃખમાં એને નાખો પણ તેને કોઈ દુઃખ થતું જ નથી. ચાલો, એનાથી ઊલટું કરી જોઈએ. એને સુખ થાય એવા ઠેકાણે નાખીએ એટલે એ કદાચ દુઃખી થઈ જશે.

પછી કાગડાભાઈને આંબાની ડાળે કોયલ ટહુકા કરતી હતી તેની બાજુમાં પાંજરે પૂરી મુકાવ્યા. કાગડાભાઈને તો તે પણ સવળું પડ્યું. ખુશ થઈને ગાવા લાગ્યા :

કોયલના ટહુકા સાંભળીએ છીએ ભાઈ,
કોયલના ટહુકા સાંભળીએ છીએ.

પછી તો રાજાએ તેને ખીર ખવડાવી જોઈ. કાગડો તો ગાય કે

મીઠી ખીર ખાઈએ છીએ ભાઈ,
મીઠી ખીર ખાઈએ છીએ.

રાજાજીએ કાગડાને દુઃખી કરવા ઘણી કોશિશ કરી જોઈ પણ દુઃખી થાય તે બીજા. છેવટે થાકીને રાજાએ હુકમ કર્યો : આ કાગડો કોઈ રીતે દુઃખી થાય તેમ લાગતું નથી. જાઓ તેને છાપરા પર ફેંકી દો. છાપરા પર બેઠા બેઠા કાગડાએ તો ગયું કે :

હવે અમે આઝાદ છીએ ભાઈ,
હવે અમે આઝાદ છીએ.

અને કાગડો તો આનંદ કરતો કરતો ઊડીને પોતાના માળામાં પેસી ગયો. જેને દુઃખી ન થવું હોય તેને કોઈ દુઃખી કરી શકે નહિ.

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે ક્યારે ક્યારે રડો છો ?

૨. તમે કેવી રીતે રડો છો ? ચાલો, આપણે બધાં રડવાનો અભિનય કરીએ.

૩. તમે રડો ત્યારે મમ્મી-પપ્પા તમને શું કહે છે ?

૪. આજે નિશાળ આવતાં પહેલાં કોણ કોણ રડ્યું હતું ?

૫. જો કાગડાને ખીરને બદલે આઈસક્રીમ ખવડાવ્યો હોત તો એ શું ગાત ?

૬. રાજા કાગડાને બીજી કઈ સજા કરી શકે ?

૭. એ કાગડાને આપણી શાળામાં લઈ આવીએ તો તમે એની સાથે શી વાતો કરશો ?

- **નીચે આપેલાં ગીતો અભિનય સાથે સમૂહગાન કરો :**

૧. દાદાનો ડંગોરો...

દાદાનો ડંગોરો લીધો,
તેનો તો મેં ઘોડો કીધો,
ઘોડો ચાલે રૂમઝૂમ,
ધરતી ધ્રૂજે ધમધમ,
ધમ ધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતો જાય,
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ !

૨. ચાંદો સૂરજ રમતા'તા...

અમે ચાંદો સૂરજ રમતા'તા, રમતાં રમતાં કોડી જડી
કોડીનાં મેં ચીભડાં લીધાં, ચીભડે મને બી દીધાં
બી બધાં મેં વાડમાં નાખ્યાં, વાડે મને વેલો આપ્યો
વેલો મેં ગાયને નીર્યો, ગાયે મને દૂધ આપ્યું
દૂધ મેં મોરને પાયું, મોરે મને પીછું આપ્યું
પીછું મેં બાદશાહને આપ્યું, બાદશાહે મને ઘોડો આપ્યો
ઘોડો મેં બાવળિયે બાંધ્યો, બાવળે મને શૂળ આપી
શૂળ મેં ટીંબે ખોસી, ટીંબે મને માટી આપી
માટી મેં કુંભારને આપી, કુંભારે મને ઘડો આપ્યો
ઘડો મેં કૂવાને આપ્યો, કૂવાએ મને પાણી આપ્યું
પાણી મેં છોડને પાયું, છોડે મને ફૂલ આપ્યાં

ફૂલ મેં પૂજારીને આપ્યાં, પૂજારીએ મને પ્રસાદ આપ્યો
પ્રસાદ મેં બાને આપ્યો, બાએ મને લાડવો આપ્યો
એ લાડવો હું ખાઈ ગ્યો' ને હું આવડો મોટો થઈ ગ્યો.

૩. અમે ફેર ફુદરડી

અમે ફેર ફુદરડી રમતાં'તાં, અમે ફેર ફુદરડી રમતાં'તાં
ફેર ફુદરડી ફરતાં ફરતાં પડી જવાની કેવી મજા !
ભાઈ, પડી જવાની કેવી મજા !

અમે સંતાકૂકડી રમતાં'તાં, અમે સંતાકૂકડી રમતાં'તાં
સંતાકૂકડી રમતાં રમતાં, પકડાઈ જવાની કેવી મજા !
ભાઈ, પકડાઈ જવાની કેવી મજા !

અમે આમલી-પીપળી રમતાં'તાં
અમે આમલી-પીપળી રમતાં'તાં
આમલી-પીપળી રમતાંરમતાં, સંતાઈ જવાની કેવી મજા !
ભાઈ, સંતાઈ જવાની કેવી મજા !

અમે બિલ્લી-ઉંદર રમતાં'તાં, અમે બિલ્લી-ઉંદર રમતાં'તાં
અમે ચૂ... ચૂ... મ્યાઉં... મ્યાઉં... કરતાં'તાં
અમે ચૂ... ચૂ... મ્યાઉં... મ્યાઉં... કરતાં'તાં
ચૂ... ચૂ... મ્યાઉં... મ્યાઉં... કરતાં-કરતાં, નાસી જવાની કેવી મજા !
ભાઈ, નાસી જવાની કેવી મજા !

અમે સાતતાળી રમતાં'તાં, અમે સાતતાળી રમતાં'તાં
સાતતાળી રમતાં રમતાં, દોડી જવાની કેવી મજા !
ભાઈ, દોડી જવાની કેવી મજા !

૪. એક જાડો પાડો લીમડો

એક જાડો પાડો લીમડો (૨)
જો લંગડી રમવા આવે તો,
મજા પડે ભાઈ મજા પડે (૨) એક જાડો ૦
પેલા ટમટમ કરતા તારલિયા,
જો પતંગિયાં થઈ આવે તો,

મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો ૦
પેલી આંબાડાળે કોયલડી,
જો ગીત મધુરાં ગાય તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો ૦
પેલા ઝાડ પર બેઠો વાંદરો,
જો હૂપ હૂપ કરતો આવે તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો ૦
પેલો બંસી બજાવતો કાનુડો,
જો મિસરી ખાવા આવે તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો ૦

૫. કોઈ બોલશો ના...

અરે, કોઈ બોલશો નહીં ચાલશો નહીં.
આમ કે તેમ કોઈ હાલશો નહીં.
નહિ તો પતંગિયું ઊડી જાશે. (૨)
પચરંગી પાંખવાળું, હજાર આંખવાળું,
ફૂલોની ગાદી પર જંપીને બેઠેલું,
પીળું પતંગિયું ઊડી જાશે. (૨)
અરે, કોઈ દોડશો નહીં, કોઈ દોડશો નહીં,
મઘમઘતા ફૂલને તોડશો નહીં,
નહિ તો પતંગિયું ઊડી જાશે. (૨)
ફૂલે ફૂલે ભમતું, આનંદથી જમતું,
આનંદથી રમતું, બધાંયને ગમતું,
લીલું પતંગિયું ઊડી જાશે. (૨)

રમતો :

૧. કિત્તે કિત્તે પાની...

તમે પૂછશો, કિત્તે કિત્તે પાની ? વિદ્યાર્થીઓ 'પગ સુધી પાણી' બોલી પગ પર હાથ મૂકશે. આ રીતે શરીરનાં અંગો વિષે બોલતા જાઓ અને રમત આગળ વધારો. સમયાન્તરે આ રમત તમારા બદલે કોઈ વિદ્યાર્થી રમાડે તેવા પ્રયાસ કરો.

કિત્તે કિત્તે પાની ..... પગ સુધી પાણી.

કિત્તે કિત્તે પાની ..... ઘૂંટણ સુધી પાણી.

કિત્તે કિત્તે પાની ..... કમર સુધી પાણી.

કિત્તે કિત્તે પાની ..... પેટ સુધી પાણી.

કિત્તે કિત્તે પાની ..... ગળા સુધી પાણી.

કિત્તે કિત્તે પાની ..... નાક સુધી પાણી.

કિત્તે કિત્તે પાની ..... આંખ સુધી પાણી.

કિત્તે કિત્તે પાની ..... માથા સુધી પાણી.

૨. નામ રે નામ

બધા વિદ્યાર્થીઓને વર્તુળાકાર ઊભા રાખો. હવે તમારાથી નામ બોલવાનું શરૂ કરો... તમારી બાજુમાં ઊભેલો વિદ્યાર્થી તમારું નામ અને તેનું નામ બોલશે. એમ ત્રીજો વિદ્યાર્થી અગાઉ બોલેલાં નામ અને તેનું પોતાનું નામ ઉમેરીને બોલશે.

મારું નામ ગોપાલ છે.
તારું નામ ગોપાલ... મારું નામ ચંદુ છે.
તારું નામ ગોપાલ, તારું ચંદુ અને મારું નામ સોહરાબ છે.

૩. અડી... પડી...

પકડદાવની જેમ કોઈ વિદ્યાર્થી દોડીને બીજાને આઉટ કરશે. ત્યારબાદ તે બે વિદ્યાર્થી મળી બીજા વિદ્યાર્થીઓને આઉટ કરવાનો પ્રયત્ન કરશે. એમ જે આઉટ થાય તે દાવ લેનારની ટીમમાં ઉમેરાતા જશે.

૪. પંખી ઊડે... ફરર...

બધા વિદ્યાર્થીઓને વર્તુળાકારે બેસાડવા.

શિક્ષક ઊડી શકે તેવાં પક્ષીઓનાં, સાધનોનાં નામ બોલશે. દા.ત. મોર, પોપટ, ચકલી, રૉકેટ, વિમાન વગેરે આ દરેક વખતે વિદ્યાર્થીઓ ફરર બોલશે.

જો શિક્ષક કહેશે કે ભેંસ ઊડે - તો જે વિદ્યાર્થીઓ કહે 'ફરર' તે આઉટ ગણાશે.

૫. સાપની પૂંછડી...

બધા જ વિદ્યાર્થીઓની એકની પાછળ એક એમ લાંબી હાર બનાવવી. દરેક વિદ્યાર્થી પોતાની આગળના વિદ્યાર્થીને કમરથી મજબૂત પકડશે. હવે સૌ પ્રથમ ઊભેલો વિદ્યાર્થી કે જેના બન્ને હાથ ખુલ્લા હશે તે સાપનું મોં કહેવાશે અને છેલ્લો વિદ્યાર્થી સાપની પૂંછડી કહેવાશે.

રમત શરૂ કરવાની સૂચના મળતાં જ સાપનું મુખ બનેલ ખેલાડી પોતાના ખુલ્લા હાથ વડે પોતાની પૂંછડી પકડવાનો પ્રયત્ન કરશે. પૂંછડી બનેલ વિદ્યાર્થી તેની વિરુદ્ધ દિશામાં ગતિ કરશે. આગળ તરફ રહેલા ખેલાડી મોં તરફ ગતિ કરશે અને પાછળ તરફ રહેલા ખેલાડી પૂંછડી સાથે ગતિ કરશે.

મોં બનેલ ખેલાડી પૂંછડી બનેલ ખેલાડીને અડકી જાય તો તે આઉટ ગણાય. જે ખેલાડી હાથ છોડી દે

અને સાંકળ તોડે તે પણ આઉટ ગણાય. આઉટ થયેલ ખેલાડી સાપના મોંની જગ્યાએ ઊભા રહી દાવ લેવા જશે. અથવા મેદાનની બહાર જશે. આમ, સાપની લંબાઈ ટૂંકી થતી જશે.

પ્રવૃત્તિઓ

- **વર્ગીકરણની પ્રવૃત્તિઓ :**

- શિક્ષક વિદ્યાર્થીઓને જુદાં જુદાં વાહનનાં ચિત્રવાળાં કાર્ડ; જમીન, આકાશ, પાણી દર્શાવતી પટ્ટીઓવાળાં કાર્ડ આપશે. પછી જે-તે વાહનને તે ક્યાં ચાલે છે તેની સાથે વિદ્યાર્થી જોડશે.
- વર્ગીકરણ માટે નીચે મુજબ અન્ય પ્રવૃત્તિઓ પણ કરાવવી. જેવી કે, જંગલી પ્રાણીઓ, પાળેલાં પ્રાણીઓ, લાકડી, લાકડું, પ્લાસ્ટિક, ધાતુ, કાચ અને રબ્બરની વસ્તુઓ, ફળ-શાકભાજીનું વર્ગીકરણ.

કાગળની પ્રવૃત્તિ :

- એક કાગળના ચાર કે પાંચ ટુકડા કરી તેને છૂટા પાડી, ફરીથી જોડવાનું કહો.
- કાગળમાંથી નીચે મુજબની પ્રવૃત્તિ કરાવવી.
  - નાના નાના ટુકડા કરાવવા.
  - ભૂંગળી બનાવડાવવી
  - પાતળા લીટા કરાવવા
  - આકારો કરાવવા
  - ગડીઓ પડાવવી
  - ધજા બનાવડાવવી
  - ટોપી બનાવડાવવી
  - કાગળના ડૂચા વાળી લાડવા બનાવડાવવા.
  - કાગળમાંથી હોડી, વિમાન, ફરકડી, કેમેરો, ચકરડી, પાકિટ, દડો તથા અન્ય ચીજો બનાવડાવવી.
  - કાગળ પર ચિત્ર બનાવવું તેમાં વિદ્યાર્થી દ્વારા રંગ પુરાવવા પછી તેના ટુકડા કરીને ફરીથી જોડવાનું કહેવું.

ચાલો, છાપકામ કરીએ :

- કાગળના ડૂચાથી છાપકામ કરાવવું.
- આંગળીઓથી છાપકામ કરાવવું.
- ભીંડા-બટાટાથી છાપકામ કરાવવું.
- દોરાથી છાપકામ કરાવવું.

શાળા તત્પરતા માટેની પ્રવૃત્તિઓ

(આ ઉપરાંત આંગળીનાં ટેરવાં કેળવાય એવી છાપકામની અન્ય પ્રવૃત્તિઓ કરાવવી.)

ચાલો, માટીકામ કરીએ :

- માટીના મણકા બનાવડાવવા, દોરીમાં મણકા પરોવવાની પ્રવૃત્તિ કરાવવી.
- માટીનો ગોળો બનાવડાવવો.
- માટીમાંથી રોટલો, ગાંઠિયા, જલેબી બનાવડાવવી
- માટીમાંથી ઘન આકારો બનાવડાવવા.
- માટીમાંથી વિદ્યાર્થીઓ પાસે એમની પસંદનાં રમકડાં બનાવડાવવાં.

(આ ઉપરાંત આંગળીનાં ટેરવાં કેળવાય એવી માટીકામની અન્ય પ્રવૃત્તિઓ કરાવવી)

પાણીની રમત :

૧. એક અથવા એકથી વધુ નાના વાસણમાં પાણી લઈ લાકડીથી વાસણને વગાડી તેમાંથી જે અવાજ આવે તે ધ્યાનથી સંભળાવવો.

૨. ખાલી ટબમાં પાણી ભરી તેમાં કાગળની નાની હોડીને તરાવવી.

૩. થાળીમાં પાણી ભરી વચ્ચે ફૂંક મારો. ફૂંક મારતાં પાણીમાં કઈ ક્રિયા થઈ?

૪. સાબુના પાણીને હલાવો. સાબુના પાણીને હલાવતાં શું શું થાય છે?

૫. થાળીમાં પાણી ભરી તડકે મૂકો. થાળીને તડકે મૂકતાં શું થાય છે?

૬. અમુક વસ્તુઓ ભેગી કરી, તેને પાણી ભરેલા તગારામાં નાખો. કઈ કઈ વસ્તુઓ ડૂબી જાય છે? કઈ કઈ વસ્તુઓ તરે છે?

૭. તગારામાં પાણી ભરી અંદર કાંકરી નાખો. કાંકરી નાખતાં કઈ કઈ ક્રિયાઓ થઈ?

૮. ડોલના પાણીને જગ, ગ્લાસ, લોટો, તપેલી, થાળી, વાટકી વગેરેમાં ભરી બદલાતા આકાર બતાવો.

સમૂહકાર્ય-૧

● વાર્તા - ૧

કાગડો અને શિયાળ (ભાગ-૧)

એક કાગડો હતો. બપોરના સમયે તેને ભૂખ લાગી હતી. ખોરાક શોધવા તે આમતેમ ઊડાઊડ કરતો હતો. કાગડાને એક પૂરી મળી. શિયાળે કાગડાનાં મોમાં પૂરી જોઈ. પૂરી જોઈ શિયાળને થયું કે હું કાગડાને મૂર્ખ બનાવી તેની પૂરી પડાવી લઉં.

શિયાળે કહ્યું – કાગડાભાઈ ! જરા સમજો તો ખરા. આ સમય ખાવાનો નહી, પણ ગાવાનો છે. વળી, તમે કેટલું સારું ગાઓ છો! મને મધુર ગીત સાંભળવાની ખૂબ મન થયું છે. મારી ઈચ્છા તમે પૂરી કરો તેવી મારી વિનંતી છે. એક ગીત સંભળાવોને.

કાગડો પોતાનાં વખાણ સાંભળી ફૂલાઈ ગયો. કાગડાએ જેવું ગીત ગાવા માટે મો ખોલ્યું, પૂરી નીચે પડી ગઈ. શિયાળ પૂરી લઈ જતું રહ્યું.

● માહિતી આધારિત પ્રશ્નો

૧. વાર્તામાં કોણ કોણ હતું?
૨. કાગડાને શું મળ્યું?
૩. કોણ રોટલી લઈ જતું રહ્યું?
૪. કાગડાએ ગાવાનું શરૂ કર્યું તો શું થયું?
૫. કાગડાએ શિયાળને મૂર્ખ બનાવ્યું. સાચું કે ખોટું?

● સમજ આધારિત પ્રશ્નો

૧. શિયાળે કાગડાને શું કરવા માટે કહ્યું? કેમ?
૨. શિયાળની જગ્યાએ તમે હોય તો તમે કાગડા પાસેથી કેવી રીતે પૂરી મેળવી હોત?
૩. કાગડાએ શિયાળની વાત કેમ માની?
૪. જો તમે કાગડાના મિત્ર હોય તો તમે કાગડાને શું કહો?

● લેખન પ્રવૃત્તિ

★ બાળકો સાથે કાગડાના દેખાવ અંગે ચર્ચા કરો,
★ ધો.-૧ નાં બાળકો સાથે કાગડાના દેખાવ અંગે ચર્ચા કરી તેમની સમજ પ્રમાણે કાગડાનું ચિત્ર દોરી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
★ ધો.-૨ નાં બાળકો સાથે કાગડાના દેખાવ અંગે ચર્ચા કરી તેમની સમજ પ્રમાણે કાગડા વિશે ત્રણ-ચાર શબ્દો લખી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
★ શબ્દો લખ્યા પછી અને ચિત્ર દોર્યા પછી અન્ય બાળકો સાથે તેને વિશે ચર્ચા કરવાની પ્રવૃત્તિ કરો.

કાગડો અને શિયાળ (ભાગ-૨)

ઘણાં વર્ષો પછી, એ જ કાગડો ઊડતો ઊડતો મોમાં પૂરી લઈને ઝાડની ડાળ પર આવીને બેઠો. એટલામાં ફરતું ફરતું શિયાળ પણ ત્યાં આવી પહોચ્યું. શિયાળને કાગડાના મોમાં પૂરી જોઈને થયું કે ફરીથી હું કાગડાને મૂર્ખ બનાવી તેની પાસેથી પૂરી પડાવી લઉં.

શિયાળે કાગડાને કહ્યું, " કાગડાભાઈ, તમે તો કેટલા સુંદર લાગો છો! તમે તો તો ખૂબ સારું ગીત પણ ગાઓ છો. તો એક ગીત ગાઈને સંભળાવોને."

કાગડાએ શિયાળની વાત સાંભળીને વિચાર કર્યો. કાગડાએ પૂરીને પગ નીચે દબાવીને ખૂબ સારું ગીત ગાઈને સંભળાવ્યું.

કાગડાએ શિયાળને કહ્યું, "શિયાળભાઈ, ગીત કેવું લાગ્યું?" શિયાળ દુ:ખી થઈને ત્યાંથી જતું રહ્યું.

એકમ-૧ : કાગડો અને શિયાળ

સમૂહકાર્ય

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. શિયાળે કાગડાને ગીત ગાવા શા માટે કહ્યું?
  ૨. શિયાળે કાગડાને ગીત ગાવાનું કહ્યું ત્યારે કાગડાએ શું કર્યું?
  ૩. કાગડાએ પૂરી પગ નીચે કેમ દબાવી?
  ૪. કાગડા અને શિયાળમાંથી કોણ હોશિયાર હતું?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. કાગળના મોમાંથી પૂરી નીચે કેમ ન પડી?
  ૨. કાગડાએ કયું ગીત ગાયું હશે?
  ૩. જો તમે શિયાળના મિત્ર હોય, તો તમે શિયાળને શું કહો?
  ૪. તમે કાગડાની જગ્યાએ હો, તો તમે શિયાળને શું કહો?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.-૧ નાં** બાળકો સાથે શિયાળના દેખાવ અંગે ચર્ચા કરી તેમની સમજ પ્રમાણે શિયાળનું ચિત્ર દોરી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨ નાં** બાળકો સાથે શિયાળના દેખાવ અંગે ચર્ચા કરી તેમની સમજ પ્રમાણે શિયાળ વિશે ત્રણ-ચાર શબ્દો લખી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'અજબ જેવી વાત છે...' ગીત વિદ્યાર્થીઓને સમૂહમાં ગવડાવો.**

નાની મારી આંખ એ જોતી કાંક કાંક
એ તો કેવી અજબ જેવી વાત છે,
નાક મારું નાનું એ સૂંઘે ફૂલ મજાનું
એ તો કેવી અજબ જેવી વાત છે,
નાના મારા કાન એ સાંભળે દઈ ધ્યાન
એ તો કેવી અજબ જેવી વાત છે,
નાનું મોઢું મારું એ બોલે સારું સારું
એ તો કેવી અજબ જેવી વાત છે,
આંગળી મારી લપટી એથી વગાડું ચપટી
એ તો કેવી અજબ જેવી વાત છે,
નાના મારા હાથ એ તાળી પાડે સાથ
એ તો કેવી અજબ જેવી વાત છે,
પગ મારા નાના એ ચાલે છાનામાના
એ તો કેવી અજબ જેવી વાત છે,
એ તો કેવી અજબ જેવી વાત છે,
એ તો કેવી અજબ જેવી વાત છે.

એકમ-૧ : કાગડો અને શિયાળ

સમૂહકાર્ય

● **બાળકોને સમૂહમાં ચર્ચા કરવા માટેના મુદ્દા અને પ્રશ્નો – માહિતી આધારિત પ્રશ્નો**

૧. બાળકો સાથે અંગોની અજબ વાત વિશે ચર્ચા કરો.

૨. તમે આંખ અને નાકથી ક્યાં ક્યાં કાર્ય કરો છો?

૩. તમે કાનથી ફૂલ સુંઘી શકો છો. સાચું કે ખોટું?

૪. ગીતમાં શરીરના ક્યાં ક્યાં અંગોની વાત કરવામાં આવી?

● **સમજ આધારિત પ્રશ્નો**

૧. પગથી તમે કઈ કઈ રમત રમી શકો?

૨. જો તમારા પગ ન હોય તો તમે કેવી રીતે ચાલશો?

૩. જેની પાસે કાન ન હોય તે બીજાની કેવી રીતે સાથે વાત કરે?

૪. આંખ, નાક, કાન, હાથ અને પગ સિવાય તમારા શરીરમાં ક્યાં અંગો છે ?અને તે શું કામ કરે છે?

● **લેખન કાર્ય**

★ **ધો.-૧ નાં** બાળકોને પોતાના હાથ કાગળ પર મૂકી હાથ દોરી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

★ **ધો.-૨ નાં** બાળકોને આંખ,નાક, કાન અને મોં સાથેનું ચિત્ર દોરવાની પ્રવૃત્તિ કરો અને જરૂરી માર્ગદર્શન આપો અને અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

● **ગીતનું હાવભાવપૂર્વક અભિનય સાથે સમૂહગાન કરો.**

એક હતો ઉંદર

એક હતો ઉંદર, કોટ પહેર્યો સુંદર,
હાથમાં લીધી સોટી, વાતો કરતો મોટી,
હોય જો મારે ઘઉંની દુકાન,
કદી ન પડે ખાવાની તાણ,
ઉંદરસેના ઘૂમતી જાય, ચોકી પહેરો કરતી જાય,
ઘઉંની રોટલી કરતી જાય, ઉંદર સૌ વહેંચી ખાય.

● **માહિતી આધારિત પ્રશ્નો**

૧. ઉંદરે કેવાં કપડાં પહેર્યા છે?

૨. ઉંદરના હાથમાં શું છે?

૩. ઉંદર સેના શું કરે છે? કેવી રીતે?

● **સમજ આધારિત પ્રશ્નો**

૧. જો તમે ઉંદર હો, તો તમે શું શું કરો?

૨. ઉંદરને તમે શું શું કરતા જોયો છે?

૩. જો તમારે ઘઉંની દુકાન હોય તો તમે શું કરો?

● **લેખન પ્રવૃત્તિ**

★ **ધો.-૧ નાં** બાળકો સાથે ઉંદરના દેખાવ અંગે ચર્ચા કરી તેમની સમજ પ્રમાણે ઉંદરનું ચિત્ર દોરી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૧ : કાગડો અને શિયાળ

સમૂહકાર્ય

★ ધો.-૨નાં બાળકો સાથે ઉંદરના દેખાવ અંગે ચર્ચા કરી તેમની સમજ પ્રમાણે ઉંદર વિશે ત્રણ-ચાર શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

● **નીચે આપેલાં જોડકણાંનું હાવભાવપૂર્વક ગાન કરો :**

નગારું તો વાગે છે,
ગામનાં છોકરાં નાચે છે.

ગાડું ચાલે વાટમાં,
માળા માના હાથમાં.

નાક મારું નાનું,
સૂંઘે ફૂલ મજાનું.

મરચું તીખું લાગે છે,
પોપટને બહુ ભાવે છે.

જલેબી મને ભાવે છે,
પપ્પા રોજ લાવે છે.

મીઠાં મધુરાં ફળ !

ખાટાં મીઠાં મધુરાં ફળ !
ખાવાથી મળે બુદ્ધિ-બળ !
કેળું, કેરી ને સીતાફળ
ખાવાથી મળે બુદ્ધિ-બળ !
ફળો ખાઓ સાંજ સવાર
ભણવા માટે થાઓ તૈયાર

રમત : ગાંધીજી કહે છે.

વિદ્યાર્થીઓને આ રમત દ્વારા શરીરનાં વિવિધ અંગોનો પરિચય કરાવો. આ રમતમાં શિક્ષક જયારે કહે કે, 'ગાંધીજી કહે છે : તમારું નાક બતાવો.' તો દરેક વિદ્યાર્થી પોતાનું નાક બતાવશે, પરંતુ ગાંધીજીના નામ વિના જો કહે કે નાક બતાવો વિદ્યાર્થીઓએ તે સૂચનાનું પાલન નથી કરવાનું. જે ગાંધીજીના નામ વિનાની સૂચનાનું પાલન કરશે તે વિદ્યાર્થી રમતમાંથી આઉટ ગણાશે.

ગાંધીજી કહે છે : તમારા હાથ ઊંચા કરો / ઊભા થાઓ / તાળી પાડો / આંખો બંધ કરો / નમસ્તે કરો / બેસી જાઓ / ચપટી વગાડો ..... આવી અન્ય સૂચનાઓ આપી રમત રમાડો.

ત્યારબાદ પંજાના ઉપયોગ બતાવવા. હથેળી - આંગળીઓ - અંગૂઠા જેવું વર્ગીકરણ વિદ્યાર્થીઓ સહેલાઈથી સમજી શકશે. એને માટે ધડ, ડોક, ખભો, કાંડું, કોણી, સાથળ, પાની, હથેળી શબ્દો કદાચ નવા હોય. એ શબ્દો અને અંગોની ઓળખ દૃઢ કરાવવી.

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	'અજબ જેવી વાત છે'	કાગડો અને શિયાળ ભાગ-૧			રમતનું મેદાન
૨	એક હતો ઉંદર	કાગડો અને શિયાળ ભાગ-૧	કાગડો અને શિયાળ ભાગ-૧		
૩	જોડકણાં			ગાંધીજી કહે છે	રમતનું મેદાન
૪	'અજબ જેવી વાત છે'		'અજબ જેવી વાત છે'	ગાંધીજી કહે છે	
૫	એક હતો ઉંદર	કાગડો અને શિયાળ ભાગ-૨	એક હતો ઉંદર		
૬	જોડકણાં	કાગડો અને શિયાળ ભાગ-૨	કાગડો અને શિયાળ ભાગ-૨		

સમૂહકાર્ય-૧

- **'રીંછ અને દડો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

રીંછ અને દડો

શિયાળાની ઋતુ હતી. સવારનો સમય હતો ચારેબાજુ ધુમ્મસ ધુમ્મસ. એક સિંહનું બચ્ચું સંકોચાઈને ગોળમટોળ બનેલા જાંબુના વૃક્ષની નીચે સૂઈ ગયેલું હતું.

આ બાજુ રીંછ સાહેબ ફરવા માટે નીકળી તો આવ્યા હતા, પરંતુ પસ્તાઈ રહ્યા હતા. ત્યારે જ તેમની નજર જાંબુના ઝાડની નીચે પડી.

આંખો ફેલાવી, બુદ્ધિ દોડાવી-આહા ! ફૂટબોલ. ચાલો, આનાથી રમીને કંઈક ગરમી ચઢાવીએ. આમતેમ જોયા વિના રીંછે સિંહના બચ્ચાને ફૂટબોલ સમજીને લાત મારીને ફેંકી દીધું.

દોડાદોડીમાં સિંહના બચ્ચાએ ગર્જના કરી અને પછી વૃક્ષની એક ડાળી પકડી લીધી.

પરંતુ ડાળી તૂટી ગઈ. રીંછ સાહેબ જલદી મામલો (વાત) સમજી ગયા, પસ્તાવો થયો. પણ થોડીવારમાં દોડીને સ્ફૂર્તિથી બંને હાથ આગળ ધરીને સિંહના બચ્ચાને લઈ લીધું.

અરે આ શું ! સિંહનું બચ્ચું ફરીથી ઉછાળવા માટે કહી રહ્યું હતું. એકવાર ફરીથી રીંછદાદાએ ઉલાળ્યું. બીજી વાર... ત્રીજી વાર... પછી, વારંવાર આવું થવા લાગ્યું.

સિંહના બચ્ચાને ઊલળવામાં મજા આવી રહી હતી. પરંતુ રીંછ થાકીને દુઃખી થઈ ગયું હતું. અરે, કેવી મુશ્કેલીમાં આવી ગયા. બારમી વખત ઊલાળીને રીંછે ઘર બાજુ દોટ લગાવી અને અદશ્ય થઈ ગયું. આ વખતે સિંહનું બચ્ચું ધડામ કરીને જમીન પર આવી ગયું. ડાળી પણ તૂટી ગઈ. ત્યારે જ માળી ત્યાં આવ્યો અને સિંહના બચ્ચા ઉપર તૂટી પડ્યો : વૃક્ષની ડાળી તોડવાનો દંડ લાવ.

સિંહના બચ્ચાએ કહ્યું જરાક સરખો તો થાઉં. માળીએ કહ્યું ઠીક છે. હું હમણાં જ આવું છું.

માળી ત્યાંથી ગયો તરત જ સિંહનું બચ્ચું પલાયન થઈ ગયું. તેણે વિચાર્યું : જીવ બચ્યો એ જ ઘણું છે.

- **માહિતી આધારિત પ્રશ્નો**

૧. વાર્તામાં કોણ કોણ હતું?

૨. સિંહનું બચ્ચું કેમ સંકોચાઈને સૂઈ ગયેલું?

૩. સિંહનું બચ્ચું કયા ઝાડ નીચે સૂઈ ગયેલું?

૪. રીછે સિંહના બચ્ચાને શું કર્યું?

૫. રીછે સિંહના બચ્ચાને પહેલી વાર ઊછળ્યું ત્યારે સિંહના બચ્ચાએ શું કર્યું?

- **સમજ આધારિત પ્રશ્નો**

૧. સિંહનું બચ્ચું સંકોચાઈને કેવું બની ગયેલું?

૨. બીજી કઈ કઈ વસ્તુઓ છે જે ગોળમટોળ હોય?

૩. ફૂટબોલની જેમ બીજી કઈ કઈ રમત દડાથી રમાય?

૪. રીછની જેમ બીજાં કયાં કયાં પ્રાણીઓ લાત મારી શકે?

૫. સિંહના બચ્ચાની જગ્યાએ મોટો સિંહ હોત તો શું થાત?

- **લેખન પ્રવૃત્તિ**

  ૧. વિવિધ પ્રાણીઓનાં નામ બોલી એ કેવો અવાજ કાઢે છે, તેવી બાળકો પાસે તે પ્રવૃત્તિ કરાવો.

  ૨. બાળકો દ્વારા વાર્તાકથન કરાવો.

  ૩. બાળકો પાસે વાર્તાનો અભિનય કરાવો.

- **લેખન પ્રવૃત્તિ**

  ★ **ધો.૧નાં** બાળકોને ફૂટબોલનું ચિત્ર દોરવા કહો અને અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

  ★ **ધો.૨નાં** બાળકો સાથે ફૂટબોલનું ચિત્ર દોરી તેને વિશે બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **'મોર અને કાગડો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

મોર અને કાગડો

એક જંગલમાં અનેક જાતનાં પંખીઓ રહે. એકવાર તેમને થયું, આપણો રાજા હોવો જોઈએ. તેમણે બધાં પંખીઓની સભા કરી. એમાં મોરે પોતાનાં પીંછાં, ડોક, કલગી વગેરે બતાવી કહ્યું, 'મારા જેવું સુંદર કોઈ નથી, માટે મને રાજા બનાવો.' બધાં પંખીઓને એની વાત સાચી લાગી. બધાંએ હા પાડી. મોર પંખીઓનો રાજા થયો. તેમાં એક કાગડો પણ હતો. તેણે કહ્યું, 'ઊભા રહો, એમ રાજા નક્કી ન કરાય.' પછી તેણે મોરને પૂછયું, 'તમે ખૂબ સુંદર છો, તેની ના નહીં પણ માનો કે આપણાં પર કોઈ મોટા પંખીનું આક્રમણ થાય તો તમે અમને બચાવી શકશો ? રાજાએ પ્રજાનું રક્ષણ પણ કરવાનું હોય.' મોર શું બોલે ?

તે સુંદર તો હતો પણ એટલો મજબૂત નહોતો કે એટલો બહાદુર નહોતો કે બીજા પક્ષીને બચાવી શકે. કાગડાએ કહ્યું, 'રાજા માત્ર સુંદર હોય એટલું જ પૂરતું નથી. તે મજબૂત અને હિંમતવાન પણ હોવો જોઈએ.' બધાં પંખીઓએ કાગડાની વાત સ્વીકારી લીધી. છેવટે રાજા નક્કી કર્યા વગર સભા વીખરાઈ ગઈ.

- **માહિતી આધારિત પ્રશ્નો**

  ૧. જંગલમાં ક્યાં ક્યાં પંખીઓ રહે છે?

  ૨. સભામાં પહેલાં કોને રાજા બનાવવામાં આવ્યો?

  ૩. મોર પોતાને કેમ રાજા બનાવવા કહેતો હતો?

  ૪. મોરને રાજા બનાવવાની કોણે ના પાડી?

- **સમજ આધારિત પ્રશ્નો**

  ૧. જો મોર જંગલનો રાજા બને તો જંગલનાં અન્ય પંખીઓનું રક્ષણ કેવી રીતે કરે?

  ૨. જો તમારા પર કોઈ પંખીનું આક્રમણ થાય તો તમે શું કરો?

  ૩. તમને ક્યુ પંખી બનવું ગમે ? શા માટે?

  ૪. તમે કોને જંગલનો રાજા બનાવો? કેમ?

  ૫. તમે ક્યાં ક્યાં પંખીઓ જોયાં છે?

  ૬. જો તમે પંખી બનો તો તમે શું કરશો?

- **લેખન પ્રવૃત્તિ**

  ★ **ધો.૧નાં** બાળકો સાથે પંખીઓના સામાન્ય દેખાવ જેમકે પાંખો, ચાંચ, પીછાં, પગ વગેરે વિશે ચર્ચા કરી મનપસંદ પક્ષીનું ચિત્ર દોરી, તેને વિશે અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

  ★ **ધો.૨નાં** બાળકો સાથે પંખીઓના સામાન્ય દેખાવ જેમકે પાંખો, ચાંચ, પીછાં, પગ વગેરે વિશે ચર્ચા કરો. તેમને ગમતા પક્ષી વિશે બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

● 'ચાલો ચાલોને રમીએ હોડી હોડી' બાળગીતનું હાવભાવ અને અભિનય સાથે સમૂહગાન કરાવો.

ચાલો ચાલોને રમીએ હોડી હોડી

ચાલો ચાલોને રમીએ હોડી હોડી
વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર
ઝરણાં નાનાં જાય દોડી દોડી
બાપુનાં છાપાં, નક્કામાં થોથાં
કાપીકૂપીને કરીએ હોડી..... ચાલોને
સાદી સઢવાળી, નાની ને મોટી
મૂકીએ પવનમાં છોડી છોડી..... ચાલોને
ખાલી રાખેલી, ઊંધી વળે તો
પાંદડાં ને ફૂલ ભરું, તોડી તોડી..... ચાલોને
જાશે દરિયાપાર પરીઓના દેશમાં
સૌથી પહેલી દોસ્ત મારી હોડી..... ચાલોને

● **માહિતી આધારિત પ્રશ્નો**

૧. હોડી શેમાંથી બનાવવાની વાત ગીતમાં છે?
૨. હોડીમાં પાંદડાં અને ફૂલ કેમ ભરવાં જોઈએ?
૩. બાપુનાં છાપાં, નક્કામાં થોથાં સિવાય શેમાંથી હોડી બનાવી શકાય?

● **સમજ આધારિત પ્રશ્નો**

૧. વરસાદમાં પાણી ભરાય ત્યારે તમે શું કરો છો?
૨. વરસાદમાં તમે શું - શું કરો છો?
૩. દરિયાપાર પરીઓનો દેશ કેવો હશે?
૪. જો વરસાદ ન પડે તો શું થાય?

● **લેખન પ્રવૃત્તિ**

★ **ધો.-૧ નાં** બાળકો સાથે હોડી વિશે ચર્ચા કરી, તેનું ચિત્ર દોરી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

★ **ધો.-૨નાં** બાળકો સાથે હોડી વિશે ચર્ચા કરી, ત્રણ-ચાર શબ્દો લખી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

● **બાળગીતનું હાવભાવ અને અભિનય સાથે સમૂહગાન કરાવો.**

વાદળ ગરજે વીજળી ચમકે, ધરતી ધ્રૂજે, ધમ ધમ
વાદળ ગરજે વીજળી ચમકે, વર્ષા વરસે, ઝમ ઝમ
વાદળ ગરજે વીજળી ચમકે, ડુંગર ડોલે, ડમ ડમ
વાદળ ગરજે વીજળી ચમકે, ખેતર લીલાં, છમ છમ
વાદળ ગરજે વીજળી ચમકે, વાજાં વાગે, પમ પમ
વાદળ ગરજે વીજળી ચમકે, ખાતાં છોકરાં, મમ મમ

એકમ-૨ : રીંછ અને દડો

સમૂહકાર્ય

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. ગીતમાં કઈ ઋતુ વિશે વાત છે ?
  ૨. વાદળ ગરજે કે વીજળી ચમકે પછી શું થાય ?
  ૩. ડુંગર કેવી રીતે ડોલે છે ?
  ૪. વાદળ ગરજે કે વીજળી ચમકે પછી ખેતર કેવાં થઈ જાય છે ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. વાદળ ગરજે કે વીજળી ચમકે ત્યારે ડુંગર કેમ ડોલતા હશે ?
  ૨. શું વાદળ ન ગરજે અને વીજળી ન ચમકે તો વરસાદ પડે ?
  ૩. વાદળ કેમ ગરજતાં હશે ?
  ૪. વીજળી કેમ ચમકતી હશે ?
- **લેખન પ્રવૃત્તિ:**
  ★ ધો.-૧નાં બાળકો સાથે વરસાદ વિશે ચર્ચા કરી વરસાદને લગતું ચિત્ર દોરી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ ધો.-૨નાં બાળકો સાથે વરસાદ વિશે ચર્ચા કરી વરસાદ વિશે ત્રણ-ચાર શબ્દો લખી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

જોડકણાં

એક બે ત્રણ ને ચાર,
વરસે વરસાદ મુશળધાર.
પાંચ છ સાત ને આઠ,
દિવસે જાણે લાગે રાત.
નવ પછી આવે દસ,
તડકો લાગે કેવો સરસ.

વાદળ વાદળ વરસો પાણી,
મુજને મજા પડે રમવાની.
ઠંડક ઠંડક થાય મારે મન,
ટાઢક ટાઢક થાય મારે તન.
વાદળ વાદળ વરસો પાણી,
જાય નાસી ગરમીની રાણી.

આવો મેઘરાજા

આવો મેઘરાજા, વગડાવો વાજાં,
પીપીપીપી પોમ્ પોમ્ (૨)
મુશળધાર મુશળધાર...
વરસે છે પાણીડાધાર
છલબલ છલબલ છોમ્ છોમ્ (૨)
નદી નાળાં રેલમછેલ...
સરરર, સરરર સોમ્ સોમ્

મારા વિશે જણાવો

સમય : ૧૦ થી ૧૫ મિનિટ

સામગ્રી : આજુ બાજુની થોડી વસ્તુઓ/ ચિત્ર કાર્ડ

આ પ્રવૃત્તિથી બાળકો પોતાના આસપાસના વાતાવરણમાં રહેલી ચીજવસ્તુ વિશે વિચાર કરે છે અને તેમના વિશે કંઈક કહેવાનો પ્રયત્ન કરે છે.

શિક્ષક થોડી વસ્તુઓને લઈને એક બોક્સ/પેટીમાં નાખે – જેમ કે કાગળ, પેન્સિલ, દડો, ચોક, ફૂલ, વાર્તાની ચોપડી, પથ્થર વગેરે.

બધાં જ બાળકો ગોળાકારમાં બેસે અને તે બોક્સ/પેટીને વચ્ચે મૂકે.

બાળકો એક પછી એક આવે અને પોતાની આંખ બંધ કરી બોક્સ/પેટીમાંથી કોઈ એક વસ્તુ કાઢે. તે પછી તેઓ તે વસ્તુને અડકીને અંદાજ લગાવે કે તેમણે બોક્સમાંથી શું કાઢ્યું છે?

પછી તેઓ તે વસ્તુની સાથે જોડાયેલ પોતાના જીવનની કોઈ વાત/ મજેદાર ઘટના જણાવે . ઉદા. કોઈ બાળક પાસે ચોક આવ્યો હોય તો તે કહી શકે કે એક દિવસ ચોક ખાવાને કારણે શિક્ષક તેને વઢયા હતા.

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	ચાલો, રમીએ	રીછ અને દડો		મારા વિશે જણાવો	
૨	જોડકણાં	રીછ અને દડો	રીછ અને દડો		
૩	વાદળ ગરજે	મોર અને કાગડો			વરસાદ
૪	ચાલો, રમીએ		ચાલો, રમીએ	મારા વિશે જણાવો	
૫	જોડકણાં	મોર અને કાગડો	મોર અને કાગડો		
૬	વાદળ ગરજે		'વાદળ ગરજે		વરસાદ

યાદ રાખો :

શીખવાની જવાબદારી ધીમેધીમે બાળકોને સોંપવી.

શિક્ષક કાર્ય કરીને બતાવે સમજાવે છે. → **બાળકો શિક્ષકના માર્ગદર્શનમાં કાર્ય કરે છે.** → **બાળકો જૂથમાં કાર્ય કરે છે.** → **બાળકો સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.**

સમૂહકાર્ય-૧

- **'સૂરજ અને શશી' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

સૂરજ અને શશી

ઘણા વખત પહેલાંની વાત છે. દિવસ નામનો એક માણસ હતો. એની વહુનું નામ રાત. એ બહુ સુંદર હતી. એને બે બાળકો હતાં. દીકરો સૂરજ અને દીકરી શશી. બધાં મોજથી રહેતાં.

એક દિવસ સૂરજ અને શશી ફરવા નીકળ્યાં. ચારે બાજુ રંગબેરંગી ફૂલો હતાં. પતંગિયાં હતાં. પંખીઓ કલરવ કરતાં હતાં. અચાનક જોયું તો ઘનઘોર જંગલ. હવે શું કરવું?

એ જંગલમાં એક મોટો અજગર રહેતો હતો. તે કેટલાય દિવસોનો ભૂખ્યો હતો. બાળકોને જોઈને એને વધારે ભૂખ લાગી.

અજગર સૂરજ અને શશીની પાસે ગયો. એક ઝપાટામાં બંનેને ગળી ગયો. સરસ જમણ હતું. આરામ કરવા અજગર નદી કિનારે ગયો. આ બાજુ દિવસ અને રાતની ચિંતાનો પાર નહિ. બાળકોને શોધી શોધીને થાકયાં. એક ઝાડની નીચે બેઠાં. ઝાડની ડાળ પર બે કાગડા હતા. એમણે અજગરને જોયેલો. એક કાગડાએ કહી દીધું કે સૂરજ અને શશી તો અજગરના પેટમાં છે.

દિવસ અને રાત ગભરાયાં. રાત એની બહેન ઊંઘ પાસે ગઈ. ઊંઘે સરસ રસ્તો કાઢયો : 'હું અજગરને ઊંઘાડી દઈશ. તું સૂરજ અને શશીને બહાર કાઢી લેજે.' પછી એ લોકો જંગલમાં ગયાં. ઊંઘ હળવેથી અજગરની આંખોમાં ઘૂસી ગઈ. અજગરે મોટું બગાસુ ખાધું અને મોઢું ખુલ્લું રાખીને સૂઈ ગયો. રાત અજગરની ઉપર ચડી ગઈ. એણે બન્ને બાળકોને બહાર ધકેલી દીધાં. બધાંએ દોટ મારી મૂકી. ઊંઘ પણ કૂદીને બહાર નીકળી અને અલોપ થઈ ગઈ.

અજગર જાગી ગયો. એણે બાળકોને દોડતાં જોયાં. એ એમની પાછળ દોડયો. પણ સૂરજ અને શશી તો પહાડ પર ચઢીને આકાશમાં ઊડી ગયાં. અજગર ગુસ્સાથી ધૂંઆપૂંઆ. એણે જોરથી ફૂંફાડો માર્યો. સૂરજ અને શશી તે દિવસથી આકાશમાં જ રહે છે. અજગર એમને ગળી શકતો નથી.

- **માહિતી આધારિત પ્રશ્નો :**

૧. સૂરજ અને શશીનાં મમ્મી અને પપ્પાનું નામ શું છે?
૨. સૂરજ અને શશીને કોણ ગળી ગયું?
૩. કોણે અજગરને સૂરજ અને શશીને ગળી જતાં જોયેલો?
૪. રાતની બહેન સાંજ હતી. - સાચું કે ખોટું?
૫. સૂરજ અને શશી ક્યાં ઊડી ગયા?

- **સમજ આધારિત પ્રશ્નો :**

૧. સૂરજ અને શશીને તમે કેવી રીતે મદદ કરો?
૨. આ વાર્તામાં તમને કયું પાત્ર ગમ્યું? કેમ?
૩. સૂરજ અને શશી કેમ આકાશમાંથી ઊતરતા નથી.
૪. આ વાર્તામાં ઊંઘ કોની બહેન અને કોની માસી છે?
૫. દિવસ અને રાતની જેમ તમારાં મમ્મી પપ્પાને તમારી ચિંતા થઈ હોય એવી ઘટના કે પ્રસંગનું વર્ણન કરો.
૬. ઊંઘ ક્યાં અલોપ થઈ ગઈ હશે?
૭. જો કાગડાઓએ મદદ ન કરી હોત તો શું થયું હોત?

- **લેખન પ્રવૃત્તિ :**
  - ★ **ધો.૧નાં** બાળકો સાથે સૂર્ય, ચંદ્ર વિશે ચર્ચા કરી અને તેમનું ચિત્ર દોરી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.૨નાં** બાળકો સાથે સૂર્ય, ચંદ્ર વિશે ચર્ચા કરી તેમના વિશે ત્રણ-ચાર શબ્દો લખવાની પ્રવૃત્તિ કરો અને અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'હંસ અને ઉંદર' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

હંસ અને ઉંદર

નદીકાંઠે આવેલા ખેતરમાં ઉંદરનું કુટુંબ રહેતું હતું. તે ખૂબ મજાથી પોતાના પરિવારનું પાલન-પોષણ કરતું હતું. ખેતરની પાસે એક નદી હતી. નદીમાં એક હંસ રહેતો હતો. હંસ અને ચૂં ચૂં ઉંદર ભાઈબંધ હતાં. એકવાર હંસ તેનાં બચ્ચાં સાથે તરવા નીકળ્યો. કેટલાંક ડૂબવા લાગ્યાં તો હંસ તેમને તરતાં શીખવતો હતો. તે સમયે અચાનક બીજું બચ્ચું પણ ડૂબવા લાગ્યું, બચ્ચું ગભરાઈ ગયું. ફરી પાછા હંસે તેને મદદ કરી બચાવ્યું. ફરી પાછો હંસ પોતાનાં બચ્ચાને તેની સાથે રાખી તરવા લાગ્યો. ત્યાં અચાનક ચૂંચૂં ઉંદરે એક બાજ પક્ષી ઊડતું આવતું જોયું. ઉંદરે હંસને કહ્યું, 'હંસભાઈ, બાજ પક્ષી આવે છે.' **(હંસ હવે શું કરશે ?)** હંસે પોતાનાં બચ્ચાંને પાંખ નીચે સંતાડી દીધાં. આમ, બચ્ચાં તે દિવસે બચી ગયાં.

ઉનાળાની ઋતુ હતી. ઉંદરના કુટુંબને ગરમી લાગવા માંડી. ચૂંચૂં ઉંદરે ઉંદરડીને કહ્યું, 'મને કંઈ બળતું હોય એવી વાસ આવે છે. જરૂર ખેતર સળગી રહ્યું છે.' થોડા વખતમાં ખેતરમાં જવાળાઓ ફેલાઈ ગઈ. ચૂંચૂંએ ગભરાઈને ઉંદરડીને કહ્યું, 'આપણે બધાં બળી જશું' **(હવે ઉંદરનું કુટુંબ બચવા કેવા કેવા વિચાર કરશે ?)**

બરાબર તે વખતે પેલો હંસ નદીમાં તરતો આવ્યો. તેણે ઉંદરને મુસીબતમાં જોયો. ઉંદરને મુસીબતમાં જોઈ તેણે કરેલ મદદ ભૂલ્યો ન હતો. ચૂંચૂં એ તેના બચ્ચાંને બાજ પક્ષીથી બચાવ્યાં હતાં. હંસને થયું કે તેણે ઉંદરના કુટુંબને બચાવવું જ જોઈએ. **(તો હંસ ઉંદરના કુટુંબને બચાવવા શું કરશે ?)** હંસે ચૂંચૂં ને કહ્યું કે, 'તું તારા કુટુંબને લઈને મારી પીઠ પર ચઢી જા.' ચૂંચૂં ઉંદરના બચ્ચાને હંસની પીઠ પર બેસવાની મજા આવી ગઈ અને મુશ્કેલીથી પાર ઊતરવાનો આનંદ હતો.

આમ, હંસે તેને નદી પાર કરાવી સલામત રીતે સામે કિનારે ઉતારી દીધાં. ચૂંચૂં એ કહ્યું, 'હંસભાઈ, તમારો આભાર ! અમે હવે સલામત છીએ.'

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. બાજ પક્ષીનો શિકાર કોણ હતું ?
  ૨. ઉંદરના કુટુંબને કોણે બચાવ્યું ? કેવી રીતે ?
  ૩. હંસ તેના બચ્ચાને શું શીખવતો હતો ?
  ૪. હંસના કોણે બચાવ્યું ? કેવી રીતે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. હંસની જગ્યાએ તમે હોય તો ઉદરડીના કુટુંબને કેવી રીતે બચાવો ?
  ૨. તમને કંઈક સળગવાની વાસ આવે તો તમે શું ? કરો ?
  ૩. તમારા કુટુંબમાં કોઈએ તમને કંઈક શિખવાડ્યું હોય તે વિશે કહો ?
  ૪. જો હંસે ઉંદરના કુટુંબને બચાવવા ન આવ્યો હોત તો ઉંદરડી શું કરત ?
  ૫. તમે મુસીબતના સમયમાં કોઈની મદદ કરી હોય તે વિશે કહો.
  ૬. હંસ ઉંદરની બીજી કઈ રીતે મદદ કરી શક્યો હોત ?

- **લેખન પ્રવૃત્તિ :**
  - ★ **ધો. ૧ નાં** બાળકોને તેમના બાજુમાં બેસેલા તેમના મિત્ર સાથે વાત કરી તેનું ચિત્ર દોરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.૨નાં** બાળકોને તેમના બાજુમાં બેસેલા તેમના મિત્ર સાથે વાત કરી તેનું નામ અને તેના વિશે બે-ત્રણ શબ્દો લખવાની પ્રવૃત્તિ કરો.
- **'મને વહાલાં મારાં બા' કાવ્યનું હાવભાવપૂર્વક ગાન કરો :**

મને વહાલાં મારાં બા

બા વિના મને ખવડાવે કોણ ?
બા વિના મને સુવડાવે કોણ ?
વહાલાં મારાં બા, મને વહાલાં મારાં બા...
બાપુ વિના મને રમાડે કોણ ?
સાઇકલ પર મને બેસાડે કોણ ?
વહાલાં મારા બાપુ, મને વહાલાં મારા બાપુ...
દાદી વિના લાડ કરે કોણ ?
બઉઓ મોટો આપે કોણ ?
વહાલાં મારાં દાદી, મને વહાલાં મારાં દાદી...
દાદા વિના વાર્તા કહે કોણ ?
મંદિરે મને લઈ જાય કોણ ?
વહાલા મારા દાદા, મને વહાલાં મારા દાદા...

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. તમારા ઘરે કોણ કોણ છે ?
  ૨. તમને વાર્તા કોણ કહે છે ?
  ૩. ગીતમાં બાપુ શું કરાવે છે ?
  ૪. ગીતમાં બા શું શું કરાવે છે ?
- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. ઘરમાં તમે કોની સાથે રમો છો અને કેવી રીતે ?
  ૨. તમને સૌથી વધુ લાડ કોણ કરે છે ? કેવી રીતે ?
  ૩. તમને સૌથી વધુ કોણ ગમે છે ? કેમ ?
  ૪. મમ્મી સિવાય તમને કોણ ખવડાવે છે ?
- **લેખન પ્રવૃત્તિ :**
  - ★ **ધો. ૧ નાં** બાળકો સાથે તેમનાં બા(મમ્મી) વિશે ચર્ચા કરી તેનું નામ લખવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.૨નાં** બાળકો સાથે ગીતમાં આવતાં પાત્રો - બા, દાદા, મમ્મી, પપ્પામાંથી કોઈપણ વિશે ચર્ચા કરી તેમના વિશે ત્રણ-ચાર શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૩ : સૂરજ અને શશી

સમૂહકાર્ય

- **'બડી લંબી રે મારા દાદાની મૂછ' કાવ્યનું હાવભાવપૂર્વક ગાન કરો:**

'બડી લંબી રે મારા દાદાની મૂછ'

બડી લંબી રે મારા દાદાની મૂછ,
દાદાની મૂછ જાણે બિલ્લીની પૂછ, બડી લંબી રે...
દાદાજી પોઢયા, તા રંગીલે ઢોલીયે,
શાહીથી રંગી મેં દાદાની મૂછ, બડી લંબી.....
અંધારે એકલો હું ચોકલેટ શોધતો,
ઘરેથી તાણી મેં તો દાદાની મૂછ, બડી લંબી....
કાતર લઈ હું તો કાગળિયાં કાપતો,
કચ-કચ કાપી મેં તો દાદાની મૂછ, બડી લંબી....
ભાઈના પારણિયે તૂટેલી દોરી,
દોરીએ બાંધી મેં તો દાદાની મૂછ, બડી લંબી....

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. દાદાની મૂછ કૂતરાની પૂંછડી જેવી છે. - સાચું કે ખોટું.
  ૨. દાદાની મૂછ કેટલી લાંબી છે ?
  ૩. દાદાની મૂછ કેવી રીતે કાપી ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. તમારે મૂછ હોય તો કોના જેવી હશે ? કેમ ?
  ૨. તમારા દાદા કે પપ્પાને મૂછ છે ? કોના જેવી છે ?
  ૩. તમે કેવી કેવી મૂછ જોઈ છે તેના વિશે ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો.-૧ નાં** બાળકો સાથે અલગ-અલગ પ્રકારની કે તેમણે જોયેલી મૂછ વિશે ચર્ચા કરી તેનું ચિત્ર દોરી અન્ય બાળક સાથે વાત-ચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨ નાં** બાળકો સાથે અલગ-અલગ પ્રકારની તેમણે જોયેલી મૂછ વિશે ચર્ચા કરી તેના વિશે એક-બે શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **નીચે આપેલાં ઉખાણાં તથા જોડકણાંનું હાવભાવપૂર્વક ગાન કરાવો :**

દિવાળીએ આવે છે,
મીઠાઈ કપડાં લાવે છે,
બાના એ ભાઈ છે,
બોલો એ કોણ છે ?

આ બા છે.
બા કામ કરે છે.
આ બેન છે.
બેન રમે છે.
આ મામા છે.
આ કાકા છે.

મારાનું ઘર કેટલે ?
દીવો બળે એટલે,
દીવો મેં તો દીઠો,
મામો લાગે મીઠો.

એકમ-૩ : સૂરજ અને શશી

સમૂહકાર્ય

● પ્રવૃત્તિ :

– વિવિધ પશુપક્ષીઓના અવાજનો પરિચય કરાવો.

– વિવિધ તહેવારમાં શું શું કરીએ છીએ તેના વિશે પ્રશ્નો પૂછો.

● **શું શું હોય છે?**

– બધાં જ બાળકો એક ગોળાકારમાં ઊભા રહે. પછી રેલગાડીની જેમ ગોળ ગોળ ફરશે.

– શિક્ષક બાળકો વચ્ચે ઊભા રહીને તાળીઓ વગાડશે અને સાથેસાથે બોલશે "શું હોય છે લાલ-લાલ ?". બાળકો પણ શિક્ષક સાથે સાથે બોલશે"શું હોય છે લાલ-લાલ ?". જ્યાં સુધી શિક્ષક તાળીઓ વગાડે ત્યાં સુધી બાળકો ગોળ ગોળ ચક્કર લગાવશે.


– હવે શિક્ષક કોઈપણ એક બાળકના માથા પર હાથ રાખીને પૂછશે કે શું હોય છે લાલ-લાલ ? તે જ બાળક કોઈપણ લાલ વસ્તુનું નામ જણાવશે, જેમ કે, સફરજન અને તેના વિશે થોડી વાત જણાવશે.

– ફરીવાર રેલગાડી ચાલશે. શિક્ષક રંગ, આકૃતિ, સ્વાદ વગેરે અંગે પૂછી શકે છે. જેમ કે, "શું હોય છે ગોળ – ગોળ?" ,"શું હોય છે ખાટું – ખાટું?" વગેરે જેવી કોઈ એક બાબત બાળકને પૂછશે.

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	મને વહાલાં મારાં બા	સૂરજ અને શશી		શું શું હોય છે ?	
૨	જોડકણાં	સૂરજ અને શશી	સૂરજ અને શશી		
૩	'બડી લંબી રે મારા દાદાની મૂછ'	હંસ અને ઉંદર			નવરાત્રી
૪	મને વહાલાં મારાં બા		મને વહાલાં મારાં બા	શું શું હોય છે ?	
૫	જોડકણાં	હંસ અને ઉંદર	હંસ અને ઉંદર		
૬	'બડી લંબી રે મારા દાદાની મૂછ'		'બડી લંબી રે મારા દાદા ની મુંછ'		નવરાત્રી

યાદ રાખો :



સમૂહકાર્ય-૧

- **'બે બિલાડી અને વાંદરો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

બે બિલાડી અને વાંદરો

એક હતી કાળી બિલાડી ને એક હતી ધોળી બિલાડી. હવે એક વાર એવું થયું કે તેમને એક રોટલો મળ્યો. ધોળી બિલાડી કહે : 'આ રોટલો મારો.' ને કાળી બિલાડી કહે : 'ના, આ રોટલો મારો.' પછી તો ભાઈ, એ બંને વચ્ચે ભારે કજિયો થયો. વળી રોટલાના બે સરખા ભાગ કરતાં બેમાંથી કોઈને આવડે નહીં. હવે કરવું શું ?

નજીકના ઝાડ પર બેઠેલો વાંદરો આ જોતો હતો. તેણે વિચાર્યું કે એવી યુક્તિ કરું કે તે લડતી રહે ને રોટલો આવી જાય મારા પેટમાં. એમને ખબરેય ના પડે. એટલે તે પેલી બિલાડીઓ પાસે આવ્યો. બિલાડીઓએ પોતાની વાત કહી. તેને વાંદરો ઠાવકો થઈ સાંભળી રહ્યો. પછી કહે : 'અરે ! એમાં શું ? ચપટી વગાડતામાં બે ભાગ કરી દઉં. પણ એકદમ સરખા ભાગ કરવા હોય તો ત્રાજવું જોઈએ.' ધોળી બિલાડી નજીકના ઘરમાં જઈ ત્રાજવું લઈ આવી. વાંદરાભાઈએ રોટલાના બે કટકા કર્યા, ને ત્રાજવાનાં બે પલ્લાંમાં મૂક્યા. પણ આ શું ? એક કટકો મોટો હતો. તે પલ્લું નીચું થઈ ગયું. ને બીજુ પલ્લું ઊંચું થઈ ગયું. હવે બેઉ કટકા સરખા તો કરવા જ પડે ને ! એટલે વાંદરાભાઈએ જે કટકો મોટો હતો તેમાંથી એક બટકું ભરી લીધું. પાછું ત્રાજવામાં મૂક્યું. ને ત્રાજવું કર્યું ઊંચું. તો આ શું ? હવે બીજું પલ્લું નમેલું હતું. બે ભાગ સરખા કરવા તેણે એમાંથી એક બટકું રોટલો ખાધો. ફરી ત્રાજવામાં મૂક્યું. ફરી ત્રાજવું ઊંચું કર્યું. તો હવે ? હવે પાછું પહેલું પલ્લું નીચું હતું.

આ જોઈ ધોળી બિલાડી કહે, 'પણ તમે આમ બટકાં ભર્યા કરો છો તે રોટલો તો પૂરો થવા આવ્યો છે. આમ, બટકાં ન ભરો.' તો વાંદરો કહે 'પણ મારે બે ભાગ સરખા તો કરવા પડે ને ! સરખા કરવા બટકાં ભરવાંય પડે.' એમ કરતાં કરતાં આખોય રોટલો વાંદરાભાઈ ખાઈ ગયા. બિલાડીઓ જોતી રહી. વાંદરાભાઈ તો જતા રહ્યા.

કાળી બિલાડી બોલી : 'આપણે સંપીને રોટલો ખાધો હોત તો કેવું સારું થાત !'

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. આ વાર્તામાં વાંદરો શું કામ કરતો હતો ?
  ૨. બે બિલાડી વચ્ચે કઈ બાબતનો ઝઘડો થયો હતો ?
  ૩. બંને બિલાડીઓએ સંપીને રોટલો ખાધો. - સાચું કે ખોટું ?
  ૪. "ચપટી વગાડતાં બે ભાગ કરી દઉં". આ કોણ બોલ્યું ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. વાંદરાની જગ્યાએ તમે હો તો શું કરો ?
  ૨. બિલાડીઓ સંપીને રહી હોત તો શું થાત ?
  ૩. તમારા ઘરમાં કોણ ખાવાની વસ્તુઓ વહેંચી આપે છે ? કેવી રીતે ?
  ૪. કઈ-કઈ ચીજવસ્તુના બે સરખા ભાગ ન થઈ શકે ?
  ૫. જો રોટલાની જગ્યાએ દૂધ હોય તો તેના કેવી રીતે સરખા ભાગ થઈ શકે ?
  ૬. વાંદરાભાઈએ વાર્તામાં જે કર્યું તે શું યોગ્ય છે ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો.૧નાં** બાળકો સામે વાર્તા વિશે ચર્ચા કર્યા બાદ તેમની સમજ પ્રમાણે એક-બે શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.૨નાં** બાળકો સામે વાર્તા વિશે ચર્ચા કર્યા બાદ તેમની સમજ પ્રમાણે એક-બે વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૪ : બે બિલાડી અને વાંદરો

સમૂહકાર્ય

- **'સંપ ત્યાં જંપ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

સંપ ત્યાં જંપ

સવારનો સમય હતો, પોપટનું ટોળું આકાશમાં ઊડતું ઊડતું જતું હતું. પોપટનું ટોળું ચારાની શોધમાં નીકળ્યું. દૂર-દૂર એક ઝાડ જોયું. તે ઝાડ પાસે જઈને જોયું તો ઝાડ પાસે ઘણા દાણા જોયા. દાણા જોઈને પોપટો ચણવા માટે નીચે ઊતરવા લાગ્યા. કેટલાક યુવાન પોપટો નીચે ઊતરવા માટે ઊતાવળા થયા. ત્યારે અચાનક જ એક ઘરડા પોપટે કહ્યું, 'નીચે ન ઊતરો, નાહક ફસાશો.'

યુવાન પોપટોને ઘરડા પોપટની સલાહ ન ગમી, તેઓ ઘરડા પોપટની વાત સાંભળ્યા વિના નીચે ઊતરી ગયા. નીચે ઊતર્યા તો એક શિકારીએ ઝાડની નીચે જાળ બિછાવી હતી. તેમ છતાં ઘરડા પોપટે કહ્યું કે મને આમાં ફસામણી ચોખ્ખી દેખાય છે. જલદી પાછા ફરો. આટ-આટલું કહેવા છતાં યુવાન પોપટો નીચે ઊતરી ગયા. ફરીથી પણ ઘરડા પોપટે ચેતવ્યા, 'જરા આંખથી જુઓ, દાણા તો છે, પણ સાથે જાળ પણ છે. તમારા પગ હવે ફસાઈ જશે.'

તેવા સમયે ઘરડા પોપટને શિકારના ભણકારા વાગવા લાગ્યા. તે પહેલાં તો યુવાન પોપટો બધા ફસાઈ ચૂકયા હતા. તેણે ફસાયેલા પોપટોને કહ્યું, 'હવે મારું કહ્યું માનો અને છૂટવા માટે હું કરું તેમ કરો.' એક-બે અને ત્રણ કહું કે બધા સાથે ઊડજો.

હવે યુવાન પોપટોને તેમની ભૂલ સમજાઈ, અને ઘરડા પોપટની સલાહ મુજબ બધા સાથે ઊડયા. જાળ પણ ઊચકાઈ. ઘરડો પોપટ બધાને દૂર એક ઉંદર પાસે દોરી ગયો. ઉંદર એનો મિત્ર હતો.

ઘરડા પોપટે તેના ઉંદર મિત્રને કહ્યું, 'દોસ્ત, તારા તીણા દાંતથી જાળ કાપી મારા સાથીઓને છૂટા કર.' ઉંદરે ઝડપથી જાળ કાપી અને પોપટો છૂટયા.

ઘરડા પોપટ અને ઉંદર મિત્રની યુક્તિના કારણે શિકારી નિરાશ થઈ ગયો અને પોપટો પોતાના રસ્તે પડયા. હવે તેમણે ઘરડા પોપટની બધી વાત માનવાનું કબૂલ કર્યું હતું.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  1. ઘરડા પોપટની સલાહ મુજબ બધા પોપટ સાથે કેમ ઊડયા ?
  2. બધા પોપટ વારાફરતી ઊડે તો શું થાય ?
  3. ઘરડો પોપટ બધા પોપટને ઉંદર પાસે કેમ લઈ ગયો હશે ?
  4. 'એક-બે ને ત્રણ કહું કે બધા એક સાથે ઊડજો.' ઘરડા પોપટે આવું શા માટે કહ્યું હશે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  1. પક્ષીઓ દાણા સિવાય શું શું ખાય છે ?
  2. દાણાં ચણતાં બીજાં પક્ષીઓનાં નામ કહો.
  3. દાણાં સાથે જાળ કેમ રાખવામાં આવી હશે ?
  4. જો ઉંદર પોપટનો મિત્ર ના હોત તો શું થયું હોત ?
  5. ઘરડા પોપટે કેમ સલાહ આપી ?
  6. જો પોપટોના ટોળામાં ઘરડો પોપટ ન હોત તો શું થાત ?
- **લેખન પ્રવૃત્તિ :**
  - ★ **ધો. ૧નાં** બાળકો સાથે વાર્તા વિશે ચર્ચા કર્યા પછી તેમના મિત્રો સાથે વાર્તા કેવી લાગી તેને વિશે ચર્ચા કર્યા પછી એક-બે શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો. ૨નાં** બાળકો સાથે વાર્તા વિશે ચર્ચા કર્યા પછી તેમના મિત્રો સાથે વાર્તા કેવી લાગી તેને વિશે ચર્ચા કરી. એક-બે વાક્ય લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૪ : બે બિલાડી અને વાંદરો

સમૂહકાર્ય

- **'આવો પારેવાં' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

આવો પારેવાં

આવો પારેવાં, આવો ને ચકલાં,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો પોપટડા, મેનાને લાવજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો કાબરબાઈ, કલબલ ના કરશો,
ચોકમાં દાણા નાખ્યા છે.
બંટી ને બાજરો, ચોખા ને બાવટો,
ચોકમાં દાણા નાખ્યા છે.
ધોળી છે જાર ને ઘઉં છે રાતડા,
ચોકમાં દાણા નાખ્યા છે.
નિરાંતે ખાજો, નિરાંતે ખૂંદજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
બિલ્લી નહીં આવે, કૂતરો નહીં આવે,
ચોકમાં દાણા નાખ્યા છે.
ચકચક કરજો ને કટકટ કરજો,
ચોકમાં દાણા નાખ્યા છે.

- ગિજુભાઈ બધેકા

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. ચોકમાં ક્યાં ક્યાં પંખી આવે છે ?
  ૨. જાર અને ઘઉં કેવા રંગનાં છે ?
  ૩. પંખીઓને કોનાથી બીક લાગે છે ?
- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. જો ચોકમાં કૂતરો અને બિલાડી આવે તો શું થાય ?
  ૨. તમારા ઘરના આંગણામાં કે શાળામાં ક્યાં ક્યાં પંખીઓ આવે છે ?
  ૩. બાળકો સાથે વિવિધ પંખીઓના અવાજ કાઢવા અંગે ચર્ચા કરો.
  ૪. બાળકો સાથે તેમને ભાવતી વાનગી અંગે તે કેમ ભાવે છે, કેવી રીતે બને છે તેના વિશે ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧નાં** બાળકોની સાથે તેમણે જોયેલા પંખીઓ વિશે ચર્ચા કરી એક-બે પંખીનાં નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨નાં** બાળકોની સાથે તેમણે જોયેલાં પંખીઓ વિશે ચર્ચા કરી કોઈ એક-બે પંખી વિશે એક-બે વાક્ય લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **'મારો છે મોર' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

મારો છે મોર

મારો છે મોર
મારો છે મોર, મારો છે મોર,
મોતી ચરતો મારો છે મોર.
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
મોતી ચરતી મારી છે ઢેલ.
મારો છે મોર, મારો છે મોર,
માળામાં બેસનાર મારો છે મોર.
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
ડાળી પર બેસનારી મારી છે ઢેલ.
મારો છે મોર, મારો છે મોર,
રાજાનો માનીતો મારો છે મોર.
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
રાણીની માનીતી મારી છે ઢેલ.
બોલે છે મોર, બોલે છે મોર,
સોનાને ટોડલે, બોલે છે મોર.
બોલે છે ઢેલ, બોલે છે ઢેલ,
રૂપાના બારણે, બોલે છે ઢેલ.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. મોર અને ઢેલ કયાં કયાં બેસે છે ?
  ૨. "મોતી ચરતી મારી છે મોર" - સાચું કે ખોટું ?
  ૩. મોર કોનો અને ઢેલ કોની માનીતી છે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. બાળકો સાથે મોર અને ઢેલના દેખાવ અંગે ચર્ચા કહો.
  ૨. બાળકો સાથે તેમણે જોયેલા મોર અને ઢેલના અનુભવ વિશે ચર્ચા કહો.
  ૩. બાળકો પાસે તેમને ગમતાં પંખી વિશે ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧નાં** બાળકો સાથે મોરના દેખાવ વિશે ચર્ચા કરી તેનું ચિત્ર દોરી તેનું નામ લખવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨નાં** બાળકો સાથે મોરના દેખાવ અંગે ચર્ચા કરી તેને વિશે એક-બે વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૪ : બે બિલાડી અને વાંદરો

સમૂહકાર્ય

- **નીચેનાં જોડકણાંનું હાવભાવપૂર્વક ગાન કરો :**
  - આ જોડકણાંનું ગાન કરાવો.
  - જોડકણાને અનુરૂપ અભિનય કરાવો.

નહાય નદીમાં નહાય,
છોકરો નહાય નદીમાં નહાય.
તરે, ડુબકી ખાય,
છોકરો નહાય નદીમાં નહાય.

પમ પમ પમ પિપુડી વાગે,
ડમ ડમ ડમ ડમરું વાગે,
બંસી કનૈયાની વાગે ત્યારે,
છમ છમ છમ ગોપીઓ નાચે.

દૂધ પીએ ને છાશ પીએ,
શૈલીબેન બે ગ્લાસ પીએ,
તાજું દૂધ ને તાજી છાશ,
શૈલીબેનને ભાવે ખાસ !

રેતીના ઢગલા છે રણમાં,
રણ વસ્યું રેતના કણમાં,
બાળક રમતું અહીંયાં ઘર,
ધજા ફરકતી અહીં ફરફર.

- **હું કોણ છું ?**
  - બધાં જ બાળકો 'યુ' આકારમાં બેસી જશે. શિક્ષક જુદાં જુદાં ચિત્ર કાર્ડ ઊલટા કરીને મૂકી રાખશે. (ચિત્રકાર્ડમાં ફળો, શાકભાજી, પક્ષીઓ, પશુઓ વગેરેનાં ચિત્રો હોઈ શકે છે)
  - કોઈ એક બાળક આવીને ચિત્ર જોશે. ધ્યાન રાખવું કે જયારે બાળક ચિત્ર ઉપાડે ત્યારે બીજાં બાળકોને ચિત્ર ન દેખાય.
  - બાળક ચિત્રમાં દેખાતાં ફળ, શાકભાજી, પશુ કે પક્ષી વિશે અમુક બાબતો જણાવશે. ઉદાહરણ માટે, જો કેરીનું ચિત્ર છે તો બાળક જણાવશે કે, આ એક ફળ છે. તે સ્વાદમાં ખૂબ જ મીઠું હોય છે. તેને ફળોનો રાજા પણ કહેવામાં આવે છે. તે ઉનાળામાં મળે છે.
  - આ વર્ણન સાંભળીને બીજાં બાળકોએ અનુમાન કરવાનું છે કે ચિત્ર કઈ વસ્તુનું હોઈ શકે છે.

    (શરૂઆતમાં શિક્ષક બાળકોને મદદ કરશે. એક અથવા બે ઉદાહરણો પણ બાળકોને કહી શકે છે. જે બાળક ચિત્ર ઉપાડે છે તે બાળકને પણ શિક્ષક મદદ કરે. જેમાં બાળકને ચિત્ર વિશે શું શું બોલવું જેમાં તે કેવા રંગનું છે. તેનો આકાર કેવો છે. તે કઈ શ્રેણીમાં આવે છે જેમ કે, ફળ, શાકભાજી, પશુ, પક્ષી વગેરે. એકવાર બાળકોને રમતનો ખ્યાલ આવી જાય પછી શિક્ષક મદદ કરવાનું બંધ કરી દે.)

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	આવો પારેવાં	બે બિલાડી અને વાંદરો		હું કોણ છું ?	
૨	જોડકણાં	બે બિલાડી અને વાંદરો	બે બિલાડી અને વાંદરો		
૩	મારો છે મોર	સંપ ત્યાં જંપ			મેળો
૪	આવો પારેવાં		આવો પારેવાં	હું કોણ છું ?	
૫	જોડકણાં	સંપ ત્યાં જંપ	સંપ ત્યાં જંપ		
૬	મારો છે મોર		મારો છે મોર		મેળો

એકમ-૫ : ટોપીઓ વેચનારો અને વાંદરા સમૂહકાર્ય

સમૂહકાર્ય-૧

- **'ટોપીઓ વેચનારો અને વાંદરા' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

ટોપીઓ વેચનારો અને વાંદરા

એક ટોપી વેચનારો ફેરિયો મેળામાં ટોપીઓ વેચી, વધેલી ટોપીઓ લઈને ઘર તરફ પાછો ફરતો હતો. રસ્તામાં જંગલ આવ્યું. જંગલમાં એક વિશાળ વડની છાયામાં તે આરામ લેવા સૂતો. ટોપીઓનું પોટકું બાજુમાં મૂકયું.

વડ ઉપર વાંદરાની ટોળીનો વાસ હતો. થોડીવારમાં વાંદરાના એક બચ્ચાએ કિકિયારી કરી. વાંદરાનું ટોળું હૂપાહૂપ કરતું આવી પહોંચ્યું. બચ્ચાએ સહુને પેલું પોટકું બતાવ્યું.

વાંદરાનો સરદાર ઝડપથી ત્યાં પહોંચ્યો અને પોટકું ઉપાડી લાવ્યો. પોટકું ખોલ્યું તો તેમાં ટોપીઓ જ ટોપીઓ. રંગબેરંગી ટોપીઓ. સરદાર તથા વાંદરાઓ ટોપીઓ જોઈ ખુશ થઈ ગયા. સરદારે દરેક વાંદરાને એક એક ટોપી આપી. વાંદરાં ટોપીઓ પહેરીને નાચવા-કૂદવા લાગ્યાં.

આ ધમાધમથી ફેરિયાની ઊંઘ ઊડી ગઈ. જાગીને જોયું તો ટોપીઓનું પોટકું ગુમ ! ઊંચે નજર કરી તો વડ તેમજ આજુ બાજુનાં વૃક્ષ ઉપર વાંદરાઓ માથા ઉપર ટોપી ઓઢીને બેઠા હતાં અને આનંદથી કિકિયારીઓ કરતાં હતાં.

ફેરિયાએ વાંદરાઓ તરફ જોઈને હાથના ઈશારા કરી, ટોપીઓ નીચે નાખી દેવા કહ્યું. વાંદરા હસતા, ફેરિયાએ ગુસ્સાથી પગ પછાડયા, વાંદરાઓએ અનુકરણ કર્યું, ફેરિયાએ વાંદરાઓ તરફ પથ્થરો ફેંકયા, વાંદરાઓએ ફેરિયા તરફ વડનાં ટેટા તોડીને ફેંકયાં, કંટાળેલા ફેરિયાના મગજમાં એક વિચાર ઝબકયો.

તેણે પોતાના માથા પરની ટોપી કાઢીને તેનો જમીન ઉપર ઘા કર્યો. બાજુનાં ઝાડ ઉપરથી એક વાંદરું ઝડપથી ઊતર્યું અને તે ટોપી ઝડપીને પાછું ઝાડ ઉપર ચડી ગયું. ટોપી પહેર્યા વગર બાકી રહી ગયેલા એક વાંદરાને તેણે તે ટોપી આપી દીધી.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. વાર્તામાં ફેરિયો શું વેચીને પાછો આવતો હતો ?
  ૨. ફેરિયો કયા ઝાડ નીચે સૂઈ ગયો ? કેમ ?
  ૩. વાંદરાઓએ ટોપી લઈને શું કર્યું ?
  ૪. ફેરિયાએ વાંદરાઓ તરફ શું ફેક્યું ? ને વાંદરાએ ફેરિયા તરફ શું ફેક્યું ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. વાંદરાએ ફેરિયા તરફ ફળ કેમ ફેક્યાં ? અને જો ઝાડ પર ફળ ન હોત તો વાંદરાઓએ શું ફેક્યું હોત ?
  ૨. જો ફેરિયાની પાસે ટોપીઓની જગ્યાએ રમકડાં હોત તો વાંદરાઓએ શું કર્યું હોત ?
  ૩. જો ફેરિયાની જગ્યાએ તમે હોત તો તમે શું કરત ?
  ૪. બાળકો સાથે તેમના વાંદરા કે ફેરિયા સાથેના અનુભવો વિશે ચર્ચા કરો.
  ૫. વાંદરાએ ફેરિયાએ ફેકેલી ટોપી કેમ લઈ લીધી ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો.૧નાં** બાળકો સમક્ષ વાર્તા વિશે ચર્ચા કરી વાર્તા વિશે ચર્ચા કરી એક-બે શબ્દ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.૨નાં** બાળકો સાથે વાર્તા વિશે ચર્ચા કરી વાર્તા વિશે બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાત-ચીત કરવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૫ : ટોપીઓ વેચનારો અને વાંદરા સમૂહકાર્ય

- **'ના, હું તો ગાઈશ.' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

ના, હું તો ગાઈશ.

એક ગધેડું અને એક શિયાળ ભાઈબંધ હતાં. એક અજવાળી રાતે ગધેડાએ શિયાળને કહ્યું, "આપણે શેરડી ખાવા જઈએ." બંને શેરડીના ખેતરમાં આવ્યાં. ગધેડો કહે, "સરસ શેરડી છે." હા, સાચી વાત... શિયાળે કહ્યું. બંનેએ ધરાઈને શેરડી ખાધી. શિયાળ કહે, "હવે જઈએ, ખાધા પછી રોકાવાની જરૂર નથી." ગધેડો કહે, "થોડું રોકાઈએ, ખાધા પછી મને ગાવાની ટેવ છે."

"રખેવાળ આવશે તો ?" શિયાળે કહ્યું. "તો પણ હું ગાઈશ." ગધેડો બોલ્યો. "તો પસ્તાશો." શિયાળે કહ્યું. ગધેડાએ ભૂંકવાનું શરૂ કર્યું. શિયાળ બોલ્યો, "તમે ગાવાનું ચાલુ રાખો, હું રખેવાળોની બહાર ખબર રાખું છું." આમ કહી શિયાળ ભાગ્યું.

રખેવાળોએ આવી પહોંચીને ગધેડાને ઝૂડ્યો અને ખાંડણિયે બાંધ્યો. પછી તેઓ આરામ કરવા ગયા. ખાંડણિયો ઉપાડી ગધેડો ભાગ્યો. ખેતર બહાર શિયાળને મળ્યો. શિયાળ બોલ્યો, "તમારા ગાવાના ઈનામ ગળે લટકાવી લાવ્યા ખરા!" ગધેડો ભોંઠો પડ્યો.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. શિયાળે ગધેડાને શેરડી ખાવા જવાની વાત કરી. - સાચું કે ખોટું ?
  ૨. કોને ખાધા પછી ગાવાની ટેવ છે ?
  ૩. શિયાળ કેમ ભાગી ગયું ?
  ૪. ગધેડો પોતાના ગળામાં ઈનામ તરીકે શું લટકાવી લાવ્યા ? કેવી રીતે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. જો તમે શિયાળ જગ્યાએ હોત તો તમે શું કરો ? કેમ ?
  ૨. જો ગધેડાએ ગાવાનું શરૂ ન કર્યું હોત તો પણ શું તેઓ પકડાઈ જાત ? કેવી રીતે ?
  ૩. જો શિયાળની જગ્યાએ રીંછ હોત તો શું થાત ?
  ૪. બાળકો સાથે તેમની ટેવી, આદતો વિશે ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧ નાં** બાળકોને તેમના મિત્ર સાથે ચર્ચા કરી, ગધેડા અને શિયાળ વિશે એક-બે શબ્દ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકોને તેમના મિત્ર સાથે ચર્ચા કરી, ગધેડા અને શિયાળ વિશે એક-બે વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'શાકવાળી આવી' બાળગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

શાકવાળી આવી

આવી રે, આવી રે ભાઈ,
આવી શાકવાળી આવી...
પાલક લાવી, મેથી લાવી,
તાજી તાજી ભાજી લાવી,
મૂછોવાળા મૂળા લાવી.
આવી રે, આવી રે...
ફૂલાવર, કોબીજ, રીંગણ લાવી

કાંદા એટલે ડુંગળી લાવી,
લીલીછમ કોથમીર લાવી.
આવી રે, આવી રે...
ગાજર, પરવળ એની સાથે
બટાકા ને શક્કરિયાં
બીટ, દૂધી ને, મરચાં લાવી
આવી રે, આવી રે...

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. ગીતમાં શાકવાળી ક્યાં ક્યાં શાકભાજી લાવે છે ?
  ૨. શાકવાળી કેવાં મૂળા લાવી છે ?
  ૩. શાકવાળી જે શાકભાજી લાવી તેમાંથી તમને કયાં શાકભાજી ભાવે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. બાળકો સાથે ગીતમાં સમાવેશ થયેલાં અને તેમને ભાવતાં શાકભાજીના રંગ, સ્વાદ, દેખાવ વિશે ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧ નાં** બાળકોને તેમને ભાવતાં શાકભાજી વિશે ચર્ચા કરી જો ચિત્ર હોય તો બતાવી તેનું ચિત્ર દોરવા કહો અને પછી તે ચિત્ર વિશે વાત-ચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકોને તેમને ભાવતાં શાકભાજી વિશે એક-બે વાક્ય લખી તેને વિશે વાત-ચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'નાક - કાન વગર ગા' બાળગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

નાક - કાન વગર ગા

નાનકડું એક પતંગિયું ભાઈ વેરી ગુડ
ફરર ફરર ઊડતું રે કાંઈ વેરી વેરી ગુડ
બારીમાંથી સરર આવ્યું વેરી ગુડ
ચક્કર ચારે તરફ લગાવ્યું વેરી ગુડ
ટેબલ ઉપર સરર બેઠું વેરી ગુડ
દફતર ઉપર સરર બેઠું વેરી ગુડ
મારા ખભે ટપુક દઈને વેરી ગુડ
બેઠું ડાહ્યું ડમરું થઈને વેરી ગુડ

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. બારીમાંથી કોણ સરર આવ્યું ?
  ૨. ગીતમાં "વેરી ગુડ" કેમ કહે છે ?
  ૩. પતંગિયું તમારા ખભામાં કેવી રીતે બેઠું ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. જો તમને પતંગિયું બનવાનો મોકો મળે તો તમે ક્યાં ક્યાં ઊડો ?
  ૨. બાળકો સાથે તેમણે જોયેલા પતંગિયાના અનુભવ વિશે ચર્ચા કરો કે તે કેવા રંગનું હતું ? શું કરતું હતું ? ક્યાં જોયું હતું ?

૩. જો પતંગિયું તમારા (બાળકો) કરતાં પણ મોટું હોય તો શું થાય ?

- **લેખન પ્રવૃત્તિ**
  - ★ **ધો.૧નાં** બાળકોને ફૂરરર, સરરર જેવા શબ્દો વિશે ચર્ચા કરી નવા શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.૨નાં** બાળકોને તેમના નાક અને કાન અંગે એક-એક વાક્ય લખી લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **જોડકણાં**

લાંબા મારા કાન કેવા, ઊભા છે ટટાર ! જોતાં લાગે, હું છું કેવો, ડહાપણનો ભંડાર.	સરસર સરસર દોડી આવી, ચોખાના બે દાણા લઈ. પૂછડી કેરું આસન માંડી, કટકટ કટકટ ખાવા લાગી.	આમ ઊડે, તેમ ઊડે, વાંકી કરે ચાંચ, કાળું-કાળું અંગ એનું, કાળી એની આંખ.
ખાય તીખું, બોલે મીઠું, એવું મેં તો કૌતુક દીઠું ! ચાંચ એની લાલચટ, પાંખ એની લીલીકટ.	ગોટલામાં બેઠી ગોટલી, હવામાં ઊડે ચોટલી ! ચોટલીએ ચડયો ચોર, આકાશે ઊડયો મોર !	મોર વેરે પીંછ, આવે ઘરે રીંછ, રીંછ પીંછ લઈ, નાચે થૈ... થૈ... થૈ...

- બાળકોને આગળના દિવસે તેના ઘરમાં જે કોઈ રમકડાં હોય તે શાળામાં સાથે લેતાં આવવાની સૂચના આપો. બાળકોએ લાવેલાં રમકડાં પરથી નીચેનાં જેવાં ક્ષેત્રો પર પ્રશ્નો પૂછી માહિતીની આપલે કરાવો.
  - આ રમકડું શેનું છે?
  - આ વસ્તુ આપણને શું કામ આપે છે?
  - આ વસ્તુ ન હોય તો શું થાય?
  - આ વસ્તુ શેની બનેલી હશે?
  - આપણા જીવનમાં આ વસ્તુની શી અગત્ય છે?
  - તમારામાંથી કોના-કોના ઘરે છે?
  - તમે તેનો ઉપયોગ કર્યો છે? ક્યારે? કોની સાથે?
  - તમને આમાંથી કઈ વસ્તુ ગમે છે? શા માટે?
  - આ વસ્તુની આશરે કિંમત કેટલી હશે?
  - આ વસ્તુના બીજા ક્યા-ક્યા ઉપયોગ થાય?

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	શાકવાળી આવી	ટોપીઓ વેચનારો અને વાંદરા		રમકડાંની રમત	
૨	જોડકણાં	ના, હું તો ગાઈશ			ગામ
૩	'નાક-કાન વગર ગા'	ના, હું તો ગાઈશ	ના, હું તો ગાઈશ		
૪	શાકવાળી આવી		શાકવાળી આવી		ગામ
૫	જોડકણાં	ટોપીઓ વેચનારો અને વાંદરા	ટોપીઓ વેચનારો અને વાંદરા		
૬	નાક-કાન વગર ગા		નાક-કાન વગર ગા	રમકડાંની રમત	

સમૂહકાર્ય-૧

- **'શિયાળનું બચ્ચું' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

શિયાળનું બચ્ચું

એક જંગલ હતું. એમાં એક સિંહ, સિંહણ અને બે નાનાં નાનાં બચ્ચાં રહે. સિંહ રોજ શિકાર કરી લાવે ને સિંહણ સાથે જમે.

એકવાર સિંહ મોડી સાંજ સુધી રખડયો, પણ કોઈ શિકાર મળ્યો નહિ. પાછા ફરતાં એણે એક શિયાળનું બચ્ચું જોયું. શિયાળના બચ્ચાને જોઈને સિંહ ખુશ થઈ ગયો. સિંહને થયું : શિકાર મળી ગયો. આને ઘરે જ લઈ જઉં. **(શિયાળના બચ્ચાને ઘરે લઈ જઈ સિંહ શું કરશે ?)** પોતાના બચ્ચાં જેવડું જ નાનકડું. એને મારી નાખતાં સિંહનો જીવ ચાલ્યો નહિ.

આથી સિંહે શિયાળના બચ્ચાને દાંતોમાં જાળવીને પકડયું, જેથી તેને ઈજા ન પહોંચે. ઘરે જઈને સિંહે શિયાળનું બચ્ચું જીવતું જ સિંહણને સોપ્યું ને કહ્યું, 'આજે આ બચ્ચા સિવાય બીજું કોઈ પ્રાણી મને મળ્યું નથી. શિયાળનું આ બચ્ચુંય આપણાં બચ્ચાં જેવડું જ છે. એટલે એને મારતાં મારો જીવ ચાલ્યો નહિ.' સિંહનું મોં ઢીલુંઢસ થઈ ગયું.

આ સાંભળી સિંહણ બોલી, 'આવડા નાનકડા બચ્ચાને મારતાં જો તમારો જીવ ન ચાલ્યો તો પછી મારો જીવ પણ કઈ રીતે ચાલે ? ગમે તેમ તોયે મારો તો માનો જીવ. હું તો શિયાળના આ બચ્ચાને મારા બે બચ્ચાંની સાથે જ મોટું કરીશ.'

ત્રણે બચ્ચાં સાથે રહેવા લાગ્યાં. ત્રણે બચ્ચાં સાથે જમતાં, સાથે રમતાં ને સાથે ઊછરતાં. બચ્ચાં થોડાં મોટાં થયાં. હવે તેઓ થોડે દૂર સુધી લટાર મારવા જવા લાગ્યાં. એક દિવસ ત્રણે બચ્ચાં જંગલમાં ફરવા નીકળેલાં. ત્યાં સામેથી એક મસમોટો હાથી આવતો દેખાયો. હાથી અને સિંહને તો કાયમી વેર. હાથીને જોતાં જ સિંહનાં બચ્ચાંના ચહેરા વિકરાળ બની ગયા. બંને ગર્જના કરી ઊઠયાં. સિંહના બે બચ્ચાં હાથીની પાછળ પડવા લાગ્યાં. **(શિયાળનું બચ્ચું હાથી પાછળ કેમ ન ભાગ્યું ?)** ત્યાં તો શિયાળનું બચ્ચું મોટેથી બોલી ઊઠયું, 'ભાગો ભાગો.... હાથી આવે છે.... હાથીની નજીક જશો નહિ... હાથીની સામે થશો નહિ... ઝટ ઘેર ભાગો.'

આમ કહી શિયાળનું બચ્ચું તો ઘર તરફ જાય ભાગ્યું... જાય ભાગ્યું. આથી સિંહનાં બંને બચ્ચાંનો હાથી સાથે લડવાનો ઉત્સાહ ઓસરી ગયો. એ પણ ધીરે-ધીરે ઘર તરફ જવા લાગ્યાં.

સિંહનાં બચ્ચાં ઘેર આવ્યાં. માને બધી વાત કરી. પછી સિંહનાં બંને બચ્ચાં શિયાળના બચ્ચાને ખીજવવા લાગ્યાં - 'બીકણ બાયલું... બીકણ બાયલું.' શિયાળનું બચ્ચું તો ગુસ્સે થઈ ગયું. બોલ્યું, 'મને જો ખિજાવશો તો હું તમને બેયને મારી નાખીશ.' બચ્ચાની વાત સાંભળી સિંહણને લાગ્યું. કયાંક શિયાળનું આ બચ્ચું મારા બચ્ચાની સાથે રહેશે તો મારાં બચ્ચાં ઘડીકમાં જ એને મારી નાખશે. હવે ત્રણે સાથે રહી શકે તેમ નથી. તેથી મારે શિયાળનાં બચ્ચાંને સાચી વાત કરીને એક અમૂલ્ય સલાહ આપવી જોઈએ. **(સિંહણ શિયાળના બચ્ચાને શું સલાહ આપશે ?)**

એ સાંજે સિંહણ શિયાળના બચ્ચાને થોડે દૂર લઈ ગઈ. પછી એ બોલી, 'બેટા, એક વાત કહું?' શિયાળનું બચ્ચું બોલ્યું, 'શું મા ?' સિંહણે કહ્યું, 'બેટા, તું મારું બચ્ચું નથી.' શિયાળનું બચ્ચું તો આંખો પહોળી કરીને સિંહણ સામે જોઈ જ રહ્યું કે મારી મા આ શું બોલે છે ?

સિંહણે ધીમા અવાજે કહ્યું, 'તું શિયાળનું બચ્ચું છે, મેં તને મારું દૂધ પાઈને મારાં બંને બચ્ચાં સાથે ઉછેર્યું છે, પણ હવે સમય આવી ગયો છે કે તું શિયાળો ભેગું રહેવા જાય. તારા માટે એ જ સારું છે.' શિયાળના બચ્ચાનું મોં પડી ગયું.

ત્યાં દૂરથી શિયાળવાની લાળીનો અવાજ આવ્યો. શિયાળનાં બચ્ચાએ આકાશ સામે જોયું. પછી શિયાળવાંની લાળીના અવાજની દિશામાં શિયાળનું બચ્ચું ધીમા પગલે જવા લાગ્યું. શિયાળનું બચ્ચું પોતાના વિસ્તારમાં આવી ગયું. શિયાળના બીજા બચ્ચાએ આનંદથી તેનું સ્વાગત કર્યું.

- **માહિતી આધારિત પ્રશ્નો :**

૧. સિંહે શિયાળના બચ્ચાને દાંતોમાં જાળવીને કેમ પકડ્યું ?

૨. સિંહણના બચ્ચાઓ શિયાળના બચ્ચાંને ઓળખી ગયા હોત તો શું થાય ?

૩. સિંહણે કેમ શિયાળના બચ્ચાને પોતાનાં બે બચ્ચાની સાથે જ મોટાં કરવાનું નક્કી કર્યું?

૪. સિંહણના બચ્ચા હાથીની સામે હિંમત કેમ હારી ગયાં?

- **સમજ આધારિત પ્રશ્નો :**

૧. આ વાર્તામાં તમને સૌથી વધુ કઈ બાબત ગમી?

૨. જો તમે સિંહની જગ્યાએ હોય અને તમને શિયાળનું બચ્ચું મળ્યું હોત તો તમે શું કરો?

૩. હાથી અને સિંહ વચ્ચે દુશ્મની કેમ હશે?

૪. જો શિયાળનાં બીજા બચ્ચાએ શિયાળના બચ્ચાનું આનંદથી સ્વાગત ન કર્યું હોત તો, તે શું કરત?

૫. આ વાર્તામાં તમને કયો શબ્દ / વાક્ય કે વાત યાદ રહી તે કહો.

૬. બાળકોને પૂછવું કે તેમણે સિંહ કે હાથીને જોયાં છે? તેમનાં દેખાવ, અવાજ વિશે ચર્ચા કરો.

- **લેખન પ્રવૃત્તિ**

★ **ધો. ૧નાં** બાળકો સાથે હાથીના દેખાવ વિશે ચર્ચા કરી તેનું ચિત્ર દોરી અન્ય બાળકો સાથે પરસ્પર ચિત્ર વિશે વાત-ચીત કરવાની પ્રવૃત્તિ કરો.

★ **ધો. ૨નાં** બાળકોને તેમના મિત્રો સાથે પરસ્પર ચર્ચા કરી શિયાળના બચ્ચાં વિશે બે-ત્રણ વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.

- **'બોલતી ગુફા' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

બોલતી ગુફા

વનમાં એક સિંહ રહે. બધાં પ્રાણીઓને ડરાવતો ફરે. **(સિંહથી વનમાં બધાં પ્રાણીઓ કેમ ડરતાં હશે?)** સામે જે પ્રાણી આવે એને મારીને જંપે. એમ કરતાં એ ઘરડો થયો અને ગુફાવાસી થયો. એ માંદો થયો ને પ્રાણીઓ એની ખબર કાઢવા આવવા લાગ્યાં. પણ એ એમને ફસાવી ને અંદર બોલાવતોને મારી ખાતો.

એક શિયાળ ખબર કાઢવા આવ્યું. એણે જોયું કે પ્રાણીઓનાં પગલાં ગુફામાં ગયાં હતાં, પણ બહાર નીકળ્યાં નહોતાં. **(પ્રાણીઓનાં પગલાં ગુફાની બહાર નીકળતાં કેમ જોવા મળતાં નહિ હોય?)**

ખબર કાઢવા આવેલું શિયાળ ગુફાની બહાર જ રહ્યું. ગુફામાંથી સિંહે મીઠાશથી કહ્યું, 'અંદર આવી ગુફા તો જુઓ.' **(શિયાળ ગુફામાં ગયું હશે કે નહિ? કેમ?)** તમે તો બહારથી જ જતા રહેવા તૈયારી કરી. એમ કેમ?

શિયાળે કહ્યું, 'તમારી ગુફા મને અંદર આવવાની ના પાડે છે. એ કહે છે કે પ્રાણીઓ અંદર આવે છે એ બહાર આવવા પામતાં નથી.' શિયાળ ચેતી ગયું. એણે પૂંઠ ફેરવી. સિંહ બહાર આવ્યો, પણ ચતુર શિયાળ ઘણું દૂર હતું.

- **માહિતી આધારિત પ્રશ્નો :**

૧. પ્રાણીઓ સિંહની ખબર કાઢવાં કેમ આવતાં?

૨. શિયાળે ગુફા આગળ આવીને શું જોયું?

૩. સિંહ કેમ ગુફાવાસી થયો?

- **સમજ આધારિત પ્રશ્નો :**

૧. અહીં શિયાળને ચતુર કેમ કહેવામાં આવ્યું છે?

૨. તમે સિંહની જગ્યાએ હો તો શું કરો?

૩. વાર્તાનું શીર્ષક "બોલતી ગુફા" કેમ છે? બીજું કયું નામ હોઈ શકે?

૪. જો તમારું ઘર બોલવા લાગે તો તમે શી વાત કરો તેની સાથે?

૫. શિયાળે સિંહને એવું કેમ કહ્યું હશે કે તમારી ગુફા મને અંદર આવવાની ના પાડે છે?

૬. પ્રાણીઓ સિંહની ખબર કાઢવા કેમ આવતાં?

૭. આ વાર્તામાં તમને કયા શબ્દ/વાક્ય કે વાત યાદ રહી તે કહો.

- **લેખન પ્રવૃત્તિ**
  - ★ **ધો.૧નાં** બાળકો સાથે સિંહ વિશે ચર્ચા કરી તેને વિશે બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.૨નાં** બાળકો સાથે સિંહ વિશે ચર્ચા કરી તેને વિશે બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'તનમનિયો' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

તનમનિયો

પિપૂડીવાળાનો પેલો તનમનિયો પેલો તનમનિયો.....
ચોરી ગયો એ તો, કેળાંનો કરંડિયો,
કેળાં ખવાય છે ભાઈ, કેળાં ખવાય છે,
છાલો ફેંકાય છે ભાઈ, છાલો ફેંકાય છે,
ચોરી પકડાય છે ભાઈ, ચોરી પકડાય છે,
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે.
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો...
ચોરી ગયો એ તો ચીકુનો કરંડિયો,
ચીકુ ખવાય છે ભાઈ, ચીકુ ખવાય છે,
ઠળિયા ફેંકાય છે ભાઈ, ઠળિયા ફેંકાય છે,
ચોરી પકડાય છે ભાઈ, ચોરી પકડાય છે,
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે.
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો...
ચોરી ગયો એ તો, કેરીનો કરંડિયો,
કેરી ખવાય છે ભાઈ, કેરી ખવાય છે,
ગોટલા ફેંકાય છે ભાઈ, છાલો ફેંકાય છે,
ચોરી પકડાય છે ભાઈ, ચોરી પકડાય છે,
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે.
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો...
ચોરી ગયો એ તો, જાંબુનો કરંડિયો,
જાંબુ ખવાય છે ભાઈ, જાંબુ ખવાય છે,
ઠળિયા ફેંકાય છે ભાઈ, ઠળિયા ફેંકાય છે,
ચોરી પકડાય છે ભાઈ, ચોરી પકડાય છે,
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે.
પિપૂડીવાળાનો પેલો તનમનિયો
પેલો તનમનિયો...

એકમ-૬ : શિયાળનું બચ્ચું સમૂહકાર્ય

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. તનમનિયો કોણ છે ?
  ૨. તનમનિયો શું ચોરી ગયો છે ?
  ૩. તનમનિયો મનમાં કેમ મૂંઝાય છે ?
  ૪. તનમનિયો દાડમનો કરંડિયો ચોરી ગયો. - સાચું કે ખોટું ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. બાળકો સાથે ગીતમાં આવતાં ફળો વિશે ચર્ચા કરો.
  ૨. જો તનમનિયો તરબૂચ ખાય તો ગીત કેવી રીતે ગવાય ?
  ૩. જો તનમનિયો જામફળ ખાય તો શું ફેંકે ?
  ૪. બાળકો સાથે તેમને ક્યાં ફળ ભાવે છે ? કેમ ? તેને વિશે ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો. ૧ નાં** બાળકોને તેમના ભાવતા ફળનું ચિત્ર દોરી અન્ય બાળકો સાથે તેને વિશે પરસ્પર વાત-ચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકોને તેમને ભાવતા ફળ વિશે વાત-ચીત કરી તેના પર બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'દાદાનો ડંગોરો લીધો' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

દાદાનો ડંગોરો લીધો

દાદાનો ડંગોરો લીધો,
તેનો તો મેં ઘોડો કીધો,
ઘોડો ચાલે રૂમઝૂમ,
ધરતી ધ્રૂજે ધમધમ,
ધમ ધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતી જાય,
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ !

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. ડંગોરો કોનો છે ?
  ૨. ડંગોરામાંથી શું બનાવ્યું છે ?
  ૩. ઘોડો ચાલે તો ધરતી કેવી ધ્રૂજે છે ?
  ૪. ડંગારોથી કોણ રમે છે ? શું ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. જો તમને સાચો ઘોડો મળે તો તમે શું કરો ?
  ૨. બાળકો સાથે ઘોડા વિશે ચર્ચા કરો.
  ૩. બાળકો સાથે તેમના રમવાના અનુભવ વિશે ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧ નાં** બાળકોને તેઓ ઘરમાં શું રમે છે તેના વિશે અન્ય બાળકો સાથે વાત-ચીત કરી તેનું નામ કે તેને વિશે એક-બે શબ્દો લખવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૬ : શિયાળનું બચ્ચું

સમૂહકાર્ય

★ ધો. ૨નાં બાળકોને તેઓ ઘરમાં શું રમે છે તેના વિશે અન્ય બાળકો સાથે વાત-ચીત કરી તેને વિશે બે-ત્રણ વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.

● **જોડકણાં**

અડકો દડકો દહીં દડૂકો,
પીલુ પાકે, શ્રાવણ ગાજે,
ઊલ મૂલ, ધતૂરાનું ફૂલ,
સાકર શેરડી ખજૂર.

કૂકડાભાઈ આગળ ચાલે,
કરતા કૂકડે કૂક !
કોયલબાઈ પાછળ ચાલે,
ગાતી કૂઉ કૂઉ !
વાંદરાભાઈ વચમાં ચાલે,
કરતા હૂપાહૂપ !

કેવી મજાની મારી મોટર !
રાતી કાળી મારી મોટર !
સર સર કરતી મારી મોટર !
ડુંગર ચઢતી મારી મોટર!
ઢાળ ઊતરતી મારી મોટર !
પોં.... પોં.... બોલે મારી મોટર !

● **ઉખાણાં**

ગોળ ગોળ ફરતી જાય,
ફરતી ફરતી ગાતી જાય,
દાણા દાણા ખાતી જાય,
તોય ન તેનું પેટ ભરાય...
- ઘંટી

ટ્રિન... ટ્રિન... ટોકરી વાગે, નાનાં મોટાં ઊંઘતા જાગે,
જલદી જલદી ખિસ્સાં ફંફોળે, દૂરથી લાંબી વાતે વળગે,
હિસાબ, તારીખ, સમય બતાવે, દુનિયા જાણે નજીક આવે.
- મોબાઈલ

● **ચાલો, વાર્તા બનાવીએ**

- શિક્ષક બાળકોને એક ગોળ આકારમાં બેસાડશે.
- શિક્ષક કાગળનો એક બૉલ બનાવશે અને એક વાક્ય બોલશે. જે વાર્તાનું પહેલું વાક્ય હશે.
- વાક્ય બોલ્યા બાદ શિક્ષક બૉલ કોઈપણ એક બાળક પાસે ફેંકશે. જે બાળક પાસે બૉલ આવે તે શિક્ષક દ્વારા બોલવામાં આવેલ વાક્ય સાથે બીજું મજેદાર વાક્ય જોડે. શરૂઆતમાં બાળકો વાક્યો બોલવામાં મુશ્કેલી અનુભવે તો ફક્ત શબ્દો બોલવા માટે કહી શકાય અને વાર્તાને આગળ વધારી શકાય.
- ત્યારબાદ તે બાળક બૉલને બીજાં બાળક તરફ ફેંકે. હવે જે બાળક પાસે બૉલ આવે તે તેમાં બીજું એક વાક્ય જોડી વાર્તાને આગળ વધારે.
- આમ એક પૂરી વાર્તા બનાવો. ધ્યાન રાખવું કે વાર્તા ૮-૧૦ વાક્યોથી લાંબી ન હોય.
- વાર્તા પૂરી થયા બાદ ૩-૪ બાળકોને પૂરી વાર્તા કહેવા માટે કહો. વાર્તા જેટલી રસપ્રદ બનશે બાળકોને તેટલી જ મજા આવશે.

(જો કોઈ બાળકનું વાક્ય વાર્તાને અનુરૂપ ન હોય તો શિક્ષક વાક્યને બરાબર કરે અને બાળકને મદદ કરે)

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	તનમનિયો	શિયાળનું બચ્ચું		ચાલો, વાર્તા બનાવીએ	
૨	જોડકણાં	બોલતી ગુફા			ખેતર
૩	દાદાનો ડંગોરો લીધો	શિયાળનું બચ્ચું	શિયાળનું બચ્ચું		
૪	તનમનિયો		તનમનિયો		ખેતર
૫	જોડકણાં	બોલતી ગુફા	બોલતી ગુફા		
૬	દાદાનો ડંગોરો લીધો		દાદાનો ડંગોરો લીધો	ચાલો, વાર્તા બનાવીએ	

સમૂહકાર્ય-૧

- **'વાંસળીવાળો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

વાંસળીવાળો

એક ગામ હતું. ગામમાં ઘણા ઉંદરો રહે. ઉંદરો અનાજ ખાઈ જાય. ઉંદરો કપડાં કાપી નાખે. ઉંદરો ઘરમાં દોડાદોડી કરે. લોકો ઉંદરોથી કંટાળી ગયા. **(કંટાળી ગયેલા લોકોએ ઉંદરોનું શું કર્યું હશે ?)**

ગામલોકોએ ગામના મુખીને ફરિયાદ કરી. એક જણ કહે, 'મુખીબાપા, આ ઉંદરોથી અમને બચાવો.' મુખી કહે, 'એમાં હું શું કરું ? ઉંદરોથી હું જ ત્રાંસી ગયો છું.' **(હવે ઉંદરોએ શું કર્યું હશે ?)**

એવામાં ત્યાં એક વાંસળીવાળો આવ્યો. તે કહે, 'ઉંદરોના ત્રાસમાંથી હું તમને છોડાવું. મને એક હજાર રૂપિયાનું ઈનામ આપજો.' મુખીએ હા પાડી. વાંસળીવાળાએ વાંસળી કાઢી. મોં પર મૂકી વગાડવા લાગ્યો. વાંસળીના સૂર સાંભળી ઘરમાંથી ઉંદરો દોડતા આવ્યા. આગળ વાંસળીવાળો અને પાછળ ઉંદરો. ગામ બહાર નદી આવી. વાંસળીવાળો નદીમાં ઊતર્યો. ઉંદરો પણ તેની પાછળ ગયા. બધા ઉંદર ડૂબી ગયા.

વાંસળીવાળો મુખી પાસે ઈનામ લેવા પાછો ગયો. મુખી કહે, 'કેવું ઈનામ ? શેના રૂપિયા?' **(ઈનામ ન મળતાં વાંસળીવાળાએ શું કર્યું હશે ?)**

મુખીએ ના પાડી દીધી. વાંસળીવાળાએ વાંસળી કાઢી વગાડવી શરૂ કરી. શેરીમાંથી છોકરાં દોડતાં આવ્યાં. વાંસળીવાળો આગળ ને છોકરા પાછળ. ગામલોકો નવાઈ પામી જોઈ જ રહ્યા. **(વાંસળીવાળો છોકરાંઓને કયાં લઈ ગયો હશે?)** આગળ જતાં નદી આવી. તે નદીમાં ઊતર્યો. છોકરાં પણ પાછળ ગયાં. ગામલોકો ગભરાયા. મુખીને કહે, 'વાંસળીવાળાને ઈનામ આપી દો ને છોકરાઓને બચાવી લો.'

મુખી વાંસળીવાળાની પાછળ દોડ્યા. તેને એક હજાર રૂપિયા આપ્યા. વાંસળી વાગતી બંધ થઈ. છોકરાં પાછા ફર્યાં. વાંસળીવાળો રાજી થતો પોતાને રસ્તે પડ્યો.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. લોકો ઉંદરથી કેમ કંટાળી ગયા હતા ?
  ૨. ગામલોકોને ઉંદરોથી કોણે મુક્તિ અપાવી ? કેવી રીતે ?
  ૩. ઉંદરોની જેમ છોકરાઓ પણ કેમ વાંસળીવાળાની પાછળ ગયા ?
  ૪. મુખીએ વાંસળીવાળાને કેટલા રૂપિયાનું ઈનામ આપ્યું ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. વાંસળીવાળાએ લોકોને ઉંદરના ત્રાસમાંથી મુક્ત કરવા જે મુક્તિ કરી તે યોગ્ય હતી ?
  ૨. આ વાર્તામાં તમને કઈ બાબત ન ગમી ? અને કઈ બાબત ગમી ?
  ૩. તમે ગામના મુખી હો તો તમે શું કરો ?
  ૪. તમારા ઘરમાં ઉંદરો હોય તો તમે શું કરો ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ ધો.-૧ નાં બાળકો સાથે વાર્તા વિશે ચર્ચા કર્યા પછી વાંસળીવાળા વિશે પરસ્પર ચર્ચા કરી બે-ત્રણ શબ્દો લખવાની પ્રવૃત્તિ કરો.
  ★ ધો.-૨ નાં બાળકો સાથે વાર્તા વિશે ચર્ચા કર્યા પછી વાંસળીવાળા વિશે પરસ્પર ચર્ચા કરી ત્રણ-ચાર વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૭ : વાંસળીવાળો

સમૂહકાર્ય

- **'સિંહ સાહેબની પૂંછ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

સિંહ સાહેબની પૂંછ

એક મોટું જંગલ હતું. જંગલનો રાજા સિંહ હતો. જાતે શિકાર કરે, ભરપેટ જમે અને બાકી વધ્યું હોય એ એક શિયાળ ખાય. શિયાળને મજા આવી ગઈ હતી. કશું કરવાનું નહીં, તો પણ જમવાનું મળી જાય.

સિંહ ઘરડો થઈ ગયો. હવે જાતે શિકાર કરીને ખાવા જેટલી શક્તિ જ નહોતી. સિંહ અને શિયાળ ત્રણ-ચાર દિવસથી ભૂખ્યાં હતાં. **(હવે ભૂખ્યા સિંહ અને શિયાળે શું કર્યું હશે ?)**

એક દિવસ શિયાળે જોયું કે દૂરથી એક સસલો આવતો હતો. શિયાળે સિંહને યુક્તિ બતાવી. **(શિયાળે સિંહને કઈ યુક્તિ બતાવી હશે ?)** 'તમે થોડીકવાર મરવાનું નાટક કરો તો સસલાનો શિકાર કરી શકાય એમ છે.' શિયાળની વાત માનીને સિંહ હાલ્યા-ચાલ્યા વગર પડી રહ્યો. શિયાળ તો ખોટું ખોટું રોતું જાય અને સિંહ પર સૂકાં પાંદડાં નાખતું જાય. સસલાએ આવીને પૂછ્યું, 'આ શું કરો છો શિયાળભાઈ ?' **(શિયાળભાઈએ શો જવાબ આપ્યો હશે ?)**

'દેખાતું નથી? સિંહરાજા મરી ગયા છે. તું પણ અહીં આવ અને રાજાજીને દાટવામાં મને મદદ કર.' **(શિયાળભાઈની વાત સાંભળી સસલાને શો વિચાર આવ્યો હશે?)**

સસલાને થયું કે મરેલા સિંહ માટે શિયાળભાઈ દુઃખી થાય એવા નથી. નક્કી ગરબડ લાગે છે. સસલો થોડીવાર સુધી પડેલા સિંહને બરાબર જોતો રહ્યો અને શિયાળને કહ્યું, 'તમારી કંઈક ભૂલ થાય છે. સિંહ મરી જાય એટલે એનું ફક્ત શરીર અક્કડ થઈ જાય પણ એની પૂછડી તો હલે. **(સસલું જયારે આવું બોલ્યું ત્યારે સિંહે શું કર્યું હશે?)** જુઓ, સિંહરાજાની પૂછડી તો જરાય હલતી નથી.' ખોટું ખોટું સૂતેલા સિંહે આ વાત સાંભળી એટલે એણે તરત જ પૂછડી હલાવી. સસલાને સાચી વાતની ખબર પડી કે તરત જ એ ત્યાંથી ભાગ્યો. સિંહ અને શિયાળ ફરીથી કોઈકને ફસાવવાની રાહ જોતાં બેઠાં રહ્યાં.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. સિંહ અને શિયાળ ત્રણ-ચાર દિવસથી ભૂખ્યાં કેમ હતાં ?
  ૨. શિયાળે સિંહને કઈ યુક્તિ બતાવી ?
  ૩. સિંહે પૂછડી કેમ હલાવી ?
  ૪. શિયાળ કેમ ખોટું ખોટું રોતું જાય છે ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. ઘરડા સિંહે શિયાળને શિકાર કરવા મોકલ્યું હોય તો શું થાય ?
  ૨. જો સિંહે પૂછડી ન હલાવી હોત તો શું થાત ?
  ૩. જો તમે સસલાની જગ્યાએ હોવ તો તમે શું કરો ?
  ૪. વાર્તામાં તમને કઈ બાબત ગમી ? કેમ ?
  ૫. વાર્તામાંથી તમને કોના જેવા થવું ગમે ? કેમ ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.-૧નાં** બાળકો સાથે સસલાના પાત્ર વિશે ચર્ચા કરી તેના વિશે બે-ત્રણ શબ્દોમાં લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨નાં** બાળકો સાથે સસલાના પાત્ર વિશે ચર્ચા કરી તેને વિશે ત્રણ-ચાર વાક્યો લખી અન્ય બાળકો સાથે વાત-ચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'એક કબૂતર નાનું' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

એક કબૂતર નાનું

એક કબૂતર નાનું, એને બહુ ગમે ઊડવાનું એ ઊડ્યું છાનુંમાનું,
તો કબૂતરના પપ્પા બોલ્યા ઘૂ...ઘૂ...ઘૂ... એક કબૂતર...
કહે કબૂતર ગાઉં, આભે ઊડવા જાઉં, તળાવમાં જઈ ન્હાઉં;

તો કબૂતરના કાકા બોલ્યા ઘૂ...ઘૂ...ઘૂ... એક કબૂતર...
કબૂતર તો રોતું, આંસુ આવ્યું મોટું, મમ્મી સામે જોતું;
તો કબૂતરનાં મમ્મી બોલ્યાં ઘૂ...ઘૂ...ઘૂ... એક કબૂતર...

- રમેશ પારેખ

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. કબૂતરને શું કરવું ગમે છે ?
  ૨. કબૂતરના પપ્પા કબૂતરે શો જવાબ આપ્યો ?
  ૩. કબૂતરના કાકાને કબૂતરે શો જવાબ આપ્યો ?
  ૪. કબૂતર કેમ રોવા લાગ્યું ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. કબૂતરના પપ્પાએ કબૂતરને ઘૂ... ઘૂ... ઘૂ... માં શું કહ્યું હશે ?
  ૨. તમને તમારાં પપ્પા, મમ્મી કે કાકાએ કોઈ કામ કરવાની ના પાડી છે ? ક્યારે ?
  ૩. તમને રોવું આવે તો તમે કોની પાસે જાવ છો ?
  ૪. કબૂતરની મમ્મીએ કબૂતરને શું કહ્યું હશે ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.૧નાં** બાળકો સાથે ગીત પર ચર્ચા કર્યા બાદ તેમનાં મમ્મી, પપ્પાનાં નામ કે તેમના વિશે બે-ત્રણ શબ્દો લખવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.૨નાં** બાળકો સાથે ગીત પર ચર્ચા કર્યા બાદ તેમનાં મમ્મી, પપ્પા કે ભાઈ-બહેન વિશે ત્રણ-ચાર વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.
- **'ડ્રાઉં, ડ્રાઉં, ડ્રાઉં અમે દેડકજી' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

ડ્રાઉં, ડ્રાઉં, ડ્રાઉં અમે દેડકજી
ડ્રાઉં, ડ્રાઉં, ડ્રાઉં અમે દેડકજી
મેઘદૂત અમે મેડકજી...
લીલા, પીળા કાંઈ ચટાપટા શું
અંગ અમારું ન્યારું...
નદી, સરોવર, વાવ-કૂવામાં
છે રહેઠાણ અમારું...
આ ધરતી પર ભરી ઠેકડા
મન ફાવે ત્યાં ફરીએ,
પટાક દેતાં પડી પાણીમાં
પાતાળે પરવરીએ...
ચોમાસાના ચાર મહિના
છે જિંદગી અમારી,
હસતાં, રમતાં, કૂદતાં-ગાતાં
પૂરી થશે એ સારી.

- ગોવિંદભાઈ પરીખ

એકમ-૭ : વાંસળીવાળો

સમૂહકાર્ય

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. ગીતમાં કોના વિશે વાત કરવામાં આવી છે ?
  ૨. દેડકજીનું શરીર/અંગ કેવું છે ?
  ૩. દેડકજી ક્યાં ક્યાં રહે છે ?
  ૪. દેડકજી ક્યારે જોવા મળે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. બાળકો સાથે તેમના દેડકા સાથેના અનુભવ વિશે ચર્ચા કરો.
  ૨. જો દેડકજી તમારો મિત્ર હોય તો તમે તેને શું કહો ?
  ૩. બાળકો સાથે દેડકજીના દેખાવ, ખોરાક, રહેઠાણ અંગે ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો. ૧નાં** બાળકો સાથે દેડકા વિશે ચર્ચા કર્યા પછી દેડકા વિશે બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે પરસ્પર ચર્ચા કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨નાં** બાળકો સાથે દેડકા વિશે ચર્ચા કર્યા પછી દેડકા વિશે ત્રણ-ચાર વાક્યો લખવાની અન્ય સાથે પરસ્પર ચર્ચા કરવાની પ્રવૃત્તિ કરો.
- **નીચે આપેલાં જોડકણાંનું હાવભાવપૂર્વક ગાન કરો :**

નાના અમથા વાંદરાભાઈને
સિનેમાનો શોખ(૨)
ધોતિયું પહેર્યું, ઝભ્ભો પહેર્યો,
ટોપી પહેરી આમ (૨)
ફર્સ્ટ કલાસની ટિકિટ કપાવી
જોવા બેઠા આમ (૨)
સિનેમામાં થયો ધડાકો
આમ નાઠા જાય, તેમ નાઠા જાય.

ચોખ્ખું ઘરનું આંગણું, ચોખ્ખો ઘરનો ચોક.
ચોખ્ખો ઘરનો ઓટલો, ચોખ્ખાં મેડી-ગોખ,
ચોખ્ખાં ઘર, કપડાં થકી, માણસ બહુ સોહાય,
શરીર ચોખ્ખું રાખીએ, રોગ કદી નવ થાય.
નાહ્યેથી તન સાફ રહે, સાચેથી મન સાફ.
તન, મન, ઘર છે સાફ, દૂર રહે નિત થાય.

હાથીભાઈ તો જાડા,
લાગે મોટા પાડા,
આગળ લટકે લાંબી સૂંઢ,
પાછળ લટકે ટૂંકી પૂંછ,
પેટ મોટું કોઠી જેવું,
સૂપડા જેવા કાન.

એક બિલાડી જાડી,
તેણે પહેરી સાડી,
સાડી પહેરી ફરવા ગઈ,
તળાવમાં તો તરવા ગઈ,
તળાવમાં તો મગર,
બિલ્લીને આવ્યા ચક્કર,
સાડીનો છેડો છૂટી ગયો,
મગરના મોંમાં આવી ગયો.

- **ગુસપુસ**
  - શિક્ષક અને બાળકો ભેગાં મળી એક ગોળ આકાર બનાવશે. હવે શિક્ષક પોતાની જમણી કે ડાબી બાજુ પર બેસેલા બાળકના કાનમાં કોઈ ચટપટી વાત ધીરેથી કહેશે. ઉદા. રામ લપસણી પરથી લપસીને પડી ગયો.
  - આ જ વાત બાળકો પોતાની પાસે બેઠેલા બીજા બાળકને ધીરેથી કાનમાં કહેશે. આમ, એક પછી એક બાળક વાતને આગળ લઈ જશે. શિક્ષક તેની પાસે બેઠેલા છેલ્લા બાળક પાસેથી વાત સાંભળશે.
  - આ રમત નો સૌથી અગત્યનો નિયમ એ હશે કે કોઈપણ બાળક બીજીવાર વાત નહિ કહે, ફક્ત એક જ વાર વાત કહેવાની રહેશે.
  - જો છેલ્લા બાળક દ્વારા શિક્ષકને કહેવામાં આવેલું વાક્ય ખોટું હશે તો ફરીથી એક એક કરીને પાછળ પૂછતાં જવું. દરેક બાળક પાસેથી સાંભળો કે તેણે શું કહ્યું હતું અને ક્યાંથી ભૂલ થઈ હતી. જે બાળકે ભૂલ કરી હોય ત્યાંથી ફરીવાર નવાં વાક્ય સાથે રમત શરૂ કરો.

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	એક કબૂતર નાનું	વાંસળીવાળો		ગુસપુસ	
૨	જોડકણાં	સિંહ સાહેબની પૂંછ			બાળમેળો
૩	ડ્રાઉં, ડ્રાઉં ડ્રાઉં અમે દેકજી	વાંસળીવાળો	વાંસળીવાળો		
૪	એક કબૂતર નાનું		એક કબૂતર નાનું		બાળમેળો
૫	જોડકણાં	સિંહ સાહેબની પૂંછ	સિંહ સાહેબની પૂંછ		
૬	ડ્રાઉં, ડ્રાઉં ડ્રાઉં અમે દેકજી		ડ્રાઉં, ડ્રાઉં ડ્રાઉં અમે દેકજી	ગુસપુસ	

યાદ રાખો :

યોગ્ય સ્તરનું શીખવવું જ્યાં મોટા ભાગનાં બાળકો શીખી શકે.

બાળક જે કાર્ય અત્યારે નથી કરી શકતું. → **નિરાશાનું ક્ષેત્ર:** જે શિખવાડાઈ રહ્યું છે તે બાળક હાલના સ્તર કરતાં ઘણા ઉપરના સ્તરનું છે.

↑

Z.P.D. બાળક બીજાની મદદ મળતાં જે પ્રવૃત્તિ કરી શકે અથવા સમજી શકે તે શીખવવું → **શીખવાનું ક્ષેત્ર:** હવે થોડી મદદ મળતાં બાળક પ્રવૃત્તિ કરે છે અથવા શીખે છે.

↓

બાળક પોતાની જાતે કે સ્વતંત્ર રીતે જે પ્રવૃત્તિ કરી શકે કે સમજી શકે. → **આરામનું ક્ષેત્ર:** અહીં બાળક કશું નવું નથી શીખી રહ્યું. અહીં તે પોતાને જે આવડે છે તેનો માત્ર મહાવરો કરે છે.

સમૂહકાર્ય-૧

- **'કરો તેવું ભોગવો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

કરો તેવું ભોગવો

શિયાળાની ઋતુ હતી. એક હંસ ઊડતો ઊડતો સરોવર તરફ જતો હતો. ત્યાં તેની નજર નીચે પડી. તો એક ઉંદર ઠંડીમાં થર થર ધ્રૂજે. **(હવે હંસ શું કરશે?)** હંસને દયા આવી. તે ઉંદર પાસે આવ્યો. તેને ચાંચ વડે પકડયો ને પોતાની પાંખ નીચે ઢાંકી દીધો. હંસની પાંખને કારણે ઉંદરને હૂંફ મળી. તેની ઠંડી જતી રહી. પછી તેણે હંસની પાંખને કાતરવા માંડી.

હંસને શરૂમાં તો કંઈ ખબર ન પડી. ખાસ્સી અડધી ઉપરની પાંખ કપાઈ ગઈ ત્યારે એને ખ્યાલ આવ્યો. એણે પાંખ પહોળી કરી, ઉંદર નીચે પડયો ને દોડી ગયો. **(હવે હંસને કેવો વિચાર આવશે?)** પણ હંસની પાંખ તો એવી કપાયેલી કે તે ઊડી ન શકયો. તે એક ઠેકાણે રહ્યો. તેને બહુ દુઃખ થયું. પોતે ઊડી નહીં શકે તો ? પણ થોડા દિવસોમાં તેની પાંખ સારી થઈ ગઈ. તે પાછો ઊડવા માંડયો. હવે થયું એવું કે ફરી ખૂબ ઠંડી પડી. હંસ સરોવર તરફ આવ્યો. જોયું તો ઉંદર થર થર ધ્રૂજે. તેણે હંસને બોલાવ્યો. **(ઉંદરને મનમાં શું થતું હશે ?)** પણ હંસ હવે ઊભો રહે કે ? ઉંદરને પસ્તાવો થયો. પણ હવે થાય શું ? હંસ તો પાછો જતો રહ્યો ને ઉંદરભાઈ ઠંડીમાં થીજી ગયા.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. હંસ ઊડતો ઊડતો કઈ તરફ જતો હતો?
  ૨. હંસને ઉંદર ઉપર કેમ દયા આવી ?
  ૩. હંસને શા માટે દુઃખ થયું ?
  ૪. હંસે ઉંદરને ફરી કેમ મદદ ન કરી?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. ઉંદરે હંસ સાથે જે વર્તન કર્યું તે યોગ્ય હતું ? શા માટે ?
  ૨. હંસે બીજી વાર ઉંદરની મદદ કરવી જોઈતી હતી ? શા માટે ?
  ૩. હંસ સાથે થયું તેવું ક્યારેય તમારી સાથે થયું ?
  ૪. આ વાર્તાને તમે કયું નામ આપશો ? કેમ ?
  ૫. જો ઉંદરની જગ્યાએ તમે હો તો તમે હંસને શું કહો ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો. ૧ નાં** બાળકો સાથે ઉંદરના પાત્ર વિશે ચર્ચા કરી તેમને ઉંદર વિશે ત્રણ-ચાર શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકો સાથે ઉંદરના પાત્ર વિશે ચર્ચા કરી તેમને ઉંદર વિશે ત્રણ-ચાર વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'હું પણ' સંગીતવાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

હું પણ...

એક ઈંડામાંથી બતકનું બચ્ચું નીકળ્યું,
અને બોલ્યું "લ્યો, હું ઈંડામાંથી બહાર આવ્યું,"
એક બીજા ઈંડામાંથી મરઘીનું પીલુ નીકળ્યું.
અને બોલ્યું "લ્યો, હું પણ આવી ગયું,"
બતકનું બચ્ચું કહે, "હું ફરવા જાઉં છું."

પીલુ કહે,. "હું પણ આવીશ."
બતકનું બચ્ચું કહે, "હું ખાડો ખોદું છું."
પીલુ કહે, "હું પણ ખોદીશ."
બતકનું બચ્ચું કહે, "મને એક અળસિયું મળ્યું."
પીલુ કહે, "મને પણ અળસિયું મળ્યું.
બતકનું બચ્ચું કહે, "મેં એક પતંગિયું પકડ્યું."
પીલુ કહે, "મેં પણ પતંગિયું પકડ્યું."
બતકનું બચ્ચું કહે, "હું તરવા માગું છું."
પીલુ કહે, "હું પણ તરવા માગું છું."
બતકનું બચ્ચું કહે, "જુઓ, હું તરું છું."
પીલુ કહે, "હું પણ તરીશ."
પણ આ શું..... બતકનું બચ્ચું તરે, મરઘીનું બચ્ચું કઈ તરે ?
એ તો ડૂબવા લાગ્યું. બચાવો ..... પીલુ એ બૂમ પાડી.
બતકના બચ્ચાએ પીલાને પાણીમાંથી બહાર કાઢ્યું.
પછી બતકના બચ્ચાએ મરઘીના બચ્ચાને શું કહ્યું હશે ?

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. કોના બચ્ચાને પીલુ કહેવાય છે ?
  ૨. બતકનું બચ્ચું ડૂબવા લાગ્યું. - સાચું કે ખોટું ?
  ૩. કોણ ઈંડાંમાંથી પહેલાં બહાર નીકળ્યું ?
  ૪. મરઘીનું બચ્ચું કેમ ડૂબવા લાગ્યું ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. જો બતકના બચ્ચાએ પીલાને પાણીમાંથી બહાર કાઢ્યું ન હોત તો શું થાત ?
  ૨. જો તમે બતકના બચ્ચાની જગ્યાએ હો તો તમે પીલાને શું કહો ?
  ૩. બીજાં કયાં કયાં પ્રાણીઓ ઈંડાંમાંથી બહાર આવે છે ? / જન્મ લે છે ?
  ૪. જો તમારી સામે મરઘીનું બચ્ચું કે કોઈ અન્ય પ્રાણી પાણીમાં ડૂબતું હોય તો તમે શું કરશો ? કેવી રીતે ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો. ૧ નાં** બાળકો સાથે મરઘીનાં બચ્ચાં વિશે ચર્ચા કરી તેને વિશે ત્રણ-ચાર શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકો સાથે મરઘીનાં બચ્ચાં વિશે ચર્ચા કરી તેને વિશે ત્રણ-ચાર વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **અભિનયગીત - ૧**

હું તો દોડું...

હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી,
મારા પગ કેરી ઘૂઘરી રૂમઝૂમતી,
પેલાં ઊડે પતંગિયા રંગરંગી,

ત્યારે દોડીને થાઉ એની સંગી,
જ્યારે દોડું ત્યાં ધરતી ધમધમતી...
હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી,
પેલા આભલે વાદળી વરસી જતી,
એના પાછળ પડું એમ સરકી જતી,
બૂમ પાડું ત્યાં ધરતી ધમધમતી,
હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી,
મારે આંગણે મોરલે કળા કરી,
મને જોવાની કેવી મજા પડી,
જ્યારુ નાચું ત્યાં ધરતી ધમધમતી,
હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી,
ઊગ્યો ચાંદો ને રાત થઈ અજવાળી,
અમે ભાઈને બંને રમ્યાં સાતતાળી,
વીરો ભાગે ત્યાં ધરતી ધમધમતી,
હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી,

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. ગીતમાં કોણ દોડે છે ? ક્યારે ?
  ૨. બાળક દોડે તો શું શું થાય છે ?
  ૩. બાળક કોની પાછળ પડે તેમ તે સરકી જાય છે ?
  ૪. બાળક તેના ભાઈ સાથે શું રમે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. તમે ટૂંકી રિસેસમાં શું શું કરો છો ?
  ૨. તમે તમારા મિત્રો, ભાઈ-બહેન સાથે શું શું રમો છો ?
  ૩. જો આ બાળક તમારો મિત્ર હોય તો, તમે ટૂંકી રિસેસમાં શું શું કરો તેની સાથે ?
  ૪. જ્યારે તમે દોડો ત્યારે શું શું થાય છે ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.૧નાં** બાળકોને તેમની રિસેસમાં શું કરે છે તેને વિશે ચર્ચા કરી બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.૨નાં** બાળકોને તેમની રિસેસમાં શું કરે છે તેને વિશે ચર્ચા કરી બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **અભિનયગીત - ૨**

એન ઘેન દીવા ઘેન

એન ઘેન દીવા ઘેન,
આભમાં ઊડે સુપરમેન,
સાથે રમતાં નીકી નરેન,

બક અપ કરો ઢેન ટેડેન...
લઈને દફતર પાટી પેન,
સ્કૂલે આવ્યો સ્પાઈડરમેન,
ભણવા બેઠો છાપરે,
છોકરાં બોલ્યાં બાપ રે...
પીને આખું દૂધ કેન,
ઝાડ પર ચડયો ફેટમેન
ઝાડ તૂટયું ટરરર. ટા
હસો છોકરાં હા.. હા.. હા..

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. આભમાં કોણ ઊડે છે ?
  ૨. કોણ-કોણ સાથે રમે છે ?
  ૩. સ્પાઈડર મેન ક્યાં ભણવા બેઠો ? કેમ ?
  ૪. ઝાડ કેમ તૂટ્યું ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. જો સ્પાઈડરમેન તમારો મિત્ર હોય તો તમે તેને શું કહો ?
  ૨. જો તમારી પાસે સ્પાઈડરમેનની શક્તિ હોય તો તમે શું કરો ?
  ૩. જો તમે સ્પાઈડરમેન બનો તો તમે શું કરો ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો. ૧ નાં** બાળકોને સ્પાઈડરમેન વિશે ચર્ચા કરી તેને વિશે બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકોને સ્પાઈડરમેન કે કોઈ અન્ય પાત્ર વિશે ચર્ચા કરી તેને વિશે બે-ત્રણ વાક્ય લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **જોડકણાં**

થડની ડાળે ભગલો બેઠો, પકડીને એ હીંચે, ધડાક દઈને ડાળી તૂટી, ગબડી પડયો નીચે.	મીઠા ટહુકા કરતો મોર, ટહુકે ટહુકે નાચે મોર, દાણા ખાવા આવે મોર, પીછું દઈને જાતો મોર.	ઊટી સવારે નમીએ ભઈ, સૌને કેવા ગમીએ ભઈ, દાતણ-પાણી કરીએ ભઈ, ધ્યાન હરિનું ધરીએ ભઈ.	કાળા કાળા કાગડાભાઈ, કા કા કરી ગાતા, ચોરે ચોરે ઊડતા ફરતા, એઠું એઠું ખાતા.

- **ચિત્ર પર ચર્ચા**
  - ચાર-ચારના જૂથમાં બાળકોને વર્તમાનપત્ર (છાપા) આપી તેમાંથી તેમને મનગમતાં ચિત્રો કાપીને અલગ કાગળ પર લગાવવા કહો. આ ચિત્ર લગાવ્યા બાદ તેની માહિતી આપવા-લેવા માટે નીચે મુજબના પ્રશ્નો પૂછો:
  - આ શેનું ચિત્ર છે?
  - આ ચિત્રમાં શું-શું આવેલું છે?
  - આ ચિત્રમાં કોણ-કોણ છે?
  - આ ચિત્ર તમને શાથી ગમે છે?

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	વાઘની ટૂંકી રિસેસ	કરો તેવું ભોગવો		ચિત્ર પર પ્રશ્નોત્તરી	
૨	જોડકણાં	હું પણ...			શેરી
૩	એન ઘેન દીવા ઘેન	કરો તેવું ભોગવો	કરો તેવું ભોગવો		
૪	વાઘની ટૂંકી રિસેસ		વાઘની ટૂંકી રિસેસ	ચિત્ર પર પ્રશ્નોત્તરી	
૫	જોડકણાં	હું પણ...	હું પણ...		
૬	એન ઘેન દીવા ઘેન		એન ઘેન દીવા ઘેન		શેરી

યાદ રાખો :

શીખવા માટે જરૂરી છે કે શીખવા-શીખવવાની પ્રક્રિયામાં બાળકો સક્રિય રીતે જોડાય.



સમૂહકાર્ય-૧

- **'આળસુ કાગડો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

આળસુ કાગડો

એક હતો કાગડો. તેનો સ્વભાવ આળસુ. બીજી એક કાબર. બહુ કામગરી. આખો દિવસ કામ કર્યા કરે. બન્નેએ સહિયારી ખેતી કરી.

ખેતીમાં જુદાં જુદાં કામ, ખેડવાનું, વાવવાનું, ઊપણવાનું અને દાણા કાઢવાનું. કાબર દરેક કામમાં કાગડાને બોલાવે,

કાબર : 'ચાલો, કાગડાભાઈ ખેડવા જઈએ.'
કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'
કાબર : 'ચાલો, કાગડાભાઈ વાવવા જઈએ.'
કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'
કાબર : 'ચાલો, કાગડાભાઈ નીંદવા જઈએ.'
કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'
કાબર : 'ચાલો, કાગડાભાઈ લણવા જઈએ.'
કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'
કાબર : 'ચાલો, કાગડાભાઈ ઊપણવા જઈએ.'
કાગડો : 'ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.'

છેવટે ભાગ વહેંચવાનો વખત આવ્યો, દાણાનો ઢગલો નાનો અને ભૂંસાનો ઢગલો મોટો હતો કાગડાભાઈ તો વહેલા વહેલા આવ્યા.

કાબર : 'લ્યો કાગડાભાઈ, તમારો ભાગ.'
કાગડો : આ મોટો ભાગ મારો, એમ કરી મોટા ઢગલા ઉપર જઈ બેસી ગયો. કાગડાભાઈ ભૂંસામાં ખૂંપી ગયા.

- **માહિતી આધારિત પ્રશ્નો**

૧. વાર્તામાં કયાં કયાં પાત્રો છે ?
૨. કાબરનો સ્વભાવ આળસુ છે. - સાચું કે ખોટું ?
૩. ખેતીમાં કયાં કયાં કામો કરવાનાં હોય છે ?
૪. કાગડાભાઈ કાબરને દર વખતે શું કહે છે ?
૫. દાણાં અને ભૂંસામાં કયો ઢગલો મોટો હતો ?

- **સમજ આધારિત પ્રશ્નો**

૧. તમને ખેતરમાં કામ કરવાનું હોય તો તમને કયું કામ કરવું ગમે ?
૨. તમને વાર્તામાં કોણ ગમ્યું કાબર કે કાગડો, કેમ ?
૩. તમારે સહિયારી ખેતી કરવાની હોય તો તમે તમારા કયા મિત્ર સાથે ખેતી કરવાનું પસંદ કરો ?
૪. જો કાગડાએ કાબરની મદદ કરી હોત તો અંતમાં શું થયું હોત ?
૫. જો તમે કાબરની જગ્યાએ હોય તો તમે કાગડાને શું કહેશો ?

- **લેખન પ્રવૃત્તિ :**

★ **ધો. ૧ નાં** બાળકો સાથે ખેતર વિશે વાત-ચીત કરી તેમની સમજ પ્રમાણે ચિત્ર દોરી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

★ **ધો. ૨ નાં** બાળકો સાથે ખેતર વિશે ચર્ચા કરી, ખેત વિશે એક-બે શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૯ : આળસુ કાગડો

સમૂહકાર્ય

- **'બળિયો ભીમ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

બળિયો ભીમ

હસ્તિનાપુર નામનું નગર હતું. આ નગરમાં ૧૦૫ રાજકુમાર રહેતા હતા. પાંચ પાંડવ અને સો કૌરવ. નાના રાજકુમાર ખાય, પીએ, રમે અને મજા કરે. એકવાર પાંચેય પાંડવ બગીચામાં રમતા હતા. એટલામાં દુર્યોધન અને તેના નવ્વાણું ભાઈઓ આવ્યા. દુર્યોધન અને તેના બીજા ભાઈઓને પાંડવો જરાયે ગમતા ન હતા. એમાંય ભીમ માટે કૌરવોના મનમાં બહુ જ ખીજ. કૌરવો હંમેશાં પાંડવોને હેરાન કરવાની તક શોધતા હતા.

એક દિવસની વાત છે. દુર્યોધન પાંડવોને કહે, 'ચાલો, આપણે ભેગા મળીને આંબલી, પીપળી રમીએ.' ભીમ અને અર્જુને રમવાની ના પાડી, પરંતુ યુધિષ્ઠરે કહ્યું, 'ચાલો, આપણે સાથે રમીએ.' યુધિષ્ઠિરની વાત બધા પાંડવો માને. રમવાનું શરૂ થયું. **(રમતમાં કૌરવોએ શું વિચાર્યું હશે ?)** કૌરવોએ એવું વિચાર્યું કે ભીમને દાવ આપવો અને આપણે ચડી જવું. એ જાડીયો તો ઝાડ પર ચડી જ નહિ શકે. મજા આવશે.

ભીમનો દાવ આવ્યો. ભીમે આંખ બંધ કરીને ગણવાનું ચાલુ કર્યું. 'એક, બે, ત્રણ, ચાર... અગિયાર, બાર... વીસ, ત્રીસ, પચાસ.. એંસી, નેવું, એકાણું.. અઠ્ઠાણું, નવ્વાણું અને સો.' આંખ ઉઘાડીને આજુબાજુ જોયું તો કોઈ જ જોવા ન મળ્યું. દુર્યોધન અને બીજા કૌરવો ઝાડ પર બેસીને હસતા હતા. ભીમ ઝાડ નીચે ગયો. કૌરવો ભીમને ખીજવવા માંડ્યા. 'જાડિયો, જાડિયો, જાડિયો ભીમ', 'ઝાડ પર ચઢશે કેમ ?', 'આંબલી પીપળીનો દાવ દેવા એ આપણને અડશે કેમ?'

ભીમ વિચારમાં પડ્યો. 'વાત તો સાચી. હું ઝાડ પર કેવી રીતે ચઢું?' ત્યાં તો કૌરવો ફરીથી બોલ્યા: 'કોઈના ટેકે ચડશે તો પણ ફેરો એનો ફોગટ જશે. ઝાડની ડાળીએ પગ મૂકશે તો ડાળી સાથે નીચે જશે.' **(ભીમે શું કર્યું હશે ?)** ભીમને ગુસ્સો આવ્યો. જોરથી બૂમ પાડી, એના મોટા અવાજથી એક-બે કૌરવો તો ધ્રૂજવા લાગ્યા. ભીમે પોતાનો હાથી જેવો પગ પછાડ્યો. ધરતી ધ્રૂજી. બે-ત્રણ કૌરવો તો 'ઓ, મા રે...' કરીને નીચે પડ્યા. ભીમ હજુ પણ ગુસ્સામાં હતો. કારણ કે દુર્યોધન અને દુ:શાસન હજી ઝાડ પર હતા અને ભીમને ખીજવતા હતા. **(હવે ભીમે શું કર્યું હશે ?)** ગુસ્સામાં અને ગુસ્સામાં ભીમે ઝાડને જોરથી એક મુક્કો માર્યો. ચાર-પાંચ કૌરવો તો 'મરી ગયા, ઓ મા રે....' બોલતાં નીચે પટકાયા. આ જોઈને ભીમને યુક્તિ સૂઝી. એણે તો ઝાડના થડને બાથમાં પકડીને જોરથી હલાવવાનું શરૂ કર્યું. આખું ઝાડ હિલોળા લેવા માંડ્યું. ઝાડ હલાવવાથી દુર્યોધન, દુ:શાસન અને બાકીના બધા કૌરવો ઝાડ પરથી ટપોટપ નીચે પછડાયા. દુર્યોધનતો ઊંધે માથે પડ્યો. ભીમ દુર્યોધનને અડી ગયો. દાવ દુર્યોધન પર આવી ગયો. ભીમ ખુશ થઈ ગયો.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  1. ભીમ અને અર્જુને કૌરવો સાથે રમવાની કેમ ના પાડી ?
  2. યુધિષ્ઠિરની વાત બધા પાંડવો કેમ માનતા હશે ?
  3. આંબલી-પીપળીની રમતમાં કૌરવોએ ભીમને દાવ આપવાનું કેમ વિચાર્યું હશે ?
  4. ભીમને ગુસ્સો કેમ આવ્યો ?
  5. ગુસ્સામાં આવી ભીમે શું કર્યું ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  1. જો તમે ભીમની જગ્યાએ હો તો તમે શું કરો ?
  2. તમને આ વાર્તાની કઈ બાબત સૌથી વધુ ગમી ?
  3. જો તમારી પાસે ભીમ જેટલી તાકાત હોય તો તમે શું શું કરી શકો ?
  4. જો ભીમ જાડિયો નહિ, પણ પાતળો હોય તો શું થાય ?
- **લેખન પ્રવૃત્તિ**
  - ★ **ધો.૧નાં** બાળકો સાથે બીજાના દેખાવ અંગે ચર્ચા કરી તેનું એક ચિત્ર દોરી અન્ય બાળકો સાથે વાત-ચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.૨નાં** બાળકો સાથે ભીમના પાત્ર વિશે ચર્ચા કરી તેને વિશે બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **'આવો મેઘરાજા' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

આવો મેઘરાજા

આવો મેઘરાજા, વગડાવો વાજાં,
પીપી પીપી પોમ પોમ (૨)
મુશળધાર મુશળધાર ...
વરસે છે પાણીડાધાર
છલબલ છલબલ છોમ છોમ (૨)
રેલમછેલ રેલમછેલ ...
નદી નાળાં રેલમછેલ
સરરર સરરર સોમ સોમ (૨)

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. મેઘરાજા એટલે કોણ ?
  ૨. વરસાદ કઈ ઋતુમાં આવે છે ?
  ૩. મુશળધાર વરસાદ પડતાં નદી-નાળાંનું શું થાય છે ?
  ૪. મેઘરાજા કેવી રીતે વાજાં વગાડે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. વરસાદ પડે ત્યારે તમે શું શું કરો છો ?
  ૨. જો ખૂબ વરસાદ પડે તો શું થાય ?
  ૩. જો વરસાદ ન પડે તો શું થાય ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧ નાં** બાળકો સાથે ઢીંગલી વિશે વાત-ચીત કરી તેમની ઢીંગલી કે ઢીંગલાનું ચિત્ર દોરી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકો સાથે ઢીંગલી વિશે ચર્ચા કરી તેમને ઢીંગલી ઉપર બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'આ દાતરડું કેવું ?' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

'આ દાતરડું કેવું ?'

આ દાતરડું કેવું ? ઘાસ કાપે એવું.
આ ઘાસ કેવું ? ગાય ખાય એવું.
આ ગાય કેવી ? દૂધ આપે એવી.
આ દૂધ કેવું ? દહીં થાય એવું.
આ દહીં કેવું ? માખણ થાય એવું.
આ માખણ કેવું ? ઘી થાય એવું.
આ ઘી કેવું ? લાડુ થાય એવું.
આ લાડુ કેવાં ? વિદ્યાર્થીઓ ખાય એવાં.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. દાતરડું શા કામમાં આવે છે ?
  ૨. દૂધ શેમાંથી બને છે ?
  ૩. લાડુ બનાવવા ઘી સિવાય બીજું શું શું જોઈએ ?
  ૪. ગાય સિવાય કયાં કયાં પ્રાણીઓ ઘાસ ખાય ?

એકમ-૯ : આળસુ કાગડો

સમૂહકાર્ય

- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. બાળકો સાથે ઘી કેવી રીતે બને તેના વિશે ચર્ચા / વાત-ચીત કરો.
  ૨. બાળકોની સાથે આ વિદ્યાર્થીઓ કેવા ?..... થી આગળ એક પંક્તિ બનાવવાની પ્રવૃત્તિ કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧ નાં** બાળકો સાથે લાડવા વિશે ચર્ચા કરી. તેઓ કેટલા લાડુ ખાઈ શકે તેટલા લાડુ દોરવા કહો. અને ત્યારબાદ અન્ય બાળકો સાથે વાત-ચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકોને તેમને ભાવતી મીઠાઈ કે દૂધની વાનગીનાં નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **જોડકણાં**

  બેં બેં બેં કરતી જાય,
  ઘાસચારો ચરતી જાય,
  ઘેટાં સાથે ફરતી જાય,
  ભાઈ એને બકરી કહેવાય.

- **હાવ-ભાવની ઝલક**

  સાધન સામગ્રી : અલગ-અલગ હાવ-ભાવ દર્શાવતા ચહેરાઓનાં ચિત્રકાર્ડ

  સમય : ૧૦ મિનિટ

— આ પ્રવૃત્તિને કારણે બાળકો અલગ-અલગ લાગણીઓને દર્શાવતા ભાવોને ઓળખી શકશે અને તેને સંલગ્ન પોતાને થયેલા અનુભવોનું વર્ણન કરવાનો પ્રયત્ન કરી શકશે.

— જુદી-જુદી લાગણી દર્શાવતા હાવ-ભાવનાં ચિત્રોનાં કાર્ડ બનાવી રાખો. ઉદા. ખુશખુશાલ ચહેરો, ગુસ્સાવાળો ચહેરો, શરમાતો ચહેરો, રડતો ચહેરો વગેરે.

— બધાં બાળકો એક ગોળાકારમાં બેસે અને તેમની આ બેઠક વર્તુળની વચ્ચોવચ શિક્ષક તમામ ચિત્ર કાર્ડને ઊંધાં કરીને મૂકી દે.

— ત્યારબાદ શિક્ષક એક પછી એક બાળકને બોલાવે. આ માટે શિક્ષક બાળકોનાં નામની ચિઠ્ઠી બનાવી તેને ઉપાડી નામ જાહેર કરી બોલાવી શકે.

— ચિઠ્ઠી અનુસાર જે બાળકનું નામ બોલાય તે બાળકોનાં બેઠક વર્તુળ વચ્ચે જઈ ઊંધાં કરેલા ચિત્ર કાર્ડમાંથી એક ઉઠાવે અને ચિત્ર જુએ, ઓળખે અને સમજી વિચારીને ચિત્ર કહે કે આવો ભાવ જોઈને તેને શું યાદ આવે છે ?
ઉદા. ખુશીવાળા ભાવનું ચિત્ર કાર્ડ જોઈ તે બાળક કહી શકે કે જ્યારે તેની મમ્મીએ તેને રજાના દિવસે સવારે મોડે સુધી ઊંઘવા દીધો ત્યારે તેને બહુ જ ખુશી થઈ હતી.

— આ રીતે બાળક પોતાની વાત જણાવી તે ચિત્ર કાર્ડને પાછું, ઊંધું કરી મૂકી દે.

— આ જ રીતે, આ પ્રવૃત્તિ આગળ વધારવી, જેમાં એક પછી એક તમામ બાળકોનો વારો આવી જાય ત્યાં સુધી.

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	આવો મેઘરાજા	આળસુ કાગડો		હાવભાવની ઝલક	
૨	જોડકણાં	આળસુ કાગડો	આળસુ કાગડો		
૩	આ દાતરડું કેવું?	બળિયો ભીમ			ઉત્તરાયણ
૪	આવો મેઘરાજા		આવો મેઘરાજા	હાવભાવની ઝલક	
૫	જોડકણાં	બળિયો ભીમ	બળિયો ભીમ		
૬	આ દાતરડું કેવું?		આ દાતરડું કેવું?		ઉત્તરાયણ

સમૂહકાર્ય-૧

- **'વાંદરાભાઈનું ઘર' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

વાંદરાભાઈનું ઘર

એક હતા વાંદરાભાઈ. ખટખટ એનું નામ. એને ઝાડે ઝાડે ફરવું ગમે ને છાપરાં ઉપર કૂદવું ગમે. બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરતો રહે. હૂપા હૂપ કરતો રહે.

શિયાળો શરૂ થયો. ધીમેધીમે ઠંડી વધવા માંડી. ખટખટને ઠંડી લાગે એટલે એ એક ડાળથી બીજી ડાળે ફરતો જાય, એક છાપરા પરથી બીજા છાપરા પર કૂદતો જાય ને ઠંડી ભગાડતો જાય. ખટખટે એક ઘર પાસે અચરજ જોયું. **(ખટખટે શું અચરજ જોયું હશે?)**

થોડા માણસો ભેગા થઈ લાકડાં સળગાવી લાલ લાલ વસ્તુ પાસે હાથ રાખતા હતા ને ગાલ પર મૂકતા હતા. 'આહા! મળી ગઈ ઠંડી ભગાડવાની રીત !' ખટખટે કૂદકા માર્યા. તેણે ખેતરોમાં ફરી ફરીને લાલ મરચાં ભેગાં કર્યાં. ઝાડ નીચે ઢગલો કર્યો. હૂપાહૂપ કરી ભાઈબંધોને બોલાવ્યા. બધા ભેગા મળી ઠંડી ભગાડવા બેઠા.

ખટખટ કહે, 'આહાહાહા...! ઠંડી ભાગી રહી છે.'

બધા ધ્રૂજતા ધ્રૂજતા બોલવા લાગ્યા: 'હા ભાગી રહી છે.'

ઝાડ પરના લાંબા માળામાં ઝૂલતી ચટપટ સુઘરી આ જોઈ રહી હતી. 'બિચારા વાંદરાભાઈ ઠંડીથી કેવા થથરે છે ! ઠંડીથી બચવા હું તેમને મારા માળામાંય બોલાવી શકતી નથી.' ખટખટે તો ચટપટ સુઘરીને બોલાવી, 'આવ...આવ... ચટપટ તાપવા આવ.'

ચટપટ કહે, 'ના, ના... સૉરી હો ખટખટ. હું તો મારા માળામાં છું. મને મારા આ ઘરમાં જરાય ઠંડી ન લાગે.' ખટખટ કહે, 'એવું તે કંઈ હોય ? આટલી બંધી ઠંડી છે ને!'

સુઘરી કહે, 'પણ ઘર હોય તો ઓછી ઠંડી લાગે. હું તો કહું છું કે તમેય તમારું ઘર બનાવી લો ને ! ઊનાળામાં ઓછી ગરમી લાગશે ને ચોમાસામાં વરસાદથી ય બચી શકાશે.'

ખટખટને થયું આ નાનકડી સુઘરી મને સલાહ આપવા નીકળી છે. થોડીવાર પછી બધા સાથે હૂપાહૂપ કરી એક ઝાડથી બીજા ઝાડ પર ફરવા લાગ્યા ને ગાવા લાગ્યા.

'ડાળે ડાળે કૂદીએ છીએ,ઝાડે ઝાડે ફરીએ છીએ,
ઠંડીથી કયાં ડરીએ છીએ, હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ... (૨)'

પછી આવ્યો ઉનાળો. આકાશમાંથી જાણે આગ વરસી રહી હતી. ખટપટ અને એના દોસ્તો પરસેવાથી રેબઝેબ. સૌ પોતપોતાની પૂંછડીઓથી પવન નાખવા લાગ્યા. સુઘરીબાઈએ માળામાંથી ઝૂલતાંઝૂલતાં બૂમ પાડી, 'ખટખટ એય ખટખટ... તારે ઘર નથી બનાવવું ?' ખટખટ તો બીજી ડાળે ઠેકડો મારી ગીત ગાતો ગાતો ગયો:

'ઝાડને છાંયે રહીએ છીએ, પૂછડે પવન ખાઈએ છીએ,
ગરમીથી કયાં ડરીએ છીએ, હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ... (૨)'

ચટપટ સુઘરી તો પોતાના માળામાં ઝૂલતી રહી ને ખટખટ વાંદરાની ચિંતા કરતી રહી.

ચોમાસું આવ્યું. આકાશમાંથી વરસાદ તૂટી પડયો. કડડડધૂમ... ગડડડધૂમ... વીજળીના કડાકા ભડાકાને વાદળોનો ગડગડાટ.... બધા ઝાડ પાણીથી તરબોળ. બધે જ જળબંબાકાર જળબંબાકાર... ખટખટ ને તેના દોસ્તો ભીંજાઈ ગયા. માથે, મોઢે, પીઠે, પૂછડે... પાણી જ પાણી... ઠંડીય ખૂબ લાગી. માળામાંથી સુઘરી ફરરફર કરતી આવી, તેણે જોયું કે બધા વાંદરા તેમની પૂછડી ઊંચી કરી મિનારા જેવું બનાવી બેઠા હતા ને ગાતા હતા.

પૂંછમિનારા રહીએ છીએ, વરસાદથી કયાં ડરીએ છીએ,
હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ...

પછી ત્યાંથી હૂપાહૂપ કરતા ભાગી ગયા. વાંદરાઓએ ઘર ન બનાવ્યું તે ન જ બનાવ્યું. ને ચટપટ સુઘરીબાઈએ ચિંતાય છોડી દીધી.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. ગાડીમાં કોણ એન્જિન અને કોણ ડ્રાઈવર છે ?
  ૨. કોણ લાંબી ડોકે જંગલ જોતા જાય છે ?
  ૩. ટિકિટ ચેકર કોણ છે ? તે શું કરે છે ?
  ૪. સૌથી છેલ્લે રીંછભાઈ શું કરે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. સસલાંને બદલે બીજું કોણ ડ્રાઈવર બની શકે ?
  ૨. વાંદરાભાઈની ટિકિટ ચેક કરે અને સિંહ ટિકિટ વગર ગાડીમાં બેઠો હોય તો વાંદરાભાઈ શું કરશે ?
  ૩. તમને કયું પ્રાણી બનવું ગમે ? અને તમે શું કરશો રેલગાડીમાં ?
  ૪. બાળકો સાથે રેલગાડી વિશે ચર્ચા / વાત-ચીત કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧ નાં** બાળકો સાથે વાંદરાભાઈનું ઘર કેવું હશે ? તે અંગે ચર્ચા કરી તેનું એક ચિત્ર દોરી લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકો સાથે તેમના ઘર અંગે બે-ત્રણ શબ્દોમાં લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'હાથીની સૂંઢ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

હાથીની સૂંઢ

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. હાથીને એક સરસ મજાનું, નાનકડું નાક હતું. જ્યારે કોઈ અન્ય પ્રાણી પસાર થાય ત્યારે તેઓ હંમેશાં નાકને હવામાં ફેરવતા અને દેખાવ કરતા.

સ્વભાવિક રીતે અન્ય પ્રાણીઓને આ ગમતું ન હતું. અંતે હોશિયાર વાંદરાએ તેના વિશે કંઈક કરવાનું નક્કી કર્યું. તે પર્વત પર રહેતા એક સાધુ પાસે ગયો અને પૂછ્યું કે હાથીઓનું નાક લાંબું અને કદરૂપું બનાવવાની કોઈ રીત છે કે કેમ ?

સાધુએ કહ્યું કે તેની પાસે કેટલાંક જાદુઈ મરી છે. ફક્ત તે જ આ કામ કરી શકે, પરંતુ તેણે તે આપવાની ના પાડી દીધી. વાંદરો અત્યંત હોશિયાર હતો. સાધુ ઝૂંપડીમાં ન જાય અને સૂઈ ન જાય ત્યાં સુધી તે રાહ જોતો હતો. તેણે આસપાસ જોયું અને આખરે તેને જાદુઈ મરી મળી ગયાં. તેણે ઝડપથી મુઠ્ઠીમાં ભરી પર્વતથી ભાગીને જંગલમાં પાછો ગયો.

ત્યાં તેણે હાથીઓને તળાવમાંથી પાણી પીતા જોયા. તે તળાવ તરફ કૂદયો અને બધાં જાદુઈ મરી પાણીમાં નાંખી દીધાં. હાથીઓએ આનંદ સાથે પાણી પીવાનું ચાલુ રાખ્યું. તેઓ અજાણ હતા કે પાણીમાં જાદુઈ મરી છે. વાંદરાને ખબર ન હતી કે તેણે ઘણાં બધાં જાદુઈ મરી તળાવમાં નાખી દીધાં હતાં.

અચાનક બધા હાથીઓને એક સાથે છીંક આવવા લાગી. દરેક વખતે જ્યારે તેઓએ છીંક ખાધી ત્યારે તેમનું નાક થોડું લાંબું થતું જાય. આ... છી.... આ... છી... આંખું જંગલ તે સાંભળી શકતું હતું.

હાથીઓએ છીંક આવવાનું બંધ કરવાનો પ્રયત્ન કર્યો, પણ જાદુઈ મરી ખૂબ અસરકારક હતાં. જ્યાં સુધી તેમનાં નાક લાંબાં થઈ જમીનને સ્પર્શે ત્યાં સુધી લાંબાં થતાં ગયાં. થોડા સમય પછી જાદુઈ મરીની અસર બંધ થઈ ગઈ અને હાથીઓને છીંક આવતી બંધ થઈ ગઈ. તરફ જોતાં, વાંદરો ખૂબ જોર જોરથી હસ્યો.

હાથીઓએ નિરાશામાં તેમના લાંબા નાક તરફ જોયું અને આશ્ચર્ય થયું કે હવે તેમનું શું થશે ? તે દરમિયાન, સાધુ હંગામો સાંભળીને તળાવ તરફ નીચે આવ્યો. જ્યારે તેણે હાથીઓને જોયા ત્યારે તે સમજી ગયા કે શું થયું છે ! જાદુઈ મરી ચોરી કરવા બદલે તેણે વાંદરાને ઠપકો આપ્યો.

સાધુએ કહ્યું કે જાદુઈ મરીની અસર દૂર થઈ શકતી નથી જેથી હવે તમે કાયમ માટે આ નાક સાથે જીવવું પડશે. પણ તમે આ રીતે જુઓ. તમારી પાસે હવે બીજું એક અંગ છે. આ નાકથી તમે ઝાડનું થડ ખસેડી શકો તેટલું મજબૂત છે. સાધુએ કહ્યું. આ સાંભળીને હાથીઓએ સૂંઢ ઊંચી કરી અને આનંદમાં ચિંઘાડ કરી. પછી તેમણે વાંદરાને માફ કરી દીધો. હવે તેમની પાસે સુંદર સૂંઢ હતી ! અને ત્યારથી જ હાથીઓને સૂંઢ આવે છે.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. વાર્તામાં કોણ કોણ હતું ?
  ૨. હાથીઓ શેનો દેખાવ કરતા ?
  ૩. વાંદરો પર્વત પર કોની પાસે ગયો ? શા માટે ?
  ૪. હાથીઓને છીંક કેમ આવવા લાગી ?
  ૫. વાંદરો સાધુ પાસેથી શું ચોરીને લાવ્યો ?
  ૬. હાથીઓનાં નાક કેવાં થઈ ગયાં ? કેમ ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. જો વાંદરાને જાદુઈ મરી ન મળ્યાં હોત તો તે શું કરત ?
  ૨. જો તમે સાધુની જગ્યાએ હોય તો તમે શું કરો ?
  ૩. જો જાદુઈ મરી વાંદરાએ ખાધાં હોત તો શું થાત ?
  ૪. જો તમારી પાસે જાદુઈ મરી હોય તો તમે શું કરો ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧ નાં** બાળકો સાથે "હાથીનું નાક જો નાનું હોય તો" તેને વિશે ચર્ચા કરી તેને લગતું એક ચિત્ર દોરી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨ નાં** બાળકો સાથે "હાથીઓની સૂંઢ" વિશે બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **વિદ્યાર્થીઓને રેલગાડી બનાવીને 'જંગલ કેરાં પ્રાણીઓની' ગીત ગવડાવો :**

જંગલ કેરાં પ્રાણીઓની...

જંગલ કેરાં પ્રાણીઓની છુક છુક ગાડી ચાલી,
છુક છુક છુક છુક છુક છુક કરતી છુક છુક ગાડી ચાલી.
સૌથી આગળ કાળો હાથી ઍન્જિન એ કહેવાય,
હાથી ઉપર બેઠું સસલું ડ્રાઈવર એ કહેવાય,
મોટાં મોટાં ફળ એ હાથીને દેતું જાય.
જંગલ આખું ધમધમ થતું પક્ષીઓ ગભરાય.....
લાંબી ડોકે જિરાફભાઈ જંગલ જોતા જાય,
વરુ અને શિયાળ એના પગમાં અથડાય,
કાણી આંખે કાગડાભાઈ જંગલ જોતા જાય,
હરણ અને સાબર, ઠેકડા મારતા જાય....
કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે ડબ્બે જાય,
પાંદડાની ટિકિટ તપાસે ચેકર એ કહેવાય,

સૌથી પાછળ ઝંડી લઈને રીંછભાઈ જાય,
પીપ પીપ પીપ પીપ પીપ પીપ સીટી વગાડે, ગાડી ઊપડી જાય...

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. ગાડીમાં કોણ એન્જિન અને કોણ ડ્રાઈવર છે ?
  ૨. કોણ લાંબી ડોકે જંગલ જોતા જાય છે ?
  ૩. ટિકિટ ચેકર કોણ છે ? તે શું કરે છે ?
  ૪. સૌથી છેલ્લે રીંછભાઈ શું કરે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. સસલાને બદલે બીજું કોણ ડ્રાઈવર બની શકે ?
  ૨. વાંદરાભાઈની ટિકિટ ચેક કરે અને સિંહ ટિકિટ વગર ગાડીમાં બેઠો હોય તો વાંદરાભાઈ શું કરશે ?
  ૩. તમને કયું પ્રાણી બનવું ગમે ? અને તમે શું કરશો રેલગાડીમાં ?
  ૪. બાળકો સાથે રેલગાડી વિશે ચર્ચા / વાત-ચીત કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧નાં** બાળકો સાથે "છુક છુક ગાડી" વિશે ચર્ચા કરી તેનું એક ચિત્ર દોરી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨નાં** બાળકો સાથે રેલગાડી અંગે ચર્ચા કરી તેના વિશે બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'ઢીંગલી રે...' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

'ઢીંગલી રે...'

ઢીંગલી રે, મારી નાની નાની ઢીંગલી,
ઢીંગલી રે, મારી નાની નાની ઢીંગલી.
ઢીંગલી રે, તને કોણ કોણ ગમે ?
પપ્પા ગમે, મમ્મી ગમે.
ભાઈલો તો મને ખૂબ ખૂબ ગમે.
ઢીંગલી રે, મારી નાની નાની ઢીંગલી.
ઢીંગલી રે, તને શું શું ભાવે ?
લાડવા ભાવે, લાપસી ભાવે,
શીરો તો મને ખૂબ ખૂબ ભાવે.
ઢીંગલી રે, મારી નાની નાની ઢીંગલી.
ઢીંગલી રે, તમે શું શું ગમે ?
ટીલડી ગમે, બંગડી ગમે,
ઝાંઝર તો મને ખૂબ ખૂબ ગમે.
ઢીંગલી રે, મારી નાની નાની ઢીંગલી.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. ઢીંગલીને કોણ કોણ ગમે છે ?
  ૨. ઢીંગલીને શું શું ભાવે છે ?

૩. ઢીંગલીને શું શું પહેરવું ગમે છે ?

૪. ઢીંગલીને શું પહેરવું સૌથી વધુ ગમે છે ?

- **સમજ આધારિત પ્રશ્નો**

૧. તમારી પાસે કે તમારી બહેન પાસે કોઈ ઢીંગલી છે ? તેનું નામ શું છે ?

૨. ઢીંગલીને શીરો બહુ જ ભાવે છે. તમને સૌથી વધારે શું ભાવે છે ?

૩. ઢીંગલીને કોઈ નામ આપવાનું હોય તો શું નામ આપશો ?

૪. તમને શું પહેરવું ગમે છે ?

- **લેખન પ્રવૃત્તિ :**

★ **ધો.-૧નાં** બાળકો સાથે તેમના અનુભવો પર ચર્ચા કરી તેમને ઢીંગલી નું ચિત્ર દોરી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

★ **ધો.-૨નાં** બાળકો સાથે તેમના અનુભવો પર ચર્ચા કરી તેમને તેમના મનપસંદ રમકડા વિશે ત્રણ-ચાર લીટી લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **જોડકણાં**

ધરમપુરના પશાકાકા,
આંખે ઓછું જુએ.
એવું ઓછું કે પોતાના
પગને પણ ના જુએ !

જમરૂખ સાથે દાડમ લાવો,
લાવો દ્રાક્ષ ખાટી,
બચુભાઈ તો ભણવા બેઠા,
હાથમાં રાખી પાટી.

યશોદા તારો કાનો કાળો,
રાસ રમે છે નખરાળો.
મટકી ફોડે, મારગ રોકે,
એવો છે એ અટકચાળો.

- **શું થશે જો ?**

– બાળકોની બે લાઈનો બનાવો જેમાં તેમના ચહેરા એકબીજા સામે હોય.

– પહેલી લાઈનનાં બાળકો બીજી લાઈનનાં બાળકોને કોઈ કાલ્પનિક ઘટના શું થશે જો બોલીને પૂછશે. જેમ કે "શું થશે જો નળમાં પાણી આવતું બંધ થઈ જશે?", "શું થશે જો રાત જ નહીં પડે વગેરે."

– બીજી લાઈનનાં બાળકો પહેલી લાઈનનાં બાળકો દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નનો જવાબ આપશે. આમ, રમત આગળ વધશે.

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	જંગલ કેરાં પ્રાણીઓની	વાંદરાભાઈનું ઘર		શું થશે જો ?	
૨	જોડકણાં	વાંદરાભાઈનું ઘર	વાંદરાભાઈનું ઘર		
૩	ઢીંગલી રે	હાથીની સૂંઢ			ધુળેટી
૪	જંગલ કેરાં પ્રાણીઓની		જંગલ કેરાં પ્રાણીઓની	શું થશે જો ?	
૫	જોડકણાં	હાથીની સૂંઢ	હાથીની સૂંઢ		
૬	ઢીંગલી રે		ઢીંગલી રે		ધુળેટી

સમૂહકાર્ય-૧

- **નીચેની વાર્તા હાવભાવ સાથે કહો :**

યજ્ઞનો ઘોડો

(વાલ્મીકિ ઋષિના આશ્રમ પાસે લવ બેઠેલો છે. બે ઋષિકુમારો છે. એવામાં યજ્ઞનો શણગારેલો ઘોડો આવતો જણાય છે. લવ ઊભો થઈ જાય છે.)

લવ : અરે, આ તો યજ્ઞનો ઘોડો. ચાલો, એને પકડીએ.

પહેલો ઋષિકુમાર : ગુરુદેવ તો કહેતા હતા કે એની પાછળ મોટું લશ્કર હોય. ઘોડાને બાંધે એને લડાઈ કરવી પડે.

લવ : (ઘોડાને પકડી લેતાં) મેં તો આ પકડ્યો ઘોડાને. આ રામની હિંમત તો જુઓ ! આશ્રમની જગામાં ઘોડાને મોકલીને તે આપણને નમાવવા માગે છે. એ તે કેમ ચાલે ?

બીજો ઋષિકુમાર : આને આશ્રમની ગૌશાળામાં બાંધી આવું ?

લવ : એ જ બરાબર છે. રામને પણ ભલે ખબર પડે કે દુનિયામાં શેરને માથે સવાશેર છે. કુશભાઈને પણ ઘોડો બતાવજો. (ઋષિકુમાર ઘોડાને લઈ જાય છે. ત્યાં એક સૈનિક આવે છે.)

સૈનિક : ઊભા રહો, છોકરાઓ, ઘોડાને છોડી દો. આ તો રાજા રામચંદ્રજીનો ઘોડો છે. એને બાંધશો તો લડાઈ કરવી પડશે.

લવ : (ધનુષ્ય સંભાળતાં) તો અમે તૈયાર છીએ.

કુશ : (પ્રવેશીને) હા, હા, અમે તૈયાર છીએ.

લવ : ભાઈ કુશ, હમણાં તું ખસી જા, આ એકલો છે. એની સાથે હું એકલો જ લડીશ.

(બેઉ લડે છે. લવ સૈનિકને જમીન પર પછાડે છે. લશ્કરના બીજા સૈનિકો આવે છે. એમને પણ લવ-કુશ હરાવે છે.)

સુમંત : અરે ! આટલા નાના છોકરાઓએ આટલા બધા સૈનિકોને હરાવી દીધા !

ચંદ્રકેતુ : અજબ છોકરાઓ લાગે છે !

સુમંત : છોકરાઓ, હવે હદ થાય છે. રાજા રામચંદ્રજીનું વધુ અપમાન હવે સાંખી શકાશે નહીં.

(લડાઈ આગળ ચાલે છે. લવ અને કુશ આખી સેનાને હરાવે છે.)

પહેલો ઋષિકુમાર : વાહ ! તમે તો લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન બધાને હરાવી દીધા ! હવે તો રામ જાતે આવવા જોઈએ. હું જઈને ગુરુદેવને ખબર આપું છું. (તે જાય છે. રામ અંગદ, હનુમાન વગેરે સાથે પ્રવેશે છે.)

રામ : (લવ-કુશને જોઈને) વાહ ! કેવા રૂપાળા કુમારો છે !

લવ : ઊભા રહો. લડવા તૈયાર થઈ જાઓ.

રામ : હું બાળકોની સાથે લડાઈ કરતો નથી. તમે કોના પુત્રો છો, તે કહેશો ? (ઋષિ વાલ્મીકિ પ્રવેશ કરે છે.)

વાલ્મીકિ : રામ, આ લવ-કુશ તમારા પુત્રો છે, સીતા-માતાના પુત્રો છે. (લવ-કુશ તરફ જોઈને) બેટા, આ તમારા પિતા મહારાજ રામચંદ્રજી, તેમને પ્રણામ કરો. (લવ-કુશ રામને પ્રણામ કરે છે.)

રામ : (બેઉને ભેટીને) આવો, બેટા ! ધન્ય છે તમને ! તમને જોઈને હું બહુ રાજી થયો.

વાલ્મીકિ : ચાલો, બધા આશ્રમમાં જઈએ. સીતાજી ચિંતા કરતાં હશે. ચાલો. (બધા જાય છે.)

- **માહિતી આધારિત પ્રશ્નો**

૧. સૌથી પહેલાં ઘોડો કોણે પકડ્યો હતો ?

૨. લવ અને કુશ કોણ હતા ?

૩. ઘોડાને ક્યાં બાંધ્યો હતો ?

૪. લવકુશે કોને કોને હરાવ્યા હતા ?

એકમ-૧૧ : યજ્ઞનો ઘોડો

સમૂહકાર્ય

- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. લવ અને કુશ કેમ યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયા હતા ?
  ૨. આશ્રમમાં ઘોડો કેવી રીતે પહોંચ્યો હશે ?
  ૩. લવે કુશને યુદ્ધમાં કેમ ખસી જવાનું કહ્યું હશે ?
  ૪. લવ અને કુશ બન્ને નાના બાળકો હતા છતાં તેમણે બધાંને કેવી રીતે હરાવી દીધા ?
  ૫. તમારે ભાઈબંધ/બહેનપણી સાથે લડાઈ થાય છે ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો. ૧નાં** બાળકોને સમૂહમાં વાર્તા પર ચર્ચા કરવા માટે કહો અને વાર્તાનાં મુખ્ય પાત્રોનાં નામો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો. ૨નાં** બાળકો સાથે ઘોડા વિશે ચર્ચા કરી (ઘોડાનો રંગ, ખોરાક તેનાં લક્ષણો) બાળકોને ઘોડા વિશે બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'કામગરી મરઘી' નીચેની વાર્તા હાવભાવ સાથે કહો :**

કામગરી મરઘી

એક હતી મરઘી. કર્મી એનું નામ. બોલે 'ક્લક ક્લક ક્લક'. કામ કરે ચકાચક. એને જડ્યો ઘઉંનો દાણો. 'ક્લક ક્લક ક્લક.'

'એ ઘઉંનો દાણો વાવશે કોણ?' એણે પૂછયું. (કોણ ઘઉં વાવશે?)

'હું નહિ વાવું.' કૂતરાએ કહ્યું.

'હું નહિ વાવું.' બિલાડીએ કહ્યું.

'હું નહિ વાવું.' વાંદરાએ કહ્યું.

'હું નહિ વાવું.' મોરલાએ કહ્યું.

'તો પછી હું તો વાવીશ.' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક'...

મરઘીએ ઘઉંનો દાણો વાવ્યો. પછી એમાંથી અંકુર ફૂટયો. અંકૂર વધીને છોડ થયો. છોડ પર લીલાંકચ પાંદડાં આવ્યાં. સૂરજનો તડકો એ જોવા રોજ આવે. છોડ વધીને મોટો થયો. એને માથે ઉંબીઓ દેખાઈ. એ ઉંબીઓમાં દાણા ભરાયા. મરઘીનું મન ભરાયું. દાણા પાકયા.

'હવે એ ઘઉં લણશે કોણ ?' મરઘીએ પૂછયું. (ઘઉંની ઉંબીઓ કોણ લણશે?)

'હું નહિ લણું.' કૂતરાએ કહ્યું.

'હું નહિ લણું.' બિલાડીએ કહ્યું.

'હું નહિ લણું.' વાંદરાએ કહ્યું.

'હું નહિ લણું.' મોરલાએ કહ્યું.

'તો પછી હું લણીશ.' કર્મીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક' મરઘીએ ઘઉં લણી લીધા.

'હવે એ ઘઉં ઝૂડશે કોણ ?' મરઘીએ પૂછયું. (પાકેલા ઘઉં કોણ ઝૂડશે?)

'હું નહિ ઝૂડું.' કૂતરાએ કહ્યું.

'હું નહિ ઝૂડું.' બિલાડીએ કહ્યું.

'હું નહિ ઝૂડું.' વાંદરાએ કહ્યું.

'હું નહિ ઝૂડું.' મોરલાએ કહ્યું.

'તો હું ઝૂડું છું.' કર્મીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક' મરઘીએ ઘઉં ઝૂડી લીધા.

'હવે આ ઘઉં દળાવવા ઘંટીએ કોણ જશે ?' મરઘીએ પૂછયું. (ઘઉં દળાવશે કોણ ?)

'હું નહિ જાઉં.' કૂતરાએ કહ્યું.

'હું નહિ જાઉં.' બિલાડીએ કહ્યું.

'હું નહિ જાઉં.' વાંદરાએ કહ્યું.

'હું નહિ જાઉં.' મોરલાએ કહ્યું.

'તો હું ઘંટીએ જાઈશ ને ઘઉં દળાવી લાવીશ.' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક' ને પછી મરઘી ઘઉં લઈને ઘંટીએ ગઈ. ઘઉં દળાવ્યા. લોટ લઈને મરઘી પાછી આવી. 'ક્લક ક્લક ક્લક'

'હવે આ ઘઉંની રોટલી બનાવશે કોણ?' મરઘીએ પૂછ્યું. (ઘઉંની રોટલી કોણ બનાવશે?)

'હું નહિ બનાવું.' કૂતરાએ કહ્યું.

'હું નહિ બનાવું.' બિલાડીએ કહ્યું.

'હું નહિ બનાવું.' વાંદરાએ કહ્યું.

'હું નહિ બનાવું.' મોરલાએ કહ્યું.

'તો પછી રોટલી હું બનાવીશ.' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક'... મરઘીએ પછી લોટ બાંધ્યો, રોટલી વણી, શેકી, ઘીમાં ઝબોળીને થાળીમાં પીરસી. સુગંધ આવી. સહુના મોંમાં પાણી પાણી. (હવે રોટલી કોણ ખાશે?)

- **માહિતી આધારિત પ્રશ્નો**
  1. મરઘી કેવો અવાજ કરે છે?
  2. વાર્તામાં કેટલાં પ્રાણીઓ અને પક્ષીઓ છે? ક્યાં ક્યાં?
  3. મરઘીએ શું વાવ્યું હતું?
  4. વાર્તાના અંતમાં મરઘીએ શું બનાવ્યું?
- **સમજ આધારિત પ્રશ્નો**
  1. ઘઉંથી શું શું બનાવી શકાય?
  2. મરઘી કેમ બધાં પાસે ગઈ હશે?
  3. તમે ઘઉંની કઈ કઈ વસ્તુઓ ખાધી છે?
  4. તમે મરઘીની જગ્યાએ હો તો શું કરો?
- **લેખન પ્રવૃત્તિ :**
  - ★ **ધો. ૧ નાં** બાળકો સાથે વિવિધ અનાજ અને તેનાથી બનતી વાનગી પર ચર્ચા કરી. (ચોખા, ઘઉં, બાજરી) બાળકો પોતાની મનપસંદ વાનગીનું ચિત્ર બનાવવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો. ૨ નાં** બાળકો સાથે વિવિધ અનાજ અને આથી બનતી વાનગી વિશે ચર્ચા કરો. (ચોખા, ઘઉં, બાજરી) બાળકો પોતાની મનપસંદ વાનગીનું નામ લખી તે તેમને કેમ ખૂબ ભાવે છે તેના પર બે-ત્રણ વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો..
- **નીચેનું ગીત અભિનય સાથે ગવડાવો :**

મેં તો ફુગ્ગો પાળેલ છે.

કોઈ પાળે કુરકુરિયું ને કોઈ પાળે ગાય,
એ ભાઈ.... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.
ફુગ્ગામાંથી બને કબૂતર, ફુગ્ગામાંથી ચક્કો,
ફુગ્ગામાંથી બનતો જોકર એની માથે ટક્કો.
દોરી સાથે બાંધું તો અધ્ધર અધ્ધર જાય..

એ ભાઈ.... એ ભાઈ... એ ભાઈ, ભાઈ, ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.
લાકડી ઉપર બાંધું તો ફુગ્ગો વાજું થાય,
સાઈકલ સાથે બાંધુ તો મારી સાઈકલ સ્કૂટર થાય.
ખિસ્સામાં મૂકું તો છાનોમાનો સૂઈ જાય...
એ ભાઈ.... એ ભાઈ... એ ભાઈ, ભાઈ, ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

- રમેશ પારેખ

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. ફુગ્ગામાંથી ક્યાં બે પક્ષી બને છે ?
  ૨. ફુગ્ગો ક્યાં સૂઈ જાય છે ?
  ૩. સાઈકલ શું બની જાય છે ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. ક્યા ક્યા પ્રાણીઓ / પક્ષીઓને પાળી શકાય છે ?
  ૨. તમારા ખિસ્સામાં શું શું સમાઈ શકે ?
  ૩. ફુગ્ગો ક્યા ક્યા રંગનો હોય છે ?
  ૪. તમે ફુગ્ગાનું શું શું બનાવી શકો?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો.૧નાં** બાળકો ફુગ્ગો દોરી તેમાં રંગ ભરી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.૨નાં** બાળકો ફુગ્ગા કયાં કયાં મળી શકે છે તે વિશે એક-બે વાક્ય લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **નીચેનું ગીત અભિનય સાથે ગવડાવો :**

મામાની ગાડી

ગાડી આવે! ગાડી આવે!
ગાડી આવે!
મામા આવે! મામી આવે!
કાજુ કેળાં લાવે!
ચંદુ આવે! લીલી આવે!
નવાં રમકડાં લાવે.
હરખાતી બા ભાઈ ભાભીને
મીઠે વેણ વધાવે!
બા ને મામી ભેટ ભેટે હેતે
મામા વહેંચે લહાણી,
ઘરમાં સઘળાં રાજી રાજી!
જાણે આજ ઉજાણી!

- ઝીણાભાઈ દેસાઈ

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. મામા-મામી શું શું લાવે છે ?

૨. ચંદુ સાથે કોણ આવે છે?
૩. મામા શું વહેંચે છે?

- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. તમારા મામાના ગામનું નામ શું છે?
  ૨. તમે મામાના ઘરે ક્યારે જાવ છો?
  ૩. 'ઉજાણી' એટલે શું? - સમૂહમાં ચર્ચા કરીને કહો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો.-૧ નાં** બાળકો ને પોતાના મામાનું નામ લખવા માટે કહો.
  ★ **ધો.-૨ નાં** બાળકો મામાના ઘરે કેવી રીતે જાય છે તેને વિશે એક-બે વાક્ય લખવાની પ્રવૃત્તિ કરો. (ક્યાંથી વાહન મળે છે, કેટલા કિમી થાય છે, ક્યાં વાહનમાં જાય છે વગેરે.)
- **જોડકણાં**

ગાય ખાય ઘાસ
ઘોડો ખાય ચણા
વાંદરો ખાય કેળું
બકરી ખાય પાંદડાં

સુથારભાઈ લાકડું લઈને
કરવત વડે કાપે,
ટેબલ ખુરશી કરવા માટે,
આડું ઊભું માપે.

અમે છીએ પંખીડાં,
ગાઈએ મીઠાં ગીતડાં.
કાનને બદલે મીડાં,
મૂકીએ અમે ઈંડાં.

- **બતાવો શું છે? કઈ વસ્તુ અલગ છે?**

— સમય – ૧૫ મિનિટ
— સામગ્રી – સરળતાથી મળી શકે તેવી વસ્તુઓ
— આ પ્રવૃત્તિમાં બાળકો વસ્તુઓની તુલના સરખામણી કરવાનો પ્રયત્ન કરે છે.
— શિક્ષક ટેબલ પર કોઈ બે ચીજ વસ્તુ મૂકી દે. ઉદા. પથ્થર અને ચોક
— હવે કોઈ બે બાળકોને સામે બોલાવે બંનેને એક પછી એક બંને વસ્તુઓ વચ્ચે શો તફાવત છે? - તે જણાવવા કહો.
— જેટલા તફાવત બાળકો બતાવી શકે તેટલા બતાવવા દો. ઉદા. પથ્થર અને ચોકમાં શો તફાવત છે તે જણાવવા આ પ્રકારની ચર્ચા કરાવી શકાય.
પ્રથમ બાળક- પથ્થર સહેલાઈથી તૂટી શકતો નથી.
બીજું બાળક – ચોક સરળતાથી તૂટી જાય છે.
પ્રથમ બાળક – પથ્થર આપણે રસ્તા પરથી મળે છે. ચોક આપણને રસ્તા પરથી નથી મળતો.
બીજું બાળક – પથ્થર કાળો છે. ચોક સફેદ છે.
— આ ચર્ચા ત્યાં સુધી ચાલુ રાખો જ્યાં સુધી બાળકો પાસે કોઈ મુદ્દો બાકી બચે નહિ.
— ત્યારબાદ તમે એ વસ્તુઓને બદલીને બીજી વસ્તુઓ સામે રાખો અને બીજાં બે બાળકોને આગળ બોલાવીને પ્રવૃત્તિને આગળ વધારો.
— (બે વસ્તુઓ વચ્ચે શો તફાવત છે તે સિવાય તમે બંને વસ્તુઓ વચ્ચે સમાનતા વિષે પણ પૂછી શકો.)

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	મેં તો ફુગ્ગો પાળેલ છે.	યજ્ઞનો ઘોડો		શું છે અલગ, શું છે સમાન	
૨	જોડકણાં	યજ્ઞનો ઘોડો	યજ્ઞનો ઘોડો		
૩	મામાની ગાડી	કામગરી મરઘી			રેલવે પ્લેટફોર્મ
૪	મેં તો ફુગ્ગો પાળેલ છે.		મેં તો ફુગ્ગો પાળેલ છે.	શું છે અલગ, શું છે સમાન	
૫	જોડકણાં	કામગરી મરઘી		કામગરી મરઘી	
૬	મામાની ગાડી			મામાની ગાડી	રેલવે પ્લેટફોર્મ

સમૂહકાર્ય-૧

- **'બે મિત્રો' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

બે મિત્રો

બે મિત્રો હતા. એક વાર તે બંને પરદેશ જવા નીકળ્યા. જંગલમાં થઈને પસાર થઈ રહ્યા હતા. અચાનક જંગલની ઝાડીમાંથી એક જંગલી રીંછ આવી ચડ્યું. બેમાંથી એક મિત્રે રીંછને દૂરથી જ આવતું જોઈ લીધું. આ મિત્ર પૂરો સ્વાર્થી હતો. તે પોતાના મિત્રને ચેતવણી આપવા પણ ન થોભ્યો અને પોતાનો જીવ બચાવવા માટે પાસેના ઝાડ પર સડસડાટ ચડી ગયો.

બીજા મિત્રે રીંછને જોયું. એની નજીકમાં પણ ઝાડ હતું, પરંતુ શરીરથી એ મિત્ર થોડો જાડો હતો અને તેની પાસે એટલો સમય પણ નહોતો કે ઝટપટ ઝાડ પર ચડી શકે. તેમ છતાં તે તીવ્ર બુદ્ધિનો હતો. એણે રીંછના સંબંધમાં એક વાત સાંભળી હતી, તે યાદ આવી ગઈ કે રીંછ કદી મરેલા માણસના મડદાને ખાતું નથી તે હંમેશાં શિકાર કરીને જ ખાય છે. તરત જ તે જમીન પર ચત્તોપાટ સૂઈ ગયો. શ્વાસ રુંધીને પડ્યો રહ્યો - જાણે કે મડદું ન હોય !

રીંછ એની નજીક આવ્યું. આ માણસ જીવતો છે કે મરેલો તેની ખાતરી કરવા રીંછે એનાં નાક, કાન, આંખ અને એ પ્રમાણે એનું આખું શરીર સૂંઘી જોયું. છેવટે રીંછે એને ફરીથી સૂંઘ્યો અને આ માણસ મરેલો છે એવી પોતાના મનથી ખાતરી થતાં ત્યાંથી ચાલ્યું ગયું. પેલો સ્વાર્થી મિત્ર ઝાડ પર બેઠો બેઠો આ બધું જોયા કરતો હતો. રીંછના ચાલ્યા ગયા પછી એ ઝાડ પરથી નીચે ઊતરી આવ્યો.

તેણે પૂછ્યું: 'કેમ ભાઈ, આ રીંછ તારું કાંઈ સગું થતું હોય એમ લાગે છે. પણ એતો કહે, એણે તારા કાનમાં મોઢું ઘાલીને તને કાનમાં શું કહ્યું ?' બુદ્ધિશાળી મિત્રે ધીમેથી જવાબ આપ્યો : 'ભાઈ, એણે મારા કાનમાં એક ખૂબ જ અગત્યની વાત કરી. એણે મને કાનમાં કહ્યું કે, સંકટના સમયે પોતાનો જીવ બચાવવા નાસી જનાર સ્વાર્થી મિત્રથી હંમેશાં ચેતતો રહેજે !'

પેલો સ્વાર્થી મિત્ર આ સાંભળીને એકદમ શરમાઈ ગયો.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. જંગલની ઝાડીમાંથી શું આવી ચડ્યું હતું ?
  ૨. બીજા મિત્રએ જીવ બચાવવા માટે શું કર્યું ?
  ૩. પહેલો મિત્ર કેમ ઝાડ પર ચડી શક્યો નહીં.
  ૪. વાર્તાના અંતમાં બીજો મિત્ર કેમ શરમાઈ ગયો ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. જંગલમાં ક્યાં ક્યાં પ્રાણીઓ જોવા મળે છે ?
  ૨. તમને ક્યાં ક્યાં જંગલી પ્રાણીનો ડર લાગે છે ?
  ૩. તમે તમારા મિત્રને કેવી રીતે મદદ કરો છો ?
  ૪. રીંછ કેવા રંગનું હોય છે ? તે ક્યાં ક્યાં જોવા મળે છે ?
  ૫. બાળકો સાથે 'સ્વાર્થી' એટલે શું ? તેના પર ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ ધો.૧નાં બાળકો સાથે વાર્તા વિશે ચર્ચા કરી તેમના મનપસંદ જંગલી પ્રાણીનું નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ ધો.૨નાં બાળકો સાથે વાર્તા વિશે ચર્ચા કરી રીંછ વિશે બે-ત્રણ વાક્ય લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'બિલ્લી' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

બિલ્લી

એક હતી બિલ્લી. તેને જવું'તું દિલ્હી. પણ જવું કઈ રીતે?

તેણે બધાં પ્રાણીઓને વાત કરી. રસ્તો જડયો. બિલ્લી ગઈ ખેડૂત પાસે, 'ખેડૂતભાઈ, ખેડૂતભાઈ, મારે થોડું કામ છે.

મને થોડો કપાસ આપો ને.' ખેડૂત ખેતી કરે, અનાજ વાવે ને કપાસ પણ વાવે. કપાસ લઈ બિલાડી આગળ ચાલી.

પીંજારા પાસે ગઈ. કહ્યું 'પીંજારાભાઈ, પીંજારાભાઈ, મારે થોડું કામ છે. મને આ કપાસ પીંજી આપો ને.' પીંજારો રૂ પીંજે, ગાદલાં તથા રજાઈ બનાવે. પીંજારાએ કપાસ પીંજી આપ્યો.

બિલ્લી આગળ ચાલી. ગઈ વણકર પાસે, 'વણકરભાઈ વણકરભાઈ, મારે થોડું કામ છે. મને આ રૂમાંથી કાપડ વણી આપો ને.' બિલ્લીને વણકરે કાપડ વણી આપ્યું. બિલ્લી આગળ ચાલી. ગઈ દરજી પાસે 'દરજીભાઈ દરજીભાઈ, મારે થોડું કામ છે. મને આ કાપડમાંથી કપડાં સીવી આપો ને !' દરજી કપડાં સીવે. બિલ્લીનું માપ લઈ કપડાં સીવી આપ્યાં.

બિલ્લીબાઈ તો ચાલ્યાં આગળ પહોંચ્યા ધોબીને ત્યાં, 'ધોબીભાઈ ધોબીભાઈ, મારે થોડું કામ છે. મને આ બે કપડાં ધોઈને ઈસ્ત્રી કરી આપો ને !' ધોબી કપડાં ધૂએ અને ઇસ્ત્રી પણ કરે. ધોબીએ કપડાં ધોઈને ઈસ્ત્રી કરી આપી. બિલ્લી ત્યાંથી આગળ ચાલી. ગઈ મોચીને ત્યાં, 'મોચીભાઈ, મોચીભાઈ... મારે થોડું કામ છે. મને ચંપલ સીવી આપો ને!' મોચી ચામડામાંથી ચંપલ-બૂટ બનાવે. મોચીએ બિલ્લીને ચંપલ બનાવી આપ્યાં. બિલ્લી ત્યાંથી આગળ ચાલી. ગઈ સુથારને ઘેર, 'સુથારભાઈ સુથારભાઈ... મારે થોડું કામ છે. મને એક લાકડાની ગાડી બનાવી આપોને.'

સુથાર લાકડામાંથી ખુરશી અને બારી-બારણાં બનાવે. બિલ્લીને એક ગાડી બનાવી આપી. બિલ્લી પછી ત્યાંથી આગળ ચાલી. ગઈ કુંભારને ત્યાં, 'કુંભારભાઈ કુંભારભાઈ, મારે થોડું કામ છે. મને એક નાનો ઘડો આપો ને.' બધું લઈ બિલ્લી તો ઘરે આવી. સવાર થયું. નાહી-ધોઈને નવાં કપડાં પહેરી તૈયાર થઈ. લાકડાની ગાડી જોડી. દેડકાને ગાડીમાં જોડ્યો ને બિલ્લીમાસીની સવારી તો ઊપડી દિલ્હી તરફ. મ્યાઉં... મ્યાઉં, ડ્રાઉં... ડ્રાઉં... મ્યાઉં... મ્યાઉં, ડ્રાઉં... ડ્રાઉં...

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. બિલ્લીને ક્યાં જવું હતું ?
  ૨. બિલ્લીએ ખેડૂતભાઈ પાસેથી શું લીધું ?
  ૩. બિલ્લીને ગાડી કોણે બનાવી આપી ?
  ૪. બિલ્લી માસીએ ગાડીમાં કોને જોડ્યો ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. બિલ્લી માસીને કેમ દિલ્લી જવું હશે ?
  ૨. તમે બહારગામ જાવ ત્યારે શી-શી તૈયારીઓ કરો છો ?
  ૩. તમારે લોખંડની કોઈ વસ્તુ બનાવડાવવી હોય તો તમે કોની પાસે જશો ?
  ૪. બિલ્લીની ગાડીમાં દેડકાભાઈને જોડ્યાં છે. પણ તેની જગ્યાએ બીજા કોને કોને જોડી શકાય ?
  ૫. તમે શાકભાજી ક્યાંથી ખરીદો છો ? તે ક્યાંથી આવતું હશે ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ ધો.૧નાં બાળકો સાથે સ્થાનીય વ્યવસાયકારો વિશે ચર્ચા કરી એક-બે વ્યવસાયકારોનાં નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ ધો.૨નાં બાળકો સાથે સ્થાનીય વ્યવસાયકારો વિશે ચર્ચા કરી કોઈપણ એક વ્યવસાયકાર વિશે બે-ત્રણ વાક્ય લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'એક ઝરણું દોડ્યું જાતું'તું' ગીતનું અભિનય સાથે ગાન કરાવો :**

એક ઝરણું દોડ્યું જાતું'તું...

એક ઝરણું દોડ્યું જાતું'તું,
એ તો અધ્ધરથી પછડાતું'તું,
પછડાતું,'તું, અથડાતું'તું,
તોયે હસતું હસતું જાતું', તું.. એક ઝરણું.
એને કાંઠે પૂનમની રાત પડે,
એને જોવાને ચાંદો આભ ચડે,

એને જોઈને મોં મલકાતું'તું... એક ઝરણું
સીમ, ગામને ખેતર, પાદરમાં
હસતું રમતું એ જાતું'તું
રમતું-ભમતું, ભમતું રમતું
એ સાગરમાંહી સમાતું'તું... એક ઝરણું
એને કાંઠે પંખીડાં પાણી પીએ,
એને તીરે નાનાં બાળ રમે,
નિત આનંદે ઊભરાતું'તું... એક ઝરણું

- ગોવિંદભાઈ પરીખ

- **માહિતી આધારિત પ્રશ્નોઃ**
  ૧. પૂનમની રાતે કોણ આભ પર ચડે છે ?
  ૨. ઝરણું ક્યાં ક્યાં જાય છે ?
  ૩. ઝરણાંમાંથી કોણ પાણી પીવે છે ?
  ૪. તેનાં તીરે કોણ રમે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. તમે ઝરણું હોય તો ક્યાં ક્યાં જવાનું પસંદ કરો ?
  ૨. સમુહમાં તળાવ/નદી વિશે ચર્ચા કરો. તેમાં ક્યાં ક્યાં પ્રાણીઓ રહેતાં હશે ? તેમાં પાણી ક્યાંથી આવે છે ? તે પાણીનો ઉપયોગ કોણ કોણ કરે છે ? ઉનાળામાં પાણી કેમ ઓછું કે ખાલી થઈ જાય છે ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ ધો.-૧ નાં બાળકો સાથે ગામમાં આવેલ નદી, તળાવ, ડેમ કે સરોવર વિશે ચર્ચા કરો. તેને વિશે એક-બે શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ ધો.-૨ નાં બાળકો સાથે ગામમાં આવેલ નદી, તળાવ, ડેમ કે સરોવર વિશે ચર્ચા કરીને તેને વિશે એક-બે વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **બાળગીત :**
  'આવે...' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :

આવે...

અચ્ચર આવે, કચ્ચર આવે.
મોટા મોટા મચ્છર આવે
હીંચકા ખાઉં તો ચક્કર આવે
પહાડમાંથી પથ્થર આવે
સસલાઓનું લશ્કર આવે
ઢાલની સાથે બખ્તર આવે
નિશાળ સાથે દફતર આવે
વરસાદ સાથે છત્તર આવે
માટીમાંથી અત્તર આવે.

- જગદીશ જોષી

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. હીંચકા ખાઈએ ત્યારે શું આવે છે ?
  ૨. ઢાલની સાથે શું આવે છે ?

૩. નિશાળ સાથે શું આવે છે ?
૪. પહાડમાંથી શું આવે છે ?

- **સમજ આધારિત પ્રશ્નો**

૧. લશ્કર એટલે શું ?
૨. ઢાલ અને બખ્તરનો ઉપયોગ શો હોય છે ?
૩. મચ્છર કરડે તો શું થાય ?
૪. નિશાળમાં બીજું શું શું હોય છે ? તમારી આજુબાજુ જોઈને કહો.

- **લેખન પ્રવૃત્તિ :**

★ **ધો.-૧નાં** બાળકોને પોતાની શાળાનું નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
★ **ધો.-૨નાં** બાળકોને પોતાની શાળા વિશે બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **જોડકણાં**

દડો - દડા
ફુવારો - ફુવારા
ગોળો - ગોળા
રોટલો - રોટલા

ફર ફર ફર ફર ફરતું જાય,
સર સર સર સરતું જાય.
ઝાડે ઝાડે જોતું જાય,
પતંગિયું તો રમતું જાય.

દાદાજીની દાઢી કરવા
વાળંદ ઘેર આવે,
નાનો બાબો જોયા કરતો
સાબુ કેમ લગાવે ?

- **આવો કરીએ વાતચીત**

- શિક્ષક બાળકોને બે-બે ની જોડીમાં વહેંચી દે.
- ત્યારબાદ બાળકોને ૨-૩ ઘટના પર ચર્ચા કરવા માટે આપો. જેમકે, તમારા સગાં-વ્હાલા ના ઘરે લગ્નમાં જવાનું છે અને શાળામાં આ જ દિવસે પરીક્ષા છે તો તેમણે શું કરવું જોઈએ ?
- એક બાળક પાસે ૧૦ રૂપિયા છે. તેણે આ રૂપિયા ક્યાં ખર્ચ કરવા જોઈએ. બન્ને બાળકોને આ બાબત પર ચર્ચા કરવા માટે કહો.
- આમ, અલગ-અલગ મુદ્દા પર બાળકોને ચર્ચા કરવા માટે આપી શકાય છે.
(ચર્ચા દરમિયાન શિક્ષક બાળકો વચ્ચે ફરે અને જે બાળકોને મદદની જરૂર હોય ત્યાં મદદ કરે)

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	એક ઝરણું દોડ્યું જાતું'તું	બે મિત્રો		આવો, કરીએ વાતચીત	
૨	જોડકણાં	બે મિત્રો	બે મિત્રો		
૩	અચ્ચર આવે	બિલ્લી			ટ્રાફિક સિગ્નલ
૪	એક ઝરણું દોડ્યું જાતું'તું		એક ઝરણું દોડ્યું જાતું'તું	આવો, કરીએ વાતચીત	
૫	જોડકણાં	બિલ્લી	બિલ્લી		
૬	અચ્ચર આવે		અચ્ચર આવે		ટ્રાફિક સિગ્નલ

સમૂહકાર્ય-૧

- **'ચકો અને ચકી' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

ચકો અને ચકી

એક હતો ચકો અને એક હતી ચકી. ચકો લાવ્યો ચોખાનો દાણો અને ચકી લાવી મગનો દાણો. ચકીએ ચૂલા પર ખીચડી રાંધવા માટે મૂકી. ચકી બોલી, 'ચકા ! તું ખીચડીનું ધ્યાન રાખજે. હું પાણી ભરી આવું.' ચકો કહે 'ભલે'. ચકી ગઈ એટલે ચકો તો રંધાઈ ગયેલી ખીચડી ખાઈ ગયો. એટલામાં ચકી પાણી ભરીને આવી. ચૂલા પાસે જઈને જુએ છે તો ખીચડીની તપેલી ખાલી ! એણે ચકાને પૂછ્યું તો ચકો કહે, 'મને ખબર નથી, પણ રાજાનો કૂતરો આવ્યો હતો, એ ખાઈ ગયો હશે.'

ચકી તો ઉપડી રાજા પાસે. રાજાના દરબારમાં જઈને કહે, 'રાજાજી ! રાજાજી આ તે કેવું ? તમારો કૂતરો અમારી ખીચડી ખાઈ ગયો, એને સજા કરો.'

રાજાએ તરત જ સિપાઈને મોકલીને કૂતરાને બોલાવ્યો હકીકત પૂછી. કૂતરો કહે, 'હું તો ચકીના ઘરે ગયો જ નથી, ચકાને જ પૂછો. એ જ ખીચડી ખાઈ ગયો હશે.' રાજાએ તરત જ સિપાઈને મોકલ્યો. સિપાઈ તો ચકાને પકડી લાવ્યો. પૂછ્યું 'ચકા ! સાચુ બોલ, તેં ખીચડી ખાધી છે ?' ચકાએ પહેલાં તો ના પાડી. રાજા કહે, 'આ ચકો ખોટું બોલે છે. એનું પેટ ચીરીને તપાસ કરો.'

ચકો તો ગભરાઈ ગયો. એણે પોતાનો ગુનો કબૂલી લીધો. રાજાએ એને સજા ફરમાવી કે તું જાતે જઈને ચોખા-મગ શોધી લાવીને ખીચડી બનાવ. ચકો ચોખા-મગ શોધી લાવ્યો. એ પછી બંનેએ ખીચડી રાંધી અને ખાધી.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. ચકી શું કરવા માટે ગઈ હતી ?
  ૨. ખીચડી શેની બને છે ?
  ૩. વાર્તામાં કોણ ખોટું બોલતું હતું ?
  ૪. ચકી કોની પાસે ન્યાય માંગવા ગઈ ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. ચકો-ચકી, કાગડો-કાગડી આ રીતે બીજી પાંચ જોડ બનાવો.
  ૨. ચકલીઓ બીજું શું શું ખાઈ શકે છે ?
  ૩. કંઈ કંઈ વસ્તુઓ શેકીને ખાઈ શકાય ?
  ૪. આજના સમયમાં ચકીએ કોને ફરિયાદ કરવી જોઈએ.
  ૫. ચકાને તમારા મત મુજબ બીજી શી સજા કરી શકાય ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.-૧ નાં** બાળકો સાથે આસપાસમાં દેખાતાં પક્ષીઓ વિશે ચર્ચા કરો. પક્ષીઓ ક્યાં રહેતાં હશે ? શું શું ખાય છે ? જેવા પ્રશ્નો બાળકોને પૂછો. ત્યારબાદ બાળકોને પોતાના મન-પસંદ પક્ષીનું ચિત્ર દોરવા માટે કહો અને તેમાં રંગ પૂરાવો.
  ★ ધોરણ-૧ મુજબની ચર્ચા **ધોરણ-૨** સાથે કરીને તેમને તેમની આજુબાજુમાં દેખાતાં પક્ષીઓનાં નામ લખવા માટે જણાવો.
- **'કીડી અને કબૂતર' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

કીડી અને કબૂતર

એક હતું તળાવ. તળાવ કિનારે મઝાનું ઘટાદાર ઝાડ ! ઝાડ પર રહે કબૂતર ને ઝાડના થડ પાસે કીડીઓનું દર. તેમાંની એક કીડી અને કબૂતર વચ્ચે ભાઈબંધી. હવે એકવાર એવું થયું કે ખૂબ વરસાદ પડ્યો. તળાવનાં પાણી તો પાળ તોડીનેય ઉપર આવ્યાં. તે છેક ઝાડના થડ સુધી આવવા લાગ્યાં. હવે પેલી કીડી તે વખતે થડથી થોડેક જ દૂર ફરતી હતી. પાણીની છાલક તેને વાગી ને કીડીબાઈ તો પાણીમાં તણાયાં. તે જ વખતે કબૂતરની નજર તેના પર પડી.

૧) કીડીને તણાતાં જોઈ કબૂતરે શો વિચાર કર્યો હશે ? ૨) કબૂતર તણાંયું હોત તો કીડી શું કરત ?
૩) કબૂતર કીડીને બચાવવા શું કરે છે ?

તેણે જોયું કે જો જરાક વાર લાગશે તો કીડી તણાઈ જશે. કેવી રીતે કીડીને બચાવું ? પછી તરત જ ઝાડનું એક પાંદડું તોડયું ને કીડી પાસે ફેંકયું. જેવું પાંદડું પડયું કે કીડી તેના પર ચડી ગઈ. કીડી બચી ગઈ. થોડીવારે તળાવનાં પાણી ઊતર્યા. કીડી પાછી પોતાના દરમાં આવી ગઈ.

આ વાતને થોડા દિવસ થયા. એક બપોરે કબૂતર ઝાડ ઉપર ઉંઘતું હતું. નીચે કીડીબાઈ ફરતાં હતાં. ત્યાં કીડીએ જોયું કે એક શિકારી કબૂતર સામે તીર તાકીને ઊભો છે. તેને થયું : 'અરે! આ તો કબૂતરને મારી નાખશે ! મારે તેને બચાવવું જોઈએ. તેને જઈને ઉઠાડું ? ના, ના એમાં તો બહુ વાર થાય. તો શું કરું ?' ત્યાં તો એકદમ એને કંઈક સૂઝયું.

૧) કીડી શિકારી પાસે કેમ ગઈ હશે ? ૨) કીડી શિકારીને શું કરશે?
૩) શું કીડી પણ કબૂતરને બચાવવાનો પ્રયાસ કરશે ?

તે તેની બે-ચાર બહેનપણીઓને લઈને ફટાફટ પેલા શિકારી પાસે પહોંચી. શિકારી તીર છોડવાની તૈયારીમાં જ હતો. કીડીઓ તેના પગ પર ચડવા લાગીને ચટકા ભરવા લાગી. શિકારીનું ધ્યાન તૂટી ગયું. તેના હાથમાંથી તીર તો છૂટયું પણ નિશાન ચુકાઈ ગયું. તીર કબૂતરની બાજુમાંથી પસાર થયું. શિકારી કીડીઓના ચટકાથી ત્રાસી ગયો. ને ઓ...ય...ઓ...ય કરતો ભાગી ગયો. કબૂતર પાસેથી સ...ન...ન...ન કરતું તીર પસાર થયું કે એ અવાજથી કબૂતર જાગી ગયું. તેણે જોયું તો શિકારી ભાગી રહ્યો હતો. તેણે કીડીઓને જોઈ. તે તેમની પાસે ગયું અને આભાર માનવા લાગ્યું. એટલે કીડી કહે : 'એમાં શું ? તમેય મને બચાવી જ હતી ને ! અરસપરસ મદદ કરવી એ તો આપણી ફરજ છે.' કબૂતર ખુશ થઈ ઊડી ગયું. કીડીઓ ત્યાં ફરવા લાગી.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. કીડી ક્યાં રહેતી હતી ?
  ૨. કબૂતરે કીડીને બચાવવા શું કર્યું ?
  ૩. કબૂતરનો શિકાર કરવા માટે કોણ આવ્યું હતું ?
  ૪. કબૂતરને બચાવવા માટે કીડીએ શું કર્યું ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. કીડી દરમાં રહે છે, તો કબૂતર ક્યાં રહેતું હશે ?
  ૨. કીડી અને કબૂતર કેવી રીતે વાતો કરતાં હશે ?
  ૩. તમે તમારા કોઈ મિત્રની મદદ કરી છે ? શી મદદ કરી હતી ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.૧નાં** બાળકો સાથે વાર્તામાં કબૂતરની ભૂમિકા વિશે ચર્ચા કરી એક-બે શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.૨નાં** બાળકો સાથે વાર્તામાં કબૂતરની ભૂમિકા વિશે ચર્ચા કરી તેનાં વિશે બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'મારે નાના ગોવાળિયા થાવું છે.' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

'મારે નાના ગોવાળિયા થાવું છે.'

મારે નાના ગોવાળિયા થાવું છે(૨)
મારે ગાયો ચરાવવા જાવું છે.... મારે નાના
દે... ઊંચેરા વડલાની ઊંચેરી ડાળીએ,
નીચે બેસી પાવો વગાડવો છે... મારે નાના
બાજરીનો રોટલો ને ગોળનું દડબું,

છાંયે બેસીને મારે ખાવું છે.... મારે નાના
આથમતા સૂરજની આથમતી સાંજે,
ઘેંટા-બકરાંને લઈ ઘેર જાવું છે... મારે નાના
મારે નાના નિશાળિયા થાવું છે,
મારે નિશાળે ભણવા જાવું છે... મારે નાના

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. ગોવાળિયાને શું ચરાવવા જવું છે ?
  ૨. ગોવાળિયો ક્યાં પાવો વગાડે છે ?
  ૩. ગોવાળિયો શું ખાય છે ?
  ૪. ગોવાળિયાને શું બનવું છે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. ગોવાળિયો કોને કહેવાય અને તે શું શું ચરાવવા જાય છે ?
  ૨. તમને ગોવાળિયો બનવું ગમે ? ગોવાળિયો બનીને શું શું કરશો ?
  ૩. ગોવાળિયાને કેમ નિશાળિયા થવું હશે ?
  ૪. તમે નિશાળમાં શું શું કરો છો ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો.-૧નાં** બાળકો સાથે પાલતુ પ્રાણીઓ વિશે ચર્ચા કરીને દૂધ આપતા કોઈ બે પ્રાણીઓનાં નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨નાં** બાળકો સાથે પાલતુ પ્રાણીઓ વિશે ચર્ચા કરીને ભેંસ વિશે એક-બે વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'મને ચપટી વગાડતાં' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

મને ચપટી વગાડતાં...

બા મને ચપટી વગાડતાં આવડી ગઈ
મારી ચપટી વાગે છે પટ્ટ...પટ્ટ...પટ્ટ ...
જાણે ફૂટે બંદૂકડી ફટ્ટ....ફટ્ટ....ફટ્ટ.....
પેલી બિલ્લી ભાગે છે.ઝટ્ટ...ઝટ્ટ....ઝટ્ટ...
બા મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ.
બા તું કપડાં ધુએ છે ધબ્બ...ધબ્બ....ધબ્બ...
હું પાણીમાં નહિ કરું છબ્બ...છબ્બ....છબ્બ...
મારી ચપટી ભીંજાઈ જાય ડબ્બ...ડબ્બ...ડબ્બ...
બા મને મુન્ની રમાડતાં આવડી ગઈ...

- રમેશ પારેખ

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. બા ઘરનાં બીજાં ક્યાં ક્યાં કાર્યો કરે છે?
  ૨. બા શું ધુએ છે ધબ્બ ધબ્બ ધબ્બ ?
  ૩. બાળકને શું શું આવડી ગયું છે ?

એકમ-૧૩ : ચકો અને ચકી

સમૂહકાર્ય

- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. ચપડી વગાડવા કઈ કઈ આંગળીનો ઉપયોગ કરવામાં આવે છે ?
  ૨. આંગળીઓની મદદથી બીજું શું શું કરી શકીએ છીએ ?
  ૩. તમારા ઘરે ઘરનાં બધાં જ કામો કોણ કરે છે ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો.-૧ નાં** બાળકો ગીતમાં આવતા પટ પટ, ઝટ ઝટ જેવા શબ્દો લખવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨ નાં** બાળકો ને તેમની મમ્મી ઘરમાં શું શું કામ કરે છે તેને વિશે બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **જોડકણાં**

અંગે પહેરે અંગરખું
ને માથે ફેંટો બાંધે;
ચરરર કરતું ચામડું ચીરી
બાનાં ચપ્પલ સાંધે.

કાળો નાગ
ધોળો ઘોડો
સફેદ ખમીસ
નાનો ગોટલો

દરજી મારું ખમીસ સીવે ને
ઉપર બટન ટાંકે;
બેના માટે ઘાઘરો સીવે
ઉપર આભલાં રાખે.

- **ઉંદર દોડયો, બિલાડી આવી.**

સામગ્રી : રૂમાલ

આ ગતિવિધિમાં બાળકો તાત્કાલિક નાટક કરવાનો પ્રયાસ કરે છે.

- બધાં જ બાળકો એક ગોળામાં બેસી જશે. એક બાળક હાથમાં રૂમાલ લઈને ગોળાની બહાર ચક્કર લગાવતાં લગાવતાં બોલશે કે "આજુ-જુઓ બાજુ જુઓ જો પાછળ જોયું તો તેની તુંગડી રંગાઈ"
- ગોળ ગોળ ફરતાં તે કોઈપણ બાળકની પાછળ રૂમાલ રાખી દેશે.
- જે બાળકની પાછળ રૂમાલ હશે તે રૂમાલ મૂકનાર બાળકને પકડવા માટે ગોળ ગોળ ફરશે.
- બધાં જ બાળકો તાળી વગાડીને ઉંદર દોડયો, બિલાડી આવી, બોલશે.
- એક ચક્કર પુરું થઈ જાય પછી શિક્ષક તેમને બોલાવીને કોઈ પરિસ્થિતિ આપશે જેના પર આ બંને બાળકો નાટક કરશે.
- ઉદાહરણ તરીકે " તમે શાળાએ લેશન કરીને નથી આવ્યાં અને શિક્ષક તમારી પર ગુસ્સે થયા છે". આ બંને બાળકોએ કોઈપણ પૂર્વતૈયારી વગર આ પરિસ્થિતિ પર નાટક કરવાનું છે.

(આ એક તાત્કાલિક નાટક છે આથી બાળકોને પૂર્વતૈયારી માટે સમય આપવાનો નથી. નાટક માટે હંમેશાં એવો વિષય જ લેવો જે બાળકોના જીવન સાથે જોડાયેલો હોય, પણ યાદ રાખો કે બાળકોને તેને માટે તૈયારીની જરૂર ન પડે.)

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	મારે નાના ગોવાળિયા થાવું છે	ચકો અને ચકી		ઉંદર દોડયો, બિલાડી આવી	
૨	જોડકણાં	ચકો અને ચકી	ચકો અને ચકી		
૩	મને ચપટી વગાડતાં	કીડી અને કબૂતર			દરિયાકિનારો
૪	મારે નાના ગોવાળિયા થાવું છે		મારે નાના ગોવાળિયા થાવું છે	ઉંદર દોડયો, બિલાડી આવી	
૫	જોડકણાં	કીડી અને કબૂતર	કીડી અને કબૂતર		
૬	મને ચપટી વગાડતાં		મને ચપટી વગાડતાં		દરિયાકિનારો

સમૂહકાર્ય-૧

- **'નાનીને ઘેર જવા દે' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

નાનીને ઘેર જવા દે

એક હતું ઘેટાનું બચ્ચું. તે એક વાર તેની મોટી માને ત્યાં ચાલ્યું. રસ્તામાં ચાલતાં તેને એક શિયાળ મળ્યું.

શિયાળ બચ્ચાંને કહે : "હું તને ખાઉં."

બચ્ચું કહે : "નાનીને ઘેર જાવા દે,
ખૂબ તાજું થાવા દે,
પછી મને ખાજે."

શિયાળ કહે : "ઠીક"

બચ્ચું જરા દૂર ચાલ્યું ત્યાં એક ગીધ મળ્યું.

ગીધ કહે : "હું તને ખાઉં"

ઘેટાનું બચ્ચું કહે : "નાનીને ઘેર જાવા દે,
ખૂબ તાજું થાવા દે,
પછી મને ખાજે."

ગીધ કહે : "ઠીક"

ઘેટાનું બચ્ચું તો આગળ ચાલ્યું. ત્યાં વળી રસ્તામાં તેને એક વાઘ મળ્યો.

વાઘ કહે : "હું તને ખાઉં"

બચ્ચું કહે : "નાનીને ઘેર જાવા દે,
ખૂબ તાજું થાવા દે,
પછી મને ખાજે."

વાઘ કહે : "ઠીક"

પછી રસ્તામાં એ પ્રમાણે તેને વરુ, સિંહ, કૂતરો વગેરે જાનવરો મળ્યાં ને ઘેટાનું બચ્ચું સૌને ઉપર પ્રમાણે કહીને છૂટું થયું.

પછી ઘેટું તો માને ત્યાં જઈ માને કહે : "મા, મા ! મને ખૂબ ખવરાવ. મેં જાનવરોને વચન આપ્યું છે, માટે એ બધાં મને ખાઈ જવાનાં છે." બચ્ચાએ તો ખૂબ ખાધું પીધું ને સારી રીતે જાડું થયું.

પછી તે મોટી માને કહે : "મા ! મને એક ચામડાનું ઢોલકું કરી આપો એટલે હું એમાં બેસીને જાઉં, ને મને કોઈ ઓળખે નહીં; મને તેથી કોઈ ખાય નહિ..."

મોટી માએ તો બચ્ચાને માટે એક સારું મજાનું ઢોલક બનાવ્યું; અંદર રૂપાળું રૂ પાથર્યું. પછી તેની અંદર બચ્ચું બેઠું. પછી ઢોલકાને જે ધક્કો માર્યો ને, તે ઢોલકું દડતું દડતું ચાલ્યું. ત્યાં રસ્તામાં ગીધ મળ્યું.

ગીધ કહે : "ભાઈ ! ક્યાંય ઘેટાનું બચ્ચું જોયું ?"

ઢોલકામાંથી બચ્ચું બોલ્યું : "ક્યાંનું બચ્ચું, ક્યાંનો તું ?
ચલ ઢોલકડા ઢમકા હું !"

આમ જવાબ આપતું આપતું ઘેટું ઘણે દૂર નીકળી ગયું. છેવટે શિયાળભાઈ મળ્યા.

શિયાળ કહે : "ક્યાંય ઘેટાનું બચ્ચું દીઠું ?"

અંદરથી બચ્ચું બોલ્યું :
"ક્યાંનું બચ્ચું, ક્યાનો તું ?
ચાલ ઢોલકડા ઢમકા હું !"

શિયાળ કહે : "અરે ! આમાં તો બચ્ચું લાગે છે ! ચાલ ઢોલક તોડીને ખાઉં."

પણ ત્યાં તો બચ્ચાનું ઘર આવી ગયું ને બચ્ચું ઘરમાં પેસી ગયું. શિયાળભાઈ બારણા પાસે ઊભા ઊભા જોઈ રહ્યા !

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. બચ્ચાંને સૌ પહેલું કોણ મળ્યું ?
  ૨. બચ્ચું કોના ઘરે જતું હતું ?
  ૩. બચ્ચું શેમાં બેસીને ઘરે ગયું ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. બધાં પ્રાણીઓ બચ્ચાંને કેમ ન ઓળખી શક્યાં ?
  ૨. જંગલમાં ક્યાં ક્યાં પ્રાણીઓ રહે છે ?
  ૩. તમે બચ્ચાની જગ્યા પર હોત તો શું કરત ?
  ૪. ક્યાં ક્યાં પ્રાણીઓ ઘાસ ખાય છે ?
  ૫. બચ્ચું તેના નાનીના ઘરે કેમ ગયું હશે ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.-૧નાં** બાળકો સાથે જંગલી પ્રાણીઓ વિશે ચર્ચા કરી બે-ત્રણ જંગલી પ્રાણીઓનાં નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨નાં** બાળકોને તેમણે જોયેલા જંગલી પ્રાણી વિશે ચર્ચા કરી બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'વાઘની વાર્તા' નું હાવભાવપૂર્વક કથન કરો :**

વાઘની વાર્તા

ચાલો, બાળકો તમને એક વાર્તા કહું. વાઘની વાર્તા સાંભળવી છે ને ? મારી પાસે આવો મારા દોસ્તો ! એક કિસ્સો કહું.

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. ઘોર અંધારી હતી એ રાત, બંદૂક હતી મારી સાથ. વટાવીને જંગલ અને ઝાડીઓ હું જતો હતો. જતો હતો ? ના... ના... આવતો હતો. અરે... જતો હતો... પછી ?

અંધારું હતું સખત, દસ વાગ્યાનો હતો વખત.

કોયલની સંભળાતી હતી કૂક.... અને મને લાગી હતી ભૂખ....

ધ્રૂજતો'તો હું કોયલની કૂકથી, જીવ જતો હતો કકડતી ભૂખથી,

ગાતાં ગાતાં બગડી ગયો મારો રાગ, ઝાડીમાંથી નીકળ્યો એક વાઘ. એણે પાડી ત્રાડ, મારી નીકળી ગઈ રાડ.

એ લપક્યો, હું ઝપક્યો... એ ઉપર, હું નીચે, એ નીચે, હું ઉપર. એ ઝાડ ઝાડ, હું ડાળ ડાળ

બચાવો... બચાવો... ભાગો... ભાગો...

પછી... પછી શું થયું અરે હું શું કહું ? ખરેખર કહું ? મજા આવી ગઈ ! મને ઘાયલ કરી ગઈ !

ના... ના... વાઘણ હતી..? ના... ના... વાઘ હતો. હં...હં... મને ઘાયલ કરી ગયો પણ, હું તો સાજોનરવો છું!

કેવી મજાની વાત !

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. જંગલમાં કોની કૂક સાંભળીને ભૂખ લાગતી હતી ?
  ૨. રાતના કેટલા વાગ્યા હતા ?
  ૩. ઝાડીમાંથી કોણ નીકળ્યું ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. જંગલમાં પ્રાણીઓ અને પક્ષીઓ સિવાય બીજું શું શું હોય છે ?
  ૨. તમને સૌથી વધારે ક્યા પ્રાણીનો ડર લાગે છે ?
  ૩. તમે જંગલમાં જાવ, તો સાથે શું લઈ જશો ?

૪. જંગલી અને પાલતું પ્રાણીઓમાં શો ફરક હોય છે ?
૫. જંગલી પ્રાણીઓનો શિકાર કરવો જોઈએ કે નહીં ? કેમ ?
૬. જંગલ આપણા માટે કેમ જરૂરી છે ?

- **લેખન પ્રવૃત્તિ**
  - ★ **ધો.-૧નાં** બાળકોને મનપસંદ પ્રાણીનું ચિત્ર દોરવા માટે કહો અને તેનું નામ નીચે લખવા માટે જણાવો.
  - ★ **ધો.-૨નાં** બાળકો સાથે જંગલ વિશે ચર્ચા કરી જંગલ વિશે બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'મેં એક બિલાડી' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

મેં એક બિલાડી

મેં એક બિલાડી પાળી છે.
તે રંગે બહુ રૂપાળી છે.
દૂધ ખાય, દહીં ખાય
ઘી તો ચપચપ ચાટી જાય.
તે હળવે હળવે ચાલે છે.
ને અંધારામાં ભાળે છે.
તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે.
તેના ડીલ પર ડાઘ છે.
તે મારા ઘરનો વાઘ છે.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. મેં એક ..... પાળી છે.
  ૨. તે રંગે કેવી છે ?
  ૩. તે કોનાથી બીતી ચાલે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. બિલાડી શું શું ખાય શકે છે ?
  ૨. અંધારામાં કોણ કોણ જોઈ શકે છે ?
  ૩. તમારા ઘરે બિલાડી આવે છે ? આવે ત્યારે શું શું કરે છે ?
  ૪. બિલાડી કેવા કેવા રંગની હોય છે ?
  ૫. ક્યાં ક્યાં પ્રાણીઓને પાળી શકાય છે ?
- **લેખન પ્રવૃત્તિ**
  - ★ **ધો.-૧નાં** બાળકોને, બિલાડીને ક્યાં ક્યાં નામ આપી શકાય ? તમે નામ આપો તો ક્યાં નામ આપો ? બાળકોને પોતાનાં મનપસંદ નામો લખવા માટે જણાવો.
  - ★ **ધો-૨નાં** બાળકોને, તમારા ઘરમાં ઉંદર આવી ગયો છે. હવે, તમે તેને પકડવા માટે શું શું કરશો ? તેના પર બે-ત્રણ ઉપાયો (શિક્ષક બાળકોને ઉપાયો વિચારવા માટે મદદ કરશે) બે-ત્રણ વાક્યોમાં લખવાની પ્રવૃત્તિ કરો.
- **'કકબમાબકમ ઘોડો દોડાવો' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

કકબમાબકમ ઘોડો દોડાવો,

કકબમાબકમ ઘોડો દોડાવો,
ઘોડાની ટાંગ ભાંગી, મલમ લગાવો,
મલમ પર માખી બેઠી, ચાદર ઓઢાડો,

ચાદરનો છેડો ફાટ્યો, દરજી બોલાવો,
દરજીની સોય ભાંગી, લુહાર બોલાવો,
લુહારનો હાથ ભાગ્યો, ડૉકટર બોલાવો,
ડૉકટરની ગાડી બગડી, કારીગર બોલાવો,
કારીગરની ટોપી ઊડી, તાળી બજાવો.

- **પ્રવૃત્તિ**
  - ★ બાળકો સાથે વિવિધ વ્યવસાયકારો દરજી, લુહાર, ડોક્ટર વિશે ચર્ચા કરો. બાળકો પાસે તેમનો અભિનય કરાવો.
- **લેખન પ્રવૃત્તિ :**
  - ★ ધો.-૧નાં બાળકોને ગીતમાં આવતા વિવિધ વ્યવસાયકારોનાં બે-ત્રણ નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ ધો.-૨નાં બાળકો સાથે દરજી, લુહાર, ડૉકટર વિશે ચર્ચા કરી તેમાંથી કોઈ એક વિશે બે-ત્રણ વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.
- **જોડકણાં**

ભરતપુરનો ભત્રીજો
ને કરણપુરના કાકા,
ધોતિયાને પહેરવામાં
બેઉ પૂરા પાકા.

કડિયો મોટો કારીગર
ને મકાન મોટાં બાંધે;
ઈંટો ઉપર ઈંટો રાખી
સિમેન્ટ વડે એ સાંધે.

કુંભારની લાકડીએ કેવો
ચાકડો ફરતો જાય !
કુંડી કુંડી મટકા સાથે
દોણા દોણી થાય.

- **આજુ બાજુ શોધો**

સમય – ૫ થી ૧૦ મિનિટ

આ પ્રવૃત્તિમાં બાળકો શબ્દ બોલે છે અને તેને અવાજ અનુસાર ટાળતા તોડતા ગણે છે.

બધાં જ બાળકોએ એક મોટા ગોળાકારે બેસાડો. બાળકોને કહેવું કે તેઓ આજુબાજુની ચીજવસ્તુને ધ્યાનથી જુએ અને તેમાંથી કોઈ બે વસ્તુનાં નામ યાદ રાખે.

હવે શિક્ષક તાળી પડશે અને બાળકો એકબીજાને કાગળનો દડો આપતાં જશે. શિક્ષક તાળી પાડવાનું બંધ કરે ત્યારે કાગળનો દડો જે બાળકની પાસે હોય તેને શિક્ષક કોઈપણ એક વસ્તુનુંનામ જણાવવા કહેશે જેને તેણે આજુબાજુમાં જોઈ હોય. ઉદા. બાળકે એક કહ્યું કે " મેં આજુબાજુમાં કૂંડુ જોયું."

હવે એ બાળકે આ શબ્દનાં પ્રત્યેક ધ્વનિને અલગ-અલગ કરી તાળી પાડતાં પાડતાં બોલવાનું છે કૂં – ડુ ત્યારબાદ તેને એ પણ કહેવાનું રહેશે કે આ શબ્દમાં કેટલા ધ્વનિ આવ્યા?

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	મેં એક બિલાડી	નાનીને ઘેર જવા દે		આજુબાજુ શોધો	
૨	જોડકણાં	નાનીને ઘેર જવા દે	નાનીને ઘેર જવા દે		
૩	કકમબાક્મ ઘોડો દોડાવો	વાઘની વાર્તા			બગીચો
૪	મેં એક બિલાડી		મેં એક બિલાડી	આજુબાજુ શોધો	
૫	જોડકણાં	વાઘની વાર્તા	વાઘની વાર્તા		
૬	કકમબાક્મ ઘોડો દોડાવો		કકમબાક્મ ઘોડો દોડાવો		બગીચો

સમૂહકાર્ય-૧

- **'ઉંદર અને હાથીઓ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

'ઉંદર અને હાથી'

એક ઉજ્જડ નગરમાં એક તળાવ. તેની આસપાસ રહે ઉંદરો. ગામમાં તેમના સિવાય કોઈ નહીં. તેથી તેઓ મોકળે મને હરે-ફરે ને મઝા કરે. એકવાર એવું થયું કે હાથીઓનું એક ટોળું પાણીની શોધ કરતું ત્યાં આવી પહોંચ્યું. તળાવ જોઈ રાજી રાજી થઈ ગયું. પાંચ-સાત હાથી તો ત્યાં તળાવમાં નાહવા પડ્યા ને પછી મોજથી બહાર નીકળ્યાને ડોલતા ડોલતા ચાલવા લાગ્યા. ઉંદરોને તો આની ખબર નહીં. એ તો આમતેમ દોડતા હતા. **(૧) હાથીઓ નાહીને બહાર આવ્યા પછી શું થયું હશે? (૨) ઉંદરોએ શું કર્યું હશે ? ૩) ઉંદરોના રાજાએ કોને ફરિયાદ કરી હશે ?)**

આથી હાથીના પગ તળે કેટલાય કચડાઈ ગયા. ને કેટલાય ઘાયલ થયા. થોડા ઉંદરોએ જઈ પોતાના રાજાને ફરિયાદ કરી. ઉંદરોનો રાજા આ સાંભળી દુ:ખી થયો. પછી તે હાથીઓના રાજા પાસે ગયો ને વાત કરી: 'તમે આમ આવો ને જાઓ તો મારાં તો કેટલાય ભાંડુઓ ખલાસ થઈ જાય. તમે કંઈક રસ્તો કાઢો.' હાથીઓના રાજાએ માફી માંગીને કહ્યું, 'હવે ફરી આવું નહીં બને. પણ અહીં પાણી છે માટે અમે અહીં આસપાસમાં રહીશું. તમને કનડીશું નહીં.'

ઉંદરોના રાજાએ ખુશીથી હા પાડી. બધાય સંપીને રહેવા લાગ્યા. થોડા દિવસ પછીની વાત. એવું બન્યું કે બાજુના નગરના રાજાને હાથીઓની જરૂર પડી. તેના માણસો અહીં આવ્યાં. હાથીઓના ઝુંડને જોઈ મોટા ખાડા કર્યા ને ઉપર પાથર્યું ઘાસ. હાથીઓ તો દોડે ને પડે ખાડામાં. આમ પાંચ-સાત હાથી પકડાયા. એટલે સૈનિકોએ તેમને ઝાડ સાથે બાંધી દીધા. **(૧) ભાંડુ એટલે શું ? (૨) હાથીના રાજાએ કોની મદદ લીધી હશે ? (૩) નગરના રાજાને હાથીઓના જરૂર શા માટે પડી હશે? (૪) ઉંદરો તેમની મદદે કેવી રીતે આવ્યા હશે ? (૫) હાથી છૂટીને કઈ તરફ ગયા હશે ?)**

ને રાજાને સંદેશો મોકલ્યો કે અમે હાથી પકડ્યા છે. હાથીના રાજાને આ વાતની ખબર પડી. તે તો ચિંતામાં પડ્યા. તરત તેને ઉંદર યાદ આવ્યા. તે તો ગયો ઉંદરોના રાજા પાસે ને વિનંતી કરી : 'તમે જ હાથીઓને છોડાવી શકશો. તમે બધા ભેગા થઈ દોરડાં કાતરી કાઢો ને મારા હાથીઓને છોડાવો.' ઉંદરોના રાજાએ બધા ઉંદરોને દોરડાં કાતરવાનું કહ્યું. ઉંદરોને તો મઝા પડી ગઈ. ને જોતજોતામાં બધાય હાથી છૂટી ગયા. હાથી છૂટ્યા કે ભાગ્યા જંગલમાં.

- **માહિતી આધારિત પ્રશ્નો**
  1. ઉજ્જડ નગરની આસપાસ કોણ રહેતું હતું ?
  2. હાથીઓનું ટોળું શાની શોધમાં હતું ?
  3. તળાવમાં કેટલા હાથી નાહવા પડ્યા હતા ?
  4. ઉંદરોએ કોની ફરિયાદ પોતાના રાજા ને કરી ? કેમ ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  1. ઉજ્જડ ગામમાં ઉંદરો શું ખાતા હશે ?
  2. હાથીઓ ક્યાંથી આવ્યા હશે ?
  3. રાજાના સૈનિકો હાથીને પકડી ગયા હોત તો તેમની પાસેથી શું કામ કરાવત ?
  4. તમારાથી કોઈ ભૂલ થઈ જાય તો તમે શું કરો છો ?
  5. ઉંદરોએ હાથીઓની મદદ કેમ કરી ?
  6. હાથીઓ ઉંદરોની મદદ કરવા માંગે તો શું કરી શકે ?
- **લેખન પ્રવૃત્તિ :**
  - ★ **ધો.-૧નાં** બાળકો સાથે વાર્તામાં ઉંદરોની ભૂમિકા વિશે ચર્ચા કરી તેના વિશે બે-ત્રણ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.-૨નાં** બાળકો સાથે વાર્તામાં ઉંદરોની ભૂમિકા વિશે ચર્ચા કરી તેના વિશે ત્રણ-ચાર વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૧૫ : ઉંદર અને હાથી — સમૂહકાર્ય

- **'વિલ્સનભાઈ અને વાઘ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

વિલ્સનભાઈ અને વાઘ

વિલ્સનભાઈ જંગલમાં ફરવા નીકળ્યા. આગળ જતાં એમણે એક પાંજરું જોયું. પાંજરામાં એક વાઘ પુરાયેલો હતો. વિલ્સનભાઈ પાંજરાની નજીક ગયા. દયામણું મોઢું કરીને વાઘે વિલ્સનભાઈને વિનંતી કરી, 'ભાઈ, મને પાંજરામાંથી બહાર કાઢો.' **(હવે, વિલ્સનભાઈએ શું વિચાર્યું હશે?)**

'પણ, તું તો વાઘ છે. હું તને બહાર કાઢું તો તું મને ખાઈ જાય.' 'ના રે ભાઈ, બચાવનારને કોઈ મારે?'

વિલ્સનભાઈ દયાળુ હતા. એમણે પાંજરું ખોલ્યું. વાઘ બહાર આવ્યો. વિલ્સનભાઈને થયું કે ચાલો આજે એક સારું કામ કર્યું.

વિલ્સનભાઈ આવું વિચારીને ખુશ થાય એ પહેલાં તો વાઘ વિલ્સનભાઈ સામે ઘુરકિયાં કરીને કહે, 'મને બહુ ભૂખ લાગી છે, હું તને ખાઈ જઈશ.' વિલ્સનભાઈ ગભરાઈ ગયા. બે હાથ જોડીને કહે, 'અરે વાઘભાઈ, મેં તમને પાંજરામાંથી બહાર કાઢયા ત્યારે તમે જ કહેલું કે મને કંઈ નહિ કરો.' **(હવે વાઘે શું કર્યું હશે?)**

વાઘે કહ્યું, 'ભલે, કહ્યું હશે, પણ મને બહુ જ ભૂખ લાગી છે. મારામાં શિકાર શોધવાની શક્તિ જ નથી. એટલે અત્યારે તો તારાથી જ પેટ ભરવું પડશે.' ત્યાં તો જંગલના રાજા સિંહ આવ્યા. **(હવે, સિંહ શું કરશે?)** સિંહે વાત સાંભળી અને પૂછયું, 'આ વાઘ આ પાંજરામાં હતો? આવડો મોટો વાઘ આ પાંજરામાં કેવી રીતે સમાય? આ શક્ય જ નથી.'

વાઘે કહ્યું, 'એ બરાબર કહે છે. હું પાંજરામાં જ હતો.' સિંહ કહે, 'એમ હું ન માનું. મારે જોવું પડશે. એક કામ કર. વાઘ, તું ફરીથી પાંજરામાં ગોઠવાઈ જા.' **(વાઘ પાંજરામાં ગયા પછી શું થયું હશે?)** જંગલના નિયમ મુજબ સિંહે કહ્યું એટલે વાઘ તરત જ અગાઉની જેમ પાંજરામાં ગયો. એ જેવો પાંજરામાં ગયો કે તરત જ સિંહે વિલ્સનભાઈને ઈશારો કર્યો. વિલ્સનભાઈએ પાંજરું બંધ કરી દીધું.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. પાંજરમાં કોણ હતું?
  ૨. વિલ્સનભાઈ ક્યાં ફરવા માટે ગયા હતા?
  ૩. વિલ્સનભાઈને કોણે બચાવ્યા?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. જંગલમાં સિંહ અને વાઘ સિવાય બીજાં ક્યાં ક્યાં પ્રાણીઓ રહે છે?
  ૨. વિલ્સનભાઈએ વાઘને કેમ મદદ કરી હશે?
  ૩. સિંહ અને વાઘ માંથી જંગલ નો રાજા કોને કહેવામાં આવે છે? કેમ?
  ૪. જો સિંહે વિલ્સનભાઈની મદદ ન કરી હોય તો શું થાત?
  ૫. વાઘ ને શી સજા કરવી જોઈએ કે સજા ન કરવી જોઈએ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો.-૧ નાં** બાળકો સાથે જંગલ વિશે ચર્ચા કરીને જંગલ વિશે બે-ત્રણ શબ્દો લખવા માટે કહો.
  ★ **ધો.-૨ નાં** બાળકો સાથે વાર્તા વિશે ચર્ચા કરીને વાર્તા વિશે બે-ત્રણ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'જામ્યો કારીગરનો મેળો ...' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

જામ્યો કારીગરનો મેળો...

ચાકડોને ટપણું લઈને આવ્યા કુંભારભાઈ
માટીમાંથી માટલીનો ઘાટ બનાવે કેવો ?
લેલુંને ઓળંબો લઈને આવ્યા કડિયાભાઈ
ઈંટ માટીમાંથી ચણી ચણીને મહેલ બનાવે કેવો ?

કરવત વાંસલો વીંધણો લઈને આવ્યા સુથારભાઈ
લાકડકામ કરીને એ તો રંગ ચડાવે કેવો ?
એરણને ધમણ લઈને આવ્યા લુહારભાઈ
લોઢું ટીપી જોતજોતામાં પલંગ બનાવે કેવો ?
સોય કાતરને સંચો લઈને આવ્યા દરજીભાઈ
કાપડ કાપી જોતજોતામાં કોટ બનાવે કેવો ?
રાપીને પૉલીસ લઈને આવ્યા મોચીભાઈ
ચામડું કાપી જોતજોતામાં બૂટ બનાવે કેવો ?
સાબુ, પાઉડર, ઈસ્ત્રી લઈને આવ્યા ધોબીભાઈ
ચોખ્ખાં કપડાં ઈસ્ત્રી કરીને વટ પડે તે કેવો ?
અસ્ત્રો, કાતર, દર્પણ, કાંસકો લાવ્યા વાળંદભાઈ
ફુવારો છાંટી વાળ કાપીને વટ પડે તે કેવો ?
જામ્યો કારીગરનો મેળો ... જામ્યો કારીગરનો મેળો ...

- **માહિતી આધારિત પ્રશ્નો**
  ૧. કુંભારભાઈ શું લઈને આવ્યા ?
  ૨. કરવત - વાંસલો - વીંધણો લઈને કોણ આવ્યું ?
  ૩. વાળંદભાઈ શું શું લઈને આવ્યા હતાં ?
  ૪. પલંગ શેનો બનાવ્યો હતો ?
- **સમજ આધારિત પ્રશ્નો**
  ૧. ઈંટ-માટી સિવાય ઘર બનાવવા માટે બીજું શું શું જોઈએ ?
  ૨. તમારા ગામમાં ક્યા ક્યા કારીગરોને તમે જોયા છે ? તેઓ શું કરી રહ્યા હતા ?
  ૩. કાપડમાંથી દરજી શું શું બનાવે છે ?
- **લેખન પ્રવૃત્તિ**

ધો.-૧ નીચે આપેલા શબ્દોમાં ખાલી જગ્યા પૂરી શબ્દ પૂરો કરો :

૧. મો ..... ૨. ન ..... ૩. કા ..... વ ૪. ટે ..... લ
૫. વાં ..... રો ૬. બક .....

ધો.-૨ ● નીચે આપેલ શબ્દો માટે બે વાક્ય લખો :

ઉદા. : પાણી - નળમાં પાણી આવે છે.
તળાવમાં ઘણું પાણી છે.

૧. ગામ ૨. વાદળ ૩. ઘાસ

- **'સૂરજદાદા' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

સૂરજદાદા

ઊગીને પૂર્વમાં, આથમતા પશ્ચિમે
સૂરજદાદા મને ગમતા જી રે !
ઊગતા સૂરજને આવો નમીએ તો,
ડાબે ઉત્તર, ને જમણે દક્ષિણ રે !

એકમ-૧૫ : ઉંદર અને હાથી

સમૂહકાર્ય

આથમતા સૂરજને આવો નમીએ તો
જમણે ઉત્તર ને ડાબે દક્ષિણ રે !
ઉગમણે નમો તો પશ્ચિમ પાછળ રે,
આથમણે નમો તો પૂર્વ પાછળ રે

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**
  - ★ કવિતા કરાવ્યા બાદ બાળકો સાથે ચાર દિશાઓ અંગે ચર્ચા કરો.
- **લેખન પ્રવૃત્તિ :**
  - ★ **ધો.-૧નાં** બાળકો સાથે સૂરજ વિશે ચર્ચા કરીને સૂરજદાદા વિશે ત્રણ-ચાર શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.-૨નાં** બાળકો સાથે સૂરજ વિશે ચર્ચા કરીને સૂરજદાદા વિશે ત્રણ-ચાર લીટી લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **જોડકણાં**

અગડમ બોલે, બગડમ બોલે,
ખેતર પાડે તેતર બોલે,
વાડે બેઠો હોલો બોલે,
માડી પાછળ ભઈલો બોલે.

વાદળી, વાદળી, વરસ વરસ
લાગી છે બહુ તરસ તરસ,
ખારાં પાણી સાગરનાં,
મીઠાં પાણી ગાગરનાં,
ફોરાં પડજો ટપક ટપક
ઝાલી લઈને લપક લપક

જાડો પાડો હાથી, સૂંઢમાં લાવે પાણી,
એ પાણી તો ગંદુ, સામે આવે ચંદુ,
ચંદુના માથે ચોટલી, બા બનાવે રોટી,
એક રોટી ખાવા દે, નિશાળે મને જાવા દે...

સાંભળતા જાવ, બનાવતા જાવ

— સામગ્રી : થોડા ચિત્રો, સફેદ કાગળ, રંગ/પેન્સિલ

- બાળકો બે-બે ની જોડીમાં બેસશે.
- જોડીમાંથી એક બાળક ને બોલાવીને તેને ચિત્ર આપો. ધ્યાન રાખવું કે બીજાં બાળકોને ચિત્ર ન દેખાય.
- હવે, જે બાળક પાસે ચિત્ર છે તે બીજાં બાળકને ચિત્ર ન દેખાય તેવી રીતે ચિત્ર વિશે વિસ્તારપૂર્વક કહેશે અને બીજો બાળક તે મુજબ ચિત્ર બનાવવાનો પ્રયત્ન કરશે.
- ઉદાહરણ તરીકે "મારી પાસે જે ચિત્ર છે તેમાં નીચે લીલા રંગનું ઘાસ છે. તેમાં એક ઘર છે. ઘરની પાસે એક નદી છે. નદીમાં કાળા રંગની એક માછલી તરે છે. આકાશમાં થોડા સફેદ રંગનાં વાદળો છે.
- જયારે બધાં જ બાળકો ચિત્ર બનાવી લે ત્યારે આપેલ ચિત્ર સાથે તેની તુલના કરે.

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા(૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	જામ્યો કારીગરનો મેળો	ઉંદર અને હાથી		સાંભળતા જાવ, બનાવતા જાવ	
૨	જોડકણાં	ઉંદર અને હાથી	ઉંદર અને હાથી		
૩	સૂરજદાદા	વિલ્સનભાઈ અને વાઘ			પોપટનો જન્મદિવસ
૪	જામ્યો કારીગરનો મેળો		જામ્યો કારીગરનો મેળો	સાંભળતા જાવ, બનાવતા જાવ	
૫	જોડકણાં	વિલ્સનભાઈ અને વાઘ	વિલ્સનભાઈ અને વાઘ		
૬	સૂરજદાદા		સૂરજદાદા		પોપટનો જન્મદિવસ

એકમ-૧૬ : લાલચનું પરિણામ સમૂહકાર્ય

સમૂહકાર્ય-૧

- **'લાલચનું પરિણામ બૂરું' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

લાલચનું પરિણામ બૂરું

એક ગામમાં પતિ-પત્ની રહેતાં હતાં. તેમની પાસે એક ચમત્કારિક મરઘી હતી. તે રોજ એક સોનાનું ઈંડું આપતી હતી. પતિ-પત્ની ખૂબ સુખી હતાં; પણ પતિને થોડો અસંતોષ રહેતો. તેને થોડા જ સમયમાં ખૂબ પૈસાદાર થવું હતું. એક દિવસ તેને વિચાર આવ્યો : 'જો મરઘી પાસેથી એકસામટાં સોનાનાં ઈંડાં મળી જાય તો કેવું સારું ! આ માટે શું કરું ?' અંતે તેણે નક્કી કર્યું કે મરઘીને મારીને તેના પેટમાંથી બધાં ઈંડાં એક સાથે કાઢી લઈશ.

બીજે દિવસે સવારે મરઘી જ્યારે સોનાનું ઈંડું આપતી હતી ત્યારે તે બાજુમાં જ ઊભો રહ્યો. ઈંડું હાથમાં લીધું પછી તેણે મરઘીને પકડી લીધીને ધારદાર ચાકુ વડે તેના પેટને ચીર્યું. પણ અફસોસ ! તેના પેટમાં તો એકેય ઈંડું ન મળ્યું!

તેના દુ:ખનો પાર ન રહ્યો. તે માથું કૂટી રડવા લાગ્યો. આ સાંભળી તેની પત્ની તેની પાસે આવી. પતિએ બધી વાત કરી. પત્નીને ગુસ્સો આવ્યો. ઈંડા માટે મરઘીને મારી નાંખી ! થોડી વારે કહે : 'સામટું લેવાની લાલચમાં રોજ એક ઈંડું મળતું હતું તેય બંધ થયું. જોયું, લાલચનું પરિણામ!' કહી તે આંસુ સારતી ઘરમાં ગઈ.

- **માહિતી આધારિત પ્રશ્નો:**

૧. મરઘી રોજ શું આપતી હતી ?

૨. પતિએ મરઘીનું પેટ કેમ ચીર્યું ?

૩. મરઘી શું શું ખાય ?

- **સમજ આધારિત પ્રશ્નો:**

૧. પતિ માથું કૂટી કેમ રડવા લાગ્યો ?

૨. લાલચ એટલે શું ?

૩. તમને સોનાનું ઈંડું આપતી મરઘી મળે તો તમે શું કરો ?

(બાળકોને બીજાં પક્ષીઓનાં નામ લખવા માટે જણાવો અને તેમના મનપસંદ પક્ષી વિશે બે વાક્યો બોલવા માટે પ્રોત્સાહિત કરો.)

- લેખન પ્રવૃત્તિ

★ **ધો.-૧ નાં** બાળકોને ત્રણ-ચાર પક્ષીઓના નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

★ **ધો.-૨ નાં** બાળકોની પોતાની શાળા વિશે પાંચ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

- **'મૂરખ બાળક ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

મૂરખ બાળક

છોકરો : કેટલાય વરહથી વગડામાં રહું છું. વગડા હારે એવી ભાઈબંધી થઈ છે કે મેં ક્યારેય ગામડું જોયું નથી. માળું ગામડું કેવું હશે ? ઘર કેવાં હશે ? હાલને આજે ગામડે જાઉં. કોઈ ભરવાડનાં ઘેર મે'માન થાઉં.

ભરવાડ : એ ભાઈ, રામ રામ.

છોકરો : બાપા, રામ રામ.

ભરવાડ : કયું ગામ. ગોકળી ?

છોકરો : મારે ગામ નથી. હું તો વગડામાં ઢોર ચારું છું અને વગડામાં જ ઝાડ ઉપર માંચડો બાંધી રહું છું.

ભરવાડ : દિ' આથમવા આવ્યો છે. હાલો ઘેર વાળુ કરશું.

એકમ-૧૬ : લાલચનું પરિણામ

સમૂહકાર્ય

છોકરો : ભલે, ભલે ભાઈસા'બ (ઘરે જાય છે. પેટાવેલું કોડિયું જોઈને સ્વગત) માળું આ ઝગમગિયું કેવું મજાનું છે. મેં તો આવું ક્યારેય જોયું નથી. નવાઈનું લાગે છે. માગીએ તો કોઈ થોડું આપે ? સુઈ જવા દો. (વાળુ કર્યા પછી બન્ને ફળિયામાં ખાટલામાં સૂતા. ધીમે ધીમે ઊઠીને કોડિયું લીધું. જઈને ગંજીમાં સંતાડી ફરી પથારીમાં સુઈ ગયો. થોડીવાર થઈ ત્યાં દેકારો-બુંગિયો થયો.)

સમૂહ : દોડો... દોડો. (ટોળેટોળા માણસો આવે છે)

છોકરો : (આવીને) અરે રે આ ગંજી તો ભડભડ બળે છે. સૌ આઘા ખસો આઘા ઘસો. મેં મારું ઝગમગિયું સંતાડયું છે. મને લઈ લેવા દો.

ખેડૂત : અલ્યા, ઝગમગિયું શું છે ?

છોકરો : હું જ્યાં મહેમાન હતો, ત્યાં સરસ મજાનું ઝગમગિયું જોયું. એવું ઝગમગ થાય, એવું ઝગમગ થાય. બધાં સુઈ ગયાં ત્યારે કોઠલા ઉપરથી લઈને હું અહીં છાનોમાનો ગંજીમાં સંતાડી ગયો છું. મને પહેલાં ઝગમગિયું લઈ લેવા દો.

ખેડૂત : અરે, કહેને કે આ કાળા કામનો કરનારો તું જ છે. એલા સૌ આને ધોકાવો.

છોકરો : ભાગો રે બાપા ભાગો, નહીતર આ બધાં ભાંગી નાખશે. (ગડગડતી દોટે ભાગે છે.)

- ગિજુભાઈ બધેકા

- **માહિતી આધારિત પ્રશ્નો:**
  1. વાર્તામાં કુલ કેટલાં પાત્રો છે ?
  2. છોકરો કોના ઘરે રાત રોકાયો હતો ?
  3. છોકરાએ કોડિયું ક્યાં સંતાડયું હતું ?
  4. ગંજીમાં આગ કેમ લાગી ?
- **સમજ આધારિત પ્રશ્નો:**
  1. વાર્તામાં મૂરખ કોણ છે ?
  2. ગામ લોકોએ છોકરાને કેમ માર્યો હશે ?
  3. છોકરાએ ઝગમગિયું કેમ ગંજીમાં મૂક્યું હશે ?
- **લેખન પ્રવૃત્તિ**
  - ★ **ધો.-૧ નાં** બાળકોને પોતાના ઘરમાં રહેતા બધા જ સભ્યોનાં નામ લખવા માટે જણાવો. (મમ્મી-પપ્પા, ભાઈ-બહેન, દાદા-દાદી, કાકા-કાકી વગેરે)
  - ★ **ધો.-૨** તમારા ઘરમાં વીજળી/લાઈટથી ચાલતાં બે-ત્રણ સાધનોનાં નામ લખો અને તે શું કામ આવે છે.

    ઉદા. : પંખો - પંખો ગરમીમાં હવા આપે છે.
  - **'નમીએ તુજને વારંવાર' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

નમીએ તુજને વારંવાર

પરોઢિયે પંખી જાગીને, ગાતાં મીઠાં તારાં ગાન;
પરોઢિયે મંદિર-મસ્જિદમાં ધરતા લોકો તારું ધ્યાન.
તું ધરતીમાં, તું છે નભમાં, સાગર મહીં વસે છે તું;
ચાંદો સૂરજમાંયે તું છે, ફૂલો મહીં હસે છે તું.
હરતાં-ફરતાં કે નીંદરમાં, રાતે દિવસે, સાંજ સવાર,

તારો અમને સાથ સદાયે તું છે સૌનો રક્ષણહાર,
દેવ, બનાવી દુનિયા છે તેં, તારો છે સૌને આધાર;
તું છે સૌનો, સૌ તારા છે. નમીએ તુજને વારંવાર.

- સ્નેહરશ્મિ

- **માહિતી આધારિત પ્રશ્નો:**
  ૧. પંખીઓ સવારે જાગીને શું કરે છે ?
  ૨. તમારા ગામમાં કેટલાં મંદિર અને મસ્જિદ આવેલા છે ?
  ૩. ભગવાન/ઈશ્વર/અલ્લાહ ક્યાં ક્યાં છે ?
- **સમજ આધારિત પ્રશ્નો:**
  ૪. અહીં કોને નમન કરવાનું કહેવામાં આવ્યું છે ?
  ૫. તમે ક્યારે મંદિર/ મસ્જિદ/ચર્ચ માં ગયા છો? તમે ત્યાં શું શું જોયું ?
  ૬. જે લોકો ભગવાન/અલ્લાહ/ઈશ્વરની પૂજા કરાવે છે તેણે આપણે શું કહીએ છીએ ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ ધો.-૧ નાં બાળકો સાથે તેમના મિત્રોનાં નામ લખવાની પ્રવૃત્તિ કરો.
  ★ ધો.-૨ માટે - તમારા ઘરેથી શાળાએ આવતા સમયે રસ્તામાં શું શું આવે છે. તેની યાદી લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'કીડીબાઈ' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

કીડીબાઈ

કીડીબાઈ, કીડીબાઈ, ક્યાં ચાલ્યાં ?
કણ, કણની અમો શોધમાં ચાલ્યાં.
કણ કણ લઈને શું કરશો ?
એનુ અમો દરણું દળીશું, સાથ મળી અમો સૌ ખાઈશું..
કહેશો કીડીબાઈ, દરમાં કોણ કોણ ?
સંપી સૌ સો સો રહેતી કીડી.
એમાં મોટી એક મોટી રાણી, સૌ કોઈ સાંભળે એની વાણી,
એ હુકમ કરે.. તો દોડ દોડી, સૌ સૈનિક બની રક્ષા કરતાં,
આ અમારી નાની વાર્તા...

- **માહિતી આધારિત પ્રશ્નો:**
  ૧. કીડીબાઈ શેની શોધમાં હતાં ?
  ૨. સૌથી મોટી કીડી કોણ હતી ?
  ૩. કોણ સૈનિક બની રક્ષા કરે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો:**
  ૪. કીડી સિવાય બીજું કોણ કોણ દર માં રહે છે ?
  ૫. કીડી કેવા કેવા રંગની હોય છે ?
  ૬. કીડીઓ ક્યાં ક્યાં જોવા મળે છે ?
  ૭. કીડી દર કેવી રીતે બનાવતી હશે ?
  ૮. બીજાં ક્યાં ક્યાં જંતુઓ સમૂહમાં રહે છે ?

એકમ-૧૬ : લાલચનું પરિણામ — સમૂહકાર્ય

- **લેખન પ્રવૃત્તિ**

★ ધો.-૧નાં બાળકોને તેમના બેગમાં કઈ કઈ વસ્તુઓ છે તે લખવાની પ્રવૃત્તિ કરો.

★ ધો.-૨નાં બાળકો સાથે કીડી વિશે ચર્ચા કરી તેના વિશે બે-ત્રણ વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.

- **જોડકણાંનું હાવભાવપૂર્વક ગાન કરો :**

એક હતી શકરી
એણે પાળી બકરી
શકરી ગઈ ફરવા
બકરી ગઈ ચરવા
ફરીને આવી શકરી
ભાળી નહીં બકરી
રડવા લાગી શકરી એં એં એં
આવી પહોંચી બકરી બેં બેં બેં

- **આવો બજાર લગાવીએ**

સમય – ૨૦ મિનિટ

સાધન – વસ્ત્ર, રંગ, નકલી નોટ, મુલ્ય કાર્ડ

આ પ્રવૃતિમાં બાળકો બજાર સંબંધિત.વાતચીત કરે છે.

આ પ્રવૃત્તિમાં થોડા બાળકો દુકાનદાર અને થોડાં બાળકો દુકાનદાર બનશે અને થોડાં બાળકો ગ્રાહક બનશે. જે બાળકો દુકાનદાર તેમને વસ્તુઓની કિંમત કાર્ડ આપવા અને જે બાળકો ગ્રાહક બનશે તેમને નકલી નોટ આપવી.

બાળકો પોતાનો સામાન વેચવા તે વસ્તુના ગુણ ગાય, વખાણ કરેઅને એવું કેઈ પણ બોલી ગ્રાહકને આકર્ષિત કરે અને સામાનને વેચે. જેમકે – આ મોબાઈલ ઘણી કામની વસ્તુ છે. તેનાથી આપણે કોઈ પણ જગ્યાએથી બીજા વ્યક્તિ સાથે વાત કરી શકીએ છીએ, સંદેશો મોકલી શકીએ છે, ફોટો ખેચી શકીએ છે, રમત રમી શકીએ છે, તેમાં નાટક પણ જોઈ શકીએ છીએ વગેરે.

ખરીદી કરતાં બાળકોને વેચનાર બાળકોને સવાલ પૂછવા માટે પ્રોત્સાહિત કરો, જેમ કે આની કિમંત કેટલા રૂપિયા છે?, ક્યા ક્યા રંગમાં મળે છે?, આ વસ્તુને કેમ ખરીદીએ છીએ ?

આ રીતે તમને વસ્તુની પરખ કરવા અને ભાવતાલ કરવા માટે પ્રેરિત કરો.

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા (૫-૧૦ મિનિટ)	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	નમીએ તુજને વારંવાર	લાલચનું પરિણામ બુરું		આવો બજાર લગાવીએ	
૨	જોડકણાં	લાલચનું પરિણામ બુરું	લાલચનું પરિણામ બુરું		
૩	કીડીબાઈ	મૂરખ બાળક			બજાર
૪	નમીએ તુજને વારંવાર		નમીએ તુજને વારંવાર	આવો બજાર લગાવીએ	
૫	જોડકણાં	મૂરખ બાળક	મૂરખ બાળક		
૬	કીડીબાઈ		કીડીબાઈ		બજાર

એકમ-૧૭ : વાંદરો અને મગર સમૂહકાર્ય

સમૂહકાર્ય-૧

- **'વાંદરો અને મગર' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

વાંદરો અને મગર

એક નદીકાંઠે જાંબુડાનું મોટું ઝાડ હતું. જાંબુડાના ઝાડ પર દરરોજ એક વાંદરો જાંબુ ખાવા આવતો. નદીના ઊંડા પાણીમાં એક મોટો મગર રહેતો હતો. વાંદરા અને મગરની ભાઈબંધી થઈ. વાંદરો રોજ રોજ મગરને પાકાં જાંબુ ખવડાવે.

મગર એક વાર થોડાં જાંબુ મગરી માટે લઈ ગયો. મગરીને જાંબુ બહુ ભાવ્યાં. મગરી જાંબુ ખાતાં ખાતાં મગરને કહે - રોજ આવાં મીઠાં જાંબુ ખાનારા વાંદરાનું કાળજું કેવું મીઠું હશે! તમે એને લઈ આવો તો હું તેનું કાળજું ખાઉં!

મગર કહે - તે હવે મારો ભાઈબંધ થયો છે. ભાઈબંધ સાથે મારાથી દગો કેમ થાય? મગરીએ જીદ કરી. નાછૂટકે મગર વાંદરાને મગરી પાસે લાવવા તૈયાર થયો. બીજે દિવસે મગર જાંબુના ઝાડ નીચે આવ્યો. વાંદરાએ આપેલાં મીઠાં જાંબુ ખાધા પછી મગર બોલ્યો - વાંદરાભાઈ, મારી મગરી તમને ઘેર જમવા માટે બોલાવે છે. મારી પીઠ પર બેસી જાઓ અને મારા મહેમાન થાઓ.

વાહ! ચાલો, તમારો આટલો પ્રેમ છે તો ના કેમ પડાય! એમ કહેતો વાંદરો કૂદીને મગરની પીઠ પર બેસી ગયો. મગર પાણીમાં આગળ સરકવા લાગ્યો. બંને વાતે વળગ્યા. અડધે રસ્તે જ ભોળા મગરે મગરીના મનની વાત વાંદરાને કરી દીધી.

મગરની વાત સાંભળી વાંદરાના હોશ ઊડી ગયા. થોડી વારે સ્વસ્થ થતાં મગરીથી બચવાનો ઉપાય શોધી કાઢયો. વાંદરો કહે - મગરભાઈ! તમે પણ ખરા છો ! તમારે આ વાત મને પહેલેથી જ કહેવી હતી ને ! મારું કાળજું તો હું ઝાડ પર મૂકીને આવ્યો છું. ચાલો, પાછા જઈ કાળજું લઈ આવીએ !

મગર વાંદરાની વાત સાચી માની પાછો કિનારા તરફ વળી ગયો. કિનારો આવતાં જ વાંદરો એક મોટો કૂદકો મારી ઝાડ પર પહોંચી ગયો. પછી કહે - મૂરખ મગર! કાળજું તે કંઈ ઝાડ પર મુકાતું હશે? તું તો દગાખોર છે! ભાઈબંધને દગો દેવા તૈયાર થયો? જા હવે કદી જાંબુ ખાવા મારી પાસે આવતો નહિ અને મારે પણ જાંબુ ખાવા નથી એમ કહી વાંદરો ત્યાંથી બીજે રહેવા જતો રહ્યો.

- **માહિતી આધારિત પ્રશ્નો**

૧. નદીકાંઠે શાનું ઝાડ હતું ?

૨. નદીમાં કોણ રહેતું હતું ?

૩. વાંદરો મગરને શું ખવડાવતો.

૪. વાંદરાનું કાળજું કોને ખાવું હતું ?

- **સમજ આધારિત પ્રશ્નો**

૧. વાંદરો અને મગર ભાઈબંધ કેવી રીતે બન્યા ?

૨. જાંબુડાં કઈ ઋતુમાં આવે છે ?

(અ) શિયાળો (બ) ઉનાળો (ક) ચોમાસું

૩. વાંદરો ક્યાં રહેવા ચાલ્યો ગયો હશે ?

૪. વાંદરાએ મગરને મૂર્ખ બનાવ્યો તે સારું કર્યું કે ખરાબ ? કેમ ?

૫. વાંદરા અને મગરને જાંબુ ખૂબ જ ભાવતા હતાં. તમને કયું ફળ બહુ જ ભાવે છે ?

- **લેખન પ્રવૃત્તિ**

★ **ધો.-૧માં** ઉદાહરણ મુજબ બે ખાનામાં વિવિધ મૂળાક્ષરો બોર્ડ પર લખી તે બંને ખાનામાંથી મૂળાક્ષરો લઈને તેનાથી વિદ્યાર્થીઓ દ્વારા શબ્દો બનાવી લખવાની પ્રવૃત્તિ કરો.

ઉદા. : મ ન માન, મન, નામ

દ વ દવા, વાદ, દેવ

દ વ ગ જ

જ મ ન ક

★ **ધો. ૨ નાં** બાળકો સાથે તમારી આસપાસ અને ઘરમાં કંઈ કંઈ વસ્તુઓ પ્લાસ્ટિકની બની છે. તેવી ત્રણ-ચાર વસ્તુઓની યાદી બનાવડાવો અને તેના વિશે એક-એક વાક્ય લખાવવાની પ્રવૃત્તિ કરો.

● **'ગોરિયો જડ્યો.' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

ગોરિયો જડ્યો.

એક નાનકડું ગામ. ગામમાં સોમાભાઈ નામના ખેડૂત રહે. તેમની પાસે બે બળદ. એકનું નામ કાળિયો અને બીજાનું ગોરિયો. બંને બળદ એમને ખૂબ વહાલા.

માર્ચ મહિનો આવ્યો. બાજરી વાવવાનો સમય થયો. વાવણી માટે પહેલાં ખેતર ખેડવું પડે. સોમાભાઈ પોતાનું ખેતર ખેડવા બંને બળદ લઈને ગયા. અડધું ખેતર ખેડ્યું અને બપોર થઈ. સોમાભાઈ તો ભાતું ખાઈને આરામ કરવા સૂતા. જાગીને જોયું તો બે બળદમાંથી એક બળદ ગાયબ ! ખેતરમાં કાળિયો જ હતો, ગોરિયો તો દેખાયો ન નહીં. ખેતરમાં ઘણું શોધ્યો પણ ગોરિયો કયાંય ન જડ્યો. **(ગોરિયો કયાં ગયો હશે?)**

બાજરી વાવતી વખતે પણ સોમાભાઈએ તો ગોરિયાને શોધ્યો, પણ ગોરિયો કયાંય ન જડ્યો. બાજરી ઊગીને મોટી થઈ. સોમાભાઈ તો રોજ ખેતરે આવે, બાજરી જોઈને હરખાય અને આખા ખેતરમાં ફરી ફરીને જુએ, 'કયાંક મારો ગોરિયો નજરે ચડે !' પણ ગોરિયો ન જડ્યો. **(એ ગોરિયો કયાંથી મળશે?)**

બાજરી પાકી ગઈ. ઊભી બાજરીનાં ડૂંડા લણતાં લણતાં પણ ગોરિયો ન જડ્યો. ડૂંડામાંથી બાજરીના દાણા છૂટા પડ્યા, ચાળણીથી ચાળ્યા, તગારામાં ભર્યા, કોથળા ભરીને ઘરે લાવ્યા પણ ગોરિયો ન જડ્યો તે ન જ જડ્યો.

કોથળામાંથી બાજરી કાઢી, ફરીથી સાફ કરીને ઘંટીમાં દળી, રોટલા બનાવતાં પહેલાં બાજરીનો લોટ ચાળણીથી ચાળી જોયો. તોય ગોરિયો ન જડ્યો તે ન જ જડ્યો. સોમાભાઈને તો સતત ગોરિયાના જ વિચાર આવ્યા કરે. મારો ગોરિયો કયાં ગયો હશે ને શું કરતો હશે ? ઘરના બીજા સભ્યો પણ ગોરિયાની ચિંતા કરતા હતા.

નવી બજારીના પહેલા રોટલા તૈયાર થયા. સરસ મજાના ગરમાગરમ મોટા મોટા રોટલા ! સૌ સાથે જમવા બેઠાં. **(તમને લાગે છે કે ગોરિયો મળશે ?)** સૌની થાળીમાં રેવાબહેને એકએક રોટલો મૂકયો. સોમાભાઈની દીકરી સપનાને કોપટી બહુ ભાવે. તેણે હળવેકથી રોટલાની કોપટી ખોલી અને એકાએક મોટેથી ચીસ પડી : 'બાપુઉઉઉ.... આપણો ગોરિયોઓઓ...' સોમાભાઈએ તો થાળી ધકેલીને કૂદકો માર્યો ને કોપટી નીચે જોયું તો ગોરિયો નિરાંતે બેઠો બેઠો વાગોળતો હતો!

સોમાભાઈ તો નાચવા માંડ્યા : 'મળી ગયો... મળી ગયો... મારો વહાલો ગોરિયો મળી ગયો..!'

● **માહિતી આધારિત પ્રશ્નો**

૧. સોમાભાઈના બે બળદનું નામ શું હતું ?

૨. સોમાભાઈએ ખેતરમાં શું વાવ્યું હતું ?

૩. અંતમાં ગોરિયો ક્યાંથી મળ્યો ?

● **સમજ આધારિત પ્રશ્નો**

૧. સોમાભાઈના બંને બળદનાં નવાં નામ પાડો.

૨. ગોરિયો મળ્યો તે તમને સાચું લાગે છે કે ખોટું ?

૩. ગોરિયો સાચું ખોવાયો હશે ?

૪. તમને આ વાર્તા સાચી લાગે છે કે ફક્ત હસાવવા માટે બનાવવામાં આવી છે ?

૫. વાર્તામાં તમને સૌથી વધારે ક્યારે મજા આવી ?

- લેખન પ્રવૃત્તિ

★ ધો.-૧નાં બાળકોને તેમને ભાવતાં ત્રણ-ચાર ફળોનાં નામ લખી, અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

★ ધો.-૨નાં બાળકો સાથે વાર્તાના પાત્ર સોમાભાઈ વિશે ચર્ચા કરી તેના વિશે ત્રણ-ચાર વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.

- **'ચાંદલા ચમકીને ચાલ્યો શું જાય ?' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

ચાંદલા ચમકીને ચાલ્યો શું જાય ?

આભલિયે શાનો છુપાય ?
ચમક ચમક આજ સૌએ કહે છે.
તારા સંગે દિલ રમવા કહે છે.
એ.....લાડકડો સૌને તું રે ચાંદલિયા !
ચાંદામામા તું કહેવાય
આભલિયે શાને છુપાય....ચાંદલા...
આંગણિયે લાવજે....ગેડી,
તું સંગે લાવજે તારલા તેડી,
એ..... આજ ચંદેરી ચોકમાં
આવીને આંગણું અજવાળ
આભલિયે શાને છુપાય ? ચાંદલા.....

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**

૧. તમે ચાંદો જોયો હશે, તેવો ચાંદો બૉર્ડ પર દોરો.

૨. મને તો ચાંદો રોટલા જેવો લાગે અને મારી બહેનને તે પેંડા જેવો. તમને ચાંદો કેવો લાગે ?

૩. ચાંદો આકાશમાં કોની પાછળ સંતાઈ જતો હશે ?

૪. તમે ક્યાં ક્યાં સંતાઈ જાઓ છો ?

૫. ચાંદલા સાથે રમવા તારલા આવવાના છે, તમે કોની સાથે રમવા જાઓ છો ?

- **લેખન પ્રવૃત્તિ**

★ ધો.-૧નાં બાળકો સાથે ચાંદાનું ચિત્ર દોરી તેના વિશે ત્રણ-ચાર શબ્દો લખવાની પ્રવૃત્તિ કરો..

★ ધો.-૨નાં બાળકો સાથે કવિતા તમને કેવી લાગી તેના વિશે ચાર-પાંચ વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.

- **'મજાની ખિસકોલી' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

મજાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉ દાવ મજાની ખિસકોલી
તું કેવી હસે ને રમે મજાની ખિસકોલી
તારા કૂદકા તો બહુ ગમે મજાની ખિસકોલી
તું જ્યારે ખિલખિલ ગાય મજાની ખિસકોલી

તારી પૂછડી ઊંચી થાય મજાની ખિસકોલી
તારે અંગે સુંદર પટા મજાની ખિસકોલી
તારી ખાવાની શી છટા મજાની ખિસકોલી
તું ઝાડે ઝાડે ચડે મજાની ખિસકોલી
કહે કેવી મઝા ત્યાં પડે મજાની ખિસકોલી
બહુ ચંચળ તારી જાત મજાની ખિસકોલી
તું ઉંદરભાઈની નાત મજાની ખિસકોલી
તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉ દાવ મજાની ખિસકોલી

- ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ

- **નીચે મુજબ પ્રશ્નો પૂછો :**
  ૧. બાળક કોને રમવા બોલાવે છે ?
  ૨. ખિસકોલી કયાં રહે છે ?
  ૩. બાળક ખિસકોલી સાથે શું રમશે ?
  ૪. બાળક ખિસકોલી સાથે શું રમશે ?
  ૫. ખિસકોલી પોતાની પૂછડી કયારે ઊંચી કરે છે ?
  ૬. તમે ખિસકોલી જોઈ છે ?
  ૭. તમને ખિસકોલી ગમે છે ? કેમ ?
  ૮. તમારે ખિસકોલીને કંઈ ખવડાવવું હોય તો શું ખવડાવો?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ ધોરણ-૧ ઝાડ ઉપર ક્યાં ક્યાં પ્રાણીઓ ચડી શકે છે. તેમનાં નામ લખો.
  ★ ધોરણ-૨ ખિસકોલી વિશે ચાર-પાંચ વાક્યો લખો.
- **ઉખાણાં :**

લાંબા મારા કાન ઊભા છે ટટાર જોતાં લાગે, હું છું કેવો ડહાપણનો ભંડાર	સરસર સરસર દોડી આવી ચોખાના બે દાણા લઈ પૂંછડી કેરું આસન માંડી	આમ ઊડે, તેમ ઊડે, વાંકી કરે ચાંચ કાળું-કાળું અંગ એનું કાળી એની આંખ

ખાય તીખું, બોલો મીઠું
એવું મેં તો કૌતુક દીઠું !
ચાંચ એની લાલચટ,
પાંખ અને લીલીકટ

એકમ-૧૭ : વાંદરો અને મગર

સમૂહકાર્ય

- **તપાસપંચ/ખબરી દળ**

  સમય – ૨૦ મિનિટ

  સામગ્રી – કંઈ નહીં

આ પ્રવૃત્તિમાં બાળકો, કોઈ વસ્તુ અથવા સ્થળનો અભ્યાસ કરવાનો અને બાકીનાં બાળકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયત્ન કરશે.

ચારથી પાંચ બાળકોના એક જૂથને વર્ગની બહાર આસપાસ કોઈ નક્કી ચીજવસ્તુ અથવા જગ્યાનો અભ્યાસ કરવા મોકલો. આ જૂથ "શોધકર્તા જૂથ"નો ભાગ છે.

ઉદા. બાળકો રસોઈઘરમાં જાય, ત્યાં ધ્યાનથી અવલોકન કરે અને તેનાથી જોડાયેલા અલગ અલગ પ્રકારના પ્રશ્નોનો ત્યાંનાં રસોઈ બનાવનાર વ્યક્તિને પૂછે. જેમ કે, આજે જમવામાં શું બની રહ્યું છે? આટલા મોટા ડબ્બામાં શું છે? આ જૂથને વધુમાં વધુ પ્રશ્નો કરીને વધુમાં વધુ જાણકારી મેળવી લાવવા પ્રોત્સાહિત કરવા. જયારે "શોધકર્તા" જૂથ બહાર જતું રહે ત્યારે શિક્ષક બાકી રહેલાં બાળકો સાથે મળીને "શોધકર્તા" જૂથને શું શું પ્રશ્નો પૂછી શકાય તેવા પ્રશ્નોની યાદી તૈયાર કરાવડાવે. જેમ કે, રસોઈઘરમાં કેટલા લોકો કામ કરતા હતા? એક જ વખતમાં કેટલા લોકોની રસોઈ બનતી હતી, વગેરે


જયારે "શોધકર્તા" જૂથ પાછું આવી જાય ત્યારે વર્ગનાં બીજાં બાળકો તેમને સવાલ પૂછે. વચ્ચે વચ્ચે શિક્ષક પણ પ્રશ્નો પૂછી શકે. "શોધકર્તા" જૂથને જવાબ આપવા દેવા તથા તેઓ ક્યાંક અટકી જાય તો શિક્ષકે તેમની મદદ કરવી.

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	ચાંદલા ચમકીને ચાલ્યો શું જાય?	વાંદરો અને મગર		ખબરીદળ	
૨	જોડકણાં	વાંદરો અને મગર	વાંદરો અને મગર		
૩	મજાની ખિસકોલી	ગરિયો જડિયો			મીઠાઈની દુકાન
૪	ચાંદલા ચમકીને ચલ્યો શું જાય?		ચાંદલા ચમકીને ચલ્યો શું જાય?	ખબરીદળ	
૫	જોડકણાં	ગરિયો જડિયો	ગરિયો જડિયો		
૬	મજાની ખિસકોલી		મજાની ખિસકોલી		મીઠાઈની દુકાન

યાદ રાખો :

સંતુલિત પદ્ધતિ



એકમ-૧૮ : કંઇ એકલા ખવાય ? સમૂહકાર્ય

સમૂહકાર્ય-૧

- **'કંઈ એકલા ખવાય ?' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

કંઈ એકલા ખવાય ?

ગામને છેવાડે ઈસ્માઈલની વાડી. તે ભારે મહેનતુ. વાડી બારેમાસ લીલીછમ રાખે. બાજરી લણી નથી કે જુવાર વાવી નથી. શાકભાજી તો એની વાડીનાં જ. વાડીને એક શેઢે તેણે નાનકડો કૂબો બનાવેલો ને નજીક બનાવેલું મરઘાંઘર. મરઘી પીલાં લઈ વાડીમાં ફરે તે જોઈ ઈસ્માઈલ બહુ હરખાય. મરઘાંઘર પાસે ઈસ્માઈલ રોજ દાણા નાંખે. એક વાર એણે મકાઈના મોટા તાજા દાણા વેર્યા. મરઘીને થયું : 'વાહ ! આ દાણા હું વાવું-પકવું તો કેવું સારું ? પણ બધું કામ મારી એકલીથી ના થાય. તો કોઈની સાથે સૂંઢલ કરું તો મકાઈ વવાય.' આમ વિચારી તેણે વાડીમાં રહેતા લાલિયા કૂતરાને પૂછ્યું તો તેણે લૂલી હલાવી ના પાડી. પછી તેણે ગલબા શિયાળને પૂછ્યું. તો તેણેય ઘસીને ના પાડી.

પછી તે ગઈ બાજુના ખેતરમાં રહેતા ડાહ્યા ડુક્કર પાસે. તો તેણેય ના પાડી. કહે : 'પેટ ચોળીને શૂળ શા માટે ઊભું કરવું.' બધાંએ ના પાડી એટલે મરઘીએ તો નક્કી કર્યું : 'જાતમહેનત જિંદાબાદ ! પારકાની આશા શું કામ રાખવી ? હું એકલી બધું કરીશ.' ને પછી તો એણે દાણા વાવ્યા. થોડા દિવસે તેમને અંકુર ફૂટ્યા. પીલાંય એ જોઈ ખુશ થયાં. પછી તો છોડ મોટા થયા ને તેના પર ડોડા બેઠા.

હવે લાલિયો કૂતરો, ગલબો શિયાળ ને ડાહ્યો ડુક્કર આંટા મારવા લાગ્યા ને મરઘીબાઈનાં વખાણ કરવા લાગ્યાં. મરઘીને થાય : 'જ્યારે મહેનત કરવાની હતી ત્યારે બધાંએ ના પાડી. ને હવે ? આંટા મારે છે ! પણ હશે. ભગવાને મને કણમાંથી મણ આપ્યા છે તો હું તો સૌને આપીશ. મારાથી કંઈ એકલા ખવાય ?' પછી તેણે બધાંને સૂપડું ભરી ભરી દાણા આપ્યા ને બાકીના કોઠીમાં ભર્યા. સરસ મઝાના પીળા-ધમરક દાણા જોઈ બધાંને થયું : 'મરઘીબાઈ જોડે સૂંઢલ કરી હોત તો અડધો - અડધ દાણા મળત.' પણ હવે શું ? મરઘીબાઈનું કુટુંબ તો ખાઈ-પીને મઝા કરે. બાકીનાયે પણ નક્કી કર્યું કે હવે જરૂર મહેનત કરીશું ને સુખી થઈશું.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  - ૧. મરઘીબેન સાથે ભાગીદારી કરવાની કોણે કોણે ના પાડી હતી ?
  - ૨. મરઘીબેને શેના દાણા વાવ્યા હતા ?
  - ૩. "કણમાંથી મણ" અંગે શિક્ષકે બાળકો સાથે ચર્ચા કરવી.
- **સમજ આધારિત પ્રશ્નો :**
  - ૪. બીજાં પ્રાણીઓએ મરઘીબેને શા માટે ના પાડી હશે ?
  - ૫. વાર્તા કહેવા દરમિયાન "કણમાંથી મણ" જેવા શબ્દો પર બાળકો સાથે ચર્ચા કરો.
  - ૬. વાર્તામાં શિયાળનું નામ ગબલો અને કૂતરાનું લાલિયો હતું. તો મરઘીનું નામ આપણે શું રાખીશું ?
  - ૭. તમે ક્યાં ક્યાં કામમાં બીજાંની મદદ માંગો છો?
  - ૮. તમને સૌથી વધારે શું ભાવે છે ? તમે એકલા-એકલા ખાઓ છો કે તમારા મિત્રોને આપો છો ?
- **લેખન પ્રવૃત્તિ**
  - ★ **ધો.-૧નાં** બાળકો સાથે વાર્તામાં આવતાં પ્રાણીઓનાં નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.-૨નાં** બાળકો સાથે વાર્તામાં તમને કઈ વાત પસંદ ન આવી તે લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૧૮ : કંઇ એકલા ખવાય ? સમૂહકાર્ય

- **'સિંહની કમાલ' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

સિંહની કમાલ

જંગલમાં એક સિંહ રહેતો હતો. તે હવે વૃદ્ધ થઈ ગયો હતો. સિંહ ઝાઝું જીવી શકે તેમ ન હતો. વૃદ્ધ સિંહનો એક મિત્ર પણ હતો. નામ તેનું ગગન ગધેડો. એકવાર ગગન ગધેડાએ સિંહનો જીવ બચાવ્યો હતો, ત્યારથી બન્ને ગાઢ મિત્રો બની ગયા. સિંહ મરતાં પહેલાં ગગનને મળવા ઈચ્છતો હતો. સિંહ અને ગગન ગધેડાની છેલ્લી મુલાકાત જયારે જંગલના છેડે થઈ હતી ત્યારે બંનેએ નક્કી કર્યું હતું કે, ભવિષ્યમાં બન્ને મગનશેઠની વાડીએ મળશે, કારણ કે તે વર્ષોથી જંગલના છેડે મળતા હતા તે હવે ઉઘાડો પડી ગયો હતો.

સિંહ જંગલમાંથી મગનશેઠની વાડી તરફ જઈ રહ્યો હતો. તે જયારે માર્ગ વટાવી રહ્યો હતો ત્યારે તેણે જાણ થઈ કે ચંદુ શિયાળ તેનો પીછો કરી રહ્યો છે. સિંહ ઉતાવળા પગલે વાડી તરફ જઈ રહ્યો હતો અને ત્રાંસી નજરે ચંદુ શિયાળને જોઈ રહ્યો હતો. એવામાં ચંદુ શિયાળને ઠોકર વાગી અને તે ભોંય ભેગો થઈ ગયો.

ચંદુ શિયાળ ઊભો થાય એ પહેલાં સિંહ ઝડપથી તેનાં મિત્ર ગધેડા પાસે પહોંચી ગયો અને ચંદુ શિયાળ તેનો પીછો કરી રહ્યો હતો તેમ જણાવ્યું. સિંહ ગધેડાના કાનમાં કોઈ વાત કહી જે ગધેડાનું જીવન બદલનારી સાબિત થઈ. ચંદુ શિયાળ જયારે સિંહ અને ગધેડાને જોયા ત્યારે બન્ને મિત્રો એવો ઢોંગ કરવા લાગ્યા કે જેનાથી એ સાબિત થઈ શકે કે ગધેડા એ સિંહ કરતાં પણ વધુ બળવાન છે. ગગન ગધેડાએ સિંહને ફટકા માર્યા એ જોઈને ચંદુ શિયાળ તેના બીજા મિત્રોને આ વાત જણાવવા જતો રહ્યો. જયારે ચંદુ શિયાળ ત્યાંથી જતો રહ્યો એટલે સિંહ અને ગગન બન્ને હસવા લાગ્યા.

ચંદુ શિયાળના મનમાં તો એમ ચાલતું હતું કે, સિંહ કરતાં ગધેડા બળવાન, તે તેના બીજા શિયાળ મિત્રો પાસે ગયો અને આ વાત જણાવી. જંગલમાં કોઈએ ગધેડો જોયો ન હતો. એ વાત સિંહ જાણતો હતો. ગધેડાએ સિંહને માર્યો એ વાત જંગલમાં આગની પેઠે ફેલાઈ ગઈ હતી. જંગલનાં પ્રાણીઓનાં મનમાં એક બળવાન અને ઘાતક પ્રાણી તરીકેની છાપ આ નવીન પ્રાણીની હતી.

થોડા દિવસ પછી થયું એવું કે, જંગલનાં પ્રાણીઓએ પોતાના રક્ષણ માટે અને એક સંભાળ રાખનાર તથા કાનૂનનો અમલ કરાવનાર રાજા તરીકે ગગન ગધેડાને નીમ્યો. ગગને સૌની સાથે સારો વ્યવહાર રાખ્યો ને જંગલનો લોકપ્રિય રાજા બની ગયો. આ રીતે વૃદ્ધ સિંહ મરતાં-મરતાં એવી કમાલ કરી ગયો એના મિત્ર ગગનને જિવાડી ગયો.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. સિંહ અને ગધેડો કેવી રીતે મિત્રો બન્યા ?
  ૨. સિંહ અને ગધેડો ક્યાં મળે છે ?
  ૩. સિંહનો પીછો કોણ કરતું હતું ?
  ૪. અંતમાં ગધેડો શું બની ગયો ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૧. સિંહે કેમ ગધેડાની મદદ કરવાનું વિચાર્યું ?
  ૨. બીજાં પ્રાણીઓએ કેમ ગધેડાને ક્યારે નહી જોયો હોય ?
  ૩. તમે ક્યારે ગધેડો જોયો છે ? તે આપણને કેવી રીતે મદદ કરે છે ?
  ૪. તમે તમારા મિત્રની કોઈ દિવસ મદદ કરી છે ? શી મદદ કરી હતી ?
  ૫. તમે સિંહની જગ્યા પર હોય તો બીજી શું મદદ કરો ?
- **લેખન પ્રવૃત્તિ :**
  ★ **ધો.-૧નાં** બાળકો સાથે સિંહ અને ગધેડાની મિત્રતા વિશે ચર્ચા કરો અને જંગલી પ્રાણીઓનાં નામ લખવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨નાં** બાળકો સાથે સિંહ અને ગધેડાની મિત્રતા વિશે ચર્ચા કરી. જંગલ વિશે પાંચ લીટી લખવાની પ્રવૃત્તિ કરો.

એકમ-૧૮ : કંઇ એકલા ખવાય ? સમૂહકાર્ય

- **'પેલા પંખીને જોઈ' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

પેલા પંખીને જોઈ

પેલા પે...લા પેલા પે...લા
પેલા પંખીને જોઈ મને થાય, એના જેવી જો પાંખ મળી જાય
બસ ઊડ્યા કરું, બસ ઊડ્યા કરું. પેલા૦
પેલી પે...લી, પેલી પે...લી
પેલી કોયલને જોઈ મને થાય, એના જેવો જો કંઠ મળી જાય.
બસ ગાયા કરું, બસ ગાયા કરું. પેલા૦
પેલા પે...લા, પેલા પે...લા
પેલા મોરલાને જોઈ મને થાય, એના જેવાં જો પીંછાં મળી જાય
બસ નાચ્યા કરું, બસ નાચ્યા કરું. પેલા૦
પેલી પે...લી પેલી પે...લી
પેલી ચકલીને જોઈ મને થાય, એના જેવી જો ચાંચ મળી જાય
બસ ચણ્યા કરું, બસ ચણ્યા કરું. પેલા૦

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. ગીતમાં ક્યાં ક્યાં પંખીઓનાં નામ આવ્યાં ?
  ૨. તમે ક્યાં-ક્યાં પક્ષીઓ જોયાં છે ?
  ૩. તમને ક્યાં પક્ષીનો અવાજ સાંભળવો ગમે ? તમને ગમતા પક્ષીનો અવાજ કાઢીને બતાવો.
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૪. આપણી શાળામાં કયાં ક્યાં પંખીઓ આવે છે ? તે ક્યાં ક્યાં બેસે છે?
  ૫. જો તમને પક્ષી બનવાનો મોકો મળે તો તમે કયું પંખી બનો ? કેમ? પછી તમે શું કરશો?
  ૬. પક્ષીઓ કેમ ઊડી શકે છે અને આપણે નથી ઊડી શકતાં ?
  ૭. કાગડો અને સમડી ને જોઈને તમને શું યાદ આવે છે ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.-૧** ગીતમાં આવતાં પક્ષીઓ વિશે ચર્ચા કરી કાળા રંગના પક્ષીઓનાં નામ લખવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨** તમે ઊડી શકો તો તમે શું શું કરો ? તેના વિશે પાંચ વાકયો લખવાની પ્રવૃત્તિ કરો.
- **'ઘાઘરી પહેરીને હું તો' વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં અભિનય સાથે ગાન કરાવો :**

ઘાઘરી પહેરીને હું તો

ઘાઘરી પહેરીને હું તો નિશાળે ગઈ'તી (૨)
ઘાઘરી મારી છમક છમક થાય,
કે બેની મારો લટકો થોડો થોડો જો જો .
કંગન પહેરીને હું તો નિશાળે ગઈ 'તી(૨)
કંગન મારાં ખણણ ખણણ થાય,
કે બેની મારો લટકો થોડો થોડો જો જો.
નથણી પહેરીને હું તો નિશાળે ગઈ 'તી (૨)
કે નથણી મારી ઝનન ઝનન થાય,
કે બેની મારો લટકો થોડો થોડો જો જો.

એકમ-૧૮ : કંઇ એકલા ખવાય ?

સમૂહકાર્ય

ઝાંઝર પહેરીને હું તો નિશાળે ગઈ 'તી (૨)
કે ઝાંઝર મારી છણણ છણણ થાય
કે બેની મારો લટકો થોડો થોડો જો જો.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. કંગનનો અવાજ કેવો છે ? તે ક્યાં પહેરવામાં આવે છે ?
  ૨. નથણીનો અવાજ કેવો છે ? તે ક્યાં પહેરવામાં આવે છે ?
  ૩. ઝાંઝરનો અવાજ કેવો છે ? તે ક્યાં પહેરવામાં આવે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૪. તમારાં મમ્મી અને બહેન કેવાં ઘરેણાં પહેરે છે. ? ઘરેણાં શેનાં બને છે ?
  ૫. તમે શાળાએ જાઓ ત્યારે શી શી તૈયારી કરો છો?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.-૧નાં** બાળકો સાથે ગીતમાં આવતાં ઘરેણાં વિશે ચર્ચા કરી, તેનાં નામ લખવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨નાં** બાળકો સાથે ગીતમાં આવતાં ઘરેણાં કે તેમને ગમતાં ઘરેણાં વિશે ચર્ચા કરી, તેનાં વિશે એક-એક વાક્ય લખવાની પ્રવૃત્તિ કરો.
- **જોડકણાં**

માજીનો બેટો,
તાજું દૂધ પીતો,
પીને જાડો થાય રે,
ઘરડાં માની ઘંટુડી.

જુઓ માજી બેઠા છે,
છીંકણી સૂંઘે છે,
રામ રામ બોલે છે,
આમ તેમ જુએ છે,
માજીએ કોથળી ઊઘાડી,
ઓય વોય નીકળી બિલાડી.

એ જાય, એ જાય, એ જાય...
આકાશમાં ફરર્ર ફરતું વિમાન જાય,
વિમાન તો દેશ જાય, પરદેશ જાય,
વાદળ, પર્વત ઓળંગતું જાય,

- **શબ્દોથી વાર્તા**

– શિક્ષક બાળકોની સંખ્યાના આધારે અલગ-અલગ સમૂહ બનાવશે.
– શિક્ષક સમૂહને ત્રણ થી ચાર શબ્દો આપશે. બધાં જ સમૂહ માટે શબ્દો સરખા જ હશે. બાળકોને આ શબ્દોના આધારે વાર્તા બનાવવા માટે કહો. ઉદા. ચકલી, જંગલ, દાણા, શિકારી
– બાળકોને વાર્તા બનાવવા માટે ૧૦ મિનિટ જેટલો સમય આપો.
– વાર્તા બની ગયા બાદ સમૂહમાંથી કોઈપણ બે બાળકોને મોટા સમૂહમાં વાર્તા કહેવા માટે કહો.
(કક્ષા અને બાળકોના સ્તર મુજબ શબ્દોની સંખ્યા વધારી અને ઘટાડી શકાય છે)

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	પેલા પંખીને જોઈ	કંઈ એકલા ખવાય?		શબ્દોથી વાર્તા	
૨	જોડકણાં	કંઈ એકલા ખવાય?	કંઈ એકલા ખવાય?		
૩	ઘાઘરી પહેરીને હું તો	સિંહની કમાલ			ચિત્રવાર્તા-૧
૪	પેલા પંખીને જોઈ		પેલા પંખીને જોઈ	શબ્દોથી વાર્તા	
૫	જોડકણાં	સિંહની કમાલ	સિંહની કમાલ		
૬	ઘાઘરી પહેરીને હું તો		ઘાઘરી પહેરીને હું તો		ચિત્રવાર્તા-૧

સમૂહકાર્ય-૧

- **'દલો તરવાડી' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

દલો તરવાડી

એક હતો દલો તરવાડી. દલા તરવાડીને એક વાર એમનાં પત્ની કહે : "તરવાડી, વાડીએથી શાક લઈ આવો." તરવાડીએ તો પગમાં ચૈડ ચૈડ થતાં પગરખાં પહેર્યાં, માથે પાઘડી મૂકી, ખભે ખેસ નાખ્યો ને હાથમાં લાકડી લઈને નીકળ્યા. ચાલતાં ચાલતાં એ તો ગામ બહાર વશરામ ભૂવાની વાડીએ આવી પહોંચ્યા.

દલા તરવાડીએ વાડીની ઝાંપલી ઉઘાડી. આજુબાજુ નજર નાખી. વાડીમાં કોઈ માણસ નહોતું. એમ છતાં એમણે વશરામ ભૂવાના નામની બેચાર સાચીખોટી બૂમો પાડી. પછી તે નિરાંતે વિચાર કરવા લાગ્યા : "શું કરીશું ? વાડીમાં રીંગણાં તો બહુ મજાનાં થયાં છે. શાક લીધા સિવાય તે ઓછું ઘેર જવાય છે ? પણ પૂછવું કોને ? વાડીનો ધણી તો છે નહીં ! ચાલો, વાડીને જ પૂછીએ !"

દલા તરવાડી વાડીને પૂછવા મંડ્યા : "વાડી રે વાડી !" પણ વાડી તે કંઈ બોલતી હશે ? એટલે દલા તરવાડીએ સામો જવાબ પણ પોતે જ વાળ્યો. "શું કહો છો, દલા તરવાડી ?"

વળી, દલા તરવાડી બોલ્યા : "રીંગણાં લઉં બેચાર ?" આ વખતે પણ તરવાડીએ જ જવાબ આપ્યો : "લો ને દસબાર." દલા તરવાડી તો ખેસની ફાંટ ભરી સારાં સારાં રીંગણાં લઈ ઘેર ગયા. દલા તરવાડીની વહુએ રીંગણાંમાં મરીમસાલો ભરીને સરસ મજાનાં રવૈયાં કર્યાં. દલા તરવાડી તથા એમની વહુએ પેટ ભરીને તે ખાધાં.

બીજો દિવસ થયો. તરવાડીનાં વહુ કહે, "તરવાડી ! રીંગણાં લઈ આવશો ?" તરવાડી તો તરત તૈયાર થઈ વાડીએ જવા નીકળ્યા. વાડીએ પહોંચીને જુએ છે તો આજે પણ કોઈ વાડીમાં નથી. દલા તરવાડીના મનમાં થયું, "હાશ" ! પછી તરવાડીએ વાડીને પૂછીને એ દિવસે પણ ફાંટ ભરીને સરસ મજાનાં કૂણાં કૂણાં રીંગણાં લીધાં. દલા તરવાડીને અને એમની વહુને તો રીંગણાં દાઢે વળગ્યાં. રોજ દલા તરવાડીની વહુ રીંગણાં લેવા જવા કહે અને દલા તરવાડી છાનામાના રીંગણાં લઈ આવે.

આમ કેટલાક દિવસ ચાલ્યું. આ બાજુ વશરામ ભૂવાને ખબર પડી ગઈ કે રોજ કોઈ રીંગણાં લઈ જાય છે. એણે વિચાર કર્યો કે ગમે તેમ કરીને પણ રીંગણાં લઈ જનારને પકડી પાડવો. વહેલી સવારથી એક મોટા ઝાડની ઓથે એ સંતાઈ ગયો. એવામાં વાડીની ઝાંપલી ઊઘડી. વશરામ ભૂવાએ ગૂપચૂપ નજર નાખી, તો દલો તરવાડી ! વશરામ ભૂવાએ વિચાર કર્યો : "જોઉં તો ખરો, ભાઈ શું કરે છે ?" દલા તરવાડીએ તો રોજની જેમ વાડીને પૂછવા માંડ્યું : "વાડી રે વાડી !" કોઈએ જવાબ આપ્યો નહીં, એટલે દલા તરવાડી બોલ્યા : "શું કહો છો, દલા તરવાડી ?" તરવાડી બોલ્યા : "રીંગણ લઉં બેચાર ?" જવાબમાં ફરી તરવાડી બોલ્યા : "લો ને દસબાર".

તરવાડી તો ખેસની ફાંટ વાળી રીંગણાં તોડવા મંડ્યા. આ જોઈને વશરામ ભૂવો ઝાડની ઓથેથી દોડતો આવ્યો. તેણે તરવાડીને બાવડેથી પકડ્યા. તરવાડી સમજાવવા મંડ્યા : "ભાઈ ! અમે ક્યાં ચોર છીએ ? રોજ પૂછીએ છીએ. પૂછ્યા વગર તારું એક પણ રીંગણું લીધું નથી."

વશરામ ભૂવો તો તરવાડીનું બાવડું જોરથી ખેંચી, એમને કૂવા તરફ લઈ ચાલ્યો. તરવાડી ગભરાવા લાગ્યા. વશરામ કહે : "ઠીક છે, હું પણ કૂવાને પૂછ્યા વગર તમને કૂવામાં નહીં નાખું." એમ કહીને ત્યાં દોરડું પડ્યું હતું, તેનાથી તરવાડીને બાંધવા માંડ્યા.

તરવાડી હવે ઢીલા પડ્યા અને બોલ્યા : "ભાઈ, શું કરવા મને પજવે છે ? મેં તારાં રીંગણાં ઓછાં કંઈ છાનાંમાનાં લીધાં છે ?" વશરામ ભૂવો કહે : "હું પણ ક્યાં છાનોમાનો તમને કૂવામાં ઉતારું છું ?" એમ કહી વશરામ ભૂવાએ તો તરવાડીને કૂવામાં ઉતારવા માંડ્યા. કૂવામાં તરવાડીના પગ પાણીએ પહોંચવા આવ્યા એટલે વશરામ ભૂવો કહે : "કૂવા રે ભાઈ કૂવા !"

કૂવો બોલ્યો નહીં, એટલે વશરામ જ બોલ્યો : "શું કહો છો વશરામ ભૂવા ?" વશરામે આગળ પૂછ્યું : "ડૂબકાં

ખવરાવું બેચાર ?'' કૂવો બોલ્યો નહીં, એટલે વશરામ ભૂવો પોતે જ બોલ્યા : ''ખવરાવો ને દસબાર !'' એમ કહી વશરામ ભૂવાએ તો દલા તરવાડીને પાણીમાં ઝબકોળવા માંડ્યા.

તરવાડીના સાંધા ઢીલા થઈ ગયા. તે અંદરથી હાથ જોડી કહેવા લાગ્યા : ''ભાઈ વશરામ ! ભૂલ થઈ. હવે આમ નહીં કરું. જવા દે તારી ગાય છું.'' વશરામને દયા આવી, એટલે એણે દલા તરવાડીને બહાર ખેંચી કાઢ્યા. દલા તરવાડી ગળગળા થઈ જઈને કહે : ''ભાઈ, હવેથી આમ સાચું બોલ્યાનો ડોળ નહીં કરું અને કોઈનું છાનુંમાનું મફત લેવાની દાનત પણ નહીં રાખું. હવે ખો ભૂલી ગયો.''

દલા તરવાડી વાડીમાંથી ઘેર ગયા. ત્યારની ઘડી અને આજનો દહાડો ! દલા તરવાડી ફરી વાડીમાં દેખાયા નહીં.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. દલા તરવાડીની પત્નીએ તેમને શું લેવા માટે મોકલ્યા હતાં ?
  ૨. દલા તરવાડી કોની વાડી પર ગયા હતા ?
  ૩. તમને સૌથી વધારે શેનું શાક ભાવે ? શેનું શાક નથી ભાવતું ?
  ૪. દલા તરવાડી કેવી રીતે પકડાઈ ગયા ?
  ૫. વશરામ ભૂવાએ દલા તરવાડીને કેમ કૂવામાં ઉતાર્યા હતા ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૬. તમને શું લાગે છે દલા તરવાડીએ રીંગણ પૂછ્યા વગર લીધાં એ સારું કહેવાય કે નહીં ?
  ૭. તમે વશરામ ભૂવાની જગ્યા પર હોય તો શું કરો?
  ૮. દલા તરવાડીએ કેમ આવું કર્યું હશે ?
  ૯. દલા તરવાડીએ વશરામ ભૂવાની વાડી પર જવાનું કેમ છોડી દીધું ?
- **લેખન પ્રવૃત્તિ**
  ★ **ધો.-૧નાં** બાળકો સાથે વર્તમાનપત્રમાંથી કોઈ ચિત્ર બતાવીને તેનાં દેખાતાં ચિત્રોનાં નામ લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  ★ **ધો.-૨નાં** બાળકો સાથે વર્તમાનપત્રમાંથી કોઈ ચિત્રની ઘટના વિશે ચાર-પાંચ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'વાઘ આવ્યો રે, વાઘ !' વાર્તાનું હાવભાવપૂર્વક કથન કરો :**

વાઘ આવ્યો રે, વાઘ !

એક ભરવાડ હતો. તેનો છોકરો ઘણો ટીખળી સ્વભાવ હતો. એક દિવસ એ સીમમાં ઘેટાં ચરાવતો હતો. એવામાં એને કંઈક ટીખળ સૂઝ્યું. એ એક ઝાડ ઉપર ચડ્યો અને મોટેથી બૂમો પાડવા લાગ્યો, '' એ વાઘ આવ્યો રે, વાઘ ! દોડજો રે દોડજો !'' છોકરાની બૂમો સાંભળી ખેતરમાં કામ કરતા લોકો લાકડીઓ લઈ દોડી આવ્યા ! તેમણે પૂછ્યું, ''અલ્યા, ક્યાં છે વાઘ ?'' **(અહીં બાળકોને પૂછો કે બાળકે શો જવાબ આપ્યો હશે ?)** છોકરો હસવા લાગ્યો. લોકો એને ઠપકો આપીને પાછા ચાલ્યા ગયા.

આઠ-દસ દિવસ પછી છોકરા એ વળી આવી રીતે બૂમો પાડવા માંડી, ''એ વાઘ આવ્યો, રે... દોડજો **(અહીં બાળકોને પૂછો કે હવે લોકો આવશે કે નહીં આવે ? કેમ ?)**!'' બૂમો સાંભળી લોકો કામ પડતાં મૂકીને દોડી આવ્યા. જોયું તો ત્યાં વાઘનું નામ-નિશાન નહોતું ! તેમણે છોકરાને ધમકાવ્યો; પછી ચલ્યા ગયા.

એક દિવસ એવું બન્યું કે છોકરો ઘેટાં ચરાવતો હતો ત્યાં ખરેખરો વાઘ આવ્યો. છોકરો ગભરાઈને ઝાડ પર ચડી ગયો અને જોર જોરથી બૂમો પાડવા લાગ્યો, ''એ વાઘ... આવ્યો રે વાઘ ! જલદી દોડજો, બચાવજો.'' **(અહીં બાળકોને પૂછો કે હવે લોકો તેને બચાવવા આવશે કે નહીં ?)**

લોકોએ છોકરાની બૂમો સાંભળી ખરી; પણ તેમણે માન્યું કે આ છોકરાને તો બૂમો પડવાની ખોટી આદત છે. એથી

કોઈ જ તેની મદદે ન આવ્યું. પરિણામે વાઘે તેનાં ઘણાં ઘેટાંને ફાડી ખાધાં. છોકરાને હવે ભાન થયું કે પોતાની મશ્કરી પોતાને જ ભારે પડી ! પણ હવે એ શું કરે ? જે જન મશ્કરી કરવા જાય, વહેલો મોડો તે પસ્તાય.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  - ૧. છોકરાને શું ટીખળ સૂઝી ?
  - ૨. લોકો ક્યાંથી દોડી આવ્યા હતા ?
  - ૩. લોકોએ છોકરાને કેમ ધમકાવ્યો ?
  - ૪. લોકો વાર્તાના અંતમાં તેની મદદ માટે કેમ નહીં આવ્યા હોય ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  - ૫. છોકરો જે ટીખળ કરી રહ્યો હતો તે સારું કહેવાય કે નહી ? કેમ ?
  - ૬. તમે આવી મશ્કરી કોઈ દિવસ કરી છે ?
  - ૭. ટીખળ કરવી હંમેશાં બીજાને નુકસાન પહોંચાડે છે કે નહીં ?
- **લેખન પ્રવૃત્તિ**
  - ★ **ધો.-૧ નાં** બાળકો સાથે ગોવાળિયાના પાત્રો વિશે જૂથમાં ચર્ચા કરી તેના વિશે ચાર-પાંચ શબ્દો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
  - ★ **ધો.-૨ નાં** બાળકો સાથે ગોવાળિયાના પાત્ર વિશે જૂથમાં ચર્ચા કરી ચાર-પાંચ વાક્યો લખી અન્ય બાળકો સાથે વાતચીત કરવાની પ્રવૃત્તિ કરો.
- **'કોયલ કૂ કૂ ગાય ' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

કોયલ કૂ કૂ ગાય

પેલી કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય,
ગાવાનું હું શરૂ કરું ત્યાં, પપ્પા મારા ખિજાય.
પેલું ઊડતું પતંગિયું જોઈ, મને ઊડવાનું મન થાય,
ઊડવાનું હું શરુ કરું ત્યાં, નીચે પડી જવાય.
પેલી ચકલી ચણ ચણ ખાય, મને ખાવાનું મન થાય,
ખાવાનું હું શરૂ કરું ત્યાં, મમ્મી મારી ખિજાય
પથારીએ સૂતાં, મને કઈ કઈ વિચાર થાય,
સુવાનું હું શરૂ કરૂ ત્યાં, સપને સરી જવાય.
પેલી કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય,
ગાવાનું હું શરૂ કરું ત્યાં, પપ્પા મારા ખિજાય.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  - ૧. ગીતમાં કોણ કોણ ખિજાય છે ?
  - ૨. કોને જોઈને ઊડવાનું મન થાય છે ?
  - ૩. કોયલ કેવા રંગની હોય છે ? તે ક્યાં બેસીને ગાય છે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  - ૪. તમારા ઘરે પપ્પા અને મમ્મી કયારે ખિજાય છે ? ખિજાય ત્યારે શું કહે છે ?
  - ૫. તમને શું શું કરવાનું મન થાય છે ?
  - ૬. તમને શું બનવાનું મન થાય છે ? પછી તમે શું કરશો ?

એકમ-૧૯ : દલો તરવાડી

સમૂહકાર્ય

- **લેખન પ્રવૃત્તિ**
  - ★ ધો.-૧ નાં બાળકો સાથે પતંગિયું, કોયલ, ચકલી વિશે લખવાની પ્રવૃત્તિ કરો.
  - ★ ધો.-૨નાં બાળકો સાથે કોયલ અને પતંગિયા વિશે બે-બે વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.
- **'ઘોડો ઘૂઘરિયાળો' ગીતનું હાવભાવપૂર્વક ગાન કરો :**

ઘોડો ઘૂઘરિયાળો

ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો, ઘૂઘરિયાળો.
ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો, ઘૂઘરિયાળો.
ઘાસ દઉં તો ખાય છે, ને રાજી રાજી થાય છે,
દોડાવું તો દોડે છે, ને થોભાવું તો થોભે છે,
તબડક તબડક દોડે ત્યારે, લાગે પાંખોવાળો, ઘૂઘરિયાળો.
ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો, ઘૂઘરિયાળો.
રંગે એ તો કાળો છે, તોયે બહુ રૂપળો છે,
ચાબૂકનું શું કામ છે ? ચેતક એનું નામ છે,
એના ઉપર બેસું ત્યારે લાગું હું મુછાળો, ઘૂઘરિયાળો.
ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો, ઘૂઘરિયાળો.

- **માહિતી આધારિત પ્રશ્નો :**
  ૧. ઘોડાને શું આપીએ તો રાજી રાજી થાય છે ?
  ૨. ઘોડાનો રંગ કેવો છે ?
  ૩. ઘોડાને ચાબૂક મારવાની કેમ જરૂર નથી.?
  ૪. ઘોડો પંખોવાળો ક્યારે લાગે છે ?
- **સમજ આધારિત પ્રશ્નો :**
  ૫. ઘોડો ઘાસ સિવાય બીજું શું શું ખાઈ શકે ?
  ૬. તમે ક્યારે ઘોડા પર બેઠા છો ? હા તો તમને કેવું લાગ્યું હતું ?
  ૭. જો ઘોડાને પાંખો હોત તો ?
  ૮. અહીં ઘોડાનું નામ ચેતક છે, તો ઘોડાનાં બીજાં ક્યાં ક્યાં નામ હોઈ શકે ?
- **લેખન પ્રવૃત્તિ**
  - ★ ધો.-૧ નાં બાળકોને ગીતમાં ઘોડો કેવો છે તેના અંગે ચર્ચા કરી તેના વિશે ત્રણ-ચાર શબ્દો લખવાની પ્રવૃત્તિ કરો.
  - ★ ધો.-૨નાં બાળકોને ગીતમાં આવતા ઘોડા વિશે ત્રણ-ચાર વાક્યો લખવાની પ્રવૃત્તિ કરો.
- **જોડકણાં**

બિલ્લી વાઘ તણી માસી,
જોઈને ઉંદર જાય નાસી,
ચામડી ઉપર ચટાપટાની
પૂછડી પટ પટ થાય,
ખૂણા વચાળે ખોળી ખોળીને
ઝડપી ઉંદર ખાય.
બિલ્લી વાઘ તણી માસી,
જોઈને ઉંદર જાય નાસી,

શિયાળામાં બહુ ઠંડી પડે,
તાપણીએ તાપવાની
મજા પડે બહુ મજા પડે,
સ્વેટર પહેરવાની
મજા પડે બહુ મજા પડે,
એક વર્ષની ત્રણ ઋતુઓ
શિયાળો, ઉનાળો ચોમાસું

લાડુ લાવો, પતરાળાં ઊડી જાય છે રે,
ઊડી જાય છે રે, કંઈ કંઈ થાય છે રે,
લાડુ લાવો, પતરાળાં ઊડી જાય છે રે,
પડતાં મૂકો ગરબડિયાં દાળભાતને રે,
દાળભાતને રે, પૂરી શાકને,
લાડુ લાવો, પતરાળાં ઊડી જાય છે રે,

- **ચાલો, બનાવીએ નકશો**

સમય – ૨૦ મિનિટ

સાધન – કાગળ અને પેન્સિલ

આ પ્રવૃત્તિમાં બાળકો સ્થાનિક અને દિશાઓની સમજથી નકશો બનાવવાનો પ્રયત્ન કરે છે.

બાળકો સાથે થોડી કાલ્પનિક વાતચીત કરો. ઉદા.: બાળકો કાલે મને બસસ્ટોપ પર અમિતાભ બચ્ચન સામે મળ્યા. તેમને કહ્યું કે તેઓ આપણી સ્કૂલે આવવા માંગે છે, પરંતુ તેમને રસ્તો શીધવામાં તકલીફ થઈ રહી છે. તેમણે મારી પાસે બસસ્ટોપથી સ્કૂલ સુધીનો નકશો માંગ્યો છે. તો શું તમે આ નકશો બનાવવાની બાબતમાં મારી મદદ કરશો?

હવે બ્લેકબોર્ડ પર બાળકોની મદદથી નકશો બનાવો. તમે નકશો બનાવતી વખતે બાળકો સાથે વાતચીત ચાલુ રાખો. ઉદા. સૌથી પહેલાં આપણે ત્યારબાદ તમે એ વસ્તુઓને બદલીને બીજી કોઈ વસ્તુઓ સામે રાખો અને બીજાં બે બાળકોને આગળ બોલાવીને આ પ્રવૃત્તિ આગળ વધારો.

બે ચીજવસ્તુ વચ્ચે તફાવત શો છે તે સિવાય તમે બન્ને વસ્તુઓ વચ્ચેની સમાનતા વિશે પણ પૂછી શકો.

અહી એક બસસ્ટોપનું ચિત્ર બનાવી દઈએ.હવે આગળ શું કરીશું? બસસ્ટોપમાં આવતી વખતે સીધા આવીએ છે, પરંતુ ક્યાં સુધી? હવે ક્યાં હાથે/બાજુ? વગેરે પ્રશ્નોના માધ્યમથી વાત કરતાં કરતાં નકશો બનાવવો. જયારે નકશો બની જાય ત્યારે બાળકોને પોતપોતાના ઘરથી સ્કૂલ સુધી જવાનો રસ્તાનો નકશો બનાવવા પ્રેરણા આપો.

તમામ બાળકો પોતાના બનાવેલા નકશા આખા વર્ગમાં બતાવે અને સમજાવે.

(બાળકો પાસે પોતાના ઘરથી શાળા સુધીનો નકશો એ જ દિવસે બનાવવા ન કહેવું. ઘણા દિવસોની ચર્ચા પછી તેમને સ્વતંત્ર રીતે નકશો બનાવવા આપવો. તેઓને પહેલા સમૂહમાં નકશો બનાવવા માટે કહી શકો.)

સમયપત્રક

દિવસ	બાળગીત અને ચર્ચા	વાર્તા સંભળાવવી અને ચર્ચા (૧૫-૨૦ મિનિટ)	લેખન પ્રવૃત્તિ (૧૦-૧૫ મિનિટ)	રમત (૧૦-૧૫ મિનિટ)	ચિત્ર પર ચર્ચા (૧૦-૧૫ મિનિટ)
૧	કોયલ કૂ કૂ ગાય	દલો તરવાડી		ચાલો, બનાવીએ નકશો	
૨	જોડકણાં	દલો તરવાડી	દલો તરવાડી		
૩	ઘોડો ઘુઘરિયાળો	વાઘ આવ્યો રે વાઘ!			ચિત્રવાર્તા-૨
૪	કોયલ કૂ કૂ ગાય		કોયલ કૂ કૂ ગાય	ચાલો, બનાવીએ નકશો	
૫	જોડકણાં	વાઘ આવ્યો રે વાઘ!	વાઘ આવ્યો રે વાઘ!		
૬	ઘોડો ઘુઘરિયાળો		ઘોડો ઘુઘરિયાળો		ચિત્રવાર્તા-૨

ગીતો

ગાય

કાળી, ધોળી, રાતી ગાય,
પીએ પાણી ચરવા જાય;
ચાર પગો ને આંચળ ચાર,
વાછરડાં પર હેત અપાર.
પગમાં ખરી ને તેમાં ફાટ,
સુંદર શોભે એનો ઘાટ.
પાછળ પૂછડા પર છે વાળ,
તેથી કરે શરીર સંભાળ.
આપે દૂધ, તે ધોળું દેખાય,
સાકર નાંખી હોંશે ખવાય.
દહીં, માખણ, ઘી પણ થાય,
તેથી બહુ ઉપયોગી ગાય.

- ધીરજલાલ પુરાણી

વારતા

વારતા રે વારતા,
ભાભો ઢોર ચારતા,
મૂઠી બોર લાવતા,
છોકરાં સમજાવતા.
એમને દૂધ પિવડાવતા.
એક છોકરો રિસાણો,
કોઠી પાછળ ભીંસાણો.
કોઠી પડી આડી,
છોકરે ચીસ પાડી:
અરરર માડી!

એક બિલાડી

એક બિલાડી જાડી, તેણે પહેરી સાડી,
સાડી પહેરી ફરવા ગઈ,
તળાવમાં તે તરવા ગઈ.
તળાવમાં તો મગર,
બિલ્લીને આવ્યા ચક્કર,
સાડી-છેડો છૂટો થયો
મગરના મોંમાં આવી ગયો
મગરને મોટી વાઈ થઈ,
બિલ્લી મગરને ખાઈ ગઈ.
સાડી-છેડો છૂટી ગયો.
મગર બિલ્લીને ખાઈ ગયો.

- ચંદ્રવદન મહેતા

મામાની ગાડી

ગાડી આવે! ગાડી આવે!
ગાડી આવે!
મામા આવે! મામી આવે!
કાજુ કેળાં લાવે!
ચંદુ આવે! લીલી આવે!
નવાં રમકડાં લાવે.
હરખાતી બા ભાઈ ભાભીને
મીઠે વેણ વધાવે!
બા ને મામી ભેટ ભેટે હેતે
મામા વહેંચે લહાણી,
ઘરમાં સઘળાં રાજી રાજી!
જાણે આજ ઉજાણી!

- ઝીણાભાઈ દેસાઈ

રૂપાળા મોર

નાચો નાચો રે મારા રૂપાળા મોર.
રૂપાળી પાંખ તારી આંખો ચકોર;
ભૂરી આ ડોક તારી,
સોનેરી ચાંચ તારી,
માથા પર કલગીનો બીજો છે મોર;
નાચો નાચો રે મારા રૂપાળા મોર.
મીઠા ટહુકાર તારા,
રૂપાળા નાચ તારા,
પીંછામાં ચાંદલા ઝમક-ઝમકોર;
નાચો નાચો રે મારા રૂપાળા મોર.

- ધીરજલાલ પુરાણી

વા વાયા ને વાદળ ઊમટ્યાં !

વા વાયા ને વાદળ ઊમટ્યાં
ગોકુળિયે ટહુક્યા મોર,
રમવા આવો, સુંદરવર શામળિયા!
તમે ના'વો તો નંદજીની આણ! -રમવા૦
તમે રમવા તે ના'વો શા માટે ?
તમે છો રે જનમના ચોર -રમવા૦
તમે ગોકુળ ગોધન ચારતા,
તમે ભરવાડના ભાણેજ. -રમવા૦
મહેતા નરસિંહના સ્વામી શામળિયા!
અમને તેડી રમાડ્યા રાસ. -રમવા૦

- નરસિંહ મહેતા

શાને રંગ જુદા જુદા

શાને આ રંગ જુદા જુદા?
નિત નિત ખીલતાં ફૂલડાં નવરંગી,
પેલી ધરતીના રંગ જુદા જુદા!
- શાને૦

કોયલનો રંગ કાળો, કંઠ છે સોહામણો!
પેલા મોરલાના રંગ જુદા જુદા!
- શાને૦

ચાંદાનો રંગ જુદો, સૂરજનો રંગ જુદો!
પેલા આભલામાં રંગ જુદા જુદા!
- શાને૦

દુનિયાને રંગનારો કેવો રંગીલો!
જેણે ઢોળ્યા છે રંગ જુદા જુદા!
- શાને૦

- શ્રીકાન્ત શાહ

બટુકભાઈ કેવડા હતા રે

બટુકભાઈ કેવડા હતા રે (૨)
બટુકભાઈ આવડા હતા રે (૨)
બટુકભાઈ કેમ કરી પાણી પીતા'તા ?
બટુકભાઈ ઘટર ઘટર, ઘટર ઘટર, ઘટર ઘટર.
બટુકભાઈ ઘટર ઘટર પાણી પીતા'તા.
બટુકભાઈ કેમ કરી ખાણું ખાતા'તા ?
બટુકભાઈ ભચડ ભચડ, ભચડ ભચડ, ભચડ ભચડ.
બટુકભાઈ ભચડ ભચડ ખાણું ખાતા'તા.
બટુકભાઈ કેમ કરી કચરો કાઢતા'તા ?
બટુકભાઈ આમ કરીને, આમ કરીને, આમ કરીને.
બટુકભાઈ આમ કરીને કચરો કાઢતા'તા.
બટુકભાઈ કેમ કરીને કપડાં ધોતા'તા ?
બટુકભાઈ આમ કરીને, આમ કરીને, આમ કરીને.
બટુકભાઈ આમ કરી કપડાં ધોતા'તા.

નાના અમથા વાંદરાભાઈ

નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
ધોતી પહેરી, ઝભો પહેર્યો (૨)
ટોપી મૂકી આમ, ટોપી મૂકી આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
લાકડી લીધી, ચશ્માં પહેર્યાં (૨)
ચાલી નીકળ્યા આમ, ચાલી નીકળ્યા આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
પહેલા નંબરની ટિકિટ કપાવી (૨)
જોવા બેઠા આમ, જોવા બેઠા આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
સિનેમામાં તો ધડાકો થયો (૨)
ગભરાઈ ગયા આમ, ગભરાઈ ગયા આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)
ચંપલ ફેક્યાં, ચશ્મા ફેંક્યાં (૨)
ટોપી ફેંકી આમ, ટોપી ફેંકી આમ.
નાના અમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ (૨)

ઘોડો ઘૂઘરિયાળો

ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો.
ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો.
ઘાસ દઉં તો ખાય છે, ને રાજી રાજી થાય છે,
દોડાવું તો દોડે છે, ને થોભાવું તો થોભે છે,
તડબડ તડબડ દોડે ત્યારે, લાગે પાંખોવાળો.
ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો.
રંગે એ તો કાળો છે, તોયે બહુ રૂપાળો છે,
ચાબૂકનું શું કામ છે ? ચેતક એનું નામ છે,
એના ઉપર બેસું ત્યારે લાગું હું મુછાળો.
ઘોડો ઘૂઘરિયાળો, મારો ઘોડો ઘૂઘરિયાળો.

એકડો સાવ સળેકડો

એકડો સાવ સળેકડો, ને બગડો ડિલે તગડો,
બંને બથ્થંબથ્થા બાઝી, કરતા મોટો ઝઘડો.
તગડો તાળી પાડે, ને નાચે તા તા થૈ,
ચોગડાની ઢીલી ચડ્ડી, સરરરર ઊતરી ગઈ.
પાંચડો પેંડા ખાતો, એની છગડો તાણે ચોટી,
સાતડો છાનો માનો આવી, લઈ ગયો બધી લખોટી.
આઠડાને ધક્કો મારીને, નવડો કહેતો ખસ,
એકડે મીડે દસ વાગ્યા, ત્યાં આવી સ્કૂલની બસ.
એકડો સાવ સળેકડો, ને બગડો ડિલે તગડો,
બંને બથ્થંબથ્થા બાઝી, કરતા મોટો ઝઘડો.

બારીમાં બબલી બેઠી'તી, બેઠી'તી

બારીમાં બબલી બેઠી'તી, બેઠી'તી,
કેળાં ને રોટલી ખાતી'તી, ખાતી'તી.
છાપરે વાંદરો બેઠો'તો, બેઠો'તો.
બેઠો બેઠો જોતો'તો, જોતો'તો.
હૂપ હૂપ કરતો કૂદી પડ્યો, ભાઈ કૂદી પડ્યો,
લઈ કેળાં ને નાસી ગયો, ભાઈ નાસી ગયો,
બબલીબેન તો જબરાં ખરાં, ભાઈ જબરાં ખરાં.
ના રડ્યાં, ના ગભરાઈ ગયાં, ના ગભરાઈ ગયાં.
વેલણ લીધું... છૂટુ ફેક્યું...
થાળી લીધી... છૂટી ફેંકી...
વાડકો લીધો... છૂટો ફેંક્યો...
વાંદરાભાઈ તો ગભરાઈ ગયા, ભાઈ ગભરાઈ ગયા,
કેળાં ફેકીને ભાગી ગયા, ભાઈ ભાગી ગયા,
બબલીબેન તો રાજી થયાં, ભાઈ રાજી થયાં.
લઈ કેળાં ને ખાઈ ગયાં, ભાઈ ખાઈ ગયાં.

ટ્રિન ટ્રિન વાગે ટેલિફોનની ઘંટડી

ટ્રિન ટ્રિન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... પપ્પાનું?
પપ્પા મારા ઑફિસ ગયા છે.
ટ્રિન ટ્રિન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... મમ્મીનું?
મમ્મી મારી બજાર ગઈ છે.
ટ્રિન ટ્રિન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... બહેનનું?
બહેન મારી નિશાળ ગઈ છે.
ટ્રિન ટ્રિન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... દાદાનું?
દાદા મારા બાગમાં ગયા છે.
ટ્રિન ટ્રિન વાગે ટેલિફોનની ઘંટડી(૨)
હેલો, કોનું કામ છે?... દાદીનું?
દાદી મારાં મંદિરે ગયાં છે.

જાંબુડો કોણે વાવ્યો

જાંબુડો કોણે વાવ્યો, કોણે વાવ્યો, કોણે વાવ્યો રે?
જાંબુડો અમે વાવ્યો, તમે વાવ્યો, સૌએ વાવ્યો રે.
જાંબુડો કેમ વાવ્યો, કેમ વાવ્યો, કેમ વાવ્યો રે?
જાંબુડો આમ વાવ્યો, આમ વાવ્યો, આમ વાવ્યો રે.
પાણી કોણે પાયું, કોણે પાયું, કોણે પાયું રે?
પાણી અમે પાયું, તમે પાયું, સૌએ પાયું રે.
જાંબુડો કેવડો થયો, કેવડો થયો, કેવડો થયો રે ?
જાંબુડો આવડો થયો, આવડો થયો, આવડો થયો રે.
જાંબુડાં કેવડાં થયાં, કેવડાં થયાં, કેવડાં થયાં રે?
જાંબુડાં આવડાં થયાં, આવડાં થયાં, આવડાં થયાં રે.
જાંબુડાં કોણે ખાધાં, કોણે ખાધાં, કોણે ખાધાં રે?
જાંબુડાં અમે ખાધાં, તમે ખાધાં, સૌએ ખાધાં રે.
જાંબુડાં કેટલાં ખાધાં, કેટલાં ખાધાં, કેટલાં ખાધાં રે?
જાંબુડાં આટલાં ખાધાં, આટલાં ખાધાં, આટલાં ખાધાં રે.
જાંબુડાં કેવાં લાગ્યાં, કેવાં લાગ્યાં, કેવાં લાગ્યાં રે?
જાંબુડાં ખાટાં લાગ્યાં, મીઠાં લાગ્યાં, સરસ લાગ્યાં રે.

કાગડો અને શિયાળ



અધ્યયન નિષ્પત્તિ:

૧. **ગ, મ, ન, જ અને ા (કાના) થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **ગ, મ, ન, જ અને ા (કાના) થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **શરીરના ભાગો અને તેનાં કાર્યો જાણે છે.**

૧

મૂળાક્ષર પરિચય

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ગ, મ, ન, જ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોની ઓળખ વિદ્યાર્થી સારી રીતે કરી શકે તે માટે પૂરતો વાચન મહાવરો કરાવવો.



૨

વાચન – દૃઢીકરણ

- વિદ્યાર્થી મૂળાક્ષર ઓળખની પ્રવૃત્તિ કરશે.
- અહીં મૂળાક્ષર ગ, મ, ન, જ માં રંગ પૂરશે.

૩

મૂળાક્ષર પરિચય

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ગ, મ, ન, જ સાથે કાનાનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

૪

વાચન – દૃઢીકરણ


- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.

૫

પાસાની રમત

મૂળાક્ષર પરિચય

- આ રમતમાં જુદાજુદા રંગની સપાટીવાળો પાસો લો.



- કાર્ડમાં અલગ-અલગ મૂળાક્ષર માટે પાસાની સપાટી પરના અલગ-અલગ રંગો સૂચવ્યા છે.
- આ રમત રમવા માટે ઓછામાં ઓછા બે વિદ્યાર્થીઓ જોઈએ.
- વિદ્યાર્થી પોતાની કૂકરી માટે કોઈ એક રંગનું બટન રાખશે.
- કૂકરી તરીકે અન્ય ચીજ વસ્તુઓનો પણ ઉપયોગ કરી શકાય. જેમ કે, ચાંદલો, રંગીન ચોકના ટુકડા...
- રમતમાં જોડાયેલાં બાળકો પૈકી એક બાળક પાસો ફેંકશે. પાસાની ઉપરની સપાટી જે રંગની આવશે તે રંગ સૂચવતા મૂળાક્ષર ઉપર તે વિદ્યાર્થી પોતાની કૂકરી (બટન) મૂકશે. તે મૂળાક્ષર મોટેથી બોલશે. જો માત્રા આવે તો શીખેલા મૂળાક્ષરને માત્રા લગાવી મોટેથી ઉચ્ચારશે. હવે સામેનો વિદ્યાર્થી પાસો ફેંકશે. આ રીતે રમત આગળ ચાલશે. પ્રથમ વિદ્યાર્થીનો બીજી વાર વારો આવે ત્યારે જો ફરીથી એ જ રંગ આવે તો તીરની દિશામાં આગળ વધી એ જ મૂળાક્ષર પર વિદ્યાર્થી પોતાની કૂકરી મૂકશે.
- જૂથના બધા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી મૂળાક્ષર બોર્ડના છેલ્લા મૂળાક્ષર સુધી પહોંચે તે વિજેતા જાહેર થશે.
- આ કાર્ડ મોટી સાઈઝમાં બનાવી હાર્ડબોર્ડ પર લગાવી રમતને વધુ અસરકારક બનાવી શકાય.
- અહીં બાળક ગ,મ,ન,જ અને કાના(ા)નું વાચન કરે એ મહત્ત્વનું છે.

૬

મૂળાક્ષર પરિચય


- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ગ, મ, ન, જ મૂળાક્ષરો સાથે કાનાનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

૭

દૃઢીકરણ

- મૂળાક્ષર અને માત્રાના ઉપયોગથી વિદ્યાર્થી કાર્ડ દ્વારા અલગ અલગ મૂળાક્ષરને માત્રા સાથે જોડી શબ્દો બનાવી વાંચશે.

  ઉદા. ગ + ા = ગા
  ગ + ામ = ગામ
  ગ + ાન = ગાન



- ઉપરાંત, વિવિધ મૂળાક્ષરો સાથે માત્રા કાર્ડ જોડી શબ્દ વાંચશે.
- આપેલાં ઉદાહરણો મુજબ દરેક શબ્દકાર્ડની પાછળ ન મૂળાક્ષર કાર્ડ લગાવી બનતા શબ્દો વિદ્યાર્થી વાંચશે.
- મૂળાક્ષરોનાં કાર્ડ બોક્સમાંથી લઈ શબ્દો બનાવી વાંચશે.
- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરી TLM બોક્સમાં મૂકવાં.

૮

દૃઢીકરણ

વિદ્યાર્થી શબ્દ કાર્ડ ગોઠવી વાક્યો બનાવી વાંચશે.

ઉદા. ગગન જમ
મગન જમ
જમ મગન જમ
મનન મગ જમ

- આ રીતે બે કાર્ડ અથવા ત્રણ કાર્ડથી બે શબ્દોથી બનતાં વાક્યો તથા ત્રણ શબ્દોથી બનતાં વાક્યો બનાવશે.
- આ વાક્યો સ્લેટમાં લખશે.



૯

લેખન – મહાવરો

- છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીને ચિત્ર પર આંગળી ફેરવાવો અને સ્વઅધ્યયનપોથીમાં ટપકાં જોડી મૂળાક્ષર લખવાનો મહાવરો કરાવવો અને નીચે આપેલા બોક્સમાં શબ્દોનું અનુલેખન કરાવવું.
- આ મૂળાક્ષરોને રેતિયા અને પોલા મૂળાક્ષરો બનાવી તેમાં આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.
- ભોંયતળિયે ગ, મ, ન, જ ને ચોકથી લખી તેના ઉપર બટન, કાંકરા, ચણોઠી વગેરે મુકાવી મહાવરો કરાવી શકાય.



૧૦

- વિદ્યાર્થી ચિત્રો સાથે બંધ બેસતા શબ્દોને જોડશે.

દંટીકરણ



૧૧

- આપેલાં ચિત્રો ટપકાં જોડીને પૂર્ણ કરશે.
- ખૂટતું અંગ દોરશે.

લેખન – મહાવરો

૧૨

- વિદ્યાર્થી એકમ ૧ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૩

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.

ચિત્રવર્ણન



૧૪

- વિદ્યાર્થી ટપકાં જોડી ગ, મ, ન, જ મૂળાક્ષરનું અનુલેખન કરશે.
- વિદ્યાર્થી કાનો લગાવીને અનુલેખન કરશે.
- ટપકાં જોડી મૂળાક્ષરલેખન કરશે અને શબ્દો જોઈને લખશે.
- ઉદાહરણ મુજબ લેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૫

- આપેલા શબ્દોના મૂળાક્ષરોને ખાનામાં લખશે.
- આપેલા શબ્દોમાંના મૂળાક્ષરોને ઓળખી તેની ફરતે ગોળ કરશે.
- સરખા શબ્દોની જોડી બનાવશે.

મૂલ્યાંકન

રીંછ અને દડો



અધ્યયન નિષ્પત્તિ:

૧. **વ, ર, સ, દ અને ` (માત્રા) થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **વ, ર, સ, દ અને ` (માત્રા) થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.**
૪. **આસપાસના પર્યાવરણની માહિતી કહે છે.**

૧

મૂળાક્ષર પરિચય

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને વ, ર, સ, દ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોની ઓળખ વિદ્યાર્થી સારી રીતે કરી શકે તે માટે પૂરતો વાંચન મહાવરો કરાવવો.

૨

મૂળાક્ષર પરિચય

- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને વ, ર, સ, દ સાથે (એક માત્રા)નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

૩


વાચન – દૃઢીકરણ

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.

૪ પાસાની રમત

મૂળાક્ષર પરિચય

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક વ,ર,સ,દ અને એક માત્રાનું વાંચન કરે એ મહત્ત્વનું છે.



૫


વાચન – દૃઢીકરણ

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને વ,ર,સ,દ અને એક માત્રાનો પરિચય આપવો.
- આ ઉપરાંત ઉપલબ્ધ અન્ય ચિત્રનો ઉપયોગ કરી શબ્દો અને મૂળાક્ષરોનો પરિચય, ઉચ્ચારણ કરાવવું.

૬

દૃઢીકરણ

- મૂળાક્ષર અને માત્રાના ઉપયોગથી બનતા શબ્દોનું વાંચન કરાવવું.
- મૂળાક્ષર અને માત્રા તથા કાનાના ઉપયોગથી બનતા શબ્દોનું વાચન કરાવવું.
- મૂળાક્ષર સાથે માત્રા અને કાનો જોડવાથી બનતા મૂળાક્ષરોનું વાચન કરાવવું.
- ‘ર’ મૂળાક્ષર જોડીને શબ્દ બનાવીને વાચન કરાવવું.
- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરી TLM બોક્સમાં મૂકવાં.



૭

દૃઢીકરણ

- શબ્દકાર્ડના આધારે વાક્યો બનાવી અને વાંચશે.

ઉદા. રેવા રમવા જા

વરસાદ વરસે

સાવન રમવા જા

રાજા રમવા જા

દેવન રમવા જા

- આ વાક્યો સ્લેટમાં લખશે.



૮

વાચન – કૌશલ્ય

- ચિત્રો સાથે બંધબેસતા શબ્દો જોડશે.



૯

- છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવવાનું કહેવું.
- આ મૂળાક્ષરોને રેતિયા અક્ષરો, પોલા મૂળાક્ષરોમાં આંગળી ફેરવવા આપી મહાવરો કરાવવો.
- સ્વઅધ્યયન પોથીમાં ટપકાં જોડી મૂળાક્ષર લખવાનો આપેલો મહાવરો ક્રમશઃ કરાવવો.
- ટપકાં જોડી મૂળાક્ષર લેખન કરશે અને શબ્દો જોઈને લખશે.

લેખન – મહાવરો

૧૦

- વિદ્યાર્થી એકમ ૨ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૧

- આપેલા મૂળાક્ષરોને જોડી વિદ્યાર્થી સાર્થક શબ્દો બનાવશે અને તે શબ્દ લખશે.

ઉદા. **સે ⟶ વા = સેવા**

વાચન – દૃઢીકરણ

- ટપકાં જોડી ચિત્રો પૂર્ણ કરશે અને તેમાં રંગ પૂરશે.

લેખન – મહાવરો



૧૨

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.

ચિત્રવર્ણન



૧૩

નિદાન – ઉપચારાત્મક

- ચિત્રના આધારે ખૂટતો મૂળાક્ષર લખી શબ્દ પૂરો કરશે.
- એક માત્રા અને કાનો લગાવી મૂળાક્ષરોનો લેખન મહાવરો કરશે.
- શબ્દોનું અનુલેખન કરશે.



૧૪

મૂલ્યાંકન

- આપેલ શબ્દ ચિત્રને યોગ્ય રીતે લીટી દોરી જોડશે.
- આપેલા મૂળાક્ષરોને કાનો અને માત્રાને જોડી મૂળાક્ષરને લખશે.
- આપેલ શબ્દોમાંથી મૂળાક્ષર શોધી તેના ફરતે ☐ કરશે.
- આપેલા શબ્દોમાંથી સરખા શબ્દો જોડશે.
- આપેલ મૂળાક્ષરોને જોડી શબ્દ લખશે.
- વિવિધ વસ્તુઓના ચિત્રને અનુરૂપ અંગો સાથે જોડશે.

યાદ રાખો :



સૂરજ અને શશી



અધ્યયન નિષ્પત્તિ:

૧. ક, બ, અ, છ, એ, આ થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ક, બ, અ, છ, એ, આ થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.
૪. પશુ-પક્ષીઓ અને તેમના અવાજને ઓળખે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ક, બ, અ, છ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોની ઓળખ વિદ્યાર્થી સારી રીતે કરી શકે તે માટે પૂરતો વાચન મહાવરો કરાવવો.

મૂળાક્ષર પરિચય

૨

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને એ, આ મૂળાક્ષરનો પરિચય આપો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૩


- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.

વાચન – દૃઢીકરણ

૪ પાસાની રમત

મૂળાક્ષર પરિચય

- એકમ-૧માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક ક, બ, અ, છ, એ, આ નું વાચન કરે એ મહત્ત્વનું છે.



૫


વાચન – દૃઢીકરણ

- કાર્ડમાં ચિત્રનો એક મૂળાક્ષર નિર્દેશિત કરેલો છે. જ્યારે તેની નીચે ચિત્રનો શબ્દ નિર્દેશિત કરેલો છે. વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર, શબ્દ અને મૂળાક્ષર બતાવી ઉચ્ચારણ કરશે.
- આ ઉપરાંત ઉપલબ્ધ અન્ય ચિત્રનો ઉપયોગ કરી શબ્દો અને મૂળાક્ષરોનો પરિચય, ઉચ્ચારણ કરશે.

૬

વાચન – દૃઢીકરણ

- મૂળાક્ષરકાર્ડ ગોઠવી શબ્દો બનાવી વાંચશે.
- મૂળાક્ષરોને આપેલ માત્રાઓની બારીમાં બેસાડી મૂળાક્ષરોથી બનતો આખો શબ્દ વાંચશે. ઉદા. ન + ા + વ = નાવ
- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરવાં.





૭

લેખન – મહાવરો

- વિદ્યાર્થીઓને છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીઓને આંગળી ફેરવવાનું કહેવું.
- કાર્ડમાં આપેલા મૂળાક્ષરો પર આંગળી ફેરવ્યા પછી જ વિદ્યાર્થીઓને સ્વ અધ્યયનપોથીમાં ટપકાં જોડી લેખન મહાવરો કરાવવો.
- આપેલા શબ્દોનું અનુલેખન કરાવવું.
- આ મૂળાક્ષરોને રેતિયા અને પોલા મૂળાક્ષરો બનાવી તેમાં આંગળી ફેરવવા મહાવરો કરાવવો.



૮

દૃઢીકરણ

- ચિત્રો સાથે બંધબેસતા શબ્દોને જોડશે.
- ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરશે.
- ચિત્રમાં રંગ પૂરશે.



૯

- ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરશે.
- ચિત્રમાં રંગ પૂરશે.
- વિદ્યાર્થી શબ્દ શોધી તેના પર ઉદાહરણ મુજબ ☐ કરશે અને તે શબ્દો નીચે લખશે.

લેખન – મહાવરો

૧૦

- વિદ્યાર્થી એકમ ૩ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૧

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.

ચિત્રવર્ણન



૧૨

- ચિત્રના આધારે ખૂટતા મૂળાક્ષર લખી શબ્દ પૂરો કરશે.
- કાનો અને એક માત્રા સાથે મૂળાક્ષરોનો લેખન મહાવરો કરશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૩

- ચિત્રો સાથે બંધબેસતા શબ્દો જોડશે.
- એક માત્રાવાળા મૂળાક્ષર હોય તે શબ્દ પર ☐ કરશે.
- અહીં આપેલા શબ્દો વાંચશે.
- આપેલા શબ્દોમાંથી મૂળાક્ષરો ઓળખી તેની ફરતે ◯ કરશે.
- સરખા શબ્દોની જોડી બનાવશે.

મૂલ્યાંકન

બે બિલાડી અને વાંદરો



અધ્યયન નિષ્પત્તિ:

૧. પ, ડ, ત, ણ, ઇ, િ ઈ,ી થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. પ, ડ, ત, ણ, ઇ, િ ઈ,ી થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રના શબ્દનો મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને પ, ડ, ત, ણ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોની ઓળખ વિદ્યાર્થી સારી રીતે કરી શકે તે માટે પૂરતો વાચન મહાવરો કરાવવો.

મૂળાક્ષર પરિચય

૨

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ઇ, ઈ, િ, ી નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૩

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.


વાચન – દૃઢીકરણ

પાસાની રમત

૪

મૂળાક્ષર પરિચય

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક ૫, ડ, ત, ણ, ઇ, િ, ઈ, ી નું વાંચન કરે એ મહત્ત્વનું છે.



૫


વાચન – દૃઢીકરણ

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રના શબ્દનો પ્રથમ મૂળાક્ષર છે. વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર, શબ્દ અને મૂળાક્ષર બતાવી ઉચ્ચારણ કરશે.
- આ ઉપરાંત ઉપલબ્ધ અન્ય ચિત્રનો ઉપયોગ કરી શબ્દો અને મૂળાક્ષરોનો પરિચય, ઉચ્ચારણ કરશે.

૬

દૃઢીકરણ

- કાર્ડમાં આપેલ શબ્દોને વાંચશે.
- મૂળાક્ષરોને આપેલ માત્રાઓની બારીમાં બેસાડી મૂળાક્ષરોથી બનતો આખો શબ્દ વાંચશે.
- આ અગાઉ શીખેલા મૂળાક્ષરો પર આ માત્રાઓ લગાવી મહાવરો કરાવવો.



ઉદા.

તર - તીર
વર - વીર

પ + ◌ી = પી

- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરવા.



૭

વાચન – લેખન દૃઢીકરણ

- છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવવાનું શીખવો.
- રેતિયા અને પોલા મૂળાક્ષરો બનાવી તેમાં આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.
- સ્વઅધ્યયનપોથીમાં ટપકાં જોડી મૂળાક્ષર લખવાનો આપેલો મહાવરો ક્રમશઃ કરાવવો.
- શબ્દો જોઈને લખશે.

૮

- વિદ્યાર્થી એકમ ૪ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૯

- ચિત્રો નીચે આપેલી જગ્યામાં આપેલા મૂળાક્ષરોની મદદથી અનુરૂપ શબ્દો બનાવી લખશે.
- ચિત્ર જોઈ ખાનામાં મૂળાક્ષર મૂકી શબ્દ બનાવી વાંચશે અને ઊભી હરોળમાં આપેલ મૂળાક્ષરો માટે તે શબ્દના મૂળાક્ષરો પર ◯ કરશે.
- ચિત્ર જોઈ આડી કે ઊભી હરોળમાં ☐ માં ખૂટતો મૂળાક્ષર લખી શબ્દ બનાવશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૦

- સરખા શબ્દોની જોડી બનાવશે.
- આપેલ મૂળાક્ષરોને આપેલ માત્રાઓ જોડી લખશે.
- તડબૂચ તથા ડમરુના ચિત્રમાં રંગ પૂરશે.
- અનાજ, શાકભાજી અને ફળોનાં વિવિધ ચિત્રોમાંથી વિદ્યાર્થી જે અનાજ, શાકભાજી કે ફળ હોય તેની સામે ☐ માં ✓ કરશે.

મૂલ્યાંકન



૧૧

- ચિત્ર જોઈને વિદ્યાર્થી તેનું નામ લખશે.
- ચિત્ર જોઈને વિદ્યાર્થી ખૂટતો અક્ષર લખશે.
- 'ી' ની માત્રા પર ◯ કરશે.
- આપેલ ઉદાહરણ મુજબ શબ્દો લખશે.

વિભાગીય - મૂલ્યાંકન

ટોપીઓ વેચનારો અને વાંદરા

એકમ ૫

અધ્યયન નિષ્પત્તિ:

૧. **લ, ટ, ચ, ખ, ◌ૅ (બે માત્રા) થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **લ, ટ, ચ, ખ,◌ૅ (બે માત્રા) થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **મુલાકાત લીધેલાં સ્થળો વિશે ચર્ચા કરે છે.**
૪. **આસપાસના પર્યાવરણની માહિતી કહે છે.**

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને લ, ટ, ચ, ખ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- આ મૂળાક્ષરોના રેતિયા અક્ષરો, પોલા અક્ષરોનું TLM આપી આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.

મૂળાક્ષર પરિચય

૨

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ◌ૅ (બે માત્રા) નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય


૩

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.

વાચન – દૃઢીકરણ

૪ પાસાની રમત

મૂળાક્ષર પરિચય



- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક લ, ટ, ચ, ખ અને ૈ (બે માત્રા) નું વાચન કરે એ મહત્ત્વનું છે.

૫

દૃઢીકરણ

- આ અભ્યાસકાર્ડમાં આપેલા શબ્દોનું વાંચન કરાવવું.
- આવા બીજા શબ્દો બનાવી વંચાવવા.

૬

દૃઢીકરણ

- આપેલ 'વૈ' શબ્દકાર્ડને અન્ય શબ્દો સાથે જોડી નવા શબ્દો બનાવી વાંચશે.

ઉદા.

વૈ	દ	વૈ	તરણી
વૈ	રાગી	વૈ	રાગ

- બનાવેલા શબ્દો સ્લેટમાં લખશે.

૭

દૃઢીકરણ

- આપેલાં જુદાંજુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાંજુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

કૈલાસ	જમવા	ચાલ

- બનાવેલાં વાક્યો સ્લેટમાં લખશે.

૮



લેખન – મહાવરો

- વિદ્યાર્થી ટપકાં જોડી ચિત્રો પૂર્ણ કરશે. તેમાં રંગ પૂરશે તથા નીચે આપેલા શબ્દો વાંચશે.
- સ્વઅધ્યયનપોથીમાં આપેલાં શાકભાજીનાં રેખાચિત્રોમાં રંગ પૂરશે.



૯

- ચિત્ર ઓળખી સામેના શબ્દો વાંચી યોગ્ય જોડ બનાવશે.

દૃઢીકરણ



૧૦

- છાપેલા મૂળાક્ષરો પર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવાવવી.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે તીરની દિશામાં ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે શબ્દોનું અનુલેખન કરાવવું.

લેખન – મહાવરો

૧૧

- વિદ્યાર્થી એકમ ૫ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૨

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.
- ચિત્રની નીચે તે ચિત્રો વિશે કોઈપણ ચાર સાદાં વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૩

- ચિત્ર જોઈ ખાનામાં મૂળાક્ષર લખી શબ્દ બનાવી વાંચશે.
- ઊભી હરોળમાં આપેલ મૂળાક્ષરોમાંથી તે શબ્દના મૂળાક્ષર પર ◯ કરશે.
- સ્વ-અધ્યયનપોથીમાં વિદ્યાર્થી લેખન મહાવરા માટે અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક


૧૪

- ચિત્ર ઓળખી, શબ્દ વાંચી, યોગ્ય જોડ બનાવશે.
- આપેલ ઉદાહરણ મુજબ શબ્દના મૂળાક્ષરો અલગ અલગ કરી લેખનકાર્ય કરશે.
- શબ્દમાંથી મૂળાક્ષરો શોધી નીચે આપેલ મૂળાક્ષરો સાથે યોગ્ય રીતે જોડ કરશે.
- મૂળાક્ષર ઓળખી ◯ કરશે.
- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.

મૂલ્યાંકન



યાદ રાખો :



શિયાળનું બચ્ચું



અધ્યયન નિષ્પત્તિ:

૧. ઝ, હ, ઘ, ળ, ઉ, ુ, ઊ, ૂ થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ઝ, હ, ઘ, ળ, ઉ, ુ, ઊ, ૂ થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. વસ્તુઓના ગુણધર્મોને આધારે સરખામણી કરે છે.
૪. કારીગરો અને તેના વ્યવસાયોને ઓળખે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ઝ, હ, ઘ, ળ, ઉ, ઊ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.


વાચન – દૃઢીકરણ

પાસાની રમત

૩

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક ઝ, હ, ઘ, ળ, ઉ, ઊ નું વાચન કરે એ મહત્ત્વનું છે.

મૂળાક્ષર પરિચય



૪

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ઉ, ુ, ૂ, ઊ નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૫

- આ અભ્યાસકાર્ડમાં આપેલા શબ્દોનું વાંચન કરાવવું.
- આવા બીજા શબ્દો બનાવી વંચાવવા.

દૃઢીકરણ

૬

- આપેલ 'ઝૂ' અને 'ઘૂ' શબ્દ કાર્ડને અન્ય શબ્દ કાર્ડ સાથે જોડી નવા શબ્દો બનાવી વાંચશે.

ઉદા. ઝૂંપડી ઘૂઘરી

- આ શબ્દો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૭

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

ઝૂલણ મોરલી વાગે છે.

ઘૂઘરી ઘમ ઘમ વાગે છે.

- શબ્દોથી વાક્યો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૮



- વિદ્યાર્થી ટપકાં જોડી ચિત્રો પૂર્ણ કરશે તેમાં રંગ પૂરશે તથા નીચે આપેલા શબ્દો વાંચશે.
- સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ફળનાં રેખાચિત્રોમાં રંગ પૂરશે.

લેખન – મહાવરો

૯

- આપેલા શબ્દોનું વાચન કરશે.

વાચન – દૃઢીકરણ



૧૦

- છાપેલા મૂળાક્ષરો પર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવાવવી.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે તીરની દિશામાં ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે શબ્દોનું અનુલેખન કરાવવું.

લેખન – મહાવરો

૧૧

- વિદ્યાર્થી એકમ ૬ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૧૨

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.
- ચિત્રની નીચે તે ચિત્રો વિશે કોઈપણ ચાર સાદાં વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૩

- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- ઉદાહરણ મુજબ હરોળમાં શબ્દ શોધી તેને ફરતે ☐ કરશે અને નીચે આપેલા ☐ માં તે શબ્દો લખશે.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી લેખન મહાવરા માટે શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૪

- ચિત્ર ઓળખી, શબ્દ વાંચી, યોગ્ય જોડ બનાવશે.
- શબ્દમાંથી મૂળાક્ષરો શોધી આપેલ મૂળાક્ષરો સાથે યોગ્ય રીતે જોડ કરશે.
- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- રસ કાઢીને ખાવાનાં ફળોમાં લાલ રંગ, છાલ સાથે ખાવાનાં ફળોમાં પીળો અને છાલ કાઢીને ખાવાનાં ફળોમાં લીલો રંગ ◯ માં પૂરશે.

મૂલ્યાંકન

વાંસળીવાળો



અધ્યયન નિષ્પત્તિ:

૧. ભ, ય, ધ, ફ, ો,ૌ થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ભ, ય, ધ, ફ, ો,ૌ થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ભ, ય, ધ, ફ, ો, ૌ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.


વાચન – દૃઢીકરણ

૩

પાસાની રમત

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક ભ, ય, ધ, ફ, ઓ, ઔ નું વાચન કરે એ મહત્ત્વનું છે.

મૂળાક્ષર પરિચય



૪

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ો, ૌ નો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૫

- આ અભ્યાસકાર્ડમાં આપેલા શબ્દોનું વાચન કરશે.
- માત્રા લગાવેલા મૂળાક્ષરોને વિદ્યાર્થી વાંચશે.
- શીખેલા મૂળાક્ષર કાર્ડના ઉપયોગથી મહાવરો કરશે.
- આ કાર્ડ શિક્ષકે જાતે તૈયાર કરવાં.

દઢીકરણ



૬

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

વિજય	ફટાકડા	ફોડ.

- શબ્દોથી વાક્યો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દઢીકરણ



૭

- છાપેલા મૂળાક્ષરો પર તીરની દિશામાં વિદ્યાર્થીને આંગળી ફેરવાવવી.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે તીરની દિશામાં ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે શબ્દોનું અનુલેખન કરાવવું.

લેખન – મહાવરો



૮

- આપેલાં વાક્યોનું અનુલેખન કરશે.
- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- ચિત્ર ઓળખી, શબ્દ વાંચી, યોગ્ય જોડ બનાવશે.
- વિદ્યાર્થી ટપકાં જોડી ચિત્રો પૂર્ણ કરશે અને તેમાં રંગ પૂરશે.

લેખન – મહાવરો

૯

- વિદ્યાર્થી એકમ ૭ ની અર્લિરીડર વાંચશે.

વાચન – દૃઢીકરણ



૧૦

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.
- ચિત્રની નીચે તે ચિત્રો વિશે કોઈપણ ચાર સાદાં વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૧

- ચિત્ર જોઈને તેનું નામ લખશે અને નીચે ઊભી હરોળમાં આપેલા મૂળાક્ષરોમાંથી તે ચિત્રના મૂળાક્ષરો શોધી તેની ફરતે ◯ કરશે.
- ઉદાહરણ મુજબ ચિત્ર જોઈને આડી કે ઊભી હરોળ ☐ માં ખૂટતો અક્ષર લખશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક




૧૨

- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- મૂળાક્ષરને અલગ કરીને લખશે.
- ચિત્રમાં રંગ પૂરશે.

મૂલ્યાંકન

યાદ રાખો :



સમજનાં સ્તર

કરો તેવું ભોગવો



અધ્યયન નિષ્પત્તિ:

૧. ઢ, ઠ, શ, થ, ં (અનુસ્વાર) થી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ઢ, ઠ, શ, થ, ં (અનુસ્વાર) થી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.
૪. વસ્તુઓના ગુણધર્મોને આધારે સરખામણી કરે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામ અને ઢ, ઠ, શ, થ, મૂળાક્ષરોનો અને ં (અનુસ્વાર) પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.

વાચન – દૃઢીકરણ

૩

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૪

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

માધવી	ઢગલો	કર

- વાક્યો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ



૫

- છાપેલા મૂળાક્ષરો પર તીરની દિશામાં વિદ્યાર્થીએ આંગળી ફેરવાવવી.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે તીરની દિશામાં ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે અનુલેખન કરાવવું.
- રેતિયા અને પોલા મૂળાક્ષરો બનાવી તેમાં આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.

લેખન – મહાવરો

૬

- ચિત્ર સાથે આપેલા શબ્દનું વાચન કરશે.
- આપેલાં વાક્યોનું વાંચન કરશે.

વાચન – દૃઢીકરણ



૭

- ચિત્રોમાં રંગ પૂરશે.

લેખન – મહાવરો

૮

- વિદ્યાર્થી એકમ ૮ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૯

- વિદ્યાર્થી સ્વઅધ્યયનપોથીમાં આપેલાં ચિત્રોનાં નામ લખશે.
- ચિત્રની નીચે તે ચિત્રો વિશે કોઈપણ ચાર સાદાં વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૧૦

- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- ઢ, ઠ, માં રંગ પૂરશે.
- ઉદાહરણ મુજબ ખૂટતો અક્ષર લખશે.
- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- શ, થ માં રંગ પૂરશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.



નિદાન – ઉપચારાત્મક



૧૧

- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- મૂળાક્ષરને માત્રા લગાવી ઉદાહરણ મુજબ લખશે.
- મૂળાક્ષરોમાં રંગ પૂરશે.

મૂલ્યાંકન




૧૨

- ચિત્ર ઓળખી તેનું નામ લખશે.
- મૂળાક્ષરને જોડી શબ્દ બનાવી લખશે.
- ચિત્ર જોઈને ખૂટતો અક્ષર લખી શબ્દ બનાવશે.
- કોઠામાંથી શાકભાજીનાં નામ શોધી નીચે લખશે.
- ઉદાહરણ મુજબ મૂળાક્ષરનો ઉપયોગ કરી શબ્દ બનાવી લખશે અને તે શબ્દનો ઉપયોગ કરીને વાક્ય લખશે.

વિભાગીય - મૂલ્યાંકન

યાદ રાખો :



આળસુ કાગડો



અધ્યયન નિષ્પત્તિ:

૧. **શીખેલા મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **શીખેલા મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **પશુઓ, પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણો વિશે જણાવે છે.**
૪. **પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.**

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેનાં નામનું વાંચન કરાવવું.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

વાચન – મહાવરો

૨

- વિદ્યાર્થી એકમ ૯ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૩

- આડી અને ઊભી હરોળમાં ચિત્ર સાથે તેનો શબ્દ આપેલો છે. જેમાં ખૂટતો અક્ષર મૂકી વિદ્યાર્થી ચિત્રનો શબ્દ પૂરો કરશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.

લેખન – મહાવરો



૪

નિદાન – ઉપચારાત્મક

- કોઠામાંથી શબ્દ શોધી તેના પર ☐ કરી, તે શબ્દો બાજુમાં લખશે.
- આપેલા મૂળાક્ષરને ઉદાહરણ મુજબ ા અને િ લગાવી લખશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.



૫

મૂલ્યાંકન

- ચિત્રને તેના યોગ્ય શબ્દ સાથે જોડશે.
- ચિત્રનું નામ લખશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.
- આપેલાં ચિત્રોમાં રંગ પૂરશે.

યાદ રાખો :

વાર્તાકથન અને ચર્ચા

વાર્તા સંભળાવતાં પહેલાં
- વાર્તાનો પરિચય આપવો
- પૂર્વજ્ઞાન સાથે જોડવું
- નવા/અઘરા શબ્દો વિષે ચર્ચા

➡

વાર્તા સંભળાવતી વખતે
- પ્રશ્ન પૂછવા
- થનારી ઘટનાઓ વિશે અનુમાન લગાવવું

➡

વાર્તા સંભળાવ્યા બાદ
- વાર્તાની ટૂંકમાં સમીક્ષા
- સમજને વિસ્તારવી

વાંદરાભાઈનું ઘર



અધ્યયન નિષ્પત્તિ:

૧. ષ, ત્ર, જ્ઞ મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ષ, ત્ર, જ્ઞ મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.
૪. પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.
૫. પશુઓ, પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણો વિશે જણાવે છે.

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ષ, ત્ર, જ્ઞ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.


વાચન – દૃઢીકરણ

૩

પાસાની રમત

- એકમ-૧ માં મૂકવામાં આવેલ પાસાની રમતની સમજૂતી પ્રમાણે રમત રમવા માટે માર્ગદર્શન આપો.
- અહીં બાળક ષ, ત્ર, જ્ઞ નું વાચન કરે એ મહત્ત્વનું છે.

મૂળાક્ષર પરિચય



૪

- આ કાર્ડમાં ચિત્ર અને તેનું નામ છે.
- વિદ્યાર્થી ચિત્ર જોઈને તેનાં નામનો પરિચય મેળવશે.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.

મૂળાક્ષર પરિચય

૫


- આ કાર્ડમાં જુદા-જુદા શબ્દો છે.
- શબ્દોને ક્રમશઃ ગોઠવી વાક્ય યોગ્ય બને તે રીતે રેલગાડી બનાવી વાચન કરશે.

વાચન – દૃઢીકરણ

૬

- વિદ્યાર્થીને શબ્દોનું વાંચન કરાવવું.
- ષ, ત્ર અને જ્ઞ ને વિવિધ માત્રા લગાવી વાંચન કરાવવું.
- આ કાર્ડ શિક્ષકે તૈયાર કરવાં.

વાચન – દૃઢીકરણ



૭

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

રાત્રે	તારા	ચમકે	છે.

- વાક્યો બનાવી વિદ્યાર્થી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૮

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘કમળ’ થી ‘ઘોડિયું’ સુધીનાં વાક્યોનું વાચન કરાવવું.
- વિદ્યાર્થી વાચન કરી લે તે પછી તે પૈકીનાં બે-ત્રણ ચિત્રો વિશે વર્ણન કરવા કહો.

વાચન – અર્થગ્રહણ



૯

- કોઠા નીચે આપેલા છ શબ્દોને આડી ઊભી હરોળમાં શોધી તેના ફરતે ◯ કરશે અને વાંચશે.
- આપેલાં ફળનાં ચિત્રોમાં ટપકાં જોડીને રંગ પૂરશે.

વાંચન – દૃઢીકરણ

૧૦

- ચિત્રના શબ્દોનું વાચન કરશે.
- આપેલાં વાક્યોનું વાચન કરશે.

વાચન – અર્થગ્રહણ



૧૧

લેખન – મહાવરો

- વિદ્યાર્થીઓને છાપેલા મૂળાક્ષરો ઉપર તીરની દિશામાં વિદ્યાર્થીઓને આંગળી ફેરવવાનું શીખવો.
- કાર્ડમાં આપેલા મૂળાક્ષરો પર આંગળી ફેરવ્યા પછી જ વિદ્યાર્થીઓને સ્વઅધ્યયનપોથીમાં ટપકાં જોડી લેખન મહાવરો કરાવવો.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.
- રેતિયા અને પોલા મૂળાક્ષરોનું TLM બનાવી તેમાં આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.

૧૨

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ

- વિદ્યાર્થી એકમ ૧૦ ની અર્લિરીડર વાંચશે.



૧૩

ચિત્રવર્ણન

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.



૧૪

નિદાન – ઉપચારાત્મક

- ચિત્ર જોઈને તેનું નામ લખશે અને નીચે ઊભી હરોળમાં આપેલા મૂળાક્ષરોમાંથી તે ચિત્રના મૂળાક્ષરો શોધી તેની ફરતે ◯ કરશે.
- આપેલા શબ્દોનું અનુલેખન કરશે.



૧૫

મૂલ્યાંકન

- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- ઉદાહરણ મુજબ શબ્દો લખશે.
- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- ઉદાહરણ મુજબ શબ્દને મૂળાક્ષર સાથે જોડશે.
- મૂળાક્ષરને માત્રા લગાવી ઉદાહરણ મુજબ લખશે.
- વિદ્યાર્થી દશ પ્રાણીઓનાં નામ લખશે.
- વિદ્યાર્થીએ જે પ્રાણીઓનાં નામ લખ્યાં છે તેનું પાલતુ પ્રાણી અને જંગલી પ્રાણીમાં વર્ગીકરણ કરશે.

યજ્ઞનો ઘોડો



અધ્યયન નિષ્પત્તિ:

૧. ક્ષ, શ્ર, ઋ, ૠ મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.
૨. ક્ષ, શ્ર, ઋ, ૠ મૂળાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.
૩. વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.
૪. પશુઓ, પક્ષીઓ અને જંતુઓનાં રહેઠાણો વિશે જણાવે છે.
૫. સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.

૧ — મૂળાક્ષર પરિચય

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો મૂળાક્ષર છે.
- વિદ્યાર્થીઓને વારંવાર ચિત્ર બતાવી તેના નામ અને ક્ષ, શ્ર, ઋ, ૠ મૂળાક્ષરોનો પરિચય આપવો.
- આ ઉપરાંત, આપેલા મૂળાક્ષરોનો પરિચય કરાવવા ઉપલબ્ધ અન્ય ચિત્રોનો પણ ઉપયોગ કરી શકાય.
- રેતિયા મૂળાક્ષરો, પોલા મૂળાક્ષરો તૈયાર કરી આંગળી ફેરવવાનો મહાવરો કરાવવો.

૨ — વાચન – દૃઢીકરણ

- કાર્ડના કટિંગને યોગ્ય રીતે જોડશે. કટિંગને જોડતાં ચિત્ર અને તે ચિત્રનો શબ્દ બનશે.
- આ શબ્દો વાંચશે.
- આ રીતે ચિત્રનાં વધુ કાર્ડ શિક્ષકે બનાવવાં.

૩ — દૃઢીકરણ

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા.

અક્ષય	શરબત	પી.

- આ વાક્યો સ્લેટમાં લખશે.

૪

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાં 'ચકલી' થી 'ઝાંઝર' સુધીનાં વાક્યોનું વાચન કરાવવું.
- વિદ્યાર્થી વાચન કરી લે પછી તે પૈકીનાં બે-ત્રણ ચિત્રો વિશે વર્ણન કરવા કહો.

વાચન – અર્થગ્રહણ



૫

- સ્વઅધ્યયનપોથીમાં વિદ્યાર્થી પાસે ટપકાં જોડી મૂળાક્ષરનું લેખન કરાવવું.
- સ્વઅધ્યયન પોથીમાં વિદ્યાર્થીઓને લેખન મહાવરા માટે અનુલેખન કરાવવું.

લેખન – મહાવરો



૬

- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- આપેલાં વાક્યોનું અનુલેખન કરશે.

દૃઢીકરણ



૭

- આપેલાં ચિત્રોના ટપકાં જોડીને રંગ પૂરશે.
- વિદ્યાર્થી કોઈપણ ચાર જીવજંતુનાં ચિત્રો દોરશે.

સર્જનાત્મકતા

૮

- વિદ્યાર્થી એકમ ૧૧ ની અર્લીરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૯

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૦

- સમાન મૂળાક્ષરોની જોડ બનાવશે.
- ટપકાં જોડી મૂળાક્ષર લખશે.
- શબ્દોનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૧

- ચિત્રને યોગ્ય શબ્દ સાથે જોડશે.
- મૂળાક્ષર ઓળખી તેની ફરતે ◯ કરશે.
- ચિત્રનું યોગ્ય નામ લખશે.
- જીવ-જંતુ, પક્ષી અને પશુમાં વર્ગીકરણ કરશે.

મૂલ્યાંકન



૧૨

- ચિત્ર જોઈને તેનો યોગ્ય શબ્દ લખશે.
- વાક્યોનું અનુલેખન કરશે.
- ખૂટતો મૂળાક્ષર લખી શબ્દ પૂરો કરશે.
- ફકરાનું અનુલેખન કરશે.
- સાચો જવાબ પસંદ કરી ખરાની (✓) નિશાની કરશે.

વિભાગીય - મૂલ્યાંકન

યાદ રાખો :

ધોરણ -૧ (એકમ ૫ થી ૮) અને ધોરણ–૨

શિક્ષક પાઠના શીર્ષક અને ચિત્ર પર ચર્ચા કરે.

↓

પાઠને ગતિ અને હાવભાવ સાથે વાંચો. બાળકો પોતપોતાની સ્વાધ્યાયપોથીમાં ધ્યાન આપે.

↓

એવા શબ્દોને બોર્ડ પર લખો જે શબ્દ પાઠમાં વારંવાર આવે છે.
હવે બાળકો જોડીઓમાં આ પાઠ વાંચે.

↓

આપ બાળકોની વચ્ચે જઈને જુઓ કે તેઓ સાચી રીતે વાંચી શકે છે કે નહિ.
જરૂર પ્રમાણે તેમને વાચનમાં મદદ કરો.

↓

હવે બાળકોને સ્વતંત્ર રીતે પાઠને વાંચવા કહો. કોઈ બે કે ત્રણ બાળકોને વર્ગની સૌની સામે વાંચીને સંભળાવવા કહો. બાકીનાં બાળકો પોતપોતાની સ્વાધ્યાયપોથીમાં ધ્યાન આપશે.

↓

અંતમાં પાઠ પર ટૂંકમાં ચર્ચા કરી લો

નોંધ: શિક્ષકે શબ્દ દર શબ્દ નહીં પણ આખું વાક્ય એક સાથે વાંચવાનું છે.

બે મિત્રો

એકમ ૧૨

અધ્યયન નિષ્પત્તિ:

૧. **સદંડી મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **સદંડી મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.**
૪. **વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.**

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ આપેલ છે.
- વિદ્યાર્થીને સદંડી જોડાક્ષરનો પરિચય કરાવવો
- જોડાક્ષરો લખવાનો મહાવરો સ્લેટમાં કરાવવો અને વારંવાર તેનો ઉચ્ચાર કરાવવો.

જોડાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.

વાચન – દૃઢીકરણ



૩

- ઉદાહરણ મુજબ આપેલાં ચિત્રો વિશે ત્રણ-ત્રણ વાક્યો લખે તે અંગે માર્ગદર્શન આપવું.

સર્જનાત્મકતા

૪

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘ટપાલી’ થી ‘ઢોલક’ સુધીનાં વાક્યોનું વાચન કરાવવું.

વાચન – અર્થગ્રહણ



૫

- સચિત્ર બાળપોથીમાં જોયેલાં કોઈપણ ત્રણ ચિત્ર વિશે બે-ત્રણ વાક્યો લખશે.
- શબ્દોનું વાચન અને અનુલેખન કરશે.

લેખન – મહાવરો

૬

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | કલ્પેશ | અક્ષર | સુધાર. |

- આ વાક્યોને સ્લેટમાં લખશે.

દૃઢીકરણ



૭

- શબ્દો પરથી વાક્ય બનાવી લખશે.
- ચિત્રોમાં રંગ પૂરશે.

દૃઢીકરણ

૮

- વિદ્યાર્થી એકમ ૧૨ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૯

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન



૧૦

- ઉદાહરણ મુજબ મૂળાક્ષરને જોડીને શબ્દ બનાવી લખશે.
- વાક્યોનું વાચન કરીને લખશે.

નિદાન – ઉપચારાત્મક



૧૧

- ઉદાહરણ મુજબ ચીજવસ્તુઓનાં નામ યોગ્ય ખાનામાં લખશે.
- ઉદાહરણ મુજબ જોડાક્ષરવાળા શબ્દો લખશે.
- શબ્દો વાંચી અને સાચા શબ્દો લખશે.
- શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.
- મૂળાક્ષરને જોડીને શબ્દ બનાવી લખશે.
- ચિત્રોમાં યોગ્ય રંગ પૂરશે.

મૂલ્યાંકન

યાદ રાખો :

વાચન માટે ચિત્રવાર્તાનો ઉપયોગ

વાંચતાં પહેલાં શીર્ષક અને ચિત્ર પર ચર્ચા કરો. આનાથી બાળકોને અનુમાન લગાવવાની તક મળશે. (માત્ર પહેલી વખત)	(ચિત્રવાર્તા વાંચીને સંભળાવવી)
પહેલાં શિક્ષક આખો પાઠ/વાર્તા વાંચીને સંભળાવે.	
હવે મૌખિક વાર્તાની જેમ તેના પર ચર્ચા કરો. પહેલાં તેમના અનુમાન ઉપર ચર્ચા કરો. જો કોઈ અઘરો કે નવો શબ્દ વાર્તા દરમ્યાન મળે તો બાળકોને તેનો અર્થ સ્થાનિક ભાષાની મદદથી સમજાવો. પછી ઘટના, પાત્રો, પર વાત કરો.	
હવે બાળકોની સાથે વાંચો. તેના માટે શિક્ષકે પોતાની વાચનની ઝડપ ધીમી રાખવી પડશે જેથી બાળકો તેની સાથેસાથે વાંચી શકે.	(ચિત્રવાર્તા બાળકોની સાથે સાથે વાંચવી)
આ પ્રક્રિયાને ફરીથી કરો અને આ વખતે બાળકોને અનુમાનથી વાંચવાની વધારે તકો આપો.	

નોંધ: શિક્ષકે શબ્દ દર શબ્દ નહીં પણ આખું વાક્ય એક સાથે વાંચવાનું છે.

ચકો અને ચકી

એકમ ૧૩

અધ્યયન નિષ્પત્તિ:

૧. **દંડરહિત સમાન મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **દંડરહિત સમાન મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.**
૪. **વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.**
૫. **વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.**

૧

- દંડ રહિત જોડાક્ષરની સમજ આપી વાચન કરાવવું.
- આ શબ્દોનો ઉચ્ચાર વારંવાર કરાવી તેનો મહાવરો કરાવવો.
- આ શબ્દો સ્લેટમાં લખાવો.

જોડાક્ષર પરિચય

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.

વાચન – દૃઢીકરણ

૩

- શબ્દકાર્ડના શબ્દો વાંચશે.
- આ શબ્દો સ્લેટમાં લખશે.

વાચન – દૃઢીકરણ

૪

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | કબડ્ડી | રમવા | જાવ. |

- આ વાક્યો સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૫

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘ઘણ’ થી ‘દૂધી’ સુધીનાં વાક્યોનું વાચન કરાવવું.

વાચન – અર્થગ્રહણ



૬

- શબ્દોનું વાચન અને અનુલેખન કરશે.

દૃઢીકરણ



૭

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૮

- વિદ્યાર્થી એકમ ૧૩ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ

૯

- વાર્તાનું વાચન કરશે અને વાર્તામાં લાલ રંગથી છપાયેલા જોડાક્ષરવાળા શબ્દોનું ધ્યાનપૂર્વક વાચન કરશે.
- જોડાક્ષરવાળા શબ્દોની યાદી સ્લેટમાં લખશે.
- આ પૈકી કોઈપણ ત્રણ-ચાર શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી સ્લેટમાં લખશે.

નિદાન – ઉપચારાત્મક



૧૦

- મૂળાક્ષરોને જોડીને શબ્દો બનાવી લખશે.
- ઉદાહરણ મુજબ સરખા ઉચ્ચારવાળા શબ્દો લખશે.
- ચિત્રમાં જે જે દેખાય છે તેનાં નામ લખશે અને તે ચિત્રોનાં નામ પૈકી કોઈપણ ત્રણ શબ્દનો ઉપયોગ કરી વાક્ય લખશે.

મૂલ્યાંકન

બચ્ચું કહે...



અધ્યયન નિષ્પત્તિ:

૧. **દંડરહિત અને સદંડી અસમાન મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **દંડરહિત અને સદંડી અસમાન મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.**
૪. **વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.**

૧

જોડાક્ષર પરિચય

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ આપેલ છે.
- વિદ્યાર્થીને સદંડી જોડાક્ષરનો પરિચય કરાવવો
- આ શબ્દોનો ઉચ્ચાર વારંવાર કરાવી તેનો મહાવરો કરાવવો.



૨

વાચન – અર્થગ્રહણ

- ફકરાનું ધ્યાનપૂર્વક વાચન કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખશે.
- જોડકણાંના આધારે ખાલીજગ્યા પૂરશે અને પ્રશ્નોના જવાબ લખશે.



૩

ચિત્રવર્ણન

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

૪

દૃઢીકરણ

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | મમ્મી | સાડી | પહેરે. |

- આ વાક્યો સ્લેટમાં લખશે.

૫

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘ધજા’ થી ‘ફૂલ’ સુધીનાં વાક્યોનું વાચન કરાવવું.
- ‘ધજા થી ફૂલ’ સુધીના કોઈપણ ત્રણ ચિત્રો વિશે સ્લેટમાં લખાવવું.

વાચન – અર્થગ્રહણ



૬

- આપેલા જોડાક્ષરોવાળા શબ્દોનું વાચન કરી લખશે.
- આ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી સ્લેટમાં લખશે.

દૃઢીકરણ

૭

- વિદ્યાર્થી એકમ ૧૪ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૮

- વિદ્યાર્થી શીખેલા શબ્દોને લખશે.
- જોડાક્ષરવાળાં શબ્દો વાંચીને લખશે.
- આપેલા વાક્યોનું વાચન કરી અનુલેખન કરશે.
- સચિત્ર બાળપોથીમાં વાંચેલા ચિત્રો ‘ધજા’ થી ‘ફૂલ’ પૈકી કોઈપણ ત્રણ ચિત્રો વિશે બે-ત્રણ વાક્યો લખશે.

નિદાન – ઉપચારાત્મક



૯

- મૂળાક્ષરોને જોડીને શબ્દો બનાવી લખશે.
- ઉદાહરણ મુજબ જોડાક્ષરવાળા શબ્દો લખશે.
- ચિત્ર જોઈને અનાજ, કઠોળ કે તેલીબિયાં પૈકી કોઈ એકમાં ✓ કરશે.
- અનાજ, કઠોળ, શાકભાજી અને તેલીબિયાંનાં ત્રણ-ત્રણ નામ લખશે.
- ખોરાક લેવા અંગેની સારી ટેવોની સામે ✓ અને ખરાબ ટેવ સામે x કરશે.

મૂલ્યાંકન



૧૦

- શબ્દોનું વાચન કરી અનુલેખન કરશે.
- વાક્યોનું વાચન કરી અનુલેખન કરશે.
- ફકરાનું વાચન કરી અનુલેખન કરશે.
- ઉદાહરણ મુજબ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.

વિભાગીય મૂલ્યાંકન

ઉંદર અને હાથી

એકમ ૧૫

અધ્યયન નિષ્પત્તિ:

૧. **'ર' કાર મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો વાંચે છે.**
૨. **'ર'કાર મૂળાક્ષરોના જોડાક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યો લખે છે.**
૩. **સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.**
૪. **પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.**

૧

- આ કાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ આપેલ છે.
- વિદ્યાર્થીને 'ર' કાર જોડાક્ષરની સમજ આપી વાચન કરાવવું.

જોડાક્ષર પરિચય



૨

- શબ્દોનું વાચન કરી અનુલેખન કરશે.
- ચિત્ર જોઈ ફળનું નામ લખશે.
- ચિત્ર જોઈ ફળને તે ફળના પર્ણ સાથે યોગ્ય રીતે જોડશે.

દૃઢીકરણ

૩

- શબ્દો, વાક્યો અને ફકરાનું વાચન કરશે.
- આ શબ્દો, વાક્યો અને ફકરાને સ્લેટમાં લખશે.

વાચન – દૃઢીકરણ

૪

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | વર્ગખંડ | ચોખ્ખો | રાખવો | જોઈએ. |

વાચન – અર્થગ્રહણ

- આ વાક્યો સ્લેટમાં લખશે.

૫

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘બટાકા’ થી ‘યોગ’ સુધીનાં વાક્યોનું વાચન કરાવવું.
- ‘બટાકા’ થી ‘યોગ’ સુધીનાં કોઈપણ ત્રણ ચિત્રો વિશે સ્લેટમાં લખાવવું.

વાચન – અર્થગ્રહણ

૬

- ચિત્ર જોઈને વિદ્યાર્થી તેના જૂથના અન્ય વિદ્યાર્થી પાસે તે ચિત્રનું વર્ણન કરશે.

અભિવ્યક્તિ

૭

- વિદ્યાર્થી એકમ ૧૫ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૮

- પ્રકાશ, પૂર્વા, કૃષ્ણા જેવા ‘ર’ કાર વાળા દશ શબ્દો લખશે.
- ‘અ’ થી શરૂ થતા દશ શબ્દો લખશે.

સર્જનાત્મકતા



૯

- શબ્દોનું વાચન કરી અનુલેખન કરશે.
- શબ્દ પરથી વાક્ય બનાવી લખશે.
- ફકરામાંથી જોડાક્ષર શોધીને લખશે.
- ઋતુ મુજબનાં ફળોનાં નામ લખશે.

નિદાન – ઉપચારાત્મક



૧૦

- ચિત્ર જોઈને તેના વિશે ઉદાહરણ મુજબ ત્રણ-ચાર વાક્યો લખશે.
- ઉદાહરણ મુજબ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.
- ચિત્રો જોઈ તેનું નામ લખશે.

મૂલ્યાંકન

લાલચનું પરિણામ



અધ્યયન નિષ્પત્તિ:

૧. વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.
૨. ઉપસર્ગ અને પૂર્વગ જોડે છે.
૩. વનસ્પતિના વિવિધ ભાગો અંગે જણાવે છે.
૪. સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.



૧

- શાળાના શિક્ષકોનાં પૂરાં નામ લખશે.
- વિદ્યાર્થી પોતાના કુટુંબના સભ્યોનાં પૂરાં નામ લખશે.
- આપેલાં સાધનોના ઉપયોગ વિશે એક-એક વાક્ય લખશે.

અભિવ્યક્તિ

૨

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. શિવમ | ઉમંગભેર | દોડ્યો.

- આ વાક્યો સ્લેટમાં લખશે.

વાચન – અર્થગ્રહણ

૩

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘રાખડી’ થી ‘અષાઢી બીજ’ સુધીનાં વાક્યોનું વાચન કરાવવું.
- ‘રાખડી’ થી ‘અષાઢી બીજ’ સુધીનાં કોઈપણ ત્રણ ચિત્રો વિશે સ્લેટમાં લખાવવું.

વાચન – અર્થગ્રહણ



૪

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૫

- વિદ્યાર્થી એકમ ૧૬ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ

૬

- શબ્દનો ઉપયોગ કરી ઉદાહરણ મુજબ વાક્ય બનાવી લખશે.
- શબ્દ સુધારીને ઉદાહરણ મુજબ સાચો શબ્દ લખશે.
- શબ્દો વાંચી તેનું અનુલેખન કરશે.

નિદાન – ઉપચારાત્મક

૭

- ઉદાહરણ મુજબ જોડાક્ષરોવાળા શબ્દો લખશે.
- વિદ્યાર્થી તેના મિત્રોનાં પૂરાં નામ લખશે.
- કોઈપણ તહેવારનાં પાંચ નામ લખશે.

મૂલ્યાંકન

યાદ રાખો :

બાળકો સાથે વર્ગમાં કામ કરતી વખતે અમલમાં મૂકવાના અધ્યયન-અધ્યાપનના સામાન્ય સિદ્ધાંતઃ



વાંદરો અને મગર



અધ્યયન નિષ્પત્તિ:

૧. **સંવાદ અને પ્રશ્ન વાક્ય વાંચે છે અને લખે છે.**
૨. **વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.**
૩. **પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.**
૪. **વનસ્પતિના વિવિધ ભાગો અંગે જણાવે છે.**



૧

- શબ્દોનું વાચન કરશે.
- ચિત્રો જોઈ શબ્દો લખશે.

વાચન – અર્થગ્રહણ

૨

- વિવિધ ચિત્રો અને શબ્દોનાં કાર્ડ આપેલાં છે.
- વિદ્યાર્થી ચિત્રકાર્ડને ક્રમશઃ ગોઠવી રેલગાડી બનાવી વાચન કરશે.

વાચન – દૃઢીકરણ

૩

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. પ્રીતિ | શું | જોવાની | છે ?

- આ વાક્યો સ્લેટમાં લખશે.

વાચન – અર્થગ્રહણ

૪

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી ‘સગડી’ થી ‘જ્ઞાનેન્દ્રિય’ સુધીનાં વાક્યોનું વાચન કરાવવું.
- વિદ્યાર્થીના વાચન બાદ કોઈપણ બે ચિત્રો વિશે બે-ત્રણ વાક્યો સ્લેટમાં લખાવવાં.

વાચન – અર્થગ્રહણ

૫

- ચિત્ર સાથે વાક્યોનું વાચન કરાવી અનુલેખન કરાવવું.

વાચન – અર્થગ્રહણ

૬

- ફકરાનું વાચન કરી તેમાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધીને લખશે.
- ચિત્રને આધારે તહેવારનું નામ લખશે.
- વિરુદ્ધાર્થી શબ્દો લખશે.
- ફકરાનું વાચન કરી તેના આધારે ખાલી જગ્યા પૂરશે.

દૃઢીકરણ

૭

- વાક્યોનું વાચન કરી અનુલેખન કરશે.

દૃઢીકરણ

૮

- વિદ્યાર્થી એકમ ૧૭ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ

૯

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૧૦

- ચિત્રોને આધારે ચાર-પાંચ વાક્યો લખશે.

અભિવ્યક્તિ



૧૧

- શબ્દોનું વાચન કરી અનુલેખન કરશે.
- વિરુદ્ધાર્થી શબ્દોને જોડશે.
- વિદ્યાર્થી પોતાની માહિતી લખશે.
- ચિત્ર જોઈને તે વ્યવસાયકારનું નામ લખશે.

નિદાન – ઉપચારાત્મક



૧૨

- વિરુદ્ધાર્થી શબ્દ લખશે.
- જમીન, જળ અને હવાઈ માર્ગ પર ચાલતાં વાહનોનું વર્ગીકરણ કરશે.
- ઉદાહરણ મુજબ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.
- ફકરાનું વાચન કરી અનુલેખન કરશે.

મૂલ્યાંકન

યાદ રાખો :



- **ચિત્રમાં દેખાતી વસ્તુઓ શોધવી.** જેમ કે, ચિત્રમાં શું દેખાય છે ? કેટલાં છોકરા છોકરીઓ છે?
- **પોતાના અનુભવ સાથે જોડી શકે તેવા પ્રશ્નો** જેમ કે, તમે ક્યારેય ક્રિકેટ રમો છો?
- **અનુમાન કરવા માટે પ્રેરિત કરે તેવા પ્રશ્નો** જેમ કે, ઝાડ શેનું હશે ? છોકરો ક્યાં જતો હશે ?
- **તર્ક કરી શકે તેવા પ્રશ્નો** ખેતરમાં કયો પાક હશે અને કેમ ?
- **કલ્પના કરી શકે તેવા પ્રશ્નો** જેમ કે, જો વરસાદ પડે તો શું થાય ?
- **પાત્રોની મનઃસ્થિતિનો અંદાજ લગાવી શકે તેવા પ્રશ્નો** જેમ કે, લખોટી રમતાં બાળકો શું વિચારતાં હશે ?
- **ચિત્ર પરથી વાર્તા બનાવી શકે તેવા પ્રશ્નો** જેમ કે, બાળકો રમત રમ્યા પછી શું કરતાં હશે ?

કંઇ એકલા ખવાય ?



અધ્યયન નિષ્પત્તિ:

૧. સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો જાણે છે.
૨. લિંગ પરિવર્તન કરે છે.
૩. વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.
૪. નવા શબ્દોના અર્થ જાણે છે.
૫. દિશાઓ ઓળખે છે.
૬. વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.



૧

- વિદ્યાર્થી ફકરાનું વાચન કરી અનુલેખન કરશે.
- વિદ્યાર્થી ફકરાના આધારે સાચો જવાબ પસંદ કરી ખરા (✓)ની નિશાની કરશે.
- વિદ્યાર્થી પોતાની શાળાનું ચિત્ર દોરશે.
- પોતાની શાળાના આધારે પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખશે.

અભિવ્યક્તિ



૨

- વિદ્યાર્થી ફકરાનું વાચન કરશે.
- ઉદાહરણ મુજબ વિરુદ્ધાર્થી શબ્દો લખશે.
- આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખશે.
- ફકરાના આધારે ખાલી જગ્યા પૂરશે.
- ઉદાહરણ મુજબ લિંગ પરિવર્તનના શબ્દો લખશે.

દૃઢીકરણ

૩

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | ખોરાક | | ચાવીને | | ખાઓ. |

- આ વાક્યો સ્લેટમાં લખશે.

વાચન – અર્થગ્રહણ

૪

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાં વાચન કરાવવું.
- વિદ્યાર્થીને મૂળાક્ષરનો ક્રમ (કક્કો), ગુજરાતી સ્વર અને બારાક્ષરી ક્રમની સમજ આપી વાચન કરાવવું.
- વિદ્યાર્થીને આ કાર્ડનો સ્લેટમાં લેખન મહાવરો કરાવવો.

વાચન – અર્થગ્રહણ



૫

- વિદ્યાર્થી ચિત્રના આધારે પાંચ વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૬

- ચિત્રના આધારે પાંચ-સાત વાક્યો તેના જૂથના મિત્રને કહેશે.

મૌખિક અભિવ્યક્તિ

૭

- વિદ્યાર્થી એકમ ૧૮ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ



૮

- વિદ્યાર્થી તેના જૂથના મિત્રની મદદથી સ્લેટમાં આ ફકરાનું શ્રુતલેખન કરશે.
- વિદ્યાર્થી હવે આ ફકરાનું સ્વઅધ્યયનપોથીમાં અનુલેખન કરશે.
- ઉદાહરણ મુજબ સમાન અર્થવાળા શબ્દોની જોડ બનાવશે.
- ઉદાહરણ મુજબ વિરુદ્ધાર્થી શબ્દોની જોડ બનાવશે.
- ઉદાહરણ મુજબ લિંગ પરિવર્તનની જોડ બનાવશે.

નિદાન – ઉપચારાત્મક



૯

- વિદ્યાર્થી સમાનાર્થી શબ્દોની જોડ બનાવશે.
- વાક્યોનું વાચન કરી અનુલેખન કરશે.
- કાવ્યપંક્તિનું વાચન કરી અનુલેખન કરશે.
- ઉદાહરણ મુજબ વિરુદ્ધાર્થી શબ્દોની જોડ બનાવશે.
- ઉદાહરણ મુજબ લિંગ પરિવર્તનની જોડ બનાવશે.

મૂલ્યાંકન

દલો તરવાડી



અધ્યયન નિષ્પત્તિ:

૧. નો, ની, નું, નાં પ્રત્યયનો ઉપયોગ કરે છે.
૨. વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.
૩. દિશાઓ ઓળખે છે.
૪. રાષ્ટ્રગીત ગાય છે.
૫. સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.
૬. વનસ્પતિનાં વિવિધ ભાગો અંગે જણાવી શકશે.

૧

- ચિત્રને તેના શબ્દ સાથે દોરા કે સળીની મદદથી યોગ્ય જોડ કરાવવી.
- ઉદાહરણ મુજબ દોરા કે સળીની મદદથી વિરુદ્ધાર્થી શબ્દોની જોડ કરાવવી.
- ઉદાહરણ મુજબ દોરા કે સળીની મદદથી સમાનાર્થી શબ્દોની જોડ કરાવવી.
- પ્રશ્નવાક્યોનું વાચન કરાવી પ્રશ્નવાક્યની સમજ આપવી.

વાચન – અર્થગ્રહણ

૨

- આપેલાં જુદાં જુદાં શબ્દકાર્ડને વિવિધ રીતે જોડી જુદાં જુદાં વાક્યો બનાવશે અને વાંચશે.

ઉદા. | ચકલી | | કેવી રીતે | | ઊડે છે ? |

- આ વાક્યો સ્લેટમાં લખશે.

વાચન – અર્થગ્રહણ

૩

- વિદ્યાર્થીને સચિત્ર બાળપોથીમાંથી 'અજગર' થી 'અંકુર' સુધીનાં વાક્યોનું વાચન કરાવવું.
- સચિત્ર બાળપોથીના આધારે સ્વરના ક્રમની સમજ આપવી. (આધાર તરીકે એકમ-૧૮ ના અભ્યાસકાર્ડ નંબર-૪ મુજબ)

વાચન – અર્થગ્રહણ

૪

- ફકરાનું વાચન કરી તેના આધારે ફકરામાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધીને લખશે.
- ફકરામાંથી રંગોનાં નામ શોધીને લખશે.
- ઉદાહરણ મુજબ નો, ની, નું, નાં વડે ખાલી જગ્યા પૂરશે.
- ઉદાહરણ મુજબ શબ્દો બનાવીને લખશે.

દટીકરણ

૫

- શબ્દોનું વાચન કરીને અનુલેખન કરશે.
- વાક્યોનું વાચન કરીને અનુલેખન કરશે.
- વિદ્યાર્થીએ વાંચેલ સચિત્ર બાળપોથીનાં ચિત્રો પૈકી કોઈપણ ત્રણ ચિત્રો વિશે બે-ત્રણ વાક્યો લખશે.
- વિદ્યાર્થી જવાબના આધારે પ્રશ્ન બનાવી લખશે.

દટીકરણ

૬

- વિદ્યાર્થી એકમ ૧૯ ની અર્લિરીડર વાંચશે.

વાચન કૌશલ્ય– અર્થગ્રહણ

૭

- વિદ્યાર્થી ‘રીંછ અને કાચબા’ની વાર્તા વાંચીને યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરશે.
- વિદ્યાર્થી ચિત્રોના આધારે પાંચ-સાત વાક્યો લખશે.

ચિત્રવર્ણન

૮

- સમાનાર્થી શબ્દની નીચે લીટી કરશે.
- શું, ક્યાં, કોણ, ક્યારે, કઈ વડે ખાલી જગ્યા પૂરશે.
- ફકરો વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખશે.

દટીકરણ



૯

- ચિત્ર જોઈને તેને અનુરૂપ શબ્દો લખશે. (અહીં પરસ્પર વિરોધી શબ્દો છે)
- ઉદાહરણ મુજબ વિરુદ્ધાર્થી શબ્દોને જોડશે.
- ચિત્રના આધારે ચાર-પાંચ વાક્યો લખશે.
- નો, ની, નું, ના, નાં વડે ખાલી જગ્યા પૂરશે.

નિદાન – ઉપચારાત્મક



૧૦

- સમાનાર્થી શબ્દોની જોડ બનાવી બાજુમાં લખશે.
- વિરુદ્ધાર્થી શબ્દ લખશે.
- ઉદાહરણ મુજબ લિંગ પરિવર્તન કરીને લખશે.
- નો, ની, નું, ના, નાં વડે ખાલી જગ્યા પૂરશે.

મૂલ્યાંકન



૧૧

- મૂળાક્ષર જોડીને શબ્દ બનાવી ઉદા. મુજબ લખશે.
- ફકરામાંથી જોડાક્ષર શોધી નીચે લખશે.
- શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવી લખશે.
- ચિત્રના આધારે ચાર-પાંચ વાક્યો લખશે.
- ઉદાહરણ મુજબ શબ્દ બનાવી લખશે.
- શબ્દોની યોગ્ય જોડ બનાવશે.

વિભાગી મૂલ્યાંકન

સક્ષરંગી

ક્રમ	પ્રવૃત્તિનું નામ	પ્રવૃત્તિનું વર્ણન	ઉપયોગી સામગ્રી
૧	અંક/મૂળાક્ષરમાં રેતી ચોંટાડવી	શિક્ષક સફેદ કાગળ પર વિવિધ અંક મૂળાક્ષર ડબલ અક્ષરે લખી અને વિદ્યાર્થીને તેમાં રેતી ચીપકાવવાનું કહેશે.	રેતી, પેન્સિલ, સફેદ કાગળ, ગુંદર
૨	પોતાના નામનો મૂળાક્ષર ચોંટાડવો.	શિક્ષક દૈનિકપત્રમાંથી વિદ્યાર્થીને પોતાના નામનો મૂળાક્ષર શોધી ચોંટાડવા કહેશે.	જૂના દૈનિકપત્રો, કોરા કાગળ, ગમસ્ટીક
૩	ફળ, શાકભાજી, પ્રાણીનાં ચિત્રોનો સંગ્રહ	વિદ્યાર્થી પાસે પૂર્વઆયોજન મુજબ ફળ કે ફળના ટુકડા મંગાવી તેનું પ્રદર્શન કરાવશે. વિવિધ ફળ, શાકભાજી, પ્રાણીઓનાં ચિત્રો, કાપી તેને કાગળ પર ચીપકાવી તેનો સંગ્રહ કરાવશે.	કાગળ, ગુંદર, ફળ, શાકભાજી, પ્રાણીઓ ના ચિત્રો હોય એવા વર્તમાનપત્રો
૪	મૂળાક્ષર તોરણ	કાગળના લંબચોરસ કાર્ડસમાં ડબલલીટીમાં મૂળાક્ષર લખી, રંગપૂરી મૂળાક્ષર તોરણ બનાવડાવવું.	ગુંદર, રંગ, દોરો, કાતર, કાગળ
૫	ભૌમિતિક આકારો	શિક્ષક વિદ્યાર્થીઓ પાસે વિવિધ આકારો બનાવડાવી તેમાં ટપકાં, મૂળાક્ષર કે અંક લખવા આપશે.	કોરો કાગળ, પેન્સિલ
૬	સરખા માપની લીટીથી અક્ષર બનાવે.	વિદ્યાર્થી યોગ્ય અંતર, માપ રાખી સરખી બે રેખા (લીટી)થી અક્ષરો બનાવે તેવી સમજ આપશે.	માપપટ્ટી, કાગળ, પેન્સિલ
૭	કલાત્મક લેખન	શિક્ષક વિદ્યાર્થીઓને એક કોરો કાગળ આપશે, જેમાં વિદ્યાર્થી પોતાનું નામ વિવિધ રીતે કલાત્મક રીતે લખે તે માટે માર્ગદર્શન આપશે.	કોરો કાગળ, પેન્સિલ
૮	મૂળાક્ષર રંગોળી	શિક્ષકે વિદ્યાર્થીને કાગળ પર મોટા કદના મૂળાક્ષર દોરાવી તેમાં રંગ પૂરાવવા.	રંગ, કાગળ, પેન્સિલ, ચાક-સ્લેટ
૯	પૂંઠામાંથી અંક અને મૂળાક્ષર બનાવવા	પૂંઠામાંથી વિવિધ મૂળાક્ષર બનાવવા અને આ મૂળાક્ષરને શણગારવામાં સહયોગી બનવું. આ પ્રવૃત્તિમાં મૂળાક્ષર શણગાર વખતે જૂથ નિર્માણ કરાવવું જેથી વિદ્યાર્થીઓ જૂથમાંના	કાર્ડપેપર અથવા પૂંઠું, કાતર, ગમસ્ટિક, સ્કેચપેન

		પ્રત્યેક મૂળાક્ષરથી પરિચિત થાય. મૂળાક્ષર કાપવાની પ્રવૃત્તિ કાર્ડ પેપરમાં કરાવી શકાય.	
૧૦	મૂળાક્ષર ટ્રેસિંગ	વિદ્યાર્થી કાગળ પર મૂળાક્ષરના આકારનું ટ્રેસિંગ કરે તેવી સમજ શિક્ષક આપશે.	વિવિધ મૂળાક્ષરો, પેન્સિલ, કાગળ
૧૧	વાંચીને ચિત્રવાળી વાર્તા કહેવી	શિક્ષક ચિત્રવાળી વાર્તાનો ચાર્ટ બતાવીને ક્રમ પ્રમાણે ચિત્રનું વર્ણન કરશે અને બાળકોને વાર્તાનું શ્રવણ કરાવશે. 'બિલ્લી ઔર બંદર' જેવી ચિત્રવાર્તાઓ.	ચિત્રવાર્તાઓના ચાર્ટ
૧૨	ડ્રામા	શિક્ષક તાલ રમત દ્વારા વિવિધ વ્યવસાયકારો, વસ્તુઓ, રમતોનો અભિનય કરશે. ત્યારબાદ બાળકોને તે અભિનય કરાવશે.	શાળામાં ઉપલબ્ધ ઢોલક, ખંજરી
૧૩	ક્રિયા ઓળખો	શિક્ષક ચાલવાની, બેસવાની, જોવાની, લખવાની જેવી વિવિધ ક્રિયા કરશે અને હિન્દીમાં શ્રવણ અનુભવ પૂરા પાડશે. ત્યારબાદ બાળકોને તે ક્રિયા કરવાનું કહેશે.	
૧૪	શરીરનાં અંગો	શિક્ષક અંગ્રેજીમાં પોતાના શરીરનાં વિવિધ અંગોનાં નામ કહેશે. ત્યારબાદ વિદ્યાર્થી પાસે તેનું કથન કરાવશે. શાળામાં ઉપલબ્ધ શરીરનાં અંગોના ચાર્ટ કે હ્યુમન મોડેલ દ્વારા પણ શ્રવણ અનુભવ પૂરા પાડશે.	શાળામાં ઉપલબ્ધ શરીરનાં અંગોના ચાર્ટ, હ્યુમન બોડી મોડેલ
૧૫	ફળોનાં નામ	શિક્ષક ફળોનાં ચાર્ટ અથવા ફળોનાં રમકડાં ઉપલબ્ધ હોય તો તે બતાવીને ફળોનાં નામ અંગ્રેજીમાં કહેશે અને ત્યારબાદ વિદ્યાર્થી પાસેથી કથન કરાવશે તેમાં શિક્ષક પણ જોડાશે.	ફળોનાં ચાર્ટ, શાળામાં ઉપલબ્ધ ફળોનાં રમકડાં
૧૬	પ્રાણીનાં નામ	શિક્ષક પ્રાણીઓનાં ચિત્ર પાઠ્યપુસ્તકમાંથી કે ચાર્ટમાંથી બતાવીને પ્રાણીઓનાં નામ અંગ્રેજીમાં કહેશે ત્યારબાદ વિદ્યાર્થી પાસે પ્રાણીનું ચિત્ર બતાવીને કથન કરાવશે.	પાઠ્યપુસ્તકમાંથી પ્રાણીઓનાં ચિત્રો, પ્રાણીઓનાં ચિત્રોનો ચાર્ટ

૧૭	બોલીને અભિવ્યક્તિ	શિક્ષક બાળકને પ્રશ્નોત્તરી દ્વારા તેના ઘરની પરિસ્થિતિ વિશે, વસ્તુની સંખ્યા વિશે બોલીને અભિવ્યક્તિ કરશે. વાર્તા કહેવી એ બોલીને થતી અભિવ્યક્તિ છે.	
૧૮	મૂંગા રહીને	શિક્ષક મૂંગા રહીને ઈશારા દ્વારા અભિવ્યક્તિ કરશે અને ત્યારબાદ બાળકોને તે અભિવ્યક્તિ કરાવશે જેમ કે, બાળકને પાસે આવવાનો, કોઈ પ્રાણીનો મુક અભિનય કરવાનો વગેરે અનુભવો પૂરા પાડીને તે પ્રવૃત્તિ કરવાનું કહેશે.	
૧૯	પાડોશીનો પરિચય	શિક્ષક બાળકોને પોતાના પાડોશીની સંકલ્પના સ્પષ્ટ કરીને પોતાના પાડોશી વિશે પ્રશ્નો પૂછશે. તેનું વર્ણન પૂછશે.	
૨૦	પ્રાણી પરિચય	શિક્ષક પાઠ્યપુસ્તકમાંથી પ્રાણીઓના ફોટો બતાવીને તેનો પરિચય આપશે અને રહેઠાણ વિશે પણ જણાવશે.	
૨૧	તહેવાર વર્ણન	શિક્ષક મહાશિવરાત્રિ, ઈદ-એ-મિલાદ, નવરાત્રિ જેવા તહેવારોનું વર્ણન કરશે. વિદ્યાર્થી પાસે પ્રશ્નોત્તરી દ્વારા પણ વર્ણન કરાવી શકાય.	પાઠયપુસ્તકમાં આવતા તહેવારોનાં ચિત્રો, કાર્ડશિટ, સ્કેચપેન
૨૨	લગ્નપ્રસંગ વર્ણન	શિક્ષક આજુબાજુમાં રહેતા કોઈ પાડોશીના લગ્ન પ્રસંગનું વર્ણન કરશે. તેમજ બાળકોએ જોયેલા લગ્ન વિશે પ્રશ્નોત્તરી પણ કરશે.	
૨૩	સામૂહિક અભિનયગીત	શિક્ષક બાળકોને સમૂહમાં કરાવી શકાય તેવા દા.ત. હું ને પોપટલાલ, એક ઝમખું ખિસકોલી જેવા સામૂહિક અભિનયગીત પહેલાં પોતે કરશે ત્યારબાદ બાળક સાથે કરશે.	ઢોલક, ખંજરી ધો. ૫ થી ૭ની સંગીતની નોટબુક
૨૪	વાર્તા	શિક્ષક હાવભાવ સાથે અભિનયસહ વાર્તા કરશે ત્યારબાદ બાળકોનાં જૂથ પાડીને જૂથમાં અભિનય સાથે હાવભાવયુક્ત વાર્તા કરાવશે.	
૨૫	ઉખાણાં	શિક્ષક, બાલસભાનું આયોજન કરશે અને પહેલાં પોતે ઉખાણાં કહેશે, ત્યારબાદ વિદ્યાર્થીઓ પોતાને	બાલસૃષ્ટિ, ધો. ૧-૨-૩ પર્યાવરણની શિક્ષક આવૃત્તિ, ધો-૫ થી ૭ની

		આવડતાં ઉખાણાં કહેશે.	સંગીતની નોટબુક
૨૬	જોડકણાં	બાળકો પોતાના જૂથ પાસે કે શાળાનાં બધા જ બાળકો પાસે 'બાલસભા'માં જોડકણાં રજૂ કરશે.	બાળકલ્લોલ
૨૭	જોક્સ (રમુજી ટુચકાં)	બાળકો 'બાલસભા'માં એક પછી એક આવશે અને જોક્સ કહેશે.	સંદેશ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
૨૮	બાળગીત	'બાલસભા'માં ગ્રુપમાં તથા વ્યક્તિગત બાળક બાલગીત કરશે અથવા શિક્ષક ગાશે અને બાળકો અભિનય કરશે.	બાળકલ્લોલ, ધો. ૫ થી ૭ ની બાળગીત, શિક્ષક આવૃત્તિ ધો. ૧-૨-૩ માંથી
૨૯	વાર્તા ચિત્રનું વર્ણન	શિક્ષક વાંદરો અને હાથીની વાર્તા આરોહ-અવરોહ સાથે કહેશે, સાથે વાર્તાચિત્રનું વર્ણન કરશે. (વાંદરો અને હાથી જેવી અન્ય વાર્તાઓ શોધવી અને રજૂ કરવી.)	ચિત્રવાર્તા ચાર્ટક
૩૦	ધંધો-રોજગારને લગતાં ચિત્રનું વર્ણન	શિક્ષક વિવિધ કારીગરો અને વ્યવસાયકારો અને તે કેવી રીતે કામ કરે છે તેનું બાળકો સમક્ષ કરશે.	અખબારમાં આવતા દુકાનોના ફોટોગ્રાફ્સ કોઈ દુકાનના ઉદ્‌ઘાટનનો ફોટો વગેરેનું કટીંગ
૩૧	ધાર્મિક સ્થળનું વર્ણન	શિક્ષક ગામમાં કે તેનાથી નજીક આવેલા ધાર્મિક સ્થળ (મંદિર, મસ્જિદ, ચર્ચ) નું બાળકો સમક્ષ વર્ણન કરશે.	જો ફોટોગ્રાફ્સ હોય તો બતાવવા.
૩૨	કારીગરોની જગ્યાનું વર્ણન	શિક્ષક કારીગરો જેમ કે સુથાર, લુહાર વગેરે કઈ જગ્યાએ રહે, ત્યાં શું કરે, કયાં કયાં સાધનોનો ઉપયોગ કરે તેનું વર્ણન બાળકો પાસે કરશે.	કારીગરોનાં ચિત્રો, ધો. ૩-૪ પર્યાવરણ પાઠ્યપુસ્તક
૩૩	માનવાચક શબ્દોથી સંબોધન	બાળક બીજા બાળકને પૂરા નામથી બોલાવે તેના પિતાનું નામ કે અટક પૂરી બોલે તેવી સમજ અને ઉપયોગ અંગે બાળકોને સમજાવશે તથા શિક્ષક જાતે વર્ગમાં પણ એ રીતે વર્તશે.	
૩૪	ગળ્યું	ગોળ, ખાંડ અથવા ચોકલેટ બાળકને આપી તેના સ્વાદ વિશે પ્રશ્નોત્તરી કરવી.	ગોળના ટુકડા, ખાંડ, ચોકલેટ

૩૫	તીખું	સીંગભજિયાંનાં દાણા, તીખી વેફર, સેવ, તીખી દાળના દાણા બાળકને ચાખવા માટે આપી પ્રશ્નોત્તરી કરવી.	સીંગભિજયાં, વેફર, સેવ, દાળ (આ તમામમાંથી કોઈએકની પસંદવી કરવી.)
૩૬	ધૂપસળી	શિક્ષકે વર્ગમાં ચાર-પાંચ સુગંધીદાર ધૂપસળીઓ સળગાવીને લગાવવી. થોડા સમય બાદ ધૂપસળીની સુગંધ વિશે પ્રશ્નોત્તરી કરવી.	ધૂપસળી નંગ - ૫, દિવાસળીની પેટી
૩૭	વિવિધ ફૂલ	શાળાબાગમાંથી વિવિધ ફુલની સુગંધ લેવા માટે બાળકોને લઈ જવા, બાદમાં પ્રશ્નોત્તરી કરવી.	શાળાબાગ
૩૮	બાગ-બગીચા	શાળાનો બાગ અથવા ગામનો/શહેરનો બાગ બગીચાની મુલાકાત કરાવો અને તેના વિવિધ વૃક્ષો, છોડનો પરિચય કરાવો.	
૩૯	જાહેર સુવિધા	ગામ/શહેરની જાહેર સુવિધાનાં સ્થળોની મુલાકાત કરાવો (બસસ્ટેશન, દૂધમંડળી, ગ્રામ પંચાયત, શાળા, બૅંક, ટપાલઘર) પછી તે સ્થળો વિશે પ્રશ્નોત્તરી કરો.	
૪૦	ખેતર	શાળા પાસેના કોઈ ખેતર(ફાર્મ) ની મુલાકાત ગોઠવો, તેમાં ઊગેલા પાકો વિશે માહિતી આપો.	
૪૨	કાલ્પનિક પ્રવાસ	બાળક તેના વાલી પાસે અવાર-નવાર બહારના સ્થળે જતો હોય છે. આ પૂર્વજ્ઞાનના આધારે વર્ગમાં કાલ્પનિક પ્રવાસનું આયોજન કરો. કાલ્પનિક પ્રવાસનું મોક કરો ત્યારે શક્ય હોય તેટલાં ચિત્રો મેળવીને બાળકોને બતાવો. કાલ્પનિક પ્રવાસનું વર્ણન તાદૃશ્ય રીતે કરવું.	કાલ્પનિક પ્રવાસના વર્ણન મુજબનાં ચિત્રો
૪૩	જોડકણાં	શિક્ષકે પ્રાણીઓ આધારિત વિવિધ જોડકણાં શાળા પુસ્તકાલયમાંથી મેળવીને બાળકોને ગવડાવવાં.	પ્રાણીઓનાં જોડકણાંનો સંગ્રહ
૪૪	જોડકણાંનું નિર્માણ	જોડકણાંનું નિર્માણ કરવા માટે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી, આવાં જોડકણાંની નોંધ કરો.	
૪૫	વાર્તા	પક્ષીઓ આધારી વાર્તાઓ એકત્ર કરી બાળકોને કહેવી. (સચિત્ર હોય તો સારું) જેમ કે, તરસ્યો	શાળા લાઈબ્રેરીમાંની વાર્તાની ચોપડીઓ

		કાગડો, આનંદી કાગડો.	
૪૬	કાલ્પનિક વાર્તા	પ્રાણીઓ આધારી વાર્તાઓ એકત્ર કરી બાળકોને કહેવી. (સચિત્ર હોય તો સારું) એમાં કલ્પના ઉમેરાવી ચર્ચા કરવી. જેમ કે, કાગડો અને શિયાળ, સિંહ અને સસલું.	પ્રાણીઓની વાર્તાનો સંગ્રહ
૪૭	વિવિધ સ્થળો, ઓજારોના અભિનય	વિવિધ સ્થળો, (રસોડું, ઘર, માળો અને ઓજારોના અભિનય કરાવડાવવો. જેમકે, આ મારું ઘર છે, આ દાતરડું કેવું ?	અભિનય બાળ ગીત સંગ્રહ
૪૮	વ્યવસાયકારોના અભિનય	આપણી રોજબરોજની ઘટનાઓ આધારિત વિવિધ વ્યવસાયકારોનું વર્ણન કરતાં અભિનય કરાવવો. જેવા કે, ૧) કાંગ લેવા ગ્યાતાં રે ગોરી ૨) ઘોડાગાડીમાં બેસો મારાં માડી	અભિનય બાળગીત સંગ્રહ
૪૯	ઋતુગીતો	જે બાળગીતોમાં ઋતુઓનું વર્ણન થતું હોય તેવાં ગીતો બાળકોને ગવડાવવાં. જેમકે, આવ્યો શિયાળો ઠંડી લઈને, આવો મેઘરાજા...	બાળગીત સંગ્રહ
૫૦	સાદાં બાળગીતો અભિનય	સાદાં ગાઈ શકાય તેવાં બાળગીતો બાળકોને ગવડાવવાં. બાળકો જાતે ગાય તેવો પ્રયત્ન કરવો.	બાળગીત સંગ્રહ
૫૧	ઉખાણાં	પ્રાણીઓ આધારિત ઉખાણાં એકત્ર કરીને બાળકોને સંભળાવવા.	ઉખાણાં સંગ્રહપોથી
૫૨	વિવિધ ઓજારોનાં ઉખાણાં	વિવિધ ઓજારોની ઓળખાણ આપતાં ઉખાણાં બાળકોને કહેવાં.	ઉખાણાં સંગ્રહપોથી
૫૩	વ્યવસાયકારોનાં ઉખાણાં	વ્યવસાયકારોનાં વ્યવસાયને લગતાં કેટલાંક ઉખાણાં એકત્ર કરીને બાળકોને કહેવાં.	ઉખાણાં સંગ્રહપોથી
૫૪	વિવિધ ચીજો ખાવાનો અભિનય	ખાવાની વિવિધ વાનગીઓ કેવી રીતે ખાઈ શકાય તેનો અભિનય કરવો.	
૫૫	આપણા સેવકોનો અભિનય	આપણા સેવકો જેવા કે ટપાલી, પોલીસ, ડ્રાઈવર, શિક્ષક, ન્યાયાધીશ વગેરેનો	

		કામગીરીનો અભિનય કેવી રીતે કરી શકાય તે શીખવવું.	
૫૬	એકબીજાની ઓળખ (મિત્રોની)	બાળક પોતાની સાથે પોતાના મિત્રોનો પરિચય આપે અથવા બાળકને રમત રમાડો કે તમારી પાસે બેઠેલા મિત્રોને પૂછીને તેમનો પરિચય આપો.	
૫૭	કુટુંબના સભ્યોનો પરિચય	બાળકો પોતાના કુટુંબના સભ્યોનો પરિચય પોતાની રીતે આપશે.	
૫૮	મને શું ન ગમે ?	બે-ત્રણ બાળકોને ઊભા કરીને તેને શું શું નથી ગમતું તેના વિશે પ્રશ્નોત્તરી કરો.	
૫૯	જાતે શું થવું ગમે?	બાળકને શું થવું છે તેના વિશે તેની ભાષામાં બોલાવો. 'મોટા થયા પછી તું શું બનીશ ?' 'શા માટે ?' તે પણ બોલાવો.	
૬૦	સ્થાનિક વ્યક્તિ	ગામની સ્થાનિક વ્યક્તિ સાથે બાળકોને વાતચીત કરાવો. કોઈ એક વિષયના અનુસંધાને સ્થાનિક વ્યક્તિ સાથે પ્રશ્નોત્તરી કરાવો.	
૬૧	વાર્તાનું નાટકમાં રૂપાંતર	વર્ગમાં કોઈ નાનકડી વાર્તાનું નાટ્ય રૂપાંતર કરી બાળકો પાસે તેનો અભિનય કરાવો.	
૬૨	પપેટ શો રૂપાંતર	પક્ષીઓ, પ્રાણીઓના પપેટ બનાવી કોઈ એક નાનકડા પ્રસંગને રજૂ કરતો સંવાદ બોલાવો જેમકે, કાબર અને કાગડાની ખેતરવાળી વાર્તા.	
૬૩	ચિત્ર કોયડો	શિક્ષક અધૂરા ચિત્રનાં ભાગોમાં વિવિધ ચિત્રોનાં કટિંગ્સ મૂકી તે ચિત્રને અર્થપૂર્ણ બનાવડાવશે. પૂર્ણ થયેલા ચિત્ર વિશે વિદ્યાર્થી સાથે પ્રશ્નોત્તરી કરશે.	ચિત્રનાં કટિંગ્સ
૬૪	ચીજવસ્તુનો કોયડો	શિક્ષક વિદ્યાર્થીને ચીજવસ્તુનો ઉપયોગ દર્શાવી જે તે વસ્તુ કઈ છે તેની ઓળખ કરાવવાનું કહેશે. ઉદા. સ્લેટમાં લખી શકાય, સફેદ રંગનું છે.	

રમે તેની રમત

૧. વાંદરાની પૂંછડી

- દરેક બાળકની પાછળ રૂમાલ ભરાવી પૂંછડી બનાવવી.
- એક બાળક બીજા બાળકની પૂંછડી ખેંચશે.
- દરેક જણ પોતાની પૂંછડી બચાવશે અને બીજાની પૂંછડી ખેંચવાનો પ્રયત્ન કરશે.
- જેની-જેની પૂંછડી ખેંચાઈ જાય તે આઉટ થશે.

૨. બે મોઢાળી બંબોડી

- બે વિદ્યાર્થીઓની પીઠ અડકે તેમ બંનેને ઊભા રાખો.
- તેમના પગ વચ્ચેથી એક લાકડી પસાર કરી બંનેને એક-એક હાથે લાકડી પકડવા કહો.
- બંને જણા લાકડીને પકડેલી રાખીને જ એક સાથે વર્તુળમાં રહેલાં બાળકોને પકડવા જશે.
- જેમને-જેમને તેઓ અડકશે તે આઉટ થશે.

૩. ચકલી દોડ

- એક બાળક પોતાના બંને હાથ કમર પર મૂકશે.
- બંને પગ ભેગા રાખી, કૂદકા મારતાં-મારતાં તે અડકવા જશે.
- જેમને-જેમને તેઓ અડકશે તે આઉટ થશે.

૪. કાન પકડ

- દરેક બાળક પોતાનો એક કાન પકડશે.
- ત્યાર પછી દરેક જણ વર્તુળમાંના બીજા બાળકનો કાન પકડવા જશે.
- જે વિદ્યાર્થીનો કાન સૌ પ્રથમ પકડાઈ જશે તે આઉટ થશે. જ્યારે જે વિદ્યાર્થીનો કાન છેલ્લે સુધી ન પકડાય તે વિજેતા થશે.

૫. વાસી ફૂલ

- બધાં બાળકો વર્તુળમાં હશે.

  વર્તુળમાંનાં બાળકો "વાસી ફૂલ...", "વાસી ફૂલ..." એમ વારંવાર બોલશે.

  એક બાળક વર્તુળમાંનાં બાળકોને પકડવા જશે.
- બોલતાં બાળકો, પકડવા આવનાર બાળકથી બચવા માટે એક પગ ઊંચો કરી, પગ નીચેથી હાથ પસાર કરી પોતાનું નાક પકડશે.
- જે-જે બાળકો હાથ વડે નાક પકડી ઊભા રહી શકશે, તે બાળકોને પકડનાર આઉટ કરી શકશે નહીં.
- હાથ વડે પકડેલ નાક છૂટી જાય તે વખતે પકડવા આવનાર બાળક અડકી જાય તો તે બાળક આઉટ થશે.

૬. વાઘનો પંજો

- એક બાળકના બંને હાથ સાથે રાખીને કોણીમાંથી રૂમાલ વડે બાંધી દેવા.
- આ બાળક હવે હાથના બે પંજા વડે વર્તુળમાંનાં બાળકોને પકડવા જશે.
- જેમને-જેમને તે અડકશે તેઓ આઉટ થશે.

૭. કૂકડા યુદ્ધ

- બધાં જ બાળકો વર્તુળમાં ઊભા પગે બેસશે.
- પોતાના બંને હાથ વડે કાન પકડશે.
- જેમ કૂકડા કૂદે તેમ કૂદીને એકબીજાને ધક્કા મારીને પાડશે.
- જેમના હાથ કાનથી છૂટી જાય તે આઉટ થશે.

૮. ગરદન છોડ

- દરેક બાળક વર્તુળમાં હશે.
- દરેક જણ પોતાના જમણા હાથથી પોતાની ગરદન પકડશે અને પોતાના ડાબા હાથ વડે બીજા બાળકનો ગરદને પકડેલો હાથ ખેંચીને છોડાવવા પ્રયત્ન કરશે.
- આ વખતે તે પોતાનો હાથ ગરદનથી ન છૂટે તેનું ધ્યાન રાખશે.
- જેમનો-જેમનો હાથ છૂટી જશે તે આઉટ થશે.

વર્તુળ ઉપરની રમતો

- તમામ વિદ્યાર્થીઓના હાથ પકડાવી ગોળ (વર્તુળ) બનાવો.
- હાથ છોડવી, જમણા હાથ તરફ તેઓને ફેરવી પાટો પગ વડે ગોળ દોરવા માટે ચાલવા કહો. તેથી મેદાન પર ગોળ (વર્તુળ) બની જશે.
- હવે દરેક બાળક બનેલ ગોળ (વર્તુળ) પર ઊભા રહેશે.

૯. નમસ્તે ગુરુજી

- દરેક બાળક વર્તુળના દોરેલા પાટા ઉપર ઊભો હશે.
- વર્તુળ ઉપર ઊભેલા એક બાળકને વર્તુળ બહારથી ચક્કર લગાવવા કહો.
- તે બાળક બીજા કોઈ એક બાળકને ટપલી મારશે.
- જેની ટપલી વાગી તે બાળક પહેલા વિદ્યાર્થીની વિરુદ્ધ દિશામાં વર્તુળ બહાર દોડશે.
- હવે બંને જણા સામસામે જ્યાં મળે ત્યાં નમીને 'નમસ્તે ગુરુજી' એમ બોલશે.
- તુરંત બંને જે દિશામાં દોડતાં હતા તે જ દિશામાં દોડીને પહેલો બાળક જે જગ્યાએથી દોડ્યો હતો ત્યાં પહોંચવા જોર લગાવશે.
- જે બાળક પહેલો પહોંચશે તે વિજેતા થશે. તેણે જમીન પર બેસી જવાનું રહેશે.
- હવે જે બાળક પહોંચી શક્યો નથી તે વર્તુળ પર અગાઉની જેમ ચક્કર લગાવશે અને બીજા કોઈ એકને ટપલી મારશે.
- ઉપર મુજબ રમત આગળ વધશે.
- જે-જે બાળકો વહેલાં પહોંચી જાય તે-તે જમીન પર બેસતાં જશે.
- જેટલાં-જેટલાં ઊભાં છે તેઓ રમત આગળ વધારશે.

રમે તેની રમત

૧૦. ઝેરી દડો

- તમામ બાળકો વર્તુળના પાટા પર ઊભાં હશે.
- શિક્ષક રૂમાલનો દડો (કોઈપણ એક વસ્તુ લઈ શકાય) એક બાળકને આપશે.
- પોતે વર્તુળની વચ્ચે ઊભા રહી, આંખો બંધ કરી કરર૨... એમ બોલશે.
- જે બાળક પાસે દડો હતો તે જલદીથી બીજાને, બીજો ત્રીજાને, ત્રીજો ચોથાને એમ આપશે.
- શિક્ષક કરર૨... વચ્ચે એકદમથી 'કટ' એમ બોલશે. તે વખતે જેના હાથમાં દડો હશે તે આઉટ થશે.
- આઉટ થનાર પોતાની જગ્યા પર નીચે બેસશે.
- રમત ફરી આગળ ચાલશે.

૧૧. ભારત મારો દેશ છે.

- તમામ બાળકો વર્તુળ પર ઊભાં હશે.
- તે પૈકી એક બાળકને વર્તુળની બહારથી ચક્કર લગાવવા કહો.
- જે બાળક ચક્કર લગાવે છે તે બાળક એક શ્વાસે "ભારત મારો દેશ છે", "ભારત મારો દેશ છે" તે વાક્ય વારંવાર બોલશે અને પોતાની જગ્યા પર પાછું ફરશે.
- જે બાળક દોડતી વખતે શ્વાસ ચૂકી જાય તે આઉટ થશે.
- ત્યારબાદ બીજા બાળકને આવી જ રીતે દોડાવો.

  (આ રમતમાં એક જ વાક્ય માટે એક ચક્કર, એક જ વાક્ય માટે બે ચક્કર, એક જ વાક્ય માટે ત્રણ ચક્કર એમ, કોણ વધુ શ્વાસ રોકી વાક્ય બોલતાં-બોલતાં દોડી શકે છે તેમ પણ રમાડી શકાય.)

૧૨. કાબર... કાગડો...

- મેદાન પર વચ્ચે એકાદ મીટર જગ્યા રહે તેમ બે સમાંતર પાટા દોરો.
- બંને સમાંતર પાટાની પાછળની તરફ થોડે દૂર બીજો એક - એક પાટો પણ દોરો.
- બંને ટીમોને સમાંતર દોરેલ એક-એક પાટા પર સામ-સામે ચહેરા રહે તેમ ઊભા રાખો.
- હવે શિક્ષક એક ટીમને 'કાબર' અને એક ટીમને 'કાગડો' એમ નામ આપશે.
- ત્યારબાદ શિક્ષક "કા...કા...કા... કાબર" અથવા "કા...કા...કા... કાગડો" તેમ બોલશે.
- જેમનું નામ બોલાય તે ટીમ દૂર દોરેલા પાટા સુધી પહોંચવા માટે દોડશે.
- જેટલાં બાળકોને પાટા સુધી પહોંચતાં પહેલાં બીજી ટીમનાં બાળકો તેમને અડકી જાય તેટલાં બાળકો આઉટ થશે.
- આઉટ થનાર બાળકો રમતમાંથી બહાર નીકળશે.
- ફરી સમાંતર દોરેલ પાટા પર બંને ટીમનાં બાળકોને ઊભાં રાખી "કા...કા... કાગડો" કે "કા...કા... કાબર" શિક્ષક બોલશે.

  (આ રમત વાર્તા દ્વારા પણ રમાડી શકાય. જેમ કે, રામ અને રાવણની વાર્તા. એક ટીમને રામ નામ અને બીજી ટીમને રાવણ નામ આપો. શિક્ષક રામાયણની વાર્તા શરૂ કરશે. જ્યારે વાર્તામાં રામ નામ આવે તો રામની ટીમ દોડી દૂરના પાટા સુધી પહોંચશે. રાવણની ટીમ આઉટ કરવા પાછળ દોડશે. જો રાવણનું નામ વાર્તામાં આવે તો રાવણની ટીમ દૂરના પાટા સુધી પહોંચશે રામની ટીમ પકડવા જશે.)

રમે તેની રમત

૧૩. ઝેરી દડો

- બે ટીમ પાડવી.
- એક ટીમને વર્તુળ આકારે ઊભી રાખવી.
- બીજી ટીમ વર્તુળની અંદર રહેશે.
- વર્તુળ પરનાં બાળકોને વૉલીબોલ જેવો મોટો દડો આપવો. તેઓ દડો ફેંકી વર્તુળમાંનાં બાળકોને આઉટ કરશે.
- જેમને-જેમને દડો અડકી જાય તે બાળકો આઉટ થશે. તે વર્તુળની બહાર જશે.
- વર્તુળમાંનાં તમામ બાળકો આઉટ થયા બાદ વર્તુળ પર ઊભી રહેલી ટીમ અંદર જશે અને બીજી ટીમ તેમને આઉટ કરશે.

૧૪. રેલગાડીનો ડબ્બો

- બે ટીમ પાડવી.
- બંને ટીમ બે ત્રણ મીટર દૂર દોરેલા પાટા પર ચહેરા સામ-સામે રહે તેમ ઊભી રહેશે.
- હવે એક ટીમનું દરેક બાળક પોતાનો જમણો હાથ આગળ ધરશે.
- બીજી ટીમનો એક બાળક પહેલી ટીમનાં બાળકો સામે તેમને છેતરીને પોતાનો ડબ્બો બનાવવા જશે.
- જો તે બાળક હાથ ધરેલા બાળકો પૈકી કોઈ એકને તાળી મારી પોતાના પાટા સુધી પહોંચી જશે તો, તેણે તાળી મારી તે બાળક તેનો ડબ્બો બનશે.
- પરંતુ તાળી મારનાર બાળક પોતાના પાટા સુધી પહોંચે તે પહેલાં જ જેને તાળી મળી છે તે બાળક તેને અડકી જાય તો તાલી મારનાર બાળક ડબ્બો બનશે.
- ક્યારેક એવું બનશે કે એક ટીમમાં એક જ બાળક વધ્યો હશે. પોતાની ટીમના દરેક બાળક સામેની ટીમમાં ડબ્બા બની ગયા હશે. પરંતુ છેલ્લે તે એકલો પણ હોશિયારીપૂર્વક સામેની ટીમનાં બધાં બાળકોને પોતાના ડબ્બા બનાવી શકશે.

૧૫. ઈટિયો રે પીટિયો...

- બાળકો બે-ત્રણ મીટર દૂર દોરેલા બે પાટા પર બે ટીમ બનાવી ઊભાં રહેશે.
- આ બે પાટાની પાછળ દૂર બંને તરફ પણ એક-એક પાટો દોરવો. (દૂરનો પાટો)
- શિક્ષક "ઈટિયો રે પીટિયો" એમ બોલશે.
- બાળકો પૂછશે "કોને રે પીટિયો".
- શિક્ષક કોઈપણ એક બાળકનું નામ લેશે. જે બાળકનું નામ બોલાયું તેને અડકવા બીજી ટીમનાં બાળકો દોડશે.
- બચાવનાર બાળકો, નામ બોલાયેલા બાળકને બચાવીને દૂરનો પાટો ક્રોસ કરાવશે.
- જો દૂરનો પાટો ક્રોસ કરતાં પહેલાં સામેની ટીમનાં બાળકો નામ બોલાયેલા બાળકને અડકી જાય તો તે આઉટ થશે.
- ફરીવાર બધાં જ બાળકો પોતપોતાની ટીમના પાટા પર ઊભાં રહેશે.
- શિક્ષક ફરીથી રમત શરૂ કરશે.

૧૬. ચીનની દીવાલ

- બે-ત્રણ મીટર દૂર દોરેલા બે પાટા પર બે ટીમનાં બાળકો ઊભાં રહેશે.

- તે પૈકી એક ટીમનાં તમામ બાળકો પોતાના બંને હાથ એકબીજામાં મજબૂત રીતે ભરાવી દીવાલ બનાવશે.
- શિક્ષક 'સ્ટાર્ટ' એમ બોલતાં બીજી ટીમનાં તમામ બાળકો આ દીવાલને તોડી કે ઉપર ચડી (ગમે તે કરી) તેને ઓળંગશે.
- ત્યારપછી બીજી ટીમ દીવાલ બનાવશે અને પહેલી ટીમ દીવાલ ઓળંગશે.

૧૭. ઈશારા ખો

- બાળકો વર્તુળ પર ઊભાં હશે.
- તે પૈકી એક બાળકને દાવ લેવા વર્તુળની અંદર બોલાવો.
- હવે વર્તુળ પર ઊભેલાં બાળકો પૈકી એક બાળક પોતાની જગ્યા પર ઊભાં ઊભાં તાળી પાડી, હાથ વડે ઈશારો કરી, પોતાની જમણી કે ડાબી બાજુના બાળકને 'ખો' એમ બોલશે.
- જેને ખો મળી તે પોતાની જગ્યા પરથી જમણી કે ડાબી બાજુનાને ખો આપશે.
- એક બાળક જ્યારે બીજા બાળકને ખો આપે તે પહેલાં જ દાવ લેનાર જેને ખો મળી છે તેને અડકી જાય તો તે આઉટ થશે.
- હવે આઉટ થનાર દાવ લેશે.
- રમત આમ આગળ ચાલશે.

૧૮. ચટ-પટ ખો

- બધાં બાળકોની બે-બેની જોડ બનાવી, તેમને વર્તુળ ઉપર આગળ-પાછળ ઊભાં રાખો. આગળ ઊભેલાને 'ચટ' અને પાછળ ઊભેલા દરેકને 'પટ' નામ આપો.
- હવે બે બાળકો રમતની શરૂઆત કરશે. પહેલું દોડશે, બીજું તેને પકડવા જશે.
- જે પહેલું છે તે, વર્તુળ ઉપરનાં કોઈપણ બે બાળકોના ચટ-પટ જૂથને ખો આપશે. તે વખતે તે જો 'ચટ' બોલે તો આગળ ઊભેલ બાળક દોડશે. જો તે 'પટ' બોલે તો જૂથમાં પાછળ ઊભેલ બાળક દોડશે.
- જ્યારે દોડનાર પહેલો ચટ કે પટ બોલીને ખો આપે તે વખતે જૂથમાં જેને ખો મળી છે તે દોડવામાં ભૂલ કરે અને બીજો તેને પહેલાં જ અડકી જાય તો તે આઉટ થશે.
- રમત આમ આગળ ચાલશે.

  (અહીં ચટ-પટ નામને બદલે 'રામ-શ્યામ', 'શનિ-રવિ', 'ડબ્બુ-ચબ્બુ' નામ બદલી રમત રમાડી શકાય.)

વર્તુળની અંદર રમાય તેવી રમતો

- તમામ વિદ્યાર્થીઓના હાથ પકડી ગોળ બનાવો.
- હાથ છોડાવી, જમણા હાથ તરફ ફેરવી તેઓને પગ વડે ગોળ દોરવા માટે ચાલવા કહો.
- મોટું ગોળ થાય પછી તમામને વર્તુળમાં બોલાવી લો.
- આ રમતો મોટે ભાગે સ્પર્શ (પકડદાવ પૅટર્નની) છે. જેમાં, એક જણ દાવ લઈ વર્તુળમાં રહેલાને પકડવા જશે.

૧૯. લંગડી પકડદાવ

- એક બાળક લંગડી લઈને વર્તુળમાં રહેલાં બાળકોને પકડવા જશે. આઉટ થનાર બહાર થશે.

રમે તેની રમત

૨૦. ગાંડો હાથી

- એક બાળક પોતાના એક હાથ વડે નાક પકડશે.
- નાક અને હાથ વચ્ચેથી બીજો હાથ પસાર કરી હાથીની સૂંઢ જેવી રચના કરશે.
- સૂંઢ વડે વર્તુળમાં રહેલાં બાળકોને તે અડકવા જશે.
- આઉટ થનાર બહાર થશે.

૨૧. બતક દોડ

- એક બાળક પોતાની ચડ્ડીના બે ખિસ્સામાં હાથના અંગૂઠા ભરાવશે.
- જેમ બતક પોતાની પાંખોથી તરે છે તેમ બાળક બંને હાથના પંજા હલાવતાં-હલાવતાં દોડશે અને વર્તુળમાંનાં બાળકોને અડકવા જશે.

૨૨. નમસ્તે દોડ

- એક બાળક પોતાના બે હાથથી નમસ્કાર મુદ્રા કરશે.
- નમસ્કાર મુદ્રા છાતીને અડકાડી દેશે અને તે જ મુદ્રામાં વર્તુળમાં દોડશે.
- વર્તુળમાંના જે વિદ્યાર્થીઓને નમસ્કાર મુદ્રામાં રહેલ હાથ અડકશે તેઓ આઉટ થશે.

૨૩. તાંડવ નૃત્ય

- બધાં જ બાળકો વર્તુળમાં છે. તે દરેક પોતપોતાની કમર પર બંને હાથ રાખશે.
- પછી તેઓ શિક્ષક કહે કે તુરંત એક બીજા ઉપર પગના પંજા મૂકી બીજાને આઉટ કરશે. બે પૈકી ઉમર પહેલો પગનો પંજો પડશે તે આઉટ ગણાશે.
- જેમ-જેમ બાળકો આઉટ થાય, તેમ-તેમ તેઓ વર્તુળ બહાર જશે.
- અંદર રહેલાં બાળકો એક બીજા ઉપર પંજા અડકાડવા પ્રયાસ કરશે.

૨૪. ગાંડો પાડો

- એક બાળક પોતાના બંને હાથ પગના ઘૂંટણ પર રાખશે.
- પછી તે પોતાના માથા વડે વર્તુળમાં રહેલાં બાળકોને અડકવા જશે.
- જેમને જેમને માથું અડકશે તે આઉટ થશે.

૨૫. ગાંડા દેડકા

- એક બાળક પોતાના બે હાથ અને પગ જમીન પર રાખશે.
- પછી તે વર્તુળમાં આ સ્થિતિમાં જ દોડશે.
- દાવ લેનાર બાળક પોતાના પગ વડે વર્તુળમાં રહેલાં બાળકોને અડકશે.
- જેમને પગ અડકશે તે આઉટ થશે.

નોંધ

પ્રજ્ઞા ગીત

બનીએ પ્રજ્ઞાવાન
આપણે બની પ્રજ્ઞાવાન
પ્રજ્ઞા દ્વારા આપણા સૌનું
વિકસતું રહે જ્ઞાન .... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

હળીમળીને શીખીએ સૌએ
અસહાય ના કોઈ...
સૌ સંગાથે વધીએ આગળ
એ જ ખરું અનુષ્ઠાન... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

સોનું-ચાંદી-રૂપિયા-સત્તા
અઢળક હોય ભલે ને...
જેની પાસે શિક્ષણ સાચું
એ જ ખરાં ધનવાન... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

જીવન સાર્થક બનતું એનું
ધ્યેય છે જેની પાસે...
દૃઢ નિશ્ચયથી વધતાં આગળ
એ જ ખરાં બળવાન... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

- પ્રકાશ પરમાર

પ્રજ્ઞા

શિક્ષક આવૃત્તિ

ગુજરાતી ધોરણ ૧ અને ૨



શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.
ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૫

આ સાહિત્ય સમગ્ર શિક્ષા અંતર્ગત ૨૦૨૦-૨૧ માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસીફીકેશન નીચે મુજબ છે.

અંદરના પેજ - "૨૦૪ પાના." ૮૦ જી.એસ.એમ. મેપલીથો પેપર (પેપર મીલ : શાહ મીલ)
કવર પેજ - "૪ પાના." ૨૧૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
૪+૪ કલર પ્રિન્ટીંગ, સાઈઝ : ૨૧૫ x ૩૦૪ એમ.એમ. બાઈન્ડીંગ : પરફેક્ટ બાઈન્ડીંગ (સાઈડ ટુ પીન)